

# બાપાશ્રીના આગ્રહો





પૂર્ણ પુરુષોત્તમ
શ્રી સ્વામિનારાયણ ભગવાન



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનો લક્ષ્ય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સનાતન સિદ્ધાંતો અને અજોડ ઉપાસનાના પ્રવર્તનનું મહામોટું ભગીરથ કાર્ય કરી જેઓએ ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના રહસ્યને યથાર્થ છતું કર્યું છે એવા જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ સમજાવેલા શ્રીજીમહારાજના સર્વોપરી સિદ્ધાંતોના વિશ્વવ્યાપી પ્રવર્તન અર્થે સન ૧૯૭૪માં ગુરુદેવ પ.પૂ. બાપજીએ પ્રથમ સોપાન ભરી આ ભગીરથ કાર્યને નૂતન ક્રાંતિ આપી હતી. આ નૂતન ક્રાંતિને વિરાટ સ્વરૂપ આપતાં સન ૧૯૮૭માં ગુરુદેવ પ.પૂ. બાપજીએ સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થાની સ્થાપના કરી.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૧૦૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૮૩ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૧૦,૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાના સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યા છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુઃખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યા છે.

ભારત, યુ.કે., અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓના સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવા સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીદાર બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.



# બાપાશ્રીના આગ્રહો




લેખનકાર્ય

સાહિત્ય લેખન વિભાગ



SMVS

પ્રકાશક

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૮૨૦૦૭

# બાપાશ્રીના આગ્રહો




- **રજૂકર્તા :**
  શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
- **આદ્ય સ્થાપક :**
  પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)
- **પ્રેરક :**
  પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
- **લેખનકાર્ય :**
  સાહિત્ય લેખન વિભાગ
- **પ્રકાશક :**
  સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
  સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૮૨૦૦૭
- **આવૃત્તિ :** પ્રથમ, નવેમ્બર-૨૦૧૯
- **પ્રત :** ૧૦,૦૦૦ નંગ
- **મૂલ્ય :** ₹૪૦/- **સેવા મૂલ્ય :** ₹૨૫/-


**(સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટના અનુદાનથી ઘટાડેલ સેવા મૂલ્ય)**

## ગુરુદેવ પ.પૂ. બાપજીના આશીર્વાદ



શ્રીજીમહારાજના સ્વરૂપની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિ આ જ શ્રીજીમહારાજનો મૂળભૂત સિદ્ધાંત છે. આ સિદ્ધાંતો આપણને દૃઢ કરાવવા શ્રીજીમહારાજ અવરભાવમાં મનુષ્યને મનુષ્ય જેવા દેખાયા. આ જ સિદ્ધાંતોના પાતાળમાં પાયા નાખવા જીવનપ્રાણ અબજીબાપાશ્રી પધાર્યા ને કારણ સત્સંગ દ્વારા આ સિદ્ધાંતો શ્રીજીવચનો દ્વારા જ સમજાવ્યા. આ જ સિદ્ધાંતોના પ્રવર્તન માટે મહારાજ ને બાપાશ્રીએ અમને મોકલ્યા છે ને આ જ સિદ્ધાંતોના પ્રવર્તન માટે ને સ્વજીવનમાં દૃઢ કરવા માટે આપ સૌને મહારાજ લાવ્યા છે. માટે આ પુસ્તકમાં બાપાશ્રીએ જે કાંઈ શ્રીજીસંમત સિદ્ધાંતો સમજાવ્યા તે સરળ રીતે જણાવ્યા છે. તેનું અચૂક વાંચન-મનન કરી લક્ષ્યાર્થ કરશો તો બાપાશ્રી ખૂબ ખૂબ રાજી થશે.

[illegible]



## ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો સંદેશ

સર્વે વ્હાલા વ્હાલા બાપાશ્રીના સંતાનો,

બાપા... બાપા... મારા બાપા... બોલતાં મુખ ભરાઈ જાય, ગજ ગજ છાતી ફૂલે... આનંદ આનંદ થઈ જાય...

બાપાશ્રી આપણી ઉપર અઢળક ઢળ્યા. અનહદ કૃપા વરસાવી અનાદિમુક્તની પ્રાપ્તિ કરાવી દીધી. એમણે આપવામાં કાંઈ બાકી રાખ્યું નથી. હવે આપણે કરવાનું બાકી છે. બાપાશ્રીએ આપેલા શ્રીજીસંમત જ્ઞાન-સિદ્ધાંતો માત્ર વાતો કરવાથી, ગોખી કાઢવાથી, વાંચવાથી કે માત્ર ઉપદેશ કરવાથી આપણા ન બને.

“પ્રગટ અડદથી વડાં બને વળી યદી;
વાતથી વડાં બની શકે નહિ કદી.”

આપણા બનાવવા માટે તેને વાચ્યાર્થમાંથી સ્વજીવનમાં લક્ષ્યાર્થ કરવા માટે પ્રયત્ન કરવો પડશે. જ્યારે બાપાશ્રીના જ્ઞાન-સિદ્ધાંતો આપણા જીવનમાં દૃઢ થાશે ત્યારે બાપાશ્રી આપણા ઉપર રાજી થાશે. કારણ કે બાપાશ્રી લક્ષ્યાર્થ જીવનના આગ્રહી હતા. બાપાશ્રીએ ભાગ-૧ની બીજી વાતમાં કહ્યું છે, “અંતર્યામીપણાની ને અન્વય-વ્યતિરેકપણાની વાતો કરે ને જો મર્યાદા ન રહે તે વાચ્યાર્થ જ્ઞાન કહેવાય. મહારાજને અંતર્યામી જાણે ને યથાર્થ મર્યાદા પાળે તે લક્ષ્યાર્થ જ્ઞાનવાળો કહેવાય.”

બાપાશ્રીના જ્ઞાન-સિદ્ધાંતોનું વિશ્વવ્યાપી પ્રવર્તન કરવાની તથા સ્વજીવનમાં દૃઢ કરી ઉજાગર કરવાની સેવા આપણને મળી છે. અનંત જન્મ મનધાર્યું કરવામાં ગુમાવ્યા છે. આ ફેરે બાપાશ્રીને રાજી કરવા એમના સિદ્ધાંતો, રુચિ, ગમતા પ્રમાણે જ વર્તવાનો દૃઢ સંકલ્પ કરવો.

"તમને ગમે તે અમને ગમે, રુચિમાં તમારી રહેવું ગમે."

બાપાશ્રી પોતાના સંકલ્પો અને સિદ્ધાંતો મુખ્યત્વે કથાવાર્તામાં વહાવતા તેને સદ્. ઈશ્વરબાપાએ નોંધી લીધા. તેમણે આપણને 'રહસ્યાર્થ ટીકા સહ વચનામૃત' તથા 'શ્રી અબજીબાપાશ્રીની વાતો'ની અમૂલ્ય ભેટ આપી. સદ્ગુરુશ્રીએ બાપાશ્રીએ વહાવેલા જ્ઞાન-સિદ્ધાંતોને યાવદ્ચંદ્રદિવાકરૌ જીવંત કરી દીધા. હવે આપણા વર્તને કરીને તેને જીવંત રાખવાના છે. તે માટે રોજ એક બાપાશ્રીની વાત અને એક વચનામૃત ટીકા સાથે વાંચવું. વાંચન કરી તેનું મનન કરવું. બાપાશ્રીના આગ્રહ, અભિપ્રાયને જીવનમાં દૃઢ કરવા. એનો અભ્યાસ કરીએ ત્યારે આપણને અહોહોભાવ થાય કે બાપાશ્રીએ મફતમાં મૂર્તિનાં દાન દઈ દીધાં છે.

"દે દી હરિ કી મૂર્તિ, બિના સાધન બિના જ્ઞાન."

બાપાશ્રીએ વગર સાધને, વગર પાત્રતાએ સહજમાં મૂર્તિમાં રાખ્યાના કોલ આપી દીધા છે. વ્યવહારમાં તો દીકરો પાત્ર થાય ત્યારે બાપ મૂડીનો વારસો આપે. આપણને વગર પાત્રતાએ મૂર્તિરૂપી મૂડી આપી દીધી છે. હવે એ મૂડીનું જતન કરવા ખપ, ખટકો અને આગ્રહ રાખવો અને એના માટેના પાત્ર થવું. મૂર્તિના સુખના પાત્ર થવા માટે બાપાશ્રીએ વાતોમાં વિશેષ છ આગ્રહો દર્શાવ્યા છે. જેનું આ પુસ્તકમાં વિવરણ કરેલું છે તેનું ખાસ મનન-ચિંતવન કરવું. તે પ્રમાણે વર્તવા પ્રયાસ નિરંતર કર્યા કરવો તો બાપાશ્રી જરૂર કૃપા કરી પાત્ર કરશે.

બાપાશ્રીએ વિશેષ અનાદિની સ્થિતિ પામવાનો આગ્રહ દર્શાવ્યો છે તો બાપાશ્રીના આ આગ્રહ પ્રમાણે મંડી પડવું. મહારાજ, બાપાશ્રી આપણને બધાયને અનાદિમુક્તની સ્થિતિ કરાવવા જ લાવ્યા છે માટે અનાદિની સ્થિતિ પામવાનું લક્ષ્ય મુખ્ય રાખવું ને જોડે આજ્ઞામાં અલ્પ પણ ફેર ન પડવા દેવો. અનાદિમુક્તની સ્થિતિ પામવા વિશેષ ખટકાપૂર્વક ધ્યાન કરવું. અખંડ મૂર્તિમાં જોડાયેલા રહેવાનો પ્રયાસ કરવો. તેની પુષ્ટિ માટે વારંવાર પુસ્તકનું વાંચન-મનન કરવું. બસ, આ ફેરે બાપાશ્રીના આગ્રહોને મારા કરવા છે એવો દૃઢ સંકલ્પ કરી મંડી પડવું. મહારાજ, બાપાશ્રી, ગુરુદેવ પ.પૂ. બાપજી જરૂર ભેળા ભળશે, ભેળા ભળશે જ, કૃપા કરશે જ.

[illegible] સાધુ સત્યસંકલ્પદાસના
જય સ્વામિનારાયણ

# પ્રસ્તાવના

'WH' Questionary ધરાવતી, તર્કવાદી વિચારધારાવાળી આજની પેઢી કોઈ પણ વસ્તુ, વ્યક્તિ વિષે જોતાં, સાંભળતાં પ્રશ્નોની પરંપરા સર્જે. સમાધાનકારક ઉત્તર ન મળે ત્યાં સુધી પ્રશ્નનો સિલસિલો ચાલુ રહે. WH Questionary દ્વારા મૂળ તત્ત્વને (વસ્તુ કે વ્યક્તિને) સુપેરે જાણી શકાય.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'બાપાશ્રી' શબ્દ સાંભળતાં પ્રશ્નો થાય : બાપાશ્રી એટલે કોણ ? બાપાશ્રી કેવા ? બાપાશ્રી શા માટે આવ્યા ? બાપાશ્રીના વ્યક્તિત્વનો પ્રભાવ કેવો ? બાપાશ્રીએ શું શું કર્યું ? બાપાશ્રીએ શું શું આપ્યું ? આવા અનેક પ્રશ્નોની હારમાળા સર્જાય.

બાપાશ્રી સ્વયં શ્રીજીમહારાજના સંકલ્પ હતા. શ્રીજીસંકલ્પમૂર્તિ અબજીબાપાશ્રીનું શબ્દમાં વર્ણન કરવું તે આકાશના તારાને ગણવા તથા સાગરના જળબિંદુને ગણવા જેવું અઘરું છે. તેમ છતાં આ પુસ્તકમાં આ પ્રશ્નોની સ્પષ્ટતા દ્વારા બાપાશ્રીના પરભાવના સ્વરૂપનો કિંચિત્ ઉલ્લેખ કર્યો છે.

વિશ્વમાં લૌકિક મોટપ પામેલ મહાન હસ્તીનું મૂલ્ય, મહાત્મ્ય તેના બાહ્ય દેખાવથી નથી પરંતુ તેણે દેશને, સમાજને, વ્યક્તિ વ્યક્તિને જે આપ્યું છે તેનાથી છે. ગાંધીજી બાહ્ય દેખાવ કે ગુણથી નહિ પરંતુ દેશને 'આઝાદી' અને 'ઉચ્ચ આદર્શો' આપ્યા તેનાથી 'મહાત્મા'નું બિરુદ પામ્યા.

અધ્યાત્મ માર્ગમાં આ જ રીતિ છે. લૌકિક ગુણ, રૂપ કે સત્તાથી આધ્યાત્મિક મોટપ મળતી નથી. શ્રીજીમહારાજના જ રહસ્યમય જ્ઞાન-સિદ્ધાંતોને સમજાવી પરભાવની સ્થિતિ અને દિવ્ય કલ્યાણકારી ગુણોસભર જીવનથી જ 'બાપાશ્રી' 'જીવનપ્રાણ બાપાશ્રી' બની ત્યાગી-ગૃહી સૌના શિરમોડ બની રહ્યા.

બાપાશ્રીએ શ્રીજીસંમત સિદ્ધાંતોના શુદ્ધિ-વૃદ્ધિ સાથે પાતાળમાં પાયા ખોડી કારણ સત્સંગની સ્થાપના કરી. બાપાશ્રીએ એક શ્રીજીમહારાજ સિવાય

કાંઈ રાખ્યું નહોતું કે કાંઈ આપ્યું નહોતું. તેથી સંપ્રદાયના આદિ આચાર્યશ્રીઓ, સદ્‌ગુરુવર્ય સંતો, લક્ષાવધિ હરિભક્તો બાપાશ્રીના ખોળામાં માથું મૂકી આત્યંતિક કલ્યાણના આશીર્વાદ માગતા.

મંદિર, સંતો-હરિભક્તો સત્સંગનું શરીર-દેહ છે. જ્યારે શ્રીજીમહારાજે સ્થાપેલા સિદ્ધાંતો, સેવેલાં આદર્શો, મૂલ્યો, દર્શાવેલા અભિપ્રાય-રુચિ એ સત્સંગનો પ્રાણ છે. બાપાશ્રીએ મોટા મોટા ઉત્સવ, સમૈયા, જગન કે નાની-મોટી સભાઓ દ્વારા શ્રીજીસંમત સિદ્ધાંતો, આદર્શો, મૂલ્યોને વધુ ને વધુ પ્રજ્વલિત કરી સત્સંગમાં નૂતન પ્રાણ પૂર્યા છે.

બાપાશ્રી મુખ્યત્વે આજ્ઞા, ઉપાસના-નિશ્ચય, જ્ઞાન, સમજણ, મહિમા, અનાદિમુક્તની સ્થિતિની, મૂર્તિના સુખની વાતો કરતા. વાતને વાચ્યાર્થમાંથી લક્ષ્યાર્થ કરવા તરફ અતિશે આગ્રહ સેવતા. જે વાતો ‘રહસ્યાર્થ વચનામૃત’માં તથા વિશેષત: ‘શ્રી અબજીબાપાશ્રીની વાતો’માં આલેખાયેલી છે.

બાપાશ્રી વિશેષ કરીને ત્યાગી-ગૃહી સમાજમાં છ આગ્રહો સેવતા જેવા કે, પંચવર્તમાનલક્ષી આગ્રહો, જ્ઞાનલક્ષી આગ્રહો, સમજણલક્ષી આગ્રહો, મહાત્મ્યલક્ષી આગ્રહો, વર્તનલક્ષી આગ્રહો અને સ્થિતિલક્ષી આગ્રહો. જેનું આ પુસ્તકમાં વિસ્તૃત વિવરણ છે.

બાપાશ્રી આ છ આગ્રહમાં વિશેષત: મૂર્તિના સુખની વાતો કરતા અને સૌને એ સુખના અનુભવી કરવા નિરંતર મંડ્યા રહેતા. તેમણે મુખ્યત્વે મૂર્તિના સુખની રેલમછેલ કરી છે.

બાપાશ્રીએ સેવેલા આગ્રહોનું વર્તમાન સમયે વિશ્વવ્યાપી પ્રવર્તન કરી કારણ સત્સંગના એવા દિવ્ય સમાજની રચના કરવાનો ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી અતિશે આગ્રહ સેવે છે. સમગ્ર **SMVS**ના સમાજને બાપાશ્રીના આગ્રહ મુજબ વર્તાવવા મંડ્યા રહ્યા છે. બાપાશ્રીએ સેવેલા આગ્રહો વધુ ને વધુ દૃઢ થાય તે માટે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ આ પુસ્તક રચવાનો સંકલ્પ કર્યો અને વિશેષત: દૃષ્ટિ આપી આગ્રહો જણાવ્યા.

બાપાશ્રીના આગ્રહો મુજબનું જીવન કરવા આ પુસ્તક પથદર્શક બની રહેશે. બાપાશ્રીના આગ્રહો મુજબનું આપણું જીવન કરવા મંડ્યા રહીએ એ જ બાપાશ્રીને ઓળખ્યા કહેવાય.

- સાહિત્ય લેખન વિભાગ

## અનુક્રમણિકા


૧. બાપાશ્રી એટલે કોણ ? ૦૧

૨. બાપાશ્રીએ શું આપ્યું છે ? ૧૮

૨.૧ : પંચવર્તમાનલક્ષી આગ્રહો ૨૪

૨.૨ : જ્ઞાનલક્ષી આગ્રહો ૪૬

૨.૩ : સમજણલક્ષી આગ્રહો ૬૯

૨.૪ : મહાત્મ્યલક્ષી આગ્રહો ૯૨

૨.૫ : વર્તનલક્ષી આગ્રહો ૧૧૬

૨.૬ : સ્થિતિલક્ષી આગ્રહો ૧૪૦

૩. બાપાશ્રી વિષેના અભિપ્રાય અને અનુભવ ૧૭૨

૪. બાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંતોના વર્તમાન પ્રવર્તક ૧૮૧

૫. બાપાશ્રીના આગ્રહોને પોતાના કરવા તે જ તેમનો ખરો મહિમા ૧૯૧



# ૧ બાપાશ્રી એટલે કોણ ?

બાપાશ્રી એટલે શ્રીજીસંકલ્પમૂર્તિ.

બાપાશ્રી એટલે એકમાત્ર શ્રીજીસંમત સિદ્ધાંતોના ઉદ્ગાતા.

બાપાશ્રી એટલે સહજમાં અબજોને મૂર્તિમાં રાખનારા.

બાપાશ્રી એટલે જેઓ શ્રીજીસ્થાપિત સંપ્રદાય શુદ્ધિના પ્રણેતા.

બાપાશ્રી એટલે જેમણે સ્વામિનારાયણ સંપ્રદાયને એક નવો જ ક્રાંતિકારી ઉઠાવ આપ્યો.

બાપાશ્રી એટલે જેમના પ્રાગટ્યથી અનાદિમુક્તની સ્થિતિનો દિવ્ય યુગ આરંભાયો.

બાપાશ્રી એટલે જેમના સાંનિધ્યમાં દિવ્ય અલૌકિક શાંતિનો અહેસાસ થાય.

બાપાશ્રી એટલે જેમની દિવ્ય નિશ્રામાં ઘાટ-સંકલ્પમાત્રનો વિરામ થઈ જાય.

બાપાશ્રી એટલે જેમના સંબંધે અનેક સિદ્ધમુક્તોની વણઝાર સર્જાઈ.

બાપાશ્રી એટલે જેમની આશિષકૃપાએ ધ્યાનીઓની ધ્યાનસાધનાનું ફળ મળે.

આ છે એ વિરલ આર્ષદ્રષ્ટા દિવ્ય વિભૂતિ કે જેમની સંપ્રદાયમાં આવી દિવ્ય યશગાથા ગવાઈ રહી છે. જે યશગાથા કહેતાકહેતી સામાન્ય વ્યક્તિઓએ ગાયેલી નથી. આજની તર્કવાદી દુનિયામાં અધ્યાત્મના ઊંડાણ સુધી પહોંચેલા અનુભવીઓએ ગાયેલી યશગાથા છે. અધ્યાત્મના શ્રીજીસંમત સિદ્ધાંતોની ઊંડી સફર કરનારા કદાપિ તેઓના વ્યક્તિત્વનો તાગ ન લઈ શકે. પણ જે મરજીવા થઈ અધ્યાત્મ સાગરમાં ઝંપલાવે છે તેઓ જ તેમના વાસ્તવિક સ્વરૂપને પિછાણી શકે છે. પછી તેમને તેમનાથી અધિક કોઈ લાગતું જ નથી. એવા આર્ષદ્રષ્ટા દિવ્ય સ્વરૂપ એટલે જીવનપ્રાણ અબજીબાપાશ્રી એટલે કે 'આપણા બાપા.'

## ૧.૧

# અબજીબાપાશ્રી એટલે શ્રીજીસંકલ્પમૂર્તિ

બાપાશ્રી શ્રીજીમહારાજના સંકલ્પથી પ્રગટ થયેલ શ્રીજીસંકલ્પમૂર્તિ છે આવું એમના માટે સિદ્ધમુક્તોના મુખકમળનું પ્રમાણ હતું.

ભૂજનાં સાંખ્યયોગી સૂરજબા મોટાં સિદ્ધમુક્ત હતાં. ત્રણે અવસ્થામાં શ્રીજીમહારાજની મૂર્તિમાં નિમગ્ન રહેતાં. તેઓની પરભાવી સ્થિતિ જાણનારા ઘણા હરિભક્તો તેમનાં દર્શને ભૂજ જતા.

એક વખત જીવનપ્રાણ બાપાશ્રી, જાદવજીભાઈ, બળદિયાના તથા રામપુરના મોટેરા હરિભક્તો ભૂજ મંદિરે શ્રીજીમહારાજનાં દર્શને ગયા હતા. બાપાશ્રીએ મહારાજને દંડવત્ પ્રણામ કર્યા. ત્યાં તો હરિકૃષ્ણ મહારાજે મૂર્તિમાંથી દિવ્ય રૂપે પ્રગટ થઈ દર્શન આપ્યાં. હરિકૃષ્ણ મહારાજે બાપાશ્રી સામે હસ્ત કરી પાનબીડું ધરી કહ્યું, ‘‘મુક્તરાજ, તમને સૂરજબા સંભારે છે માટે તેમને દર્શન દેવાં જજો.’’ આથી બાપાશ્રી સર્વે હરિભક્તોને લઈ સૂરજબાના ઘરે ગયા.

બાપાશ્રીને પોતાના ઘરે આવેલા જોઈ સૂરજબા અતિ આનંદવિભોર બની ગયાં. બાપાશ્રીનો આદર-સત્કાર કરી યોગ્ય સ્થાન આપ્યું. બાપાશ્રી સહિત સર્વે હરિભક્તોને તાણ કરી ખૂબ જમાડ્યા. પછી સૂરજબા બાપાશ્રી સામે જોઈ બોલ્યાં, ‘‘ભાઈશ્રી ! હું જ્યારે જ્યારે તમને જોઉં છું ત્યારે શ્રીજીમહારાજે ગઢડામાં એક વાત કરી હતી તે સાંભરી આવે છે અને તમારું સ્વરૂપ તો મહારાજના જેવું જ દેખાય છે. તેથી મને તમારાં દર્શનથી ઘણી શાંતિ થાય છે.’’

હરિભક્તોએ જિજ્ઞાસાથી પૂછ્યું, ‘‘સૂરજબા ! તમને અબજીભાઈને જોતાં કઈ વાત

સાંભરી આવે છે ? એવી તો શું વાત મહારાજે કરી હતી જે આજેય તમને સાંભરે છે !''

સૂરજબા માંડીને વાત કરવા લાગ્યાં, ''અમે અહીંથી કચ્છના સુંદરજીભાઈ, હીરજીભાઈ, રાયધણજી, દહીંસરાના કચરો ભક્ત, વૃષપુરના રત્ના ભગત તથા મોટેરા હરિભક્તો અને દેવબા, અંજારનાં ચાગબા, કેરાનાં સદાબા એ આદિ બાઈ-ભાઈ હરિભક્તોનો મોટો સંઘ મહારાજના મંદવાડના સમાચાર સાંભળી ગઢડે દર્શન કરવાં ગયો હતો. સૌએ બે-ત્રણ દિવસ મહારાજનાં દર્શન-સેવા-સમાગમનો લાભ લીધો. પછી પ્રાર્થના કરી, 'હે મહારાજ, તમે સંવત ૧૮૬૧થી ૧૮૬૮ સુધી સાત સાત વર્ષ કચ્છમાં ઘણું વિચરણ કર્યું છે. અમને ઘણાં સુખો આપ્યાં છે. પણ હે દયાળુ ! અમારો એવો કયો વાંક છે કે અઢાર વર્ષથી તમે અમારી સંભાળ લીધી નથી ! હે દયાળુ, કચ્છના પ્રેમી હરિભક્તો તમારાં દર્શન-સમાગમ માટે આતુર છે. હવે કચ્છમાં પધારી સૌને સુખિયા કરો.'

ત્યારે શ્રીજીમહારાજે ગંભીર સ્વરે કહ્યું, 'હે ભક્તો, હવે અમને શરીરે બહુ ઠીક રહેતું નથી. માટે અમારાથી કચ્છમાં નહિ અવાય. વળી કચ્છનો રસ્તો બહુ વિકટ છે. આણી કોર જોડિયા બંદરથી બેસીએ પણ વહાણ ફરી ફરી આવે. મોરબી બાજુથી આવીએ તો બધું રણ આડું આવે છે અને અમારા શરીરમાં હવે શક્તિ નથી. વળી આ અમારો અંતિમ મંદવાડ છે. હવે અમે બહુ દર્શન નહિ આપીએ. માટે અમે નહિ આવી શકીએ.'

મહારાજના વિરહનાં વચન સાંભળી સંઘ આખો ઉદાસ થઈ ગયો. અતિ દયાળુ મૂર્તિ મહારાજ બોલ્યા, 'તમે ઉદાસ ન થાઓ. અમે તો નહિ આવી શકીએ પરંતુ અમારા મોટા અનાદિમુક્ત છે તેમને તમારા કચ્છમાં મોકલશું. એ મુક્ત ભેળા અમે પણ આવીશું. તે મુક્ત અમારા જેવા જ સમર્થ છે એમ જાણજો. એ તો અનેક જીવનાં આત્યંતિક કલ્યાણ કરવા સારુ અમારા સંકલ્પથી આવશે અને અનંત મુમુક્ષુઓને અનાદિમુક્તની પંક્તિમાં ભેળવશે. તે'દી અમે મુક્ત દ્વારે તમને સુખિયા કરીશું.'

ત્યારે વૃષપુરના રત્ના ભક્ત ઉતાવળથી બોલી ગયા, 'મહારાજ, તમારા જેવા જ તમારા મુક્ત કયા ગામમાં પ્રગટ થશે ?' ત્યારે મહારાજે આશીર્વાદ આપતાં કહ્યું, 'જા, તારા જ ગામમાં પ્રગટ થશે; બસ !' ''

આટલી વાત કરી સૂરજબા બાપાશ્રી સામું જોઈ બોલ્યાં, ''ભાઈશ્રી ! મહારાજનાં એ આશીર્વચનો અમે કાનોકાન સાંભળ્યાં હતાં. મહારાજે આશીર્વાદ આપ્યા હતા એ જ આપ છો. વર્તમાનકાળે શ્રીજીમહારાજ પોતાનો સંકલ્પ આપના દ્વારા પૂરો કરી રહ્યા છે. અનંત જીવોને આપના દ્વારા મૂર્તિના સુખે સુખિયા કરી રહ્યા છે. એ હું જાણું છું.''

આમ, ભૂજનાં સાંખ્યયોગી સૂરજબા જેવાં સિદ્ધમુક્તો પણ શ્રીજીસંકલ્પમૂર્તિ બાપાશ્રીનો મહિમા ખૂબ સમજતાં ને જોગમાં આવનારને સમજાવતાં.

સદ્. ગોપાળાનંદ સ્વામીના મહાસમર્થ શિષ્ય સદ્. નિર્ગુણદાસજી સ્વામી પણ

બાપાશ્રીનો ખૂબ મહિમા સમજતા. અમદાવાદ સભામાં પધારતા ત્યારે સર્વે સંતો-હરિભક્તોને કહેતા કે, ''જેને આ ટાણે મહારાજનું સુખ વહેલું જોઈતું હોય તેણે કચ્છના વૃષપુર ગામમાં મોટા મુક્ત અબજીભાઈ બિરાજે છે તેમનો જોગ-સમાગમ કરવો ને સેવા કરી રાજી કરવા. તેઓ અખંડ મૂર્તિમાં રહે છે. જેના ઉપર કૃપાદૃષ્ટિ કરે છે તેને મૂર્તિમાં રાખે છે ને કેટલાક હરિભક્ત દેહ મૂકે છે ત્યારે શ્રીજીમહારાજ ભેળા તેમનાં દર્શન થાય છે. માટે જેમ મારી પાસે આવો છો તેમ એમની પાસે પણ જઈ એમનો જોગ-સમાગમ કરજો. એ શ્રીજીમહારાજરૂપ છે ને શ્રીજીમહારાજના સંકલ્પથી પધારેલા છે.''

બાપાશ્રી પણ ક્યારેક મર્મમાં પોતાની ઓળખાણ કરાવી દેતા.

''અમારે તો સદા મૂર્તિનું સુખ છે પણ દેહ નથી. આ તો શ્રીજીમહારાજની ઈચ્છાથી દેહ દેખાય છે ને શ્રીજીનો સંકલ્પ છે.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૮૦

અર્થાત્ બાપાશ્રી શ્રીજીસંકલ્પમૂર્તિ છે જે સ્વમુખે કહ્યું.

## ● બાપાશ્રી શ્રીજીસંકલ્પમૂર્તિ શા માટે ?

શ્રીજીમહારાજ અવરભાવમાં આ લોકમાં મનુષ્યને મનુષ્ય જેવા દેખાયા ત્યારે ૧૨૫ વર્ષ સુધી દર્શન આપવાનો સંકલ્પ કરેલો. આ દર્શન આપવા પાછળ શ્રીજીમહારાજનો સંકલ્પ પોતાની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિ પ્રવર્તાવવાનો હતો. આ સંકલ્પના પ્રવર્તન માટે શ્રીજીમહારાજને કેટલાક આગવા સિદ્ધાંતો પ્રવર્તાવવા હતા. જે ક્યાંક વચનામૃત, શિક્ષાપત્રી આદિક ગ્રંથોમાં ગર્ભિત રજૂ પણ થયેલા છે. પરંતુ સમાજની પાત્રતાના અભાવે એ સિદ્ધાંતો સમજાવવાનો સંકલ્પ અપૂર્ણ રહ્યો. આ સંકલ્પોને શ્રીજીમહારાજે બાપાશ્રી દ્વારા પૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો. શ્રીજીમહારાજના આ અધૂરા સંકલ્પો પૂરા કરવા માટે બાપાશ્રીનું પ્રાગટ્ય થયું. તેથી બાપાશ્રી શ્રીજીસંકલ્પમૂર્તિ કહેવાયા.

● ● ●

## ૧.૨

# અબજીબાપાશ્રી એટલે શ્રીજીસંમત સિદ્ધાંતોના ઉદ્‌ગાતા

બાપાશ્રીએ આ શ્રીજીસંમત સિદ્ધાંતોને સ્પષ્ટ કરી કેવી રીતે સમજાવ્યા તે સમજીએ. શ્રીજીમહારાજે સમજાવેલ સિદ્ધાંતની સાપેક્ષમાં બાપાશ્રીએ સમજાવેલ સિદ્ધાંતને સરખાવી સમજીએ.

**૧. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"(સ્વામિનારાયણ) ભગવાન કેવા છે ? તો જન્મ ધરતે થકે પણ અજન્મા છે અને દેહને મૂકતે થકે અજર-અમર છે." – વચ. અમ. ૪

અર્થાત્ અમારે વિષે જન્મમરણ નથી. અમે સદાય પ્રગટ છીએ.

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

સંવત ૧૮૩૭માં ભગવાન સ્વામિનારાયણે આ બ્રહ્માંડને વિષે દર્શન આપ્યાં તે દિવસથી સદાય પ્રગટ, પ્રગટ અને પ્રગટ જ છે.

**૨. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"જેને પરિપૂર્ણ નિશ્ચય હોય તે તો એમ સમજે જે મુને આ ભગવાન મળ્યા તે દિવસથી જ મારું કલ્યાણ થઈ ચૂક્યું છે." – વચ. વર. ૧૨

અર્થાત્ અહીં મહારાજે કૃતાર્થપણાની વાત કરી છે.

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

ભગવાન સ્વામિનારાયણ પ્રગટ અને પ્રત્યક્ષ મળ્યા છે માટે હવે મરીને ધામમાં જવાનું નથી. છતે દેહે ધામમાં જ છીએ.

**૩. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી; એ બે એક જ છે."

– વચ. ગ. છે. ૩૮

અર્થાત્ અમે સદાય પરભાવમાં જ છીએ. મનુષ્ય જેવા થયા નથી કે પ્રતિમા જેવા છીએ નહીં.

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

અક્ષરધામની મૂર્તિ, મનુષ્યરૂપ મૂર્તિ અને પ્રતિમા સ્વરૂપ મૂર્તિ એમ ત્રણ સ્વરૂપ જણાય છે જુદાં પણ જુદાં છે જ નહીં. મહારાજ તો તેજના સમૂહમાં જ છે.

**૪. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"ભગવાન જેવા તો એક ભગવાન જ છે પણ બીજો કોઈ નથી અને ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા એવા જે ભગવાનના ધામમાં ભક્ત છે તેનો આકાર પણ ભગવાનના જેવો જ છે. તોપણ તે પુરુષ છે ને ભગવાન પુરુષોત્તમ છે."

– વચ. ગ. છે. ૩૭

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

સ્વામિનારાયણ ભગવાન સનાતન ભગવાન છે. વળી, સાધર્મ્યપણું પામેલા મુક્તો અનંત છે. અનંત મુક્તોનો આકાર, દેખાવ, રૂપ મહારાજ જેવું જ છે. પરંતુ મુક્ત સેવક છે ને સ્વામિનારાયણ ભગવાન સ્વામી છે. અનાદિમુક્તો પણ ભગવાનની પદવી પામી શકતા નથી.

**૫. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"અને જે અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનના (અમારા) અંગનો પ્રકાશ છે."

– વચ. પં. ૧

"ભગવાનનું (અમારું) જે અક્ષરધામ છે તે તો અત્યંત મોટું છે. જેના એક એક રોમને (કિરણને) વિષે અનંતકોટિ બ્રહ્માંડ અણુની પેઠે ઊડતાં જ ફરે છે."

– વચ. પ્ર. છે. ૬૩

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

શ્રીજીમહારાજની મૂર્તિમાંથી નીકળતો તેજનો સમૂહ એ જ અક્ષરધામ છે. એમાંની એક કિરણને અન્વય સ્વરૂપ જાણવું. તે એક કિરણ ઉત્તરોત્તર અનંત અક્ષરાદિક અવતારને ધરી રહી છે અને તેમાં વ્યાપી રહી છે. અન્વયની લાઈન સકામ માર્ગની છે. કેમ જે તે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય માટે છે. તેમાં મોક્ષનો માર્ગ નથી.

**૬. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"પ્રત્યક્ષ પુરુષોત્તમને વિષે જે દૃઢ નિષ્ઠા તેને આત્યંતિક કલ્યાણ કહીએ."

- વચ. કા. ૭

તથા "પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ તે જ પરમપદ છે." - વચ. ગ. મ. ૮

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

કલ્યાણ એ કોઈ સ્થાનવાચક કે વ્યક્તિવાચક શબ્દ નથી. મહારાજનું સ્વરૂપ એ જ આત્યંતિક કલ્યાણ. શ્રીજીમહારાજનો વ્યતિરેક સંબંધ થવાથી જ આત્યંતિક કલ્યાણ થાય છે.

**૭. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન." (ઓરડાનાં પદ)

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

અવતારો અનંત છે અને અવતારી એક શ્રીજીમહારાજ છે. અનંત અવતારો અવતારીની સત્તાથી થયા છે અને અન્વય શક્તિ દ્વારા મળેલી સામર્થીથી કાર્ય કરે છે. આ કોઈ અવતારોને શ્રીજીમહારાજનો વ્યતિરેક સંબંધ નથી.

**૮. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"એવો જે ભગવાનનો (અમારો) દૃઢ આશ્રય તે જેને હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તોપણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન (અમારા) વિના બીજાને ન જાણે, અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન (અમારા) થકી જ ઈચ્છે... તે જ ભગવાનનો (અમારો) અનન્ય ભક્ત છે."

- વચ. વર. ૫

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

જે સ્વામિનારાયણ ભગવાનનો ભક્ત થયો તેણે સ્વામિનારાયણ ભગવાન સિવાય અન્ય અવતારોની આસ્થા રાખવી તે જ મોટામાં મોટું પાપ છે.

**૯. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"ભગવાનની મૂર્તિ વિના બીજી આત્મદર્શનાદિક પ્રાપ્તિની હૃદયમાં ઈચ્છા છે, માટે એ સકામ ભક્ત કહેવાય ને એને પરલોકને વિષે જરૂર ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે... અને ભગવાનની મૂર્તિ વિના બીજા સુખની ઈચ્છાનો જો ઘાટ થઈ જાય ત્યારે અતિશે મનમાં દાઝે છે, માટે એ નિષ્કામ ભક્ત કહેવાય. તે જ્યારે દેહને મૂકે ત્યારે બહુ મોટા સુખને પામે છે ને ભગવાનનો પાર્ષદ થાય છે."

- વચ. ગ. છે. ૫

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

સકામ ભક્ત અને નિષ્કામ ભક્ત એમ ભક્તના બે પ્રકાર છે. જેમાં સકામ ભક્તને ઐશ્વર્ય મળે છે તથા આ લોકનાં ભૌતિક સુખ મળે છે અને નિષ્કામ ભક્તને મૂર્તિનું સુખ મળે છે. સકામ ભક્ત મૂર્તિના સુખનો અધિકારી બનતો જ નથી.

**૧૦. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"સર્વના કારણ જે પુરુષોત્તમ ભગવાન તેની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહીં." – વચ. ગ. પ્ર. ૫૧

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

પુરુષોત્તમના સ્વરૂપને પામવા અર્થાત્ શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા થવા માટે પુરુષોત્તમરૂપ બનવું જ પડે.

**૧૧. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"કલ્યાણનું (અનાદિની સ્થિતિ પામવાનું) અસાધારણ સાધન તો એ છે જે, પુરુષોત્તમ ભગવાનને બ્રહ્મજ્યોતિના સમૂહને વિષે અનાદિ સાકાર મૂર્તિ સમજવા." – વચ. ગ. છે. ૩૯

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

સદા સાકાર એવા ભગવાન સ્વામિનારાયણની દિવ્ય મૂર્તિનું સુખ પામવા માટે જીવાત્માને ભગવાન જેવા સાકાર થવું પડે. તે જીવનું સાકારપણું પામવા માટે પ્રતિલોમપણે ધ્યાન કરવું ફરજિયાત છે.

**૧૨. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"જીવ, ઈશ્વર ને અક્ષર તે થકી પર જે અક્ષરાતીત સ્વરૂપ એ પુરુષોત્તમનું વ્યતિરેક સ્વરૂપ જાણવું." – વચ.સા. ૫

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

શ્રીજીમહારાજની દિવ્ય તેજોમય મૂર્તિ એ મહારાજનું વ્યતિરેક સ્વરૂપ જાણવું. અને એ વ્યતિરેક સ્વરૂપના સંબંધવાળા ચાર વર્ગના છે. ચાલોચાલ ભક્ત, એકાંતિક ભક્ત, પરમ એકાંતિકમુક્ત, અનાદિમુક્ત.

**૧૩. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

**"મતં વિશિષ્ટાદ્વૈતં મે"** અર્થાત્ અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે. અર્થાત્ વસ્તુ બે (મહારાજ અને મુક્ત) અને દેખાવ એક (મહારાજનો).

– શિક્ષાપત્રી : શ્લોક-૧૨૧

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

અનંત અનાદિમુક્તો મહારાજની મૂર્તિમાં અંદર-બહાર રસબસભાવે રહ્યા હોવા

છતાં મહારાજ તેમને જુદા દેખાવા દેતા નથી. એ જ મહારાજનું અકળિતપણું છે. તથા બીજું, અનંત અનાદિમુક્તોને સુખના દાતા એકમાત્ર શ્રીજીમહારાજ જ છે. એ સર્વે મુક્તો એક જ મૂર્તિમાં રહ્યા થકા સુખ ભોગવે છે. છતાં સૌને આગવી મૂર્તિ છે.

**૧૪. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તોપણ સ્વામી-સેવકપણું રહે છે." - વચ. ગ. મ. ૬૭

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

મહારાજને અને અનાદિમુક્તને છેટાપણું કે જુદાપણું નથી. મુક્તો તો મહાપ્રભુની મૂર્તિમાં ઓતપ્રોત, તદ્રૂપ, તલ્લીન, વાણાતાણાની પેઠે સુખ લીધા જ કરે છે. છતાંય મુક્તોને મહારાજ સાથે સ્વામી-સેવકભાવ જતો નથી.

**૧૫. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"ખદ્યોતથી કરીને મહાતેજ પર્યંત આદ્ય મધ્ય ને અંત જે ભેદ કહ્યા તે સર્વે મુક્તના ભેદ છે. તે જેમ જેમ અધિક સ્થિતિને પામતા ગયા ને ભગવાનનો મહિમા અધિક જાણતા ગયા તેમ તેમ મુક્તપણામાં વિશેષપણું આવતું ગયું." - વચ. સા. ૧૭

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

અનંત પરમ એકાંતિકમુક્તો એકદેશી પુરુષોત્તમરૂપ છે. જ્યારે અનાદિમુક્તો સર્વદેશી પુરુષોત્તમરૂપ છે. માટે ખરું અને પૂર્ણ સુખ તો અનાદિમુક્તના અનુભવમાં જ આવ્યું છે.

**૧૬. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થાવાનું સાધન છે." - વચ. વર. ૧૧

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

મહારાજનું સુખ સાધનથી મળતું નથી. સુખને પામવા માટે મહારાજ અને મોટા અનાદિમુક્તની કૃપા જોઈએ.

**૧૭. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"પોતાને વિષે પૂર્ણકામપણું સમજવું જે મુને સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ મળ્યા છે. ને તેની આજ્ઞામાં રહીને હું તેનું ભજન કરું છું. માટે હવે મારે કાંઈ ન્યૂનતા રહી નથી એમ સમજીને નિરંતર ભગવાનની ભક્તિ કરવી, ને તે સમજણને કેફે કરીને છકી પણ જાવું નહીં." - વચ. ગ. પ્ર. ૨૫

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

આવા સર્વોપરી મહારાજ મળ્યા પછી અધૂરું માનવું નહિ અને પૂરું માનીને બેસી પણ ન રહેવું.

**૧૮. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"રાજાનું રાજ્ય તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે." - વચ. ગ. મ. ૨૨

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

મોટા સત્પુરુષ નિરંતર મૂર્તિમાં રહ્યા છે. આ લોકમાં અનેક જીવોને સુખ આપવા માટે મનુષ્ય જેવી રીત રાખી વર્તે પરંતુ એમની સર્વે ક્રિયાના કરનારા મહારાજ છે. જેમ મહારાજ અનાદિ અને સ્વતંત્ર છે તેમ મુક્ત પણ અનાદિ અને સ્વતંત્ર છે. જેટલું કર્યું મહારાજનું થાય તેટલું મુક્તનું કર્યું પણ થાય છે.

**૧૯. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

શ્રીજીમહારાજ અમદાવાદમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા બાદ સર્વે પ્રવૃત્તિને વિસારી મેલવા ગણેશ ધોળકાની રાણ્યોમાં જઈને રહ્યા. જેનાથી ફલિત થાય છે કે ઉત્સવ, સમૈયા, મંદિર વગેરે કાર્ય છે. - વચ. ગ. મ. ૨૨

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

મંદિર, આચાર્ય, સાધુ, બ્રહ્મચારી તથા ઉત્સવ-સમૈયા આ સર્વે કાર્ય છે અને મહાપ્રભુની મૂર્તિ એ જ એક કારણ છે.

**૨૦. શ્રીજીમહારાજનો સિદ્ધાંત :**

"જેને ભગવાનના સ્વરૂપનું એવી રીતે ચિંતવન થાય છે તે તો કૃતાર્થ થયો છે, ને તેને કાંઈ કરવું બાકી રહ્યું નથી." (વચ. ગ. મ. ૪૮)

અર્થાત્ તેને હવે સમાધિ આદિક કોઈ સાધન કરવાની જરૂર રહેતી નથી.

**બાપાશ્રીએ સમજાવેલ શ્રીજીસંમત સિદ્ધાંત :**

સત્સંગમાં સમાધિનો મહિમા વિશેષ છે. પરંતુ સમાધિ કરતાં ઉપશમવાળો અધિક છે અને ઉપશમવાળા કરતાં સમજણવાળો અધિક છે અને સમજણવાળા કરતાં અખંડ મૂર્તિ દેખતો હોય તે અધિક છે.

આવી રીતે બાપાશ્રીએ શ્રીજીસંમત સિદ્ધાંતોને છડેચોક વિસ્તાર્યા તેના કેટલાક અંશ જોયા. વિશેષ તો બાપાશ્રીની વાતો વાંચતાં એમ જ જણાય કે આ શ્રીજીસંમત સિદ્ધાંતોનો જ અજોડ ગ્રંથ છે. સિદ્ધાંતો આપવાનું એક જ કારણ હતું - જીવને સાચી વાત સમજાવી મૂર્તિસુખના અનુભવી કરવા.

● ● ●

## ૧.3

## અબજીબાપાશ્રી એટલે અબજોને મૂર્તિમાં રાખનાર

મૂર્તિમાં રહેવું ને જોગમાં આવનારને મૂર્તિમાં રાખવા એ બાપાશ્રીના જીવનનો આદર્શ હતો. બાપાશ્રીની જીવનચર્યામાં મૂર્તિ જ પ્રધાનપણે રહેતી. મૂર્તિમાં રહેવા અને અનંતને સહજમાં મૂર્તિમાં રાખવાના બાપાશ્રી તજજ્ઞ હતા. હાલતાં-ચાલતાં સર્વે ક્રિયામાં અખંડ મૂર્તિમાં જોડાયેલા રહેવું એ બાપાશ્રીના જીવનની તાસીર હતી. તેઓના જીવનનો એક જ ઉદ્દેશ્ય હતો કે જે જીવ દૃષ્ટિએ ચડે તેને મૂર્તિમાં જોડી દેવો. પોતાના જીવનકાળ દરમ્યાન બાપાશ્રીએ અનંત મુમુક્ષુના હૈયે મૂર્તિસુખની હેલી લગાડી દીધી હતી.

સંવત ૧૯૪૮ના જેઠ માસમાં સદ્. નિર્ગુણદાસજી સ્વામી અને બાપાશ્રી બંને દિવ્ય સ્વરૂપોએ એકસાથે મંદવાડ ગ્રહણ કર્યો હતો. આ દરમ્યાન શ્રીજીમહારાજ અને આ બંને દિવ્ય સ્વરૂપો વચ્ચે સત્યાવીસ દિવસની ચોવટ ચાલી. બાપાશ્રીએ સમાધિમાંથી બહાર આવી સદ્. અક્ષરજીવનદાસજી સ્વામીને કહ્યું, “અમારો દાખડો નિષ્ફળ ગયો.” “એમ કેમ કહો છો ભાઈ ?” “અમારી અક્ષરધામમાં જવાની ચોવટ ચાલતી હતી. મહારાજ કેમેય હા ન પાડે. બહુ પ્રાર્થના કરી ત્યારે છેલ્લી વારે હા પાડી પણ સદ્. નિર્ગુણદાસજી સ્વામીએ કહ્યું જે, ‘તેમના દ્વારે તો અનંત જીવનો ઉદ્ધાર કરવાનો ઠરાવ છે તેથી તેમની વતી મને લઈ જાવ ને એમને રાખો તો સારું.’ પછી મહારાજે કહ્યું, “ઠીક એમ કરશું.” એમ એમણે અમારી ના પડાવી અને પોતાને લઈ જવાનું ઠરાવ્યું.

આમ, બાપાશ્રીએ પણ શ્રીહરિની મરજીને શિરોમાન્ય કરી અનંતને મૂર્તિસુખનાં દાન દેવાનો સંકલ્પ વહેતો મૂક્યો. સંબંધમાં આવનારને બાપાશ્રી સહજમાં મૂર્તિના સુખભોક્તા કરી દેતા. તેથી સંપ્રદાયમાં ચોમેર બાપાશ્રીની ખ્યાતિ અને પ્રસિદ્ધિ વધતી ગઈ. એ

અરસામાં બાપાશ્રી માટે એક વાયકા પ્રસરી હતી કે, 'વિના સાધને, વિના દાખડે, વિના જ્ઞાને, વિના પાત્રતાએ, વિના પ્રયાસે, વિના મૂલ્યે સહજમાં મૂર્તિ જોઈતી હોય તો જાવ વૃષપુર અનાદિમુક્ત અબજીબાપાશ્રી પાસે.'

બાપાશ્રીએ છૂટા દોરે મૂર્તિનાં દાન દેવાનો વેપાર ચાલુ કર્યો હતો. તેથી જ બાપાશ્રી કહેતા,

"અમારે તો એક જ વેપાર, દેવી મૂર્તિ એ જ કરાર."

બાપાશ્રીના જીવનનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં જણાઈ આવે કે, તેઓના દૈનિક જીવનવ્યવહારમાં, ઉપદેશામૃતમાં, આશીર્વાદમાં કેવળ અનંતને મૂર્તિ આપવાનો જ આગ્રહ રહેતો.

"માટે અમારી દૃષ્ટિ તો જીવોનો ઉદ્ધાર કરી જન્મમરણથી રહિત કરવા ને શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આપવું એ જ છે."

– શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૦૪

"આ યજ્ઞમાં જે જે આવ્યા અને જે આ મહાપ્રસાદી જમ્યા, તેનો છેલ્લો જન્મ થયો જાણજો. અમે તો સૌને મૂર્તિમાં રાખવાનો સંકલ્પ કર્યો છે. આ સભા દિવ્ય છે. આ મુક્ત સર્વે અક્ષરધામના છે. મૂર્તિમાં રહેનારા છે. મહારાજના અનાદિમુક્તોએ દયા કરીને મૂર્તિનું સુખ પમાડવા આવા માર્ગ કાઢ્યા છે. અમે તો આજ સુધી આવાં જ કામ કર્યાં છે. અમને બીજું કાંઈ આવડતું નથી."

વળી, બાપાશ્રી પ્રસંગોપાત્ત સૌને મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપતા.

કેરા ગામે બાપાશ્રી સર્વે સંતો-હરિભક્તોને લઈ મનજી લાખાની વાડીએ પધાર્યા હતા. ત્યારે બાપાશ્રી સર્વેને ઠાકોરજીને ધરાવેલાં કેળાં, શક્કરિયાં ને પતાસાંની પ્રસાદી આપતાં બોલ્યા, "આ પ્રસાદીને જે જમશે તેનું આત્યંતિક કલ્યાણ થશે ને આ મુક્ત અક્ષરધામમાંથી શ્રીજીમહારાજની ઇચ્છાથી જીવોનાં કલ્યાણ કરવા આવ્યા છે તે કાંઈ એક-બે જીવનું કલ્યાણ કરવા આવ્યા નથી; એ તો અનેક જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા આવ્યા છે, માટે અનેક જીવને મનવારો ભરીને લઈ જવા છે."

ત્યારે સદ્. વૃંદાવનદાસજી સ્વામીએ પૂછ્યું જે, "બાપા ! અમે સર્વે આપના ભેળા ધરાના જળમાં નાહ્યા તે સમે દેહની પણ સ્મૃતિ રહી નહિ ને શાંતિ શાંતિ થઈ ગઈ તેનું શું કારણ હશે ?" ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "દેહે કરીને જેમ જળમાં નાહ્યા તેમ તમારા જીવાત્માને મૂર્તિમાં રસબસ જોડી દીધા. તેથી તમને મૂર્તિના સુખનો આનંદ આવ્યો ને શાંતિ થઈ ગઈ અને આપણે જે જળમાં સ્નાન વગેરે લીલા કરી તે દિવ્ય છે. તેને સંભારશે તેના ઘાટ-સંકલ્પ ટળી જશે ને મૂર્તિનું સુખ આવશે."

આમ, બાપાશ્રીનું પ્રાગટ્ય અબજોને મૂર્તિમાં રાખવા માટે જ હતું. સ્વયં શ્રીજીમહારાજે દેવબાને (બાપાશ્રીનાં માતુશ્રીને) દિવ્ય રૂપે દર્શન આપી કહેલું કે, "અમારા મુક્તરાજ

અબ પ્રગટ થશે ને અબજોને મૂર્તિમાં રાખશે માટે 'અબજીભાઈ' નામ રાખજો.''

બાપાશ્રીની અનંતને મૂર્તિમાં રાખવાની રીતિ ખૂબ જ અલૌકિક, ન્યારી અને મુમુક્ષુઓને સુવાણ થાય તેવી હતી. તેઓ કોઈને દર્શનથી, કોઈને સ્પર્શથી, કોઈને પ્રસાદી જમાડીને તો કોઈની પ્રસાદી (સેવા) અંગીકાર કરીને સંકલ્પમાત્રે તેને મૂર્તિના સુખની સહેજે સહેજે અનુભૂતિ કરાવતા.

ભૂજના નિર્ગુણાનંદ બ્રહ્મચારીને બાપાશ્રી પ્રત્યે ખૂબ મહિમા અને દિવ્યભાવ હતો. એક વખત બાપાશ્રી બ્રહ્મચારીનો પ્રેમ જોઈ તેમને બાથમાં લઈ મળ્યા. બાપાશ્રીના દિવ્ય અંગોનો સ્પર્શ થતાં બ્રહ્મચારીને અલૌકિક અનુભૂતિ થઈ. બાપાશ્રીનાં તેજોમય દર્શન થયાં. બાપાશ્રીના દિવ્ય સ્વરૂપને નિહાળી તેઓ હાથ જોડી દાસભાવે બોલ્યા, ''હે દયાળુ, તમે શ્રીજીમહારાજના સંકલ્પથી પધારેલા મહાસમર્થ અનાદિમુક્ત છો. વર્તમાનકાળે શ્રીજીમહારાજ તમારા દ્વારા અનંતને મૂર્તિનું સુખ આપે છે. હું તમને જાણું છું. પણ અનાદિમુક્તનું દિવ્ય સ્વરૂપ કેવું હશે ?'' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તમે અમને દિવ્ય જાણો.'' એમ કહ્યું ને બ્રહ્મચારી મહારાજ બાપાશ્રીનાં દિવ્યભાવ સોતા દર્શન કરવા લાગ્યા. ત્યાં તો એમના દેહભાવનો પડદો તૂટી ગયો ! દિવ્યદૃષ્ટિ થઈ ગઈ. તેમને બાપાશ્રીના દિવ્ય સ્વરૂપ સાથે અનંત અનાદિમુક્તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા અપાર સુખ લે છે એવા શ્રીજીમહારાજનાં દર્શન થયાં. બાપાશ્રીની કૃપાદૃષ્ટિ થતાં તેઓ મૂર્તિમાં નિમગ્ન થઈ ગયા. પછી તો સર્વે ક્રિયામાં તેમને મૂર્તિનું જ અનુસંધાન રહેવા માંડ્યું. પોતે મૂર્તિમાં છે અને સર્વે ક્રિયા સ્વયં મહારાજ કરે છે એવી સ્થિતિ કરાવી બાપાશ્રીએ બ્રહ્મચારીને ન્યાલ કરી દીધા.

● ● ●

## ૧.૪

# અબજીબાપાશ્રી એટલે સંપ્રદાય શુદ્ધિ કરનાર પ્રેરણામૂર્તિ

શ્રીજીમહારાજના સ્વરૂપને જેમ છે તેમ ઓળખાવી અનંતને મૂર્તિરસથી ભરવા ને મૂર્તિમાં મહાલતા કરવા એ જ બાપાશ્રીની નેમ હતી. તેઓને વ્યવહાર પ્રત્યે સદૈવ અરુચિ વર્તતી. અહમ્-મમત્વ જન્મે એવો કોઈ વ્યવહાર ન કરવાની તેઓ સંતો-હરિભક્તોને પણ ભલામણ કરતા. તેમ છતાં સંપ્રદાયની શુદ્ધિ માટે તેઓએ વ્યવહારમાં પણ ઝંપલાવ્યું. સંપ્રદાયમાં ચોમેર પ્રસરેલા ઉપાસના અંગેના મત-મતાંતરો, પરોક્ષવાદ, વિતંડાવાદ અને વર્તનની અશુદ્ધિ આદિ પ્રભાવોને બદલી એક નૂતન સાંપ્રદાયિક શુદ્ધીકરણની ચેતના પ્રગટાવી હતી.

શ્રીજીમહારાજે અમદાવાદના ૩જા વચનામૃતમાં કહ્યું છે કે, ‘‘અયોધ્યાવાસી તો બહુ વિશ્વાસુ છે, માટે કોઈક કપટી હશે તો એમને છેતરી જાશે, તે સારુ એમને કોઈક કાર્યનો આદર કરવો હોય ત્યારે મોટેરા પરમહંસ તથા મોટેરા સત્સંગી ગૃહસ્થ તેમને પૂછીને તે કામ કરવા દેવું, પણ કોઈક એક જણાને કહે કરવા દેવું નહીં. એવી રીતે ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગીને અયોધ્યાવાસીની ખબર રાખવી એમ અમારી આજ્ઞા છે.’’ આ આજ્ઞાનુસાર અમદાવાદ તથા વડતાલ દેશની ગાદીના આચાર્યો પોતાના દેશના મોટેરા સંતો-હરિભક્તોને વિશ્વાસમાં લઈ સૌની સલાહ મુજબ સંપ્રદાયનો વહીવટ ચલાવતા. સર્વે સંતો-હરિભક્તો પણ આચાર્ય મહારાજશ્રીને પૂજ્યભાવે માનતા ને સેવામાં સહાયરૂપ થતા.

પરંતુ અમદાવાદ દેશમાં સંવત ૧૯૭૩-૭૪માં દેવની મિલકતને અંગત મિલકતના વહીવટ જેવું સ્વરૂપ આપવા માંડ્યું. ત્યારે અમદાવાદ તથા મૂળી દેશના હરિભક્તો મૂંઝાવા લાગ્યા કે, ‘મહારાજની બાંધેલી વહીવટી પ્રથા મુજબ મંદિરોની મિલકત દેવની

માલિકીની રહેવી જોઈએ. તેનો વહીવટ દેવની જાહેર મિલકત તરીકે થાય ને ધર્માદાની રકમનો ઉપયોગ હરિભક્તો સ્વતંત્રપણે સત્સંગ પ્રવૃત્તિ માટે કરી શકે એ જ યોગ્ય ગણાય.' પરંતુ આ સિદ્ધાંતને સર્વમાન્ય કરાવવાનું બીડું કોણ ઝડપે ? કોણ સંપ્રદાયના વડાને સાચી વાત કહે ?

અનેક બેઠકો, ચર્ચા અને પ્રયાસ પછી પણ સુખદ સમાધાન ન થતાં અંતે બાપાશ્રીએ સદ્. ઈશ્વરચરણદાસજી, સદ્. વૃંદાવનદાસજી, સદ્. ઘનશ્યામજીવનદાસજી આદિ સદ્ગુરુશ્રીઓને કહ્યું, "આપણે તો સૌનું હિત કરવાનો ઠરાવ છે. પણ મહારાજની બાંધેલી પ્રણાલિકા તૂટતી હોય તો તૂટવા ન દેવી એટલું તો રાખવું. શા માટે જે મંદિરોમાં મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે ને એ સૌના સામું જોઈ રહ્યા છે. કેટલાયના મનોરથો પૂર્ણ કરે છે. દર્શન આપે છે. એથી એમનું જે કાંઈ હોય તે પોતાના ઈષ્ટદેવનું માની બગડવા દેવું નહીં. એ સેવા તમ જેવા ધર્મ-નિયમવાળા સંતોએ જ કરવી પડશે. અમારો તો આવો અભિપ્રાય છે. તેમ છતાં પરસ્પર એકબીજાનો દ્રોહ થાય નહિ તે જાળવવું. આ સત્સંગરૂપ શ્રીજીમહારાજની ફૂલવાડી છે તેનું રક્ષણ કરવાની જવાબદારી આપણી જ છે."

બાપાશ્રીનો અભિપ્રાય જાણી સંતો-હરિભક્તોએ મૂળીમાં 'સત્સંગ મહાસભા' યોજી. જેમાં ૧૨૦૦૦થી વધુ હરિભક્તો, ૪૦૦ ઉપરાંત સંતો ભેગા થયા હતા. સંવત ૧૯૭૬ દ્વિતીય શ્રાવણ વદ ચૌદશ તા. ૧૧-૯-૧૯૨૦ ને શુક્રવારના રોજ સત્સંગ મહાસભાની સ્થાપના થઈ. જેના પ્રમુખ પદે બાપાશ્રીએ સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામીને નીમ્યા.

કોર્ટની ઘણી મુદતો પડ્યા બાદ આખરી ચુકાદો આવ્યો કે, 'દેવની મિલકતનો ઉપયોગ વહીવટકર્તા અંગત મિલકત તરીકે કદાપિ ન કરી શકે.' જેનાથી સંપ્રદાય કાયમ માટે દેવની મિલકત જે મંદિરો તેને યાવદ્ચંદ્રદિવાકરૌ કોઈ ઊણી આંચ નહિ આવે તે માટે નિશ્ચિંત થઈ ગયો.

બાપાશ્રીએ વહીવટ શુદ્ધિનું આ સાહસભર્યું કાર્ય કર્યું તેનાથી વિઘ્નસંતોષીઓ દ્વારા ચોમેર વિરોધોના વંટોળ ફૂંકાયા. આદિ આચાર્યશ્રીઓ તથા મોટા મોટા સદ્ગુરુશ્રીઓ જેમના ખોળામાં મસ્તક મૂકી મૂર્તિસુખની યાચના કરતા તેવા સમર્થ બાપાશ્રી વિઘ્નસંતોષીઓની આંખમાં કણાની માફક ખૂંચવા લાગ્યા. સંપ્રદાયમાંથી જ જે અમૂલ્ય ગ્રંથો પ્રમાણભૂત કરવામાં આવ્યા હતા ને પ્રકાશિત થયા હતા તેને અપ્રમાણ જાહેર કરી બાપાશ્રીના જ્ઞાન-સિદ્ધાંતને ભૂંસી નાખવા તથા બાપાશ્રીના સમાજને દબાવવા એક ઠરાવ બહાર પાડ્યો કે, 'કોઈએ અબજીબાપાની વાતો વાંચવી નહિ તથા ઘરમાં રાખવી નહીં. ટીકાવાળાં વચનામૃત રાખવાં નહિ કે વાંચવાં નહીં. કોઈએ બાપાનો સમાગમ કરવા જવું નહીં. બાપા વિમુખ છે.' આવા અનેક વિરોધાત્મક વાતાવરણનું સર્જન કરી સંપ્રદાયના ઈતિહાસમાંથી બાપાશ્રીનું અસ્તિત્વ મિટાવી દેવાના અનેક સઘન પ્રયત્નો થયા. પરંતુ બાપાશ્રી એટલે કોણ ? એનો સ્પષ્ટ ખ્યાલ ધરાવનારા સંતો-હરિભક્તોમાં દિવસે દિવસે બાપાશ્રી માટે ફના થઈ જવાનું ખુન્નસ વધતું જતું હતું. ઘણા સંતો-હરિભક્તોએ બાપાશ્રી

માટે પોતાના જીવનની કુરબાની આપી દીધી હતી. વૃષપુરના મંદિરમાં રામજીભાઈ બાપાશ્રી માટે થઈ કુરબાન થઈ ગયા. બાપાશ્રીએ સંપ્રદાયની શુદ્ધિ અને વૃદ્ધિ માટે જે કાર્ય કર્યું છે તે અજોડ છે. સંપ્રદાય તેનો સદૈવ માટે ઋણી રહેશે.

એક કલ્પના કરીએ કે,

કદાચિત્ જો બાપાશ્રીની ભેટ સંપ્રદાયને ન મળી હોત તો ?

જો બાપાશ્રીએ સંપ્રદાયની ખેવના ન રાખી હોત તો ?

જો બાપાશ્રીએ શ્રીજીસંમત સિદ્ધાંતોની સમજૂતી ન આપી હોત તો ?

આ કલ્પના કરતાં પણ ધ્રુજારી છૂટી જાય. અને જો એમ ન બન્યું હોત તો સંપ્રદાયની ઉજ્જવળતા પર કેટકેટલાય કલંક લાગ્યા હોત !

સંપ્રદાયની વહીવટ શુદ્ધિની સાથે ઉપાસના શુદ્ધિ, ધર્મ શુદ્ધિ અને વર્તન શુદ્ધિના અણમોલ ક્રાંતિસર્જક જીવનપ્રાણ બાપાશ્રીનો જય હો ! જય જયકાર હો !

બાપાશ્રીએ આણેલી ક્રાંતિ ‘ન ભૂતો ન ભવિષ્યતિ’ છે. જેના માટે સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયના ત્યાગી-ગૃહી સર્વે સદાને માટે બાપાશ્રીના ઋણી રહેશે. બાપાશ્રીએ સર્જેલી ક્રાંતિના આપણે ક્રાંતિકારી વીરો બની રહીએ એ જ બાપાશ્રીના ઋણમાંથી મુક્ત થવાનો પ્રયાસ લેખાશે.

• • •



# ૨ બાપાશ્રીએ શું આપ્યું છે ?

ન ભૂતો ન ભવિષ્યતિ.
અવર્ણનીય, અગણિત, અમાપ
કરી અઢળક કરુણા, વરસાવી બેહદ કૃપા, ન્યાલ કર્યા.
વહાવી કલ્યાણ ગંગોત્રી સમ અમૃત સરવાણી.
સંપ્રદાય શુદ્ધિ-વૃદ્ધિ કેરા આગ્રહ સેવ્યા.
જ્ઞાન-ધ્યાનના મજરા કરાવી સ્થાપ્યું સામ્રાજ્ય પરભાવ તણું.
અહો... અહો... પ્રાણપ્યારા બાપાશ્રી ! આપે શું નથી આપ્યું ?
ઘણું ઘણું આપ્યું, ન રાખી કોઈ મણા...
શું નથી આપ્યું ? કેમ કરી વદીએ મુખે, શું લખીએ શબ્દમાં...

શ્રીજીસંકલ્પમૂર્તિ બાપાશ્રીએ સ્વામિનારાયણ સંપ્રદાયને એકમાત્ર શ્રીજીમહારાજ અને સ્પષ્ટીકરણ સાથેના સચોટ શ્રીજીસંમત સિદ્ધાંતોની ભેટ આપી છે. બાપાશ્રી મંદિરમાં હોય કે ઘરે હોય, વાડીએ હોય કે તળાવની પાળે હોય, છત્રીએ હોય કે ગામ-પરગામ પધાર્યા હોય, માર્ગમાં ચાલતાં પણ બાપાશ્રીના મુખેથી દિવ્યવાણીનો પ્રવાહ નિરંતર વહેતો રહેતો.

વર્ષાઋતુમાં અખંડ ધારે વરસતા વરસાદના પાણીનો સંગ્રહ ડેમ બાંધીને થઈ જાય તો વર્ષોવર્ષ તે પાણીથી અનેક જીવ સુખિયા થાય. પરંતુ જો તે પાણીનો સંગ્રહ ન થાય તો તે જ પાણી પાછું દરિયામાં જતું રહે. તેમ બાપાશ્રી કહેતા કે, ‘‘અમારા મુખે મહારાજ બોલે છે.’’ બાપાશ્રીના મુખેથી વહેતો દિવ્ય પ્રવાહ મૂર્તિમાંથી આવતો. જો તેને કોઈ મુમુક્ષુ ગ્રહણ ન કરે તો પાછો મૂર્તિમાં સમાઈ જાય. પરંતુ બાપાશ્રીની વાણીને સવેળા સંગ્રહી લેવાની સેવા સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામીએ કરી. જેનાં અમૃતફળ આજે આપણે રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત અને બાપાશ્રીની વાતો દ્વારા માણી રહ્યા છીએ.

સંવત ૧૯૬૨માં કચ્છમાં રામપુર ખાતે મુક્તરાજ ધનબાએ ચૈત્ર વદ બીજથી વૈશાખ સુદ એકમ સુધી પારાયણ કરાવી હતી. ધનબાની પ્રાર્થના-વિનંતીથી બાપાશ્રી અને સદ્‌ગુરુશ્રીઓ લાભ આપવા પધાર્યા હતા. પારાયણની પૂર્ણાહુતિ બાદ બાપાશ્રી સદ્‌ગુરુશ્રીઓ સહિત ગાડામાં બેસી વૃષપુર પધારતા હતા. એ દરમ્યાન રસ્તામાં સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામીના અંતરમાં એક સંકલ્પ ઘોળાયા કરતો હતો કે, ‘બાપાશ્રી નિત્ય નવી મૂર્તિના સુખની વાતો કરી રહ્યા છે ત્યારે અનંત જીવોના સમાસને અર્થે જો તેનો સંગ્રહ કરવામાં આવે તો બહુ સારું. પણ બાપાશ્રી જો આ વાતો લખવાની આજ્ઞા આપે તો જ લખાય. મરજી વગર લખાય કેમ ?’ વૃષપુર પહોંચતાં રાત્રિના બાર થયા. વૈશાખી પૂનમનો પૂર્ણચંદ્ર આકાશમાં સોળે કળાએ ખીલ્યો હતો અને બાપાશ્રી પણ પ્રસન્ન વદને પોતાના આસને બિરાજ્યા હતા.

તક જોઈ સદ્‌ગુરુશ્રી પોતાના મનમાં ઉદ્‌ભવેલા વિચારોને બાપાશ્રી આગળ રજૂ કરવાનું

વિચારી રહ્યા હતા. ત્યાં તો અંતર્યામીપણે બાપાશ્રી બોલ્યા, “સ્વામી ! દર વર્ષે તમે અહીં આવો છો અને જોગ-સમાગમ કરી રાજી થાવ છો, વાતો સાંભળો છો, ભારે ભારે પ્રશ્ન-ઉત્તર થાય છે અને નર્યો દિવ્યભાવ વર્તાય છે. સદ્. નિર્ગુણદાસજી સ્વામી અંતર્ધાન થયા ત્યારથી તમે વખતોવખત આવો છો પણ આ વાતોની યાદી થતી નથી. જો આ વાતોની યાદી થાય તો આગળ જતાં અનંત જીવોને સમાસ થાય.”

સદ્ગુરુશ્રીના આનંદનો પાર ન રહ્યો. આનંદમગ્ન બનેલા સદ્ગુરુશ્રી બોલ્યા, “બાપા ! મને તો ઘણુંય થાય કે લખું. પણ આપની આજ્ઞા વગર કેમ લખાય ! આપની આજ્ઞા કઈ રીતે લેવી એ જ વિચાર આવતો હતો.” ત્યારે બાપાશ્રીએ કહ્યું, “સ્વામી ! હવેથી લખતા રહેજો. નકરો પરભાવ ચાલ્યો આવે છે. આગળ જતાં એ વાતો ઘણાને સમાસ કરશે.” બાપાશ્રીના મુખારવિંદમાંથી નીકળતી શ્રીહરિના મહિમાની જ્ઞાનગંગાને ઝીલવાનું અલૌકિક કાર્ય શરૂ કર્યું સંવત ૧૯૬૨, વૈશાખ વદ એકમથી. સદ્ગુરુશ્રીએ કાગળ અને કલમ મગાવ્યાં અને બાપાશ્રીની વાતોનો સંગ્રહ કરવાનું શરૂ થયું.

સંવત ૧૮૭૬ની મધ્યરાત્રિએ સદ્. મુક્તાનંદ સ્વામીનાં કીર્તન સાંભળી શ્રીહરિ સાધુની જાયગામાં પધાર્યા હતા અને સદ્. મુક્તાનંદ સ્વામીને પોતાની વાતો લખવાની આજ્ઞા કરી હતી. તેવો પ્રસંગ આજે વૃષપુર મંદિરની સાધુની જાયગામાં મધ્યરાત્રિએ બન્યો. સામે ચાલીને બાપાશ્રીએ વાતો લખવાની પરવાનગી આપી. એ જ દિવસથી સદ્ગુરુશ્રીએ વાતો લખવાનો પ્રારંભ કર્યો.

એ અરસામાં અમદાવાદના બળદેવભાઈ શેઠ સદ્ગુરુના જોગમાં આવ્યા અને સદ્ગુરુશ્રીની દિવ્ય પ્રતિભાથી નિકટ ખેંચાયા. સદ્ગુરુશ્રીએ બળદેવભાઈ શેઠને કહ્યું, “બળદેવભાઈ ! બાપાશ્રી તો શ્રીજીમહારાજના અંતર્ગત રહસ્યને અને સિદ્ધાંતોને યથાર્થ જાણનારા છે અને એના પ્રવર્તન માટે તો બાપાશ્રીનું પ્રાગટ્ય છે. તો બાપાશ્રીના મુખે વચનામૃતના જે જે પ્રશ્ન-ઉત્તર થાય છે તેનું લખાણ થાય અને રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત છપાય તો સામાન્ય જીવોને પણ સહેજે શ્રીહરિનાં ગૂઢ રહસ્યો સરળ રીતે સમજાય. માટે બાપાશ્રી જ્યારે પધારે ત્યારે વિનય વચને તેમને પ્રાર્થના કરી રાજી કરજો અને ટીકાવાળાં વચનામૃત છપાવવાની મંજૂરી લેજો.”

સંવત ૧૯૬૯માં અશ્લાલીનાં સાંખ્યયોગી કંકુબાએ અમદાવાદમાં પારાયણ બેસાડી હતી. તેમાં બાપાશ્રી કચ્છમાંથી લાભ આપવા પધાર્યા. પારાયણની સમાપ્તિ બાદ બાપાશ્રી સદ્ગુરુશ્રીઓને સાથે લઈ રનોડા, ધોળકા, જેતલપુર, અશ્લાલી, ગામડી વગેરે ગામોમાં અનંત જીવોને દર્શન દઈ બારેજડીમાં બળદેવભાઈ શેઠની મિલમાં પધાર્યા.

સંજોગ મળતાં બળદેવભાઈ શેઠે બાપાશ્રી પાસે ટીકાવાળાં વચનામૃત છપાવવાં માટે અનુમતિ માગી. બાપાશ્રીએ કહ્યું, “બળદેવભાઈ ! શ્રીજીમહારાજે વચનામૃતમાં કઈ જગ્યાએ, કઈ વાત, કયા કારણથી કરી છે અને શ્રીજીમહારાજનો અંતર્ગત અભિપ્રાય

તથા સિદ્ધાંત શો છે ? એ તો એમના અનાદિમુક્ત જ યથાર્થ જાણતા હોય. માટે સ્વામીનો અને તમારો વિચાર ઘણો સારો છે.'' મંજૂરીની મહોર મારતાં બાપાશ્રી સદ્‌ગુરુશ્રી પ્રત્યે બોલ્યા જે, ''સ્વામી ! ગ્રંથરાજ વચનામૃતની રહસ્યાર્થ ટીકાનું કામ શરૂ કરો. આ ટીકાથી તો સામાન્ય જીવ પણ વચનામૃતનાં ગૂઢ રહસ્યોને સહેલાઈથી સમજી શકશે.''

બાપાશ્રીએ વચનામૃતના ગૂઢ રહસ્યોને વચનામૃતનાં જ પ્રમાણ આપી સરળતાથી સમજાવ્યાં. જેને સંગ્રહી સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામીએ 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત' અને 'શ્રી અબજીબાપાશ્રીની વાતો : ભાગ - ૧, ૨' આ બે ગ્રંથોની સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયને ભેટ આપી. સંપ્રદાય સદાને માટે તેનો ઋણી રહેશે. એટલું જ નહિ, અનહદ કરુણા વહાવી કે આ ગ્રંથો ઉપર સ્વયં બાપાશ્રી પાસે જ આશીર્વાદ અપાવડાવ્યા કે,

''જે મુમુક્ષુ આ દિવ્ય ગ્રંથ સુણશે, હેતે કરી વાંચશે,
કરશે દર્શન સ્પર્શ જાણી મહિમા, ઉત્તમ સુખો માણશે;
આશીર્વાદ દીધો અતિ બળભર્યો, પોતાનું બિરદ ગણી,
પામી આનંદ જય જય બોલો, શ્રીજી ને બાપા તણી.''

સ્વયં શ્રીજી જેમના બોલનારા હોય તેવા બાપાશ્રી દ્વારા થયેલ ગ્રંથોની રચના અજોડ જ હોય એ નિઃશંક વાત છે. પરંતુ બાપાશ્રીએ સંપ્રદાય શુદ્ધિ માટે કરેલા ભગીરથ કાર્યથી કેટલાક તેજોદ્વેષીઓને પેટમાં બળતરા થઈ. બાપાશ્રી તેમને આંખના કણાની જેમ ખૂંચવા માંડ્યા. તેઓએ બાપાશ્રી પ્રત્યે મહિમાવાળા સમાજમાં વિરોધાત્મક પ્રવૃત્તિ કરવાના પ્રયાસો ચાલુ કર્યા. રહસ્યાર્થ વચનામૃત અને બાપાશ્રીની વાતોને અપ્રમાણ કરી તેનો સામૂહિક બહિષ્કાર થાય તેવા પ્રયાસ કર્યા.

એક તેજોદ્વેષીએ રહસ્યાર્થ ટીકાવાળાં વચનામૃતને અપ્રમાણ જાહેર કરવા જૂનાગઢના સદ્. કૃષ્ણવલ્લભાચાર્યજીનો સહયોગ માગ્યો. સદ્. કૃષ્ણવલ્લભાચાર્યજી મહાવિદ્વાન અને શાસ્ત્રોના જાણકાર હતા. તેમણે પોતે ઘણા ગ્રંથોની ટીકા રચી હતી. તેજોદ્વેષી વ્યક્તિએ તેમની આગળ પ્રસ્તાવ મૂકતાં કહ્યું, ''સ્વામી, આપ તો મહાવિદ્વાન છો અને આ વચનામૃતની ટીકા તો કચ્છના ગામડાના એક કણબીએ કરી છે. તમે સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાનના તજજ્ઞ છો. આપને સર્વ શાસ્ત્રોનો સાર હસ્તામળ છે. માટે હવે તમે આ ટીકામાંથી એવી ક્ષતિ-ત્રુટિ શોધો કે તે અપ્રમાણ સાબિત થઈ જાય. આ કાર્ય તમારે કરવું જ રહ્યું.''

સત્સંગીના નાતે તેઓએ પ્રસ્તાવ સ્વીકારી રહસ્યાર્થ ટીકાવાળાં વચનામૃતનું અધ્યયન શરૂ કર્યું. તેઓ જેમ જેમ વચનામૃતની ટીકા વાંચતા ગયા તેમ તેમ વચનામૃતના ગૂઢ રહસ્યોની ઘેડ્ય પડતી ગઈ. કદી ન જાણેલું જ્ઞાન, કદી ન કલ્પેલી વાતોને બાપાશ્રીએ સાવ સરળ રીતે સમજાવ્યાં હતાં. તત્ત્વજ્ઞાનના ઊંચામાં ઊંચા સિદ્ધાંતો સાવ સરળ રીતે સમજાવ્યા હતા. તેમના હૃદયમાં પડેલા રહસ્યમય પ્રશ્નોના આપમેળે ખુલાસા થતા ગયા.

રહસ્યાર્થ ટીકાવાળાં વચનામૃતની પારાયણ પૂરી કરતાં તેમનું હૃદય અતિશે આનંદની ભાવોર્મિ સાથે પોકારી ઊઠ્યું કે, 'વાહ ! આમાં પ્રશ્ન પૂછનારેય એવા અને પ્રશ્નના જવાબ આપનારા પણ એવા જ મહાન છે. આમાં અમારા જેવા વિદ્વાનોની બુદ્ધિ કામ ન કરે. આ તો જેને સ્વામિનારાયણીય જ્ઞાન સંપૂર્ણ હસ્તામળ હોય તે જ આવા ઉત્તર કરે. જેમ ઘરધણી જ ઘરની યથાર્થ વાત કરી શકે તેમ બાપાશ્રીએ મહારાજની વાતના એવા જ યથાર્થ ઉત્તર આપ્યા છે. ટીકા કરનાર કે ટીકા લખનાર સ્વયં મહારાજના જ ધામમાંથી આવેલા છે.'

સ્વામીએ પેલા તેજોદ્વેષીને જડબાતોડ સચોટ જવાબ આપતાં કહ્યું, "ભાઈ, જે અજોડ ગ્રંથ છે તેને અપ્રમાણ કરવાના નાહકના વ્યર્થ પ્રયત્નો અને ઈર્ષ્યાભાવને છોડી ટીકાને સમજવા પ્રયત્ન કરો તો તમારા બધા ખુલાસા આપમેળે થઈ જશે અને ન્યાલ થઈ જશો."

રહસ્યાર્થ ટીકાવાળાં વચનામૃત ગ્રંથમાંથી યથાર્થ જ્ઞાન સમજી આજે કેટકેટલાય ત્યાગી-ગૃહી મૂર્તિના સુખના માર્ગે પ્રયાણ કરી રહ્યા છે. રહસ્યાર્થ ટીકાવાળાં વચનામૃત અજોડ છે તેમ બાપાશ્રીની વાતો પણ અજોડ ગ્રંથ છે. તેનાં દર્શન, વાંચન, શ્રવણમાત્રથી જ શાશ્વત શાંતિનો અનુભવ થાય તો તેમાં રહેલી વાતોને આત્મસાત્ કરવાથી કેવી દિવ્યાનુભૂતિ થાય તે તો તતઃ સ્થાને જાનન્તિ.

મુંબઈ માર્કેટમાં એક મુક્તને અનેરું આકર્ષણ થયું બાપાશ્રીની વાતોનું. બાપાશ્રીના હેતવાળા એક હરિભક્ત બાપાશ્રીની વાતો હાથમાં લઈ બજારમાંથી નીકળતા હતા. તેમની ઉપર આ મુક્તની દૃષ્ટિ પડી. જાણે કે બાપાશ્રીની વાતો તેમને આકર્ષતી હોય તેમ અનેરું ખેંચાણ થયું. અંતરમાં શાંતિના શેરડા છૂટવા માંડ્યા. અંતર ઓળઘોળ થવા માંડ્યું. તેઓ જેમના હાથમાં બાપાશ્રીની વાતોનું પુસ્તક હતું તેમની નજીક ગયા અને વિનમ્રભાવે પૂછ્યું, "તમારા હાથમાં આ શું છે ?" "બાપાશ્રીની વાતો." "આ ગ્રંથ મને અનેરું આકર્ષણ પમાડે છે. મને થોડા દિવસ માટે વાંચન કરવા આપશો ?" "હા લ્યો. આ વાતો તો વાંચીને પીવા જેવી છે. બાપાશ્રીનો આશીર્વાદ છે કે જે આ વાતો વાંચશે તે મૂર્તિનાં સુખડાં માણશે." એવી રીતે રાજી થકા વાતો આપી.

દેહની ક્રિયા ભૂલી વહેલામાં વહેલી તકે પરત કરવાની શરતે લીધેલી વાતો પાનાંમાં ઉતારી લેવા આ મુક્ત લખવા બેસી ગયા. રાત્રિના દસ-બાર થયા પરંતુ હાથ કે આંખ થાકનું નામ ન લે. લખતાં લખતાં સવાર પડી ત્યાં તો ઓરડીમાંથી પ્રકાશ છૂટ્યો. જોયું તો બાપાશ્રી અને સદ્. ઈશ્વરસ્વામી દિવ્ય રૂપે મંદ હાસ્ય રેલાવતા હતા. તેમણે આ મુક્તના મસ્તક પર હાથ ફેરવી મૂર્તિસુખના આશીર્વાદ વરસાવ્યા.

આવા તો એક નહિ, અનેકાનેક પ્રસંગો વર્તમાન સમયે પણ બનતા રહે છે. આમ, બાપાશ્રીની વાતો એટલે મૂર્તિના સુખમાં રમાડનારી વાતો. તેથી જ અનુભવીએ ગાયું છે કે,

"મૂર્તિમાં રસબસ બનવાને, વાંચો બાપાશ્રીની વાતો."

બાપાશ્રીની વાતોમાં નર્યો પરભાવ ભર્યો છે. બાપાશ્રીએ મૂર્તિના સુખની, અનુભવની વાતોની રેલમછેલ કરી છે. બાપાશ્રીની બે ભાગની વાતોમાં 'મૂર્તિ' શબ્દ ૨૮૭૭ વખત આવે છે. પુસ્તકના છાપકામ વખતે પ્રેસમાં 'મૂર્તિ' શબ્દ ખૂટી ગયો હતો.

બાપાશ્રીએ વાતોમાં રોચક, ભેદક, ભયાનક, વાસ્તવિક બધા પ્રકારની વાતો કરી છે. બાપાશ્રીએ સ્થિતિના માર્ગે ચાલેલા મુમુક્ષુ માટે સર્વ ગ્રાહ્ય અને સર્વ સમાસ કરનારી વાતો કરી છે. બાપાશ્રી તત્ત્વજ્ઞાનની કે વર્તનની ઊંચી વાતો સાવ સરળ રીતે સમજાવતા. વળી, બાપાશ્રીની વાતોની એક અનોખી વિશેષતા એ છે કે બાપાશ્રીની વાતોનું એકચિત્તે દિવ્યભાવથી વાંચન-મનન કરી દૃઢાવ કરવા યત્નશીલ બનનાર મુમુક્ષુને શ્રીજીમહારાજના સ્વરૂપની યથાર્થ ઓળખાણ થાય છે. દિવ્યભાવ-પરભાવ પાકો થાય. અભાવ-અવગુણ-દ્રોહથી બચી દિવ્યદૃષ્ટિનું સર્જન થાય. મોટાપુરુષ સાથે પ્રીતિ થાય ને અનાદિમુક્તની સ્થિતિ પામવાનો આગ્રહ જાગે અને પ્રતિલોમ ધ્યાનમાં સ્થિર થતું જવાય. અંતે છતે દેહે મૂર્તિસુખનો અનુભવ થાય. બાપાશ્રીની વાતોમાંથી થતા અનુભવ અંત રહિત છે. જેમ જેમ વાંચતા જવાય તેમ તેમ નવા અનુભવો થતા જાય.

ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રીએ તો બાપાશ્રીની વાતો માટે અભિપ્રાય આપ્યો છે કે, ''બાપાશ્રીની વાતો જીવની શૂનકાર અવસ્થા ટાળી મહિમાથી રસભીનો કરનારી છે. ઓછી મૂડીવાળાને વધુ રાજીપાપાત્ર બનવામાં સહાયરૂપ બનનારી છે. આંતર-બાહ્ય મૂંઝવણોને દૂર કરનારી છે. મુમુક્ષુના આધ્યાત્મિક પ્રશ્નોનું નિરાકરણ કરનારી છે. અનાદિની સ્થિતિનો રાહ ચીંધનારી છે. માટે વર્ષ દરમ્યાન બાપાશ્રીની વાતોની એક પારાયણ તો અવશ્ય કરવી જ.''

બાપાશ્રીની વાતો એટલે બાપાશ્રીના જીવન રહસ્યનો સાર. બાપાશ્રી એટલે કોણ ? બાપાશ્રી કેવા ! બાપાશ્રી શા માટે પધાર્યા ? તેમણે શું કર્યું ? તે સરળતાથી બાપાશ્રીની વાતોના બે ભાગ દ્વારા સમજી શકાય. બાપાશ્રીએ ત્યાગી-ગૃહી બેય સમાજને શ્રીહરિના ગમતાપાત્ર કરી મૂર્તિસુખથી ભરી દેવા વાતોમાં અનેક આગ્રહો દર્શાવ્યા છે. તે પૈકી વિશેષે કરીને છ બાબતો પર વિશેષ આગ્રહ દર્શાવ્યો છે જે કારણ સત્સંગીના જીવનહાર્દ સમ છે. બાપાશ્રીએ વિશેષ આ છ બાબત પર આગ્રહો દર્શાવ્યા છે :

૧. પંચવર્તમાનલક્ષી આગ્રહો
૨. જ્ઞાનલક્ષી આગ્રહો
૩. સમજણલક્ષી આગ્રહો
૪. મહાત્મ્યલક્ષી આગ્રહો
૫. વર્તનલક્ષી આગ્રહો
૬. સ્થિતિલક્ષી આગ્રહો

બાપાશ્રીએ જણાવેલ આ આગ્રહોને વિગતે સમજીએ.

## ૨.૧

# પંચવર્તમાનલક્ષી આગ્રહો

“लिखामि सहजानन्दस्वामी सर्वान्निजाश्रितान् ।
नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थित : ॥”

વડતાલ ગામે... ગોમતીજીને કાંઠે... નારાયણ મહોલ મધ્યે... શ્રીજીમહારાજે સર્વજીવહિતાવહ નિજઆશ્રિત હિતાર્થે સંકલ્પ કર્યો સત્સંગ કેરી આચારસંહિતા રચવાનો. જે હેતુથી સંવત ૧૮૮૨, કાર્તિક સુદ એકાદશીએ શિક્ષાપત્રી લખવાનો મંગલ પ્રારંભ કર્યો. જેનું સંવત ૧૮૮૨, મહા સુદ પાંચમના (વસંતપંચમીના) રોજ સંતો-હરિભક્તો સમક્ષ વાંચન કરી વિમોચન કર્યું.

શિક્ષાપત્રી એટલે શું ? શ્રીજીમહારાજે શા માટે રચી ? તો, શિક્ષાપત્રી એટલે આજ્ઞાપત્રી. શ્રીજીમહારાજના વચનરૂપી હિતોપદેશની પત્રી. શ્રીજીમહારાજે પોતાના આશ્રિત ત્યાગી-ગૃહીએ વ્યવહારમાં અને સત્સંગમાં કેવું જીવન જીવવું જોઈએ તેનો વિવેક શીખવવા અને એ મુજબનું સૌનું જીવન બને તે માટે શિક્ષાપત્રીની રચના કરી. શિક્ષાપત્રી એટલે ગાગરમાં સાગર. જેમાં શ્રીજીમહારાજે સાધારણ ધર્મ અને વિશેષ ધર્મ કહી મુમુક્ષુએ સત્સંગના પ્રારંભથી માંડી અંત સુધીની યાત્રા કેવી રીતે કરવી તેની દિશા આપી છે.

શ્રીજીમહારાજે શ્રીમુખે ગઢડા છેલ્લાના ૧લા વચનામૃતમાં કહ્યું છે, “અમારી લખેલી જે શિક્ષાપત્રી તેનો પાઠ અમારા આશ્રિત જે ત્યાગી, સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ, સર્વે તેને નિત્યે કરવો. અને જેને ભણતાં ન આવડતું તેને નિત્યે શ્રવણ કરવું. અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની પૂજા કરવી, એવી રીતે અમે શિક્ષાપત્રીમાં જ લખ્યું છે, માટે એ ત્રણમાંથી જેને ફેર પડે તેને એક ઉપવાસ કરવો

એમ અમારી આજ્ઞા છે.''

શ્રીજીમહારાજે આટલા બધા આગ્રહ સાથે શા માટે શિક્ષાપત્રી વાંચવાની આજ્ઞા કરી ? તો, નિત્યપ્રત્યે તેનું વાંચન થાય તથા તેના વચનનું અનુસંધાન રહે, તે પ્રમાણે વર્તવાની સ્વજાગૃતતા રહે, ક્યારેય ગાફલાઈ ન આવી જાય માટે શિક્ષાપત્રી વાંચન-શ્રવણનો આગ્રહ દર્શાવ્યો છે.

શ્રીજીમહારાજના સિદ્ધાંતો અને આગ્રહોનું અદ્દલ સ્વરૂપ એટલે બાપાશ્રી. શ્રીજીમહારાજના મુખમાંથી સરેલા એક એક વચનને બાપાશ્રીએ સ્વજીવનમાં સાકાર કર્યા છે અને સંતો-હરિભક્તો પાસે તેનું આગ્રહપૂર્વક પાલન કરાવ્યું છે.

બાપાશ્રી કહેતા, ''આ શિક્ષાપત્રી તે અમારું પકડ છે, આ પકડથી તમને પકડાય. આમાંની કઈ આજ્ઞા પળાય છે તે ખબર પડે. તરબી જાણું, ઢબબી જાણું, ઓસાણ નહિ આયા, તે આ ઓસાણ છે. કોઈક શાસ્ત્રી આવ્યો હોય તો તેને કહીએ કે આ તમે પાળો છો કે નહીં ? એમ પકડીએ.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૧૩

શ્રીહરિ લિખિત શિક્ષાપત્રી દ્વિઅર્થી છે. તેથી બાપાશ્રી તેનો પ્રત્યક્ષાર્થ સમજાવતા અને શ્રીહરિના મૂળ સંકલ્પ તથા આગ્રહ સુધી પહોંચાડતા. યાવદ્ચંદ્રદિવાકરૌ ભાવિપેઢી આ પ્રત્યક્ષાર્થને યથાર્થ સમજી શકે તે માટે સ્વયં બાપાશ્રીએ સદ્. મુનિસ્વામીને 'શિક્ષાપત્રી રહસ્યાર્થ' ગ્રંથ રચવાનો સંકલ્પ આપ્યો. બાપાશ્રીના સંકલ્પને અધ્ધર ઝીલી સદ્. મુનિસ્વામીએ બે ભાગમાં 'શિક્ષાપત્રી રહસ્યાર્થ' ગ્રંથની રચના કરી.

શ્રીજીસંમત સિદ્ધાંતોને ઉજાગર કરવા બાપાશ્રીના સંકલ્પથી ગુરુવર્ય પ.પૂ. બાપજી પધાર્યા. વિશેષે તેઓ સદ્. મુનિસ્વામીને જ્ઞાનગુરુ તરીકે સ્વીકારી દિવ્ય શિષ્યત્વ પામ્યા. એવા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના સંકલ્પથી પ.પૂ. સ્વામીશ્રીએ ગાગરમાં સાગરનો પણ અર્ક તૈયાર કરી 'શિક્ષાપત્રી સાર'ની અમૂલ્ય ભેટ આપી. સત્સંગિજીવન, શિક્ષાપત્રી તથા ગઢડા પ્રથમના ૭૮મા વચનામૃતના આધારે તૈયાર થયેલ 'શિક્ષાપત્રી સાર'માં મહારાજ-બાપાશ્રીના વચનોનો સંપૂર્ણ પ્રત્યક્ષાર્થ છે.

બાપાશ્રીએ ત્યાગી-ગૃહી સમાજને શ્રીજીમહારાજે રચેલ પંચવર્તમાન પળાવવાનો વિશેષ આગ્રહ સેવ્યો છે. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ શિક્ષાપત્રી સારમાં પંચવર્તમાનની વિગતે સ્પષ્ટતા કરાવી, તે પ્રમાણે વર્તવાની આજ્ઞા કરી છે.

કોઈ પણ દેશ, સંસ્થા કે એકમને એકસૂત્રતાએ સુવ્યવસ્થિત ચલાવવા એકમમાં સામેલ વ્યક્તિ માટે આચારસંહિતા નક્કી થાય છે, બંધારણ ઘડાય છે. તેમ શ્રીજીમહારાજે શુદ્ધ વર્તનશીલ સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી તેના મૂલ્યોને ચિરંજીવી રાખવા ત્યાગી-ગૃહીના પંચવર્તમાન ઘડ્યા. સ્વયં શ્રીહરિ તેને અતિ કડકાઈથી પળાવતા. તેમાં અલ્પ કસર દેખાય તો પ્રાયશ્ચિત્ત કરાવતા. જોબનપગી માત્ર પૂછ્યા વિના દાતણ લાવ્યા તોપણ ચોરી વર્તમાન લોપ્યું કહી પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કરાવ્યો હતો.

શ્રીમુખે ગઢડા પ્રથમના ૭૭મા વચનામૃતમાં પંચવર્તમાન પળાવવાનો આગ્રહ દર્શાવતાં

કહ્યું છે કે, ‘‘જે કોઈ પંચવર્તમાનરૂપ જે ધર્મ તેને મૂકીને જ્ઞાનનું કે ભક્તિનું બળ લેશે તે ગુરુદ્રોહી, વચનદ્રોહી છે.’’

બાપાશ્રીએ શ્રીજીમહારાજના આ વચનને જીવંત રાખવાની જહેમત ઉઠાવી. સાંપ્રત સમયમાં ત્યાગી-ગૃહી સમાજમાં પંચવર્તમાનના પાલનમાં પ્રસરેલી શિથિલતાને ટાળવાની જેહાદ જગાવી. વર્તમાનમાં પ્રવર્તતી અશુદ્ધિઓને ટાળી વર્તનશીલ સમાજ તૈયાર કરવા મંડ્યા રહેતા. બાપાશ્રી અનાદિમુક્તની સ્થિતિની વાત કરતાં પૂર્વે પંચવર્તમાન પાળવાની વાત આગ્રહપૂર્વક કરતા.

બાપાશ્રી કહેતા, ‘‘ત્યાગીને ‘ધર્મામૃત’ને ‘નિષ્કામ શુદ્ધિ’ પ્રમાણે રહેવું, અને ગૃહસ્થ હરિભક્તને ‘શિક્ષાપત્રી’ પ્રમાણે રહેવું તો શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આવે પણ તે વિના આવે નહીં. તે વિના સુખની આશા કરે છે તે સર્વે વલખાં છે.’’

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૯૯

પંચવર્તમાન પાળ્યા વિના મૂર્તિના સુખની ઇચ્છા રાખવી તે તો જમીન પર ચાલતા ન આવડતું હોય અને આકાશમાં ઊડવાના શેખચલ્લીના વિચાર કરવા જેવું છે. શક્ય જ નથી. પહેલું ધોરણ પાસ કર્યા વિના પીએચ.ડી.નું જ્ઞાન મેળવવા જેવા વ્યર્થ પ્રયત્ન છે.

પ.પૂ. સ્વામીશ્રી કહેતા હોય છે, ‘‘પરભાવ શોભે છે અવરભાવથી અને અવરભાવ શોભે છે પરભાવથી.’’

‘પરભાવ શોભે અવરભાવથી’ અર્થાત્ આપણું અનાદિમુક્તની સ્થિતિનું જ્ઞાન, એની વાત બહુ ઊંચી છે. હવે આપણે વાત અનાદિની ને મૂર્તિના સુખની કરતા હોઈએ અને અવરભાવમાં આપણું વર્તન એક આદર્શ ભક્ત જેવું પણ ન હોય તો આપણા મુખે પરભાવની વાત શોભે નહીં. પરંતુ જો પરભાવની વાત સાથે આપણું વર્તન પણ ઉત્કૃષ્ટ હોય તો એ પરભાવ શોભી ઊઠે. તો વળી, ‘અવરભાવ શોભે છે પરભાવથી’ અર્થાત્ માત્ર એકલું વર્તન જ હોય અને પરભાવનો વિચાર ન હોય તો શુષ્કતા વર્તે. કૃતાર્થપણાનો અનુભવ ન થાય. ચાસણી વગરના ઘીમાં તળેલાં સાટાં જેવું થાય. માટે અવરભાવ પરભાવથી શોભે છે.

માટે મુક્તસ્થિતિ પામતાં પૂર્વે અવરભાવમાં ભક્તપણું તો કેળવવું જ પડે. ચાલોચાલ ભક્ત પણ પંચવર્તમાન પૂરા પાળે છે તો અનાદિમુક્ત તો પાળે જ. ‘હું અનાદિમુક્ત છું માટે ખબડદાર થઈને પંચવર્તમાન અવશ્ય પાળવા જ પડે.’ પછી જ એક ડગલું સ્થિતિના માર્ગે આગળ વધાય.

પંચવર્તમાન પાળવામાં મનનું ગમતું મૂકવાનું થાય તેથી તે પાળવા અઘરા લાગે છે. પંચવર્તમાનના નિયમરૂપ સંયમની પાળ બંધનરૂપ અને કંટાળાજનક લાગે છે પરંતુ એ બંધન જ ત્યાગી-ગૃહીનું સુખનું મૂળ છે. પંચવર્તમાનનું પાલન સુરક્ષાની વાડ છે. જે અધ્યાત્મ માર્ગમાં ઊર્ધ્વગતિ કરાવે છે. જ્યારે તેનો લોપ ક્યારે સત્સંગમાંથી પાડી દે તે કલ્પી જ ન શકાય, અધોગતિની ઊંડી ખાઈ છે.

'પહેલું સુખ તે જાતે નર્યા' ઉક્તિને આત્મલક્ષી ભૂમિકાએ જોઈએ તો જીવાત્મા અનાદિકાળથી અધ્યાત્મ, અધિભૂત, અધિદૈવ આ ત્રિવિધ તાપથી તપતો આવ્યો છે. અંતઃશત્રુની પજવણી અને આત્મિક દુઃખોના સંતાપથી દુઃખી થતો આવ્યો છે કારણ કે ઇન્દ્રિયો-અંતઃકરણ એ નાથ્યા વગરના ઘોડા જેવા છે. તે પંચવિષય આસક્તિપૂર્વક ભોગવે છે. આત્મા તેથી નોખો હોવા છતાં દેહાત્મબુદ્ધિના કારણે તેના પાસ આત્મા પર લાગે છે. પરિણામે શુદ્ધ આત્મા અશુદ્ધ અને વિકારી બનતો જાય છે.

શ્રીમુખે ગઢડા પ્રથમના ૧૮મા વચનામૃતમાં કહ્યું છે કે, ''પંચે ઇન્દ્રિયોને યોગ્ય-અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જશે... અને જો પંચે ઇન્દ્રિયોના આહારમાંથી એકે ઇન્દ્રિયનો આહાર મલિન થાય છે તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે.'' અર્થાત્ પંચવર્તમાનના લોપથી જ અંતઃકરણ અશુદ્ધ થાય છે.

મહારાજ અને મોટાપુરુષો પોકારી પોકારીને કહે છે ત્યારે હવે સુખી થવા પંચવર્તમાન પાળવાની બાબતમાં સ્વજાગૃતતા કેળવવી જ રહી. પંચવર્તમાનનું જેટલું દૃઢપણે પાલન થાય એટલો આત્મા શુદ્ધ બને અને પુરુષોત્તમરૂપ પાત્ર થવા માટે લાયક બનતો જાય. અનંત દુઃખોથી છૂટકારો મળે. આત્મા શુદ્ધ-પવિત્ર બને અને મોટાપુરુષ રક્ષાકવચ બની જાય. બાપાશ્રી કહેતા, ''સ્થૂળ દેહે નિયમ પાળશો તો અમે તમારી રક્ષા જરૂર કરીશું. સૂક્ષ્મ દેહે વર્તમાન પળાવશું.''

મૂર્તિસુખના પ્રથમ પગથિયારૂપ પંચવર્તમાન પળાવવા બાપાશ્રી અતિ આગ્રહપૂર્વક કહેતા, ''આજ્ઞા (પંચવર્તમાન) પાળશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં લઈ જાશું. અમે તો મૂર્તિમાંથી આવ્યા છીએ, તે તમને મૂર્તિમાં લઈ જાશું; અને જો આજ્ઞા નહિ પાળો તો તમારે અમારે લેણા-દેણા નથી.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૭૧

''જે શ્રીજીમહારાજની બાંધેલી ધર્મ-મર્યાદારૂપ આજ્ઞા ન પાળે અને તેણે ભેખ લીધો હોય અથવા ગૃહસ્થાશ્રમમાં રહ્યો હોય પણ તે તો સ્વામિનારાયણનો છે જ નહીં. માટે એ તો સાધુયે ન કહેવાય ને સત્સંગીયે ન કહેવાય.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૦૭

આવી રીતે બાપાશ્રી ત્યાગી-ગૃહીને પંચવર્તમાન પળાવવા અતિશે આગ્રહ દર્શાવતા. તે વિગતે સમજી પંચવર્તમાન યથાર્થપણે પાળવા મક્કમ નિર્ધાર કરીએ.

## ❑ ગૃહસ્થના પંચવર્તમાન :

કોલસાની ખાણમાં રહીને કદી ઊજળા ન રહેવાય તેમ ઘોર કળિકાળમાં સંસારની માયાજાળમાં રહીને દિવ્યજીવન જીવી જ ન શકાય. પરંતુ શ્રીજીમહારાજે અશક્યને શક્ય કર્યું. ગૃહસ્થ હરિભક્તોને દૃઢપણે પંચવર્તમાન પળાવી તેમનાં જીવન એવાં તો ચારિત્ર્યવાન અને ઉજ્જવળ બનાવ્યાં હતાં કે વિદેશી અંગ્રેજોનાં મસ્તક પણ તેમની આગળ ઝૂકી જતાં. હરિભક્તોના પંચવર્તમાને યુક્ત જીવન જોઈ સદ્. પ્રેમાનંદ

સ્વામીના મુખે શબ્દો સરી પડ્યા કે,

"પાંચે વર્તમાન પાળે બાઈઓ ને ભાઈઓ;
હરિજન સંગે કીધી સાચી સગાઈઓ રાજ."

તથા બિનસત્સંગીઓના મુખે શબ્દો સરી પડતા કે, "ભગવાન સ્વામિનારાયણના હરિભક્તો મનના, હાથના ને દૃષ્ટિના ચોખ્ખા જ હોય."

આવી એક આગવી ફોરમ હરિભક્તોના વર્તનની પ્રસરતી.

ભાવનગર નરેશ વખતસિંહ બાપુએ રૂપાભાઈને કસુંબો પીવા ફરમાન કર્યું. રૂપાભાઈ નિયમ ખાતર નોકરી છોડવા તૈયાર થયા પણ પંચવર્તમાનમાં ફેર ન પાડ્યો. જ્યારે રાજમાતા અને રાણીને જાત્રાએ જવાનો વખત આવ્યો ત્યારે તેમની સાથે જવા માટે રાજ્યમાંથી દૃષ્ટિના ને હાથના ચોખ્ખા બીજા કોઈ ન મળ્યા; એક શ્રીજીઆશ્રિત રૂપાભાઈ જ મળ્યા. રૂપાભાઈ જેવા પંચવર્તમાને યુક્ત હરિભક્ત જ દૃષ્ટિના ને હાથના ચોખ્ખા હોઈ શકે. આવી ફોરમ રાજાથી માંડીને સામાન્ય વ્યક્તિ સુધી પણ પ્રસરી હતી.

શ્રીજીમહારાજે સ્થાપેલી પંચવર્તમાનની પરંપરા યથાવત્ જાળવવામાં બાપાશ્રીનો ફાળો બહુ મોટો છે.

શિક્ષાપત્રી ત્રિકાળાબાધિત છે પરંતુ સમયના વહેણની સાથે કોઈ દેશ, સંસ્થા કે સંપ્રદાયના સ્થાપકે રચેલા બંધારણમાં ફેરફાર સાથે વધારો કરવો જ પડે છે તેમ શ્રીજીરચિત પંચવર્તમાનરૂપ બંધારણમાં એ વખતના સમયને આધીન વિધિ-નિષેધ મૂક્યા. પરંતુ સમયાંતરે કળિયુગનું જોર વધતાં જીવનપ્રાણ બાપાશ્રીએ મૂળ શિક્ષાપત્રીને પુષ્ટિકર્તા વિધિ-નિષેધનું મહત્ત્વ સમજાવી તે પ્રમાણે વર્તવાનો આગ્રહ જણાવ્યો. જેમ મહારાજના સમયમાં ચાનું ચલણ નહોતું તેથી મહારાજે તેનો નિષેધ કર્યો નથી. પરંતુ બાપાશ્રીએ તેનો ખૂબ નિષેધ કર્યો હતો. વળી, એ જ રીતે વર્તમાન સમયના દેશકાળને ધ્યાનમાં લઈ ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીએ 'શિક્ષાપત્રી સાર'માં આ બાબતને વણી લીધેલી છે.

શ્રીજીમહારાજે ગૃહસ્થ હરિભક્તોને દારૂ, માટી, ચોરી, અવેરી, વટલવું નહિ અને વટલાવવું નહિ આ પાંચ વર્તમાન પાળવાની આજ્ઞા કરી હતી. જેને બાપાશ્રીએ અતિશે આગ્રહથી દૃઢ કરાવ્યા.

## ● દારૂ વર્તમાન :

બાપાશ્રીના ઉપદેશના સાર રૂપે જોઈએ તો જે જોવાથી, ખાવાથી, પીવાથી, સાંભળવાથી કે માણવાથી ઇન્દ્રિયો-અંતઃકરણને કેફ કહેતાં નશો ચડે એ તમામ વસ્તુ, પદાર્થ કે ક્રિયા દારૂ તુલ્ય ગણાય.

દારૂ કે દારૂ તુલ્ય પદાર્થનું ચિંતવન કે સેવન અંતઃકરણની આંતર વિચારધારા અને સ્વભાવને વિકૃત બનાવી દે છે. નશો વ્યક્તિને કરવા યોગ્ય અને ન કરવા યોગ્યનો

વિવેક ભુલાવી દે છે. તેથી બાપાશ્રી પ્રત્યક્ષ દારૂ અને દારૂ તુલ્ય પદાર્થનો નિષેધ કરતા.

આલ્કોહોલ, અફીણ આ બધા કેફી દ્રવ્ય છે. પરંતુ કેટલીક ઔષધિઓમાં તેનો ઉપયોગ થતો હોય છે. આવા ઔષધ દારૂ તુલ્ય ગણાય. જે વૈદ-દાક્તરના ઔષધને પૂરું જાણતા ન હોય તેમના માટે બાપાશ્રી નિષેધ કરતાં કહેતા કે, ‘‘દાક્તરી ઔષધ ખાવું નહિ ને અજાણમાં ખવાઈ ગયું હોય તો એક ઉપવાસ કરવો. કોઈકને દેહની સાધ્ય ન હોય ને તેને કોઈકે ખવરાવ્યું હોય તે જ્યારે જાણ્યામાં આવે ત્યારે એક ઉપવાસ કરવો. આજ શ્રીજીમહારાજ પ્રગટ વૈદ મળ્યા છે માટે એમની ઇચ્છા પ્રમાણે જેમ થતું હોય તેમ થવા દેવું પણ ઔષધથી મટાડવાનો સંકલ્પ કરવો નહીં.’’ - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૨૩

પૂર્વે થઈ ગયેલા સંતદાસજી આદિ મોટા મોટા સંતોના દૃષ્ટાંતે હિંમતનાં વચન કહેતા કે, ‘‘મોટા સંતો દેહના સુખ સારુ મહારાજની આજ્ઞા લોપાય તેવું કોઈ ઔષધ લેતા નહીં. મહારાજની મરજી પ્રમાણે દેહના સુખ-દુઃખને સ્વીકારી લેતા પણ દારૂ વર્તમાન લોપાય તેવી કોઈ ઔષધિ ગ્રહણ કરતા નહીં.’’

ચા-કૉફી જેવા મનને નશો કરનાર પીણાનો ઉપભોગ કરવાનો પણ બાપાશ્રીએ ખૂબ નિષેધ કર્યો છે.

સંવત ૧૯૮૩, કારતક સુદ પૂનમને રોજ શ્રી વૃષપુર મધ્યે સવારે સભામાં બાપાશ્રીએ આજ્ઞાપાલન પર વાત કરતાં કહ્યું હતું કે, ‘‘આજ્ઞા પાળ્યા વિના મહારાજનો રાજીપો થતો નથી.’’ સત્સંગમાં પચાસ-સાઠ વર્ષ થયાં હોય તોય પણ પ્રાયશ્ચિત્ત કરે નહિ તો તેને શું સરવાળો રહે ?... પહેલાં ઊઠે ત્યારે ચા પીએ, પછી કરે દાતણ, પછી જાય નાહવા અને પછી કરે પૂજા. એક વખત અમે મૂળીએ ગયા હતા. ત્યારે એક માણસ દેગડું ભરીને ચા અમારી પાસે લાવ્યો. અને કહ્યું જે, આ બધાને પાઓ. ત્યારે અમે કહ્યું જે, આ કોઈ પીએ તેવા નથી, તોપણ આગ્રહ મૂક્યો નહીં. ત્યારે અમે કહ્યું કે, એવું અભરુ કોણ પીએ ? ત્યારે તે કહે જે, અભરુ કેમ કહો છો ? ત્યારે અમે કહ્યું જે, એમાં અશુદ્ધ વસ્તુની મેળવણી આવે છે માટે તે સત્સંગીથી તો પિવાય જ નહિ તોપણ કેટલાક ત્યાગી પીએ છે; તે બહુ ખોટું કરે છે. તેમાં મહારાજની આજ્ઞા લોપાય છે.’’ - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૧૧

વર્તમાન પાળવા-પળાવવાની બાબતમાં બાપાશ્રી કોઈની મહોબત રાખ્યા વિના ત્યાગી-ગૃહીને સ્પષ્ટપણે ટકોર કરતા.

સંવત ૧૯૫૭ની સાલમાં બાપાશ્રી મૂળી પધાર્યા હતા. એ વખતે સભામાં મુંબઈવાળા મોતીલાલભાઈ સૉલિસિટર ચા પાવા આવ્યા હતા. બાપાશ્રીએ તેમની મહોબત રાખ્યા વિના સ્પષ્ટ કહ્યું, ‘‘એ ચા અમે ન પીએ. કોઈને પાવા પણ ન દીએ. એમાં તો કામ, ક્રોધ, લોભ, માન એ આદિક દોષ વધે.’’

એક વખત જામનગરમાં એક જણાએ કેટલાક હરિભક્તોને ચા પાયો હતો. પીનારને બાપાશ્રીએ પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કરાવ્યો હતો. કચ્છમાં બાપાશ્રીએ ચાની બંધી જ કરાવી દીધી હતી.

બાપાશ્રીના આગ્રહ અનુસાર ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીએ એવો નિયમ-ધર્મયુક્ત હરિભક્ત સમાજ તૈયાર કર્યો છે કે તેઓ ચા-કૉફી પીતા તો નથી પરંતુ મહેમાનગતિએ આવનાર અતિથિને પણ ચા-કૉફી પાતા નથી. ઘરમાં જ તે રાખતા નથી.

આ ઉપરાંત બાપાશ્રી કહેતા, ‘‘મહારાજની આજ્ઞામાં રહેવું; નાટક, ચેટક, ભાંડ, ભવાઈ જોવી નહીં.’’ - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૨૨

આ બધું જોવાથી દારૂ પીવા કરતાં પણ ઈન્દ્રિયો-અંતઃકરણ વધુ ઉત્તેજિત થાય છે. તેના નશામાં વ્યક્તિ શાનભાન ભૂલી જાય છે. આજની ટૅક્નૉલૉજીમાં મોબાઈલ, ઈન્ટરનેટ તથા ટી.વી. ચૅનલોના માધ્યમે ઘેર ઘેર બધા ભેગા મળીને ભાંડ-ભવાઈ જુએ છે. તેનાથી વિશેષ દારૂ વર્તમાન લોપાય. માટે સત્સંગી તરીકે ટી.વી., સિરિઅલ, પિક્ચર તો ન જ જોવા પરંતુ મોબાઈલ, ઈન્ટરનેટનો પણ સંયમપૂર્વક ઉપયોગ કરવો. એને વ્યસન ન બનાવી દેવું.

● **માટી વર્તમાન :**

માટી એટલે માંસાહાર. શિક્ષાપત્રી શ્લોક નં. ૩૦,૩૧ મુજબ ગાળ્યા વગરના દૂધ, તેલ, ઘી, પાણીના વપરાશથી માટી વર્તમાન લોપાય. ચાળ્યા કે સાફ કર્યા વગરના અનાજ, લોટ, સૂક્ષ્મ જંતુયુક્ત શાકભાજી તે પણ માંસ તુલ્ય ગણાય.

વળી, પ્રત્યક્ષ માંસ, ઈંડાંનો ઉપયોગ કે તેના મિશ્રણવાળી વસ્તુઓ કે દવાઓનો ઉપયોગ પણ માંસાહાર તુલ્ય ગણાય.

આત્મા અને વિચારોની પવિત્રતા સાથે આહારનો સીધો સંબંધ છે. પ્રત્યક્ષ માંસાહાર કે માંસાહાર તુલ્ય ગાળ્યા-ચાળ્યા વિનાની બજારુ ખાણીપીણીથી ઈન્દ્રિયો-અંતઃકરણ ભ્રષ્ટ થાય છે. આત્મા પર પડેલા રજોગુણ-તમોગુણના પાસ વધુ ને વધુ ગહેરા બનતા જાય છે. વ્યક્તિમાંથી સાત્ત્વિકતા, માનવતા, દયા, કરુણા આદિક ગુણો નાશ પામતા જાય છે. આધ્યાત્મિકતા નાશ પામે છે. મહારાજનો સંબંધ થતો નથી. તેથી શ્રીજીમહારાજે આ વર્તમાન પર ભાર મૂક્યો છે.

બાપાશ્રી સ્વયં સિદ્ધ હતા તેમ છતાં માટી વર્તમાનનું ચુસ્તપણે પાલન કરતા ને ઘરના સભ્યો પાસે કરાવતા.

બાપાશ્રી દૂધ, તેલ, ઘી, પાણી આદિક વસ્તુઓ કાપડના ગરણાથી ગળાવી પછી જ ઉપયોગમાં લેતા. અનાજનો દાણો દાણો ચીવટથી જોવડાવતા. લોટ પણ ઘરના હાથના ઘંટુલાથી દળેલો વાપરવાનો આગ્રહ રાખતા.

બાપાશ્રીનું નિકટ સાંનિધ્ય સેવી મુક્તરાજ સોમચંદભાઈએ પણ બાપાશ્રીનો આગ્રહ જોઈ બાપાશ્રીનો આગ્રહ પોતાનો કર્યો હતો. તેમની ક્રિયાશુદ્ધિનું વર્ણન જીવનચરિત્રમાં છે. તેના કેટલાક અંશો જોઈએ : ‘‘તેઓ આખું મીઠું જ ગાળેલા પાણીથી ધોઈને પછી વાપરતા. લાલ મરચું પણ આખા મરચા લાવી ઘેર શુદ્ધ રીતે ખાંડી કપડાંથી ગાળેલા દિવેલથી મોયેલું હોય તો જ ઉપયોગમાં લેતા. એ જ રીતે હળદર-ધાણાજીરું ઘરે લાવી

ચોખ્ખું કરી ઘરે શુદ્ધ રીતે ખાંડેલું હોય તો જ વાપરતા. દૂધ કોરા વાસણમાં દોહેલું હોય, અળગણ પાણીનો જરાય પટ અડ્યો ન હોય તેવું હોય તો જ વાપરતા. પાણી પણ વાસણ ઊટકી કૂવાના શુદ્ધ પાણીથી ધોઈને ગાળીને ભરેલું રાખતા. તેલ પણ કપડાંથી શુદ્ધ વાસણમાં ગાળતા. અનાજ પણ દાણો દાણો કરી વીણેલું શુદ્ધ અને તેનો લોટ પણ ઘરની હાથની ઘંટીથી જાતે દળતા.''

બાપાશ્રી મોટા મોટા જગન-ઉત્સવ કરતા તેમાં પણ આવી ક્રિયાશુદ્ધિ જળવાવતા અને હરિભક્તોને પણ પોતાના ઘરે આવી રીતે રાખવા આગ્રહ કરતા. ક્યારેક કોઈ હરિભક્તો દેશ-પરદેશ જવાની પરવાનગી માગે કે વાત કરે તેમને અચૂક માટી વર્તમાનસંબંધી વાત કરતા. લોપ કરનારને પ્રાયશ્ચિત્ત કરવાની વાત કરતા.

સુખપુરમાં વચનામૃત પારાયણ નિમિત્તે સભામાં બાપાશ્રીએ કેટલાક પરદેશ જતા હરિભક્તોને ભલામણનાં વચનો કહ્યાં કે, ''આ દેશમાંથી હરિભક્તો હમણાં પરદેશમાં ઘણા જાય છે. પણ સૌ ધર્મ-નિયમમાં ખબડદાર રહેજો. પરદેશમાં વિચાર ન રાખે તો કાંઈ ઠેકાણું ન રહે. કેટલાક બહાર દેશાવરમાં જઈને ન ખપે તેવી બજારની ચીજો ખાતા શીખી જાય છે. ચા પીએ છે. ડુંગળી-લસણ ખાય છે. અને જરા માંદા થાય કે પાધરા ડૉક્ટરના ઔષધ ખાય-પીવે છે. પછી અહીં આવે ત્યારે સંતોની વાતો સાંભળી કેટલાક પ્રાયશ્ચિત્ત માગે છે. આવી વાતનો ખટકો હરિભક્તોએ ઘણો રાખવો જોઈએ. આ લોકનાં તુચ્છ અને નાશવંત સુખ સારુ મહારાજનું અખંડ ને અવિનાશી એવું દિવ્ય સુખ મેલી દેવું નહીં.'' પછી કહ્યું જે, ''કોઈને કાંઈ ભૂલ થઈ ગઈ હોય તો આવી દિવ્ય સભા પાસે માફી માગી લેવી.''

આ સાંભળી કેટલાક ગરજુ હરિભક્તોને ભૂલનો પશ્ચાત્તાપ થયો. તેથી ઊભા થઈ બાપાશ્રી પાસે આવ્યા ને દંડવત કરી પોતાની આગળ પાછળની થયેલી ભૂલની માફી માગી નિયમ લીધા.

આ રીતે પ્રસંગોપાત્ત બાપાશ્રી સૌને ધર્મ-નિયમમાં અણીશુદ્ધ રહેવા ભલામણ અને ટકોર કરતા.

બાપાશ્રીના આગ્રહ મુજબ માટી વર્તમાનને યથાર્થ પાળવા પ.પૂ. સ્વામીશ્રી કહેતા હોય છે, ''આપણા જીભના ચટાકાને ઓછા કરવા પડે. બજારુ ખાણીપીણીનો સદંતર ત્યાગ કરવો જ રહ્યો. આપણા ઘરમાં પણ ગાળવા-ચાળવાની ક્રિયાશુદ્ધિ સાથે રસોઈ બને તેવો આગ્રહ રાખવો-રખાવવો. ક્રિયાશુદ્ધિ સાથે બનેલી રસોઈ પણ ઠાકોરજીને થાળ ધરાવ્યા પછી જ જમાય. ઠાકોરજીને થાળ ધરાવવાથી તે નિર્ગુણ બને છે. જેનાથી અનાજ પકવનાર, દળનાર, બનાવનારના અશુદ્ધ વિચારોના લાગેલા પાસ ટળે છે.'' થાળ કર્યા વગરનું જમાડવું તે માંસાહાર તુલ્ય કહેવાય. માટે થાળ કરીને મહારાજને સંભારીને જમાડવું જોઈએ.

## ● ચોરી વર્તમાન :

"ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું અને ધણિયાતું જે કાષ્ઠ, પુષ્પ આદિક વસ્તુ, તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું." - શિક્ષાપત્રી : શ્લોક-૧૭

શ્રીજીમહારાજની આ આજ્ઞાનું હરિભક્ત સમાજ અક્ષરશઃ પાલન કરતા.

મહારાજનો આ આગ્રહ બાપાશ્રીએ વર્તીને શીખવ્યો છે. કિશોરાવસ્થામાં બાપાશ્રીએ મામાને ઘેર જતાં રસ્તામાં સોનાનો હાર પડેલો જોયો. વિચાર્યું કે, "આને અડીશ તો મહારાજની આજ્ઞા લોપાશે ને બીજો કોઈ લઈ લેશે તો એનો ધણી ગોતતો આવશે તો જડશે નહીં." એમ વિચારી ચરણ વડે ખાડો કરી એની પર અટાર (ધૂળ) વાળી દીધી. પછી તેનો ધણી આવે તેની રાહે મહારાજને પ્રાર્થના કરતા ત્યાં ઘણી વાર સુધી બેસી રહ્યા. થોડી વારમાં તેના માલિક શોધતા ત્યાં આવી પહોંચ્યા. તેમણે પૂછ્યું, "ભાઈ, તમે રસ્તામાં ક્યાંય સોનાનો હાર જોયો છે ?" "હા, પણ મેં નિહાળીને જોયો નથી. એને દાટ્યો છે. અમારા ભગવાનની આજ્ઞા છે કે કોઈની પડી વસ્તુ હાથે ઝાલવી નહીં. જો લઉં તો વચન લોપાય ને ઢાંકીને જતો રહું તો બીજા લઈ લે તો ધણીને જડે નહીં. માટે વાંકમાં આવું. આવું ધર્મસંકટ આવ્યું. તેથી મહારાજને સંભારતો બેઠો હતો ત્યાં તમે આવ્યા તે હવે મારો છુટકારો થયો." બાપાશ્રીના જીવનમાં પ્રામાણિકતાનો ગુણ જોઈ હારના ધણી ખૂબ રાજી થયા ને તેમને બાપાશ્રીનો તથા સ્વામિનારાયણ સંપ્રદાયનો ઘણો ગુણ આવ્યો.

બાપાશ્રી નીતિમત્તાના પ્રખર હિમાયતી હતા. કોઈ ચોરીનું કર્મ કરે, કોઈની વસ્તુ પડાવી લે, દગો-કપટ કરે, લાંચ લે તેને બાપાશ્રી આકરા થઈ ઉપદેશ આપી પાછા વાળતા.

હરિભક્તોને કહેતા કે, "લોભથી લાંચ લેવાય, કોઈકને મારે, જૂઠું બોલે, અન્યાય કરે. માટે ભેંસનું ગાય તળે ને ગાયનું ભેંસ તળે એમ ન કરવું. તેમ કરવાથી ધાવી શકાય નહિ ને લાતો ખાઈ ખાઈને ડાચું ભાંગી જાય. અને યમના માર ખાવા પડે માટે તેમ ન વર્તવું; ચોખ્ખા વર્તવું... જો લાંચ લે તો આગળનું રળેલું હોય તેને પણ તાણી જાય. માટે ગૃહસ્થોએ લાંચ ન લેવી." - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૫૩

એક વખત વિસનગરના સોનીએ બાપાશ્રી પાસે આવીને કહ્યું કે, "બાપા ! મને ચોરી કરવાની રજા આપો. કારણ કે બીજા સોની કરે છે." ત્યારે બાપાશ્રીએ સ્પષ્ટ કહ્યું કે, "ભિક્ષા માગીને નિર્વાહ કરવો પણ ચોરી ન કરવી."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મૂ.નિ. સાગરદાનભાઈને બાપાશ્રીનો આ જ આગ્રહ દૃઢ કરાવ્યો હતો. તેઓ મામલતદાર તરીકે નોકરી કરતા હતા ત્યારે ભાડાના મકાનમાં રહેતા. એક વખત તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને કહ્યું, "મારી નીચે નોકરી કરતા કલાર્કને પોતાના ઘર (બંગલા) થઈ ગયા ને હું હજી પણ ભાડાના ઘરમાં રહું છું. માટે આપ આજ્ઞા આપો તો મારે પણ પોતાનો બંગલો થાય." ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, "સાગરદાનભાઈ, રોજ દાળ, ભાત, શાક, રોટલી જમતા હોય

તો ફક્ત દાળ અને રોટલો જમજો પણ લાંચ લેવાનો સંકલ્પ ન કરશો. તમારો બંગલો તો અક્ષરધામમાં બંધાય છે.''

કાયદેસર ધંધા, વ્યવસાય, નોકરી કે ખેતીની ઊપજમાંથી દ્રવ્યની શુદ્ધિ માટે દસ ટકા ને વ્યવહાર અતિ દુર્બળ હોય તો ઓછામાં ઓછો પાંચ ટકા ધર્માદો ફરજિયાત કાઢવો એવી શ્રીજીમહારાજની આજ્ઞા છે. જો ન નીકળે તો તે દેવની ચોરી કહેવાય.

તેથી જ બાપાશ્રી કહેતા, ''ગૃહસ્થ હોય તેમણે દશાંશ-વીશાંશ કાઢવો તે કનિષ્ઠ ધર્માદો છે; અને બાર મહિનામાં એક-બે મહિના મોટા મુક્તનો સમાગમ કરવો તે મધ્યમ ધર્માદો છે; અને શ્રીજીની મૂર્તિમાં ઇન્દ્રિયો-અંતઃકરણ ને જીવ તે એકાગ્ર કરીને જોડાઈ જવું તે ઉત્તમ ધર્માદો છે. આ ત્રણ પ્રકારનો ધર્માદો છે તે સર્વે ગૃહસ્થોએ કાઢવો. પણ એકેય પડ્યો મૂકવો નહીં. એમ ન સમજવું જે સમાગમ કરીએ એટલે દશાંશ-વીશાંશ કાઢવાની શી જરૂર છે ? એ તો ધ્યાન કરતા હોય અને ધ્યાનમાં મૂર્તિ દેખાતી હોય અને સમાગમ કરતા હોય તેમણે પણ દેવનો ધર્માદો પૂરેપૂરો આપવો.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૫૩

બાપાશ્રીએ સભામાં ધર્માદાની વાત કરી ત્યારે એક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો કે, ''બાપા, આપ ધર્માદો તથા અન્ય સેવા સત્સંગમાં કરવાનું કહો છો તો સત્સંગ તો સમુદ્ર જેવો છે તેમાં વરસાદ પડે તોય શું ? અને ન પડે તોય શું ? સત્સંગમાં ઘણાય રૂપિયા હોય તેમાં કોઈ ધર્માદો આપે તોય શું ? અને ન આપે તોય શું ?'' બાપાશ્રીએ કહ્યું, ''સમુદ્રમાં વરસાદ થાય તે વરસાદનાં ટીપાં છીપ અધ્ધરથી ઝીલે તો સાચાં મોતી પાકે. તેમ દ્રવ્ય સત્સંગમાં વાપરવાથી આત્યંતિક મોક્ષ થાય છે.''

ચોરી વર્તમાન દૃઢપણે પાળવા પ.પૂ. સ્વામીશ્રી આગ્રહપૂર્વક શીખ આપતાં કહેતા હોય છે, ''ભલા થઈને નીતિમય જીવન કરજો. કોઈની કે ગરીબની આંતરડી કકડાવવી નહીં. દોઢ ટકાથી વધારે વ્યાજ લઈએ તો મહારાજના ગુનેગાર થઈએ. અનીતિનો એક રૂપિયો ઘરમાં ન લાવશો, નહિ તો એ આસુરી દ્રવ્ય અનેક દુઃખો ઊભાં કરશે. જો તમારી પાસે આસુરી દ્રવ્ય હોય તો તેમાંથી મંદિરમાં ધર્માદો પણ ન કરશો. કદી આપણે તિલક-ચાંદલો લજવાય તેવું કર્મ ન કરશો.'' આ આગ્રહોને આપણા કરીએ.

## ● અવેરી વર્તમાન :

અવેરી એટલે સમજણપૂર્વકનો અને વિચારપૂર્વકનો વિષયભોગનો સંયમ. સંસારમાં રહેવા છતાં સ્ત્રી-પુરુષે વિજાતીય કે સજાતીય અનૈતિક સંબંધો કે અયોગ્ય વર્તન ન કરવું. વ્યભિચાર ન કરવો. તે અવેરી વર્તમાન પાળ્યું કહેવાય.

પશુ બુદ્ધિહીન છે માટે તેમના માટે વિષયભોગ માટેનો કોઈ નિષેધ નથી પરંતુ મનુષ્યને ભગવાને બુદ્ધિ આપી છે. શા માટે ? તો બુદ્ધિ વતે વિવેક કેળવી વિષયભોગથી પાછા વળી આંતરિક શક્તિઓને આત્મકલ્યાણના માર્ગે વાળી શકે. આજે કળિયુગનો પ્રભાવ

વધતો જાય છે તેમ સ્ત્રી-પુરુષમાં રહેલી કામુક વૃત્તિઓ તીક્ષ્ણ બનતી જાય છે. આશા-તૃષ્ણા, મોહ, મમતા, વાસના, આસક્તિ, રાગ જેવી ઇન્દ્રિયો-અંતઃકરણની વૃત્તિને ટાળી વિષય તરફનો સંયમ કેળવી અધ્યાત્મ તરફ વાળવાથી જીવનમાં આમૂલ પરિવર્તન આવે છે. અજબની દિવ્ય શક્તિનો સંચાર થાય છે. દિન-પ્રતિદિન બ્રહ્મચર્ય સિદ્ધ કરી સ્થિતિની યાત્રામાં આગળ વધી શકે છે.

શ્રીજીમહારાજને બ્રહ્મચર્ય અતિશે પ્રિય હતું. તેથી પોતે અવરભાવમાં પાળ્યું અને પોતાના આશ્રિત પાસે પળાવ્યું. ત્યાગી-ગૃહીના પંચવર્તમાન જુદાં રચ્યાં. તેમ છતાં બંનેમાં બ્રહ્મચર્ય સમાન રાખ્યું એ જ તેમનો ત્યાગી-ગૃહીને પોતપોતાના આશ્રમ પ્રમાણે નિષ્કામી કરવાનો આગ્રહ જણાવે છે.

શ્રીજીમહારાજે પોતાની સ્ત્રીનો પણ ઋતુકાળે સંયમપૂર્વક સંગ કરવાનો આદેશ કરેલ છે તથા અવેરી વર્તમાન દૃઢપણે પાળવાની ચરી શિક્ષાપત્રીના ૧૩૬મા શ્લોકમાં દર્શાવી છે કે,

“ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે યુવાન અવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા, બહેન અને દીકરી તે સંગાથે પણ આપત્કાળ વિના એકાંત સ્થળને વિષે ન રહેવું અને પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું.”

શ્રીજીમહારાજનો આ જ આગ્રહ બાપાશ્રીમાં તાદૃશ્ય થાય.

સંવત ૧૯૭૨ના મહા વદિ ચૌદશને રોજ વાત કરી કે, “પારકી અને પોતાની સ્ત્રી તે પણ તલવારની પેઠે નાશ કરે એવી છે માટે તેથી બીતા રહેવું. કેટલેક ઠેકાણે બાપ થકી દીકરીને બાળક થાય છે માટે એકાંતમાં મા, બહેન, દીકરી તથા પરસ્ત્રી ભેળું રહેવું નહીં. કળિનું રૂપ એવું છે કે કળિમાં કામનું જોર છે. સતયુગમાં સંકલ્પનાં ફળ થતાં, ત્રેતામાં દૃષ્ટિનાં ફળ થતાં, દ્વાપરમાં સ્પર્શનાં ફળ થતાં અને કળિમાં વીર્યનાં ફળ થાય છે. માટે મા, બહેન ને દીકરીથી પણ છેટે રહેવું. આજ્ઞા ન પાળે તો પૈસા ખૂએ, નાતજાતમાં ફજેતી થાય, લાજ વંજાવે ને મોક્ષથી પડે. સ્ત્રીની દૃષ્ટિમાં ઝેર રહ્યું છે તે ચઢીને જીવ લે એવી છે. ગૃહસ્થના આશ્રમમાં રહીને પણ નિર્વાસનિક રહેવું.”

– શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૫૩

શ્રીજીમહારાજ નિષ્કામ ધર્મ પળાવવાના અતિશે આગ્રહી હતા. તેથી જો કોઈને તેમાં ફેર પડે તો પોતાને મોઢું બતાવવાની ના પાડી દેતા. તેની વાત સાંભળીને પોતે ઉદાસ થઈ જતા. આ ધર્મ પાળનારની જ સેવા ગ્રહણ કરતા. તેમ બાપાશ્રી ક્યાં શ્રીજી સંકલ્પથી જુદા હતા ? જે શ્રીજીના આગ્રહ એ જ બાપાશ્રીના આગ્રહ. બાપાશ્રી પણ જો કોઈના નિષ્કામ ધર્મમાં ફેર હોય તો જગનમાં આવવાની ના કહેતા. તનની કે ધનની કોઈ સેવા ન લેતા.

“સંવત ૧૯૭૮ની સાલમાં બાપાશ્રીએ કણબીની જ્ઞાતિના પટેલિયાઓને તેડાવીને કહ્યું જે, અમે જીવોનાં કલ્યાણ કરવા સારુ આવ્યા છીએ પણ તમારી નાત કે સગાંસંબંધી નથી. અમે તો સ્વામિનારાયણ ભગવાનના મુક્તાવતાર છીએ. અમારે જીવોના મોક્ષ સારુ યજ્ઞ

કરવો છે, તેમાં જે જમે તેનો મોક્ષ કરવાનો સંકલ્પ છે, માટે મોક્ષ જોઈતો હોય તે આ યજ્ઞમાં જમવાની હા પાડો ને મોક્ષ ના જોઈતો હોય તે આ યજ્ઞમાં જમવાની ના પાડો, પણ વર્તમાન લોપનારને ને સત્સંગ બહાર કર્યો હોય તેને તથા તેનો પક્ષ રાખે તેને મૂકીને આવવું પડશે. ત્યારે સર્વેએ હા પાડી જે અમે જમવા આવીશું ને જે બતાવશો તે સેવા કરીશું.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૧૨

વળી, એક વખત બાપાશ્રી વૃષપુરમાં સભામાં બિરાજ્યા હતા. એ વખતે કરાંચીથી એક હરિભક્તે પત્ર સાથે મનિઓર્ડર મોકલ્યો હતો. સંતે પત્ર વાંચ્યો તો તેમાં પ્રાર્થના લખી હતી કે, ''આ પૈસામાંથી ઠાકોરજીના થાળ કરજો અને બાપાશ્રીને જમાડજો.'' બાપાશ્રીએ મોકલનારનું નામ પૂછ્યું. નામ સાંભળતાં જ બાપાશ્રીએ કહ્યું, ''એમનો મનિઓર્ડર પાછો મોકલી દો. એના નિષ્કામી વર્તમાનમાં ફેર છે. એ પ્રાયશ્ચિત્ત કરશે પછી જ સેવા લઈશું.''

બાપાશ્રી અવરભાવમાં ખૂબ દયાળુ હતા. કીડી જેવા જીવ પણ પોતા થકી દુભાઈ ન જાય તેનો ખ્યાલ રાખતા. કુસુમથીયે કોમળ બાપાશ્રી જ્યારે કોઈના અવેરી વર્તમાનનો લોપ જુએ તો વજ્રથીએ કઠોર બની કઠોર વચનો કહેતા. એક જ ઈશક કે તેમાં જીવનું બગડી ન જાય. કલ્યાણનું કાચું ન રહી જાય તે માટે પ્રાયશ્ચિત્ત કરાવતા.

બાપાશ્રીની જેમ ગુરુવર્ય પ.પૂ. બાપજી જો કોઈના વર્તમાનમાં ફેર જુએ તો અતિશે નારાજગી દર્શાવતા. તેની સેવા પણ ગ્રહણ ન કરતા. મહારાજ અને મોટાપુરુષ અવેરી વર્તમાન લોપાય તો અતિશે નારાજ થાય છે. આ જાણ્યા પછી અંદરથી ચોટ લગાડવી કે આ ફેરે હવે આ બાબતમાં ફેર પડવા દેવો નથી એવો સંકલ્પ દૃઢ કરવો. કદી કોઈ સજાતિ કે વિજાતિ કોઈ પાત્ર પરત્વે સ્થૂળ-સૂક્ષ્મ દેહે પણ આ વર્તમાન લોપાય નહિ તે માટે સાવધાન બનીએ. આ વર્તમાન લોપાવે તેવા બીભત્સ સાહિત્ય, ચલચિત્રો કે સિનેમાનો સદંતર ત્યાગ કરીએ.

## ● વટલવું નહિ અને વટલાવવું નહીં :

વટલવું નહિ અને વટલાવવું નહિ એટલે આહાર, આચાર, વિચાર અને વર્તને કરીને પોતે શુદ્ધ-પવિત્ર રહેવું તથા અન્યને શુદ્ધ-પવિત્ર જીવન જીવવાના સહાયક બનવું તથા જેનું એવું જીવન ન હોય તેનો આંતરિક સંગ ન કરવો કે તેનું ન ખપતું કશું ગ્રહણ ન કરવું.

આંતર-બાહ્ય સંગની શુદ્ધિ માટે શ્રીજીમહારાજે શિક્ષાપત્રીના ૧૯મા શ્લોકમાં કહ્યું છે, ''જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ ગ્રહણ ન કરવું.'' અહીં કોઈ જ્ઞાતિ કે વર્ણની સ્પષ્ટતા કરી નથી. 'જેના' શબ્દમાં અશુદ્ધ આચાર-વિચારવાળા કોઈ પણ વર્ણના સ્ત્રી-પુરુષોનો સમાવેશ થાય છે. અર્થાત્ બજારુ ખાણીપીણી, રેસ્ટોરન્ટો, ક્લબો, પાર્ટીઓ, લગ્નપ્રસંગો કે પછી બિનસત્સંગીનું ઘર કે જ્યાં ભોજન બનાવનાર કે જળ ભરનારના આચાર-વિચાર યોગ્ય

ન હોય તે બધાનો સમાવેશ થાય. તેવું જમવાથી કે પીવાથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય.

આ વર્તમાનની દૃઢતા કેળવવા આંતર-બાહ્ય જાગૃતતા કેળવી આપણા આચાર-વિચાર, વ્યવહાર, વર્તન પરત્વે સાવધાન બનીએ.

ધાર્મિક સંપ્રદાયોમાં બહુધા ત્યાગી વર્ગ માટે જ આચારસંહિતાના ધારાધોરણ હોય છે. જેમ કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં ત્યાગીના પંચવર્તમાન. સ્વામિનારાયણ ભગવાને ત્યાગીની જેમ ગૃહસ્થો માટે પણ તેવી જ આચારસંહિતારૂપ પંચવર્તમાન આશ્રમને અનુરૂપ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે. પરંતુ હવે શ્રીજીમહારાજ, બાપાશ્રી અને મોટાપુરુષના આગ્રહ મુજબનું પંચવર્તમાને યુક્ત જીવન કરવાનું ભગીરથ કાર્ય આપણે કરવાનું છે. જેનો શુભારંભ આજથી જ કરીએ. તે માટે અવશ્ય આટલું કરીએ :

૧. હું બાપાનો છું તો બાપાના આગ્રહ મારા થવા જ જોઈએ.
૨. રાજીપાની ભૂખ અને કુરાજીપાનું દુઃખ રાખવું.
૩. સતત મોટાપુરુષ અને સંતોનો સમાગમ રાખવો.
૪. આદર્શ પ્રૉજેક્ટમાં જોડાવું.
૫. પંચવર્તમાનનો લોપ થાય તો મોટાપુરુષ આગળ નિષ્કપટ થઈ પ્રાયશ્ચિત્ત કરવું.
૬. પંચવર્તમાન પાળવામાં કોઈની શેહશરમ ન રાખવી. કોઈની મહોબતમાં ન લેવાવું.
૭. ચઢિયાતા હરિભક્તોનો સંગ રાખવો.
૮. પંચવર્તમાન પાળવાનું મૂલ્ય સમજવું. તેના ફાયદા-ગેરફાયદાનો વિચાર કરવો.

## ❒ ત્યાગી સંતોના પંચવર્તમાન :

સ્વામિનારાયણ સંપ્રદાયની શુદ્ધિ, વૃદ્ધિ, આન, બાન, શાન આ સર્વે ત્યાગી સંતોના વર્તનને આભારી છે. કારણ કે સંતો સત્સંગ સંવર્ધક છે. મોક્ષ માર્ગના એંજિન છે. અનેક મુમુક્ષુઓ તેમને આશરીને કલ્યાણના માર્ગમાં ઝંપલાવે છે. ત્યાગી સંતોનું જીવન દિવ્ય, પવિત્ર અને ઉજ્જવળ બની રહે, સંતો પરિવ્રાજક બની જન જન સુધી ધર્મનું સ્થાપન કરી મોક્ષ માર્ગ ચાલુ રાખે તે માટે શ્રીજીમહારાજે ધર્મામૃતમાં ત્યાગી સંતો માટે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ એમ પંચવર્તમાન રચ્યાં. તેની વિગત જણાવી સમગ્ર ત્યાગી વર્ગને ફરજિયાતપણે તે મુજબ વર્તવાની આજ્ઞા કરી. બાપાશ્રી શ્રીજીમહારાજના સંતો માટેના આગ્રહને અમલમાં લાવવા માટે પોતે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં ત્યાગી કરતાં ઉત્કૃષ્ટ નિયમો પાળી સંતોને પળાવતા. સંતોના જીવનમાં અલ્પ કસર તેમને આંખના કણાની જેમ ખૂંચતી. સંતોને ગમે કે ન ગમે તોપણ શ્રીજીમહારાજના આગ્રહોનો ચીલો ચિરંજીવી રાખવા પોતે સદાકાળ મથતા રહ્યા. તેમના સંતો માટેના પાંચ વર્તમાનના આગ્રહ જોઈએ.

## ● નિષ્કામ–નિર્લોભ :

નિષ્કામી વર્તમાન એ સાધુની શોભા છે. આંતર પવિત્રતાનું પ્રતિબિંબ છે. મહારાજ સાથેના સંબંધનું માપદંડ છે. જ્યારે નિર્લોભી વર્તમાન એ સંતની પારદર્શકતાનું પ્રતીક છે. સંતો માટે આ બંને વર્તમાન એક સિક્કાની બે બાજુ સમાન છે. સંસાર જેની પાછળ રચ્યોપચ્યો રહે છે તેનો સંતો ત્યાગ કરીને વર્તે છે. આ વર્તમાનની દૃઢતા માટે શ્રીજીમહારાજે નિષ્કામ શુદ્ધિની રચના કરાવી અને સદ્. નિષ્કુળાનંદ સ્વામીને દ્રવ્ય ઉપર ઝાડે ફેરવ્યા. પંચવર્તમાનની વિશેષ દૃઢતા માટે સંતોને તાવવા ૧૧૪ પ્રકરણ ફેરવ્યાં.

શ્રીજીમહારાજનો ત્યાગી સંતો માટેનો વર્તમાનનો આગ્રહ બાપાશ્રીએ સ્વવર્તન દ્વારા તથા ઉપદેશ દ્વારા દૃઢાવ્યો હતો. ત્યાગી સંતોમાં દિવ્યભાવ રાખવા છતાં તેમની અલ્પ કસરને ચલવતા નહીં. તેમને પણ નિયમમાં દૃઢ રહેવા કેવા ઉપદેશ વચનો કહેતા તેનું આચમન કરીએ :

“મહારાજના વચનથી બહાર પડે એટલે નિષ્કામ, નિર્લોભ એ વર્તમાનમાં ફેર પાડે તો મોટો વિમુખ કહેવાય; ને તેનો તો વિશ્વાસ થાય જ નહીં.”

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૮૮

“આજ સત્સંગમાં જડ અને ચૈતન્ય માયામાં જે લોભાશે નહિ તેના ધણી મહારાજ અને અમે છીએ. તેથી અમારા જેવા તેમને સુખિયા કરીશું અને જે એ બેમાં લોભાશે તેના ધણી મહારાજ અને મોટા નહિ થાય. કેમ કે તે તો બળેલા કોયલા જેવા છે. માટે એ બે વાતની સાવધાની તમારે સૌને જેવી છે તેવી સદાય રાખજો, તો તમે અમારા છો તે અમારા જેવા કરીશું.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૪૨

“ત્યાગી થઈને ધનનો પ્રસંગ રાખવો તે તો બહુ જ ભૂંડું કહેવાય. તેમાં તો સ્ત્રી પણ ભેળી આવી ગઈ.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૬૬

“દ્રવ્યને તો વિષ્ટા તુલ્ય જાણવું, એટલે તેનો વિષ્ટાની પેઠે ત્યાગ કરવો. જો વિષ્ટાનો સંકલ્પ થાય તો દ્રવ્યનો સંકલ્પ થાય. જેટલું વિષ્ટામાં હેત હોય તેટલું દ્રવ્યમાં હેત રાખવું. એટલે જેમ વિષ્ટાનો સંગ્રહ થતો નથી તેમ દ્રવ્યનો સંગ્રહ કરવો નહીં. અરે ! તેથી પણ ભૂંડું જાણીને તેનો ત્યાગ કરવો. એ વિના શું ચાલતું નથી ? ત્યાગીને ખાવા-પીવા, લૂગડાં સર્વે ગૃહસ્થ આપે છે તો બીજું શું જોઈએ ?” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૭૨

“ત્યાગીને જડ માયા જે દ્રવ્ય અને ચૈતન્ય માયા જે સ્ત્રી, તેનો ક્યારેય જોગ થાવા દેવો નહીં. જો જોગ થાય તો કાળો સર્પ વળગ્યો જાણવો. તે જેમ સર્પ વળગીને પ્રાણ લે તેમ તે કલ્યાણના માર્ગથી પાડે.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૪૩

આવી રીતે બાપાશ્રી જે સંસારનું મૂળ છે એવા જડ-ચૈતન્ય બેયનો ત્યાગ રાખવા આગ્રહ કરતા.

નિષ્કામી વર્તમાન એ સાધુનું આભૂષણ છે. તેથી બાપાશ્રી સંતોને વારંવાર આ વર્તમાન દૃઢપણે પાળવા ટકોર કરતા. સંતોને વર્ષમાં એક વખત નિષ્કામ શુદ્ધિ અને ધર્મામૃત વાંચવાની આજ્ઞા કરતા અને મંડળધારી સંતોને ખટકો રાખીને વંચાવવાનો આગ્રહ કરતા. નિષ્કામ ધર્મમાં ફેર પડે તો તત્કાળ પ્રાયશ્ચિત્ત કરવાનો આગ્રહ દર્શાવતાં કહેતા, ‘‘નિષ્કામ વ્રતનો ઉપવાસ પડે તો તુરત કરવો પણ કાંધા કરવાં નહીં. એટલે વાર લગાડવી નહીં. જો એકાદશી આદિ વ્રતનો ઉપવાસ બીજે દિવસે આવતો હોય તો પ્રાયશ્ચિત્તનો ઉપવાસ તેરસના દિવસે કરવો પણ એવી અડચણ ન આવતી હોય તો તે દિવસે જ કરી નાખવો.’’

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૯૩

પ્રાયશ્ચિત્ત બાકી હોય અને દેહ પડી જાય તો ફરી જન્મ ધરવો પડે તેથી બાપાશ્રી તત્કાળ પ્રાયશ્ચિત્ત કરાવવાનો આગ્રહ રાખતા.

એક વખત બાપાશ્રી ગુજરાતમાં પધાર્યા હતા. એ વખતે નારાયણપુરના ધનજીભાઈના પાંચ વર્ષના દીકરા કાનજીને ઓરી નીકળ્યા. તાવ વધતાં તેણે અન્ન-જળ લેવાનું બંધ કરી દીધું. ઘરના સભ્યો ખૂબ આગ્રહ કરે તો બે-ત્રણ ચમચી જળ લે પણ દૂધ, રાબ કે કાંજી લાવે તો તરત મોં બીડી લે. ગમે તેટલો આગ્રહ કરે તોપણ ન જ લે.

જાદવજીભાઈ આદિક ઘરના સભ્યો બાપાશ્રીને સંભારીને પ્રાર્થના કરે કે આયુષ્ય ન હોય તો લઈ જાવ પણ આ દુઃખ અમારાથી દેખાતું નથી. એક દિવસ થાકીને કહ્યું, ‘‘બચ્ચા કાનજી, હવે તો તેં બહુ કરી. તું ભૂખ્યો ને ભૂખ્યો સૂઈ રહે અને અમારું પેટ બળે. કાંઈ ઉપાય સૂઝતો નથી. હવે અમે રાજી થઈને કહીએ છીએ કાં તો તું જમ નહિતર ધામમાં જા.’’ ત્યારે કાનજી બોલ્યો, ‘‘તમે ગમે તેમ કરશો તોય હું નહિ ખાઉં. કારણ, હું પૂર્વે સાધુ હતો તે વખતે મેં નિષ્કામ શુદ્ધિના બાવન ઉપવાસ કર્યા નહોતા. તેથી મહારાજે મને ઉપવાસ કરવા પાછો મોકલ્યો છે. તે પરમ દિવસે પૂરા થશે એટલે હું ધામમાં જતો રહીશ.’’ એમ કહી બે દિવસ મૌન રહ્યો.

આ દરમ્યાન બાપાશ્રીએ પણ જાદવજીભાઈને દર્શન આપી આ જ વાત કરી. બાવનમા દિવસે પ્રાયશ્ચિત્ત પૂરું થતાં કાનજી ધામમાં ગયો.

બાપાશ્રી નિષ્કામ ધર્મમાં ફેર હોય અને જો કોઈ નિષ્કપટ થાય તો તેનું પ્રાયશ્ચિત્ત ટૂંકાવી સહજમાં માફ કરતા અને બીજી વાર ભૂલ ન થાય તે માટે શીખ આપતા અને કહેતા, ‘‘અમારે તો ચોખ્ખું ચણક કરાવવાનું તાન બહુ છે.’’

બાપાશ્રીના આગ્રહ ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીમાં તાદૃશ્ય થાય. તા. ૧૮-૯-૨૦૧૮ના રોજ પ.પૂ. સ્વામીશ્રી જૂનાગઢ વિચરણ પૂર્ણ કરી સવારે ૮:૩૦ વાગ્યે સ્વામિનારાયણ ધામ પધારી રહ્યા હતા. રસ્તામાં અમદાવાદમાં પધરામણી કરવાની હતી. જે કાર્યકર લેવા આવ્યા હતા તેઓ જ જે ઘરે પધરામણી હતી તેનો રસ્તો ભૂલી ગયા. તેમને સાચો રસ્તો પૂછવા માટે પ.પૂ. સ્વામીશ્રીની ગાડીના ડ્રાઈવરે તે હરિભક્તની

ગાડીમાં હાથોહાથ ફોન આપ્યો. એ દરમ્યાન પ.પૂ. સ્વામીશ્રીની દૃષ્ટિ ગાડી તરફ જતાં ખ્યાલ આવ્યો કે સામેની ગાડીમાં અંદર મહિલા સભ્ય બેઠાં છે. બપોરના ૧:૩૦ થયા હતા. પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, ‘‘સંતો, હવે આજે આપણે ઉપવાસ. કારણ, પ્રત્યક્ષ મહિલાઓનો સ્પર્શ નથી થયો પરંતુ પરોક્ષ રીતે બધું સળંગ(એક) થયું કહેવાય માટે.’’

પ.પૂ. સ્વામીશ્રી સંતો-સાધકોને પણ આ ધર્મ પાળવા ખટકો રાખવા કહેતા હોય છે, ‘‘નિષ્કામ ધર્મમાં સર્વ ધર્મ આવી જાય. તે પાળવા ખરા ખબડદાર રહેવું. ખટકો જોઈશે. એકલી કૃપા કરો, કૃપા કરો એમ માગવાથી કૃપા ન થાય. કૃપા તો જે ખરા રાજીપાના ભૂખ્યા થઈ દૃઢતાપૂર્વક વર્તવા માટે મંડ્યા રહે તે પર થાય. હવે આપણે નાના નથી. અનેકને મોટા કરવા આવ્યા છીએ. અનેકને મહારાજનું ગમતું, રુચિ, રાજીપાની રીત શીખવવાની છે. અનેકને જગતની કોરેથી લુખ્ખા કરવાના છે તો આપણે કેવા ખબડદાર રહેવું પડશે ?’’

સ્ત્રી અને દ્રવ્ય એ પાપનું મૂળ છે. તેથી બાપાશ્રી નિષ્કામી વર્તમાન પળાવવાનો આગ્રહ રાખતા તેવો નિર્લોભી વર્તમાન પણ સંતોને પળાવવાનો આગ્રહ રાખતા.

‘‘આ સંપ્રદાયમાં આવીને સ્ત્રી-દ્રવ્યમાં આસક્ત થાય ને લોકોનો માર ખાય તે પોતાનુંય બગાડે અને બીજાનુંયે બગાડે.’’ - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૦૨

બાપાશ્રી કહેતા કે, ‘‘સત્સંગમાં સિદ્ધિઓ હાજર છે. હરિભક્તો દ્રવ્યના અને વસ્તુના ઢગલા કરે પણ બધું ભોગવવું નહીં.’’ સદ્. નિર્ગુણદાસજી સ્વામીની રીત દ્વારા શીખવતા કે, ‘‘સ્વામી કથા કરવા જાય તો ઘણાં વસ્તુ-પદાર્થ આવતાં તેને બધા સંતોને વહેંચી દેતા અથવા કોઠારમાં જમા કરાવતા. પોતાના સાધુને તો અવશ્યનું જ આપતા. તથા મોટા સંતોને ઉદ્દેશીને ટકોર કરતા કે, મોટેરા સાધુ હોય તેને તો ગાડાં ભરાય એટલું આવે અને નાના હોય તેને ન આવે તોપણ મોટેરાએ એ સિદ્ધિઓ ભોગવવી નહીં.’’

ભૂજમાં અક્ષરજીવનદાસજી સ્વામી હતા ત્યારે એક સાધુની ઝોળીમાંથી કંઈક વસ્તુ નીકળી તો તેને ઉપવાસ કરાવ્યો હતો. વળી, સમૈયો આવે ત્યારે સંતો દર્શન કરવા ગયા હોય પણ તેમાંથી જેને મહારાજના વચનમાં ફેર પડ્યો હોય તેને પાછળથી લખે કે તમે અહીં આવશો નહીં. એમ આજ્ઞા વિરુદ્ધ વર્તનારાને બારોબાર રજા આપી દેતા, પણ તેવાને એટલે ધર્મામૃત-શિક્ષાપત્રી પ્રમાણે ન વર્તતા હોય તેને મંદિરમાં રહેવા દે નહીં. જ્યારે મંડળ ફરીને આવે ત્યારે ઝોળીઓ તપાસે તે ચપ્પુ કે કાગળ જે હોય તે કાઢી લે અને કાગળ તો મંડળધારી જ લખે. સાધુ વિશ્વજીવનદાસજી નાના છોકરા રાખતા, તેથી તેમને ભૂજમાંથી કાઢી મૂક્યા. પછી તે અમારી પાસે આવ્યા અને એમ કહ્યું જે, સ્વામીએ મને રજા આપી છે. ત્યારે અમે કહ્યું જે, જેમ સંતની રીતિ હશે તેમ સ્વામી કરતા હશે, એનું નામ વૈરાગ્ય. મોટા હોય ત્યાં સુધી એવું પ્રવર્તાવે. માટે સંગ્રહ ન કરવો. એમાં સુખી રહેવાય. જડ માયાનો સંગ્રહ કરનારા બ્રહ્માંડમાં ભટક્યા કરે છે. આ સત્સંગમાં રહી એવું

પાપ રાખે તો તે પાપની કેમ ગણતરી થાય ? દ્રવ્ય કાળા નાગ જેવું છે તે માંહી પેસે એટલે ચસકા કરાવે માટે ત્યાગીને માંહી-બહાર સરખા રહેવું.

ગુરુવર્ય પ.પૂ. બાપજી કહેતા, ''નિર્લોભ એટલે નહિ લોભ. એક મહારાજ સિવાય બીજો કોઈ લોભ ન રાખવો કે મહારાજ સિવાય કંઈ પોતાનું ન કરવું.'' આ વ્યાખ્યા નિર્લોભી વર્તમાનની જ નહિ પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનની છે.

ઈ.સ. ૧૯૭૧માં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઘનશ્યામનગર મંદિર માટે મુંબઈ ફંડ ઉઘરાવવા જવાનું નક્કી કર્યું. મુંબઈ જવા માટે માતંગી ટ્રાન્સપોર્ટવાળા ભોગીલાલભાઈને વાત કરી કે, ''તમારી ટ્રક મુંબઈ જતી હોય તો અમારે જવું છે.'' ''સ્વામી, તમારે જવું હોય તો ટ્રેન કે બસની ટિકિટ કરાવી આપું. ખટારામાં તો ડ્રાઈવરો અશુદ્ધિ પીતા હોય. રસ્તામાં ગમે ત્યાં ૮-૧૦ કલાક ગાડી ઊભી રાખી સૂઈ જાય. બે-ત્રણ દિવસે પહોંચાય.'' ''ના ભોગીભાઈ, ટ્રેનમાં કે બસમાં સ્ત્રીઓ હોય. ટ્રકમાં સ્ત્રીઓ ન હોય; અમારા ધરમ તો પળે !'' ''સ્વામી, મેં આજ સુધી ઘણા સાધુ જોયા પણ આટલી સ્ત્રીની સૂગ, તમારા જેવા ધર્મવાળા નહીં. લો, આ ચાવી. આજથી મારી ઍમ્બૅસૅડર ગાડી તમને ભેટ આપી. તમારા નામે લખી આપું છું.'' ''અમે તો સાધુ છીએ. ભેટ શ્રીજીમહારાજને આપો અને ટ્રસ્ટના નામે ગાડી લખી આપો. સાધુના નામે કંઈ ન હોય. એક મહારાજ જ હોય. એ જ અમારી મિલકત છે.''

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ બાપાશ્રીના સિદ્ધાંતો મુજબની સાધુતા આજે એસ.એમ.વી.એસ.ના સમગ્ર સંત સમાજમાં દૃઢ કરાવી છે. કોઈ સંતોના નામે ખાતું નથી, વસ્તુ રાખવાનું ખાનું પણ ખાનગી નથી. પેન પણ પોતાની આગવી નથી. વસ્ત્ર પર પણ નામ નહિ નંબર લખવાનો. જેથી વસ્ત્રમાં પણ મમત્વ ન થાય. વર્તમાન સમયે એસ.એમ.વી.એસ.માં શ્રીજીમહારાજ અને બાપાશ્રીના આગ્રહો અકબંધ જળવાઈ રહ્યા છે.

**● નિર્માન :**

''સાધુ ને બ્રહ્મચારી તેમને કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું. પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ અને તેનું જેમ હિત થાય તેમ જ મનમાં ચિંતવન કરવું પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો.''

- શિક્ષાપત્રી : શ્લોક - ૨૦૧

''માન અપમાન મેં એકતા, સુખ દુઃખ મેં સમભાવ.''

આ છે શ્રીહરિનો સંત સમાજ પ્રત્યે નિર્માની વર્તમાન દૃઢ કરાવવાનો આગ્રહ. સદ્. મુક્તાનંદ સ્વામીએ છૂટો બાટ મારનાર ભાઈચંદ શેઠને બાટ પાછો આપવા સુધીનું પરાકાષ્ઠાનું નિર્માનીપણું ગ્રહ્યું હતું. સંતોની આવી નિર્માની-નિખાલસ ઉમદા સાધુતાથી જ તેઓ સમાજના અદના માણસ સુધી સ્થાન પામ્યા હતા.

બાપાશ્રી સંતોની સાધુતા વધુ ને વધુ દૃઢ કરાવવા નિર્માની વર્તમાન સુદૃઢ કરાવતા. માન-અપમાનમાં સમત્વ કેળવવાની રીત શીખવતાં કહેતા, “જેમ બાળકને ગાળો દે અને અપમાન ઘણું કરે ને મારે તોપણ તેનું તેને કાંઈ નહિ ને વખાણે ને પૂજા કરે ને માન આપે તોપણ તેનું તેને કાંઈ નહિ, એ બે સરખું છે. તેમ સાધુને કોઈ મારે, નિંદા કરે, અપમાન કરે, વખાણે, પૂજા કરે, સન્માન કરે તે માન-અપમાનને ગણે નહીં. સોનાના દોરાની પેઠે છએ ઋતુમાં સરખો રહે તેના ઉપર મોટા કૃપા કરીને મહારાજનું સુખ આપે છે.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૬

મૂર્તિના સુખના માર્ગમાં માનરૂપી દોષ બહુ વિઘ્ન કરે. અવરભાવમાં માન ત્યાગી થવાનો ધ્યેય બદલાવી નાખે. માન-મોટપના અભરખાઓ પૂર્ણ કરવામાં ઝઘડા-ટંટા, હુંસાતુંસી થાય. સાધુતા લાજે તેવાં કર્મો થાય. છેવટે માનની પરાકાષ્ઠા આશ્રમ છોડાવે. માટે બાપાશ્રી સંતોને નિર્માનીપણે વર્તવાનો અતિશે આગ્રહ કરતા હતા.

સાધુને તો બાળકની પેઠે માન રહિત વર્તવું. માન-અપમાનમાં સમતા રાખવી. આ વર્તમાન બાપાશ્રી વર્તીને સંતોને શીખવતા. એક વખત બાપાશ્રી માનકૂવામાં સભામાં લાભ આપતા હતા. એ દરમ્યાન એક દ્વેષીએ છેટેથી છૂટો પથ્થર માર્યો. મહારાજની ઈચ્છાથી પથ્થર કોઈને વાગ્યો નહીં. પરંતુ બાપાશ્રીના થયેલા ઘોર અપમાનને કારણે સભામાં બેઠેલા ભૂજના મોટા મોટા અમલદારો તથા અન્ય હરિભક્તો આવેશમાં આવી ગયા. પથ્થર મારનારને પોલીસને પકડાવીને જેલમાં લઈ જવાની ચર્ચા કરવા લાગ્યા. પરંતુ જેને ફૂલથી પૂજે કે પથ્થર મારે બેયમાં સમતા વર્તતી તેવા નિર્માનીપણાના સાક્ષાત્ સ્વરૂપ, અજાતશત્રુ સ્વરૂપ એવા બાપાશ્રીએ સૌને શાંત કરી પથ્થર પર ચરણ મૂકી પથ્થર મારનારનું કુટુંબે સહિત કલ્યાણ કરવાના આશીર્વાદ આપ્યા.

## ● નિ:સ્નેહી :

જેણે સંસાર ત્યાગ કર્યો હોય તેને તો લેશમાત્ર પોતાના સંબંધી સાથે હેત ન રાખ્યું જોઈએ. શા માટે જે પંચમહાપાપ છે તે થકી પણ દેહના સંબંધીમાં હેત રાખવું તે વધુ પાપ છે. - વચ. ગ. છે. ૧૯

શ્રીજીમહારાજ સંતોને નિ:સ્નેહી વર્તમાન પળાવવા આવા ઉપદેશ કરી આગ્રહપૂર્વક સ્નેહ ટળાવતા. સ્નેહ રહેતો હોય તો નિષ્કપટ કરતા. ગઢડા પ્રથમના ૩૭મા વચનામૃતમાં સાથળને વિષે ઝાડના ખાંપાનું ચિહ્ન જોતાં તલાવડી સાંભરી આવે છે એમ પોતે દોષિત ઠરી સંતોને નિષ્કપટ કર્યા. આત્માને જન્મભૂમિ, સગાં, જાત કે સગપણ કયાં ? તેમ આ વર્તમાનની દૃઢતા કરાવી.

સંવત ૧૯૮૩ કારતક વદ બીજના રોજ બાપાશ્રી સભામાં સંતોને શ્રીજીમહારાજના પ્રથમના ૩૭મા વચનામૃતના આ આગ્રહને દૃઢ કરાવતા હતા. જેમાં ઝાડના ખાંપાની

વાત આવી ત્યારે કહ્યું, ''આ સ્વામી વૃંદાવનદાસજીને ભારાસરમાં મંદવાડ આવ્યો હતો તે જ્યારે નારાયણપુર જવા નીકળ્યા ત્યારે મટી ગયો.'' બાપાશ્રીએ ગર્ભિત રાખેલા પ્રસંગની સ્પષ્ટતા કરવા કરસન હરજીએ પૂછ્યું, ''બાપા, સ્વામીને શું મંદવાડ હતો ?'' ''શ્રીજીમહારાજની એવી આજ્ઞા છે કે ત્યાગીએ પોતાની જન્મભૂમિમાં ન જવું. તેથી સ્વામી કદી ભારાસરમાં જતા નહીં. પરંતુ હરિભક્તોએ અમને ખૂબ પ્રાર્થના કરી કે દયા કરી સ્વામી દર્શન દેવા પધારે તો ઠીક. સ્વામીની ને અમારી રુચિ ઓછી પણ હરિભક્તોના આગ્રહને કારણે અમે આજ્ઞાએ કરીને ભેગા લીધા. પોતાની રુચિ નહિ તેથી ભારાસરમાં પેસતાં મંદવાડ જેવું જણાવ્યું. પછી ભારાસરથી નીકળી નારાયણપુર આવ્યા ત્યારે સારું થયું.'' આવી રીતે બાપાશ્રીએ શ્રીજીમહારાજના નિઃસ્નેહી વર્તમાન પળાવવાના આગ્રહને સદ્. વૃંદાવનસ્વામીનો પ્રસંગ કહી સંતોને વધુ દૃઢ કરાવ્યો હતો.

બાપાશ્રીએ નિઃસ્નેહી વર્તમાનનો અર્થ માત્ર સંબંધીમાં હેત પૂરતો સીમિત રાખ્યો નથી. પરંતુ કોઈ વ્યક્તિ, સ્થાન, પદાર્થમાં ક્યાંય સ્નેહ ન રાખવો એવો બૃહદ અર્થ કર્યો છે.

સંબંધીમાં હેત એ તો પંચમહાપાપથી અધિક પાપ છે જ પરંતુ જેને આત્યંતિક મોક્ષ પામવો હોય તેના માટે મૂર્તિ સિવાય બીજે ક્યાંય વસ્તુ, પદાર્થ કે વ્યક્તિમાં હેત પણ નુકસાનકારક છે. બાપાશ્રી સંતોને એક મહારાજ સિવાય બધેથી સ્નેહના તાંતણા તોડવાનો ઉપદેશ વારંવાર આપતા.

''મહાપ્રભુજી વિના બીજે હેત રહે તે મોટું પાપ છે. જેમ ભરતજીને મૃગનો દેહ લેવો પડ્યો તેમ. પશુ રાખનારનો છોકરો મરે ત્યારે રુએ તે એમ બોલે જે, કાગડો થઈને દૂધ પીવા આવજે અને વાઘ થઈને બકરું ઉપાડવા આવજે, એ અજ્ઞાન છે. તેમજ સાધુને શિષ્ય મરે ત્યારે શોક કરે જે, એવો નહિ મળે ને પદાર્થ, પુસ્તક, આસન, તુંબડી એ આદિક પદાર્થ સારુ કજિયા કરે તે પણ અજ્ઞાની છે.''

– શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૪૭

બાપાશ્રી સંતોમાં આ વર્તમાનની કસર જણાય તો ગમે તે પ્રસંગે ચાડ્ય રાખીને ટળાવતા. એક વખત સભામાં બાપાશ્રીએ ધર્મામૃત પ્રમાણે વર્તવા વિષે ઘણી વાત કરી. આ સભામાં મૂળીના ત્યાગવલ્લભદાસજી સ્વામી બેઠા હતા. એવામાં દેવરાજભાઈ રામપરાવાળા આવ્યા, તેમને બહુ આનંદભર્યા જોઈને બાપાશ્રીએ કહ્યું, ''તમે આનંદમાં છો તેનું કારણ આ ત્યાગવલ્લભદાસજી સ્વામીને કહો.'' ''બાપા, શ્રીજીમહારાજે અને તમે મારી ઉપર બહુ દયા કરી ને મારે માથેથી અર્ધી વેઠ ઉતારી જે બે દીકરા અને માતુશ્રીને મહારાજ અને તમે ધામમાં લઈ ગયા. હવે એક ઘરનું મનુષ્ય અને બે દીકરા છે એટલી વેઠ રહી. તેનું જેમ મહારાજની અને તમારી મરજી હોય તેમ કરો પણ અત્યારે તો અડધો ભાર ઊતર્યો તેનો આનંદ છે.'' આ સાંભળતાં બાપાશ્રી ત્યાગવલ્લભદાસજી સ્વામી તરફ જોતા હતા. તેમને પૂછ્યું, ''સ્વામી, તમારા ચેલા ધામમાં જાય તો કેમ થાય ?'' ત્યારે સ્વામી બોલ્યા,

"બાપા ! આવું તો મારાથી ન રહેવાય." ત્યારે તેમને બાપાશ્રીએ નિઃસ્નેહી થવાનાં બોધવચનો કહ્યાં. આમ, નિઃસ્નેહી વર્તમાનની કસર બાપાશ્રી ચાડ્ય રાખીને ટળાવતા.

બાપાશ્રીના નિઃસ્નેહી વર્તમાન પળાવવાના આગ્રહ જેવો જ ગુરુવર્ય પ.પૂ. બાપજીનો સંતો-પાર્ષદોને તથા STKના મુક્તોને નિઃસ્નેહી વર્તમાન પળાવવાનો આગ્રહ સહેજે જણાય. ગુરુવર્ય પ.પૂ. બાપજી અનેક વખત STKના મુક્તોને "રે સગપણ હરિવરનું સાચું..." સદ્. બ્રહ્માનંદ સ્વામીનાં આ ચાર પદ સમજાવે. ગઢડા છેલ્લાનું ૧૯મું વચનામૃત સમજાવી પૂર્વાશ્રમના સગાંસંબંધી પરત્વેથી મમતા ટળાવી નિઃસ્નેહી કરે. STKના મુક્તોને ખટકો રાખી સમયે પૂછે, "કોઈ સાંભરતું નથી ને ?" એમ કહી મહીંથી બધું સળગાવી દેવાની રીત અને શીખ આપે.

પ.પૂ. સ્વામીશ્રી સંતોને શિબિરમાં અચૂક શીખવે કે, "સંતનો દયાનો ધર્મ છે. પરંતુ દયાએ કરીને કોઈમાં હેત ન થઈ જાય. આપણી સેવા કરનારમાં કે કોઈ વસ્તુ-પદાર્થમાં મમતા ન બંધાઈ જાય તેનો ખટકો રાખવો.

'અનાદિમુક્તોના સ્નેહો, પ્રીતમ પ્યારા પ્રભુમાં રહે છે.'

આપણા બધા સ્નેહ એક શ્રીજીમહારાજમાં વિરામ પામવા જોઈએ. પૂર્વાશ્રમનાં સગાંસંબંધીમાં તો નહિ પરંતુ કોઈ વસ્તુ, પદાર્થ કે સેવા કરનાર વ્યક્તિમાં પણ સ્નેહ ન રાખવો."

● **નિઃસ્વાદ :**

શ્રીજીમહારાજનો મહાનિષ્કામી અને અસલ સાધુતાએ યુક્ત સંત સમાજ રચવાનો સંકલ્પ હતો. તેથી "સંતો, આજથી સર્વેને ખટરસના નિયમ." એમ વચન ઉચ્ચારતાં શ્રીજીમહારાજ સંતોને નિઃસ્વાદી કરવા તત્પર બની જતા. રસકસ વિનાનું જમાડી સંતો રતાંધળા બની ગયા હતા. શ્રીજીમહારાજે શેરડીના રસમાંથી બનતી વાનગી ન જમવાનું પ્રકરણ ચલાવ્યું હતું. આવી અનેક રીતે શ્રીજીમહારાજ સંતોને નિઃસ્વાદી વર્તમાન પળાવતા.

શ્રીજીમહારાજને રાજી કરવા સંતો પણ કાચા લોટના ગોળા જમીને દેહને ટકાવતા. કદી શ્રીહરિની મરજીથી અધિક પોતાના સ્વાદને ગણ્યો નથી. તેમને મન શ્રીજીમહારાજનો રાજીપો એ જ સૌથી મોટો સ્વાદ હતો.

જગત આખું સ્વાદને ખાતર આખું જીવન મજૂરી કરે છે. સાધુ-સંન્યાસી હોય કે ગૃહસ્થ પણ સ્વાદ કોઈને છોડતો નથી. રસાસ્વાદે એકલશૃંગી જેવા મહાઋષિઓને પણ પોતાના માર્ગથી પાડ્યા છે. નારાયણદાસજી જેવા સમાધિનિષ્ઠ પણ શીરાના સ્વાદે સમાધિમાંથી પાછા આવતા. આવા રસાસ્વાદના મમતને મૂકે તેની ખરેખરા સિદ્ધમાં ગણના થાય. બાપાશ્રીનો આગ્રહ સૌ સંતોને નાશવંત સ્વાદથી પાછા વાળી શ્રીહરિનો સ્વાદ ચખાડવાનો હતો. પરંતુ અવરભાવવાળાને કોઈ સ્વાદ મુકાવે તો તે ખૂંચે જ. ચાહે પછી ત્યાગી હોય કે

ગૃહી. તેથી બાપાશ્રી સંતોને નિઃસ્વાદી વર્તમાન પાળવાની શીખ બહુધા ઉપદેશ સાથે પોતાના જીવન વર્તન દ્વારા આપતા.

એક વખત વૈશાખ મહિનામાં સંતોએ ચંદન ઉતારી બાપાશ્રીના શરીરે બધું ચર્ચ્યું. તેથી તેઓ સંતો પર રાજી થયા. છતાં પણ તેમણે સંતોને ફોસલાવી કે વખાણ કરી રાજી ન કર્યા. નિઃસ્વાદી કરવાની વાત કરતાં કહ્યું, ‘‘હરિજનો કેટલી મહેનતે પૈસા પેદા કરે છે માટે રસોઈ આપે તોપણ એકેકો લાડુ લેવો ને બીજા રોટલા જમવા. પણ મળે તેટલું ગ્રહણ કરવું નહીં. તો જ મંદવાડ એટલે રાગ જશે ને મૂર્તિ આવશે. પણ રાગરૂપી મંદવાડ ટાળ્યા વિના મૂર્તિ આવે નહીં. માટે રાગ ટાળવા ને સારી વસ્તુનો ત્યાગ કરવો. અમને તો ગુવારનું શાક ને તેમાં છાસ નાખેલી ને બાજરાનો રોટલો અને સાંજે મઠની ખીચડી એ જ ગમે છે પણ ભારે વસ્તુ ગમતી જ નથી. તમારે પણ એમ કરવું.

મોટાપુરુષો આગળ ગોળા જમતા ને ગૃહસ્થ પણ કોદરા, બાવટો, બંટી જમતા. માટે બધું ખોટું કરી નાખવું. અમારે તો રોટલી ચોપડાય નહીં. ખીચડીમાં ઘી હોય નહીં. ગળ્યું-ચીકણું કાંઈ ગમે જ નહીં. તેના સાક્ષી તમે છો.’’

‘‘અમને ભૂખ હોય તોપણ કોઈ દિવસ જમીએ છીએ ? જો જમીએ તો સ્વામિનારાયણ તાજેણાં મારે. કહો સંતો ! મઠની ખીચડી અને બાજરાના રોટલા વિના લાડુ, પ્રસાદી કે ઘી, ગૉળ, સાકર, ખાંડ દેખો છો ? કોઈક પ્રેમમાં કરે તે દિવસ ભૂખે મરીએ. અમારી વાત આવી છે. કેટલાકને તો ખૂબ પત્તર ભરાય તો જ ઠીક પડે. પછી એમ કહ્યું જે, હું તો ગરીબ માણસ છું, પણ જો એમ થાય તો વૈરાગ્ય શાનો ? અમે તો ભૂજમાં જઈએ ત્યારે પણ મઠની ખીચડી કરાવી ઠાકોરજીને જમાડીએ. લાડુ કે બીજી વસ્તુ નહીં. ખોટી વાત હોય તો પૂછો. આવા કહેનારા નહિ મળે, નહિ મળે, નહિ મળે. તમે અમારા છો તેથી કહું છું, માટે નિઃસ્વાદી રહેવું. સ્વાદે જાવું નહીં. એ વાતનો ખટકો ન રાખે તો એમાંથી સ્વામિનારાયણ રાજી ન થાય.’’ - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૧૪૨

બાપાશ્રી સંતોને નિઃસ્વાદી વર્તમાન પળાવવાના આગ્રહી એવા જ પ.પૂ. સ્વામીશ્રી પોતે વર્તીને સૌને વર્તાવવાના આગ્રહી છે.

કોઈક વખત પૂ. સંતો પ.પૂ. સ્વામીશ્રીને પૂછે કે, ‘‘સ્વામી, આજે ઠાકોરજીના થાળની રસોઈ બરાબર બની છે ? આપને અનુકૂળ આવી ? આ શાક કેવું લાગ્યું ?’’ પ.પૂ. સ્વામીશ્રી કહે, ‘‘સંતો, અમે કદી ઠાકોરજી જમાડતી વખતે એ પણ નથી જોતા કે શેનું શાક છે ? તો તેનો કેવો સ્વાદ હોય તેની શી ખબર પડે ? મહારાજની પ્રસાદી બધી ભેળી કરી જળ નાખીએ તેમાં કયો જુદો સ્વાદ આવે ?’’

પ.પૂ. સ્વામીશ્રી સંતોને પણ નિઃસ્વાદી વર્તમાન દૃઢ કરાવતાં કહેતા હોય છે, ‘‘સંતો ! આપણે વઘારેલું, તુંગારેલું, તીખું, તમતમું, ગળ્યું-ચીકણું ન જમાય. સાધુનું જીવન, ભોજન સાદું જોઈએ. ‘નિઃસ્વાદી જન નિષ્કામી.’ આપણા નિષ્કામી વર્તમાનની દૃઢતાનો આધાર

નિઃસ્વાદી વર્તમાન પર છે. આપણે અનેકના સ્વાદ ટળાવી મૂર્તિનો સ્વાદ ચખાડવાનો છે ત્યારે આપણે એક મૂર્તિના સ્વાદના ઈશ્કી બનવું પડશે.''

શ્રીજીમહારાજે પ્રસ્થાપિત કરેલી કાષ્ઠના પત્તરમાં જમાડવાની અને તુંબડીમાં જળ ધરાવવાની પ્રણાલિકા અદ્યાપિ એસ.એમ.વી.એસ.માં વિદ્યમાન છે. શ્રીજીમહારાજના અને બાપાશ્રીના ત્યાગી સંતોના પંચવર્તમાન માટેના આગ્રહોનાં સંતોના જીવનમાં દર્શન થાય છે.

વર્તમાનકાળે શ્રીજીમહારાજ રચિત પંચવર્તમાનને બાપાશ્રીએ પરિપુષ્ટ કરવા જે આગ્રહો દર્શાવ્યા તેને ત્યાગી-ગૃહી સર્વે સમાજ આત્મસાત્ કરીએ. પંચવર્તમાનયુક્ત દિવ્યજીવન કરી મૂર્તિસુખ માટેની પાત્રતા કેળવવા તરફ દિન-પ્રતિદિન ડગ ભરતા રહીએ. એમને ગમે એવું દિવ્યજીવન કરતા રહીએ.

● ● ●

## ૨.૨

## જ્ઞાનલક્ષી આગ્રહો

"પૂર્વ ચલને સે બટોહી (યાત્રિક), બાટ (રાહ) કી પહચાન કર લે."

અર્થાત્ યાત્રિકે આગળ વધતા પહેલાં ગંતવ્ય (મુકામ) સુધી પહોંચવાના રાહને સુપેરે પિછાણવો જ પડે. ચાહે પછી સંસાર-વ્યવહારની યાત્રા હોય કે અધ્યાત્મ યાત્રા.

અધ્યાત્મ માર્ગના યાત્રિકને અધ્યાત્મ યાત્રાનો પ્રારંભ કરતાં પૂર્વે કેટલાક જ્ઞાનની સંપૂર્ણ જાણકારી તેમજ સ્પષ્ટતા હોવી અત્યંત આવશ્યક છે.

| | |
|---|---|
| શ્રીજીમહારાજના સ્વરૂપની સ્પષ્ટતા. | Clarity of Shriji Maharaj's true form. |
| સ્વ-સ્વરૂપની સ્પષ્ટતા. | Clarity of one's own form. |
| મોટાપુરુષના સ્વરૂપની સ્પષ્ટતા. | Clarity of Satpurush's true form. |
| મૂર્તિસુખને પામવાના રાહની સ્પષ્ટતા. | Clarity of the path to the bliss of Murti. |

આપણા સૌનું ધ્યેય સ્વરૂપ એકમાત્ર શ્રીજીમહારાજ છે. તેમના સ્વરૂપને જેમ છે તેમ ઓળખવું. મુમુક્ષુનું પોતાનું સ્વરૂપ ઓળખવું એટલે હું કોણ છું ? તે ઓળખવું. મોટાપુરુષ એ જ એકમાત્ર મુમુક્ષુની મોક્ષ માર્ગની યાત્રાના સાચા રાહદર્શક છે માટે તેમના સ્વરૂપની સ્પષ્ટતા. શ્રીજીમહારાજના સ્વરૂપની સ્પષ્ટતા થયા પછી તેમના સુખને પામવાનો એકમાત્ર રાહ અનાદિમુક્તની સ્થિતિ છે માટે સ્થિતિની સ્પષ્ટતા – આ ચાર બાબતોની જેટલી સ્પષ્ટતા થાય તેટલી જ મુમુક્ષુની અધ્યાત્મ યાત્રા નિર્વિઘ્ને સરળતાથી આગળ વધે છે.

ઉપરોક્ત સુભાષિત યાત્રિકને આગળ વધતા પહેલાં યોગ્ય રાહને જાણવાની

અનિવાર્યતા દર્શાવે છે. પરંતુ રાહને જાણવા કરતાં પણ ધ્યેય સ્વરૂપને અને સ્વ-સ્વરૂપને સુપેરે જાણવું અત્યંત જરૂરી છે.

પ.પૂ. સ્વામીશ્રી તેનું મૂલ્ય સમજાવતાં કહેતા હોય છે : "સ્વરૂપનિષ્ઠા અને આત્મનિષ્ઠા એટલે હીરની ગાંઠ અને તેલનું ટીપું. વજ્રની પૃથ્વી અને વજ્રની ખીલી. સ્વરૂપનિષ્ઠા અને આત્મનિષ્ઠા આ બે દૃઢ થાય એટલે સુખના ધોધ છૂટે. આ બેનો સમન્વય એટલે સર્વે ગુણનો આવિર્ભાવ. મહાત્મ્યનો વિચાર એટલે સ્વરૂપનિષ્ઠા. થયેલી કૃપાનો વિચાર એટલે આત્મનિષ્ઠા."

શ્રીજીમહારાજે શ્રીમુખે વચનામૃતમાં સ્વરૂપનિષ્ઠા અને આત્મનિષ્ઠા સમજવાનો આગ્રહ દર્શાવતાં કહ્યું છે, "પુરુષોત્તમના (અમારા) સ્વરૂપને વિષે દૃઢ નિષ્ઠા થઈ તેને એથી ઉપરાંત બીજું કાંઈ સમજવાનું રહ્યું નથી." - વચ. ગ. મ. ૧૭

"આત્મનિષ્ઠારૂપ એક ગુણ તે આવે તો સર્વે ગુણમાત્ર આવે છે." - વચ. લો. ૬

બાપાશ્રીએ સ્વમુખે વાતોમાં બહુધા સ્વરૂપનિષ્ઠા અને આત્મનિષ્ઠાની જ દૃઢતા કરાવી છે :

"આત્મનિષ્ઠા ને શ્રીજીમહારાજનો મહિમા એ બે સાધને કરીને કામ જિતાય છે."

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨

"શ્રીજીમહારાજમાં નિષ્ઠા કહેતાં સ્થિતિ તે આત્મનિષ્ઠા જાણવી."

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૨૯

મહારાજ કેવા છે તેવી સ્વરૂપનિષ્ઠા દૃઢ કર્યા પછી આત્મનિષ્ઠા શા માટે દૃઢ કરવાની ? તો ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સમજાવ્યું છે કે, "માત્ર શ્રીજીમહારાજને સર્વોપરી જાણવાથી આપણને કંઈ નફો ન થાય, કોઈ લાભ ન મળે. એ તો મારો બાપ કરોડપતિ છે પણ હું ભિખારી છું એના જેવી પરિસ્થિતિ થાય. પરંતુ જ્યારે 'મુઝે કૌન મિલા હૈ ઔર કૈસા કિયા હૈ' એ મુજબ શ્રીજીમહારાજ સર્વોપરી દિવ્યાતિદિવ્ય સ્વરૂપ છે અને મને પણ એમના જેવો કર્યો છે. હવે હું કોણ છું ? ને કેવો કર્યો છે ? તો હું અનાદિમુક્ત છું અને પુરુષોત્તમરૂપ કર્યો છે એવું સમજાય તો જ યથાર્થ આનંદ આવે." અર્થાત્ સ્વરૂપનિષ્ઠા અને આત્મનિષ્ઠા બેયનું જ્ઞાન ફરજિયાત છે. તેનું જ્ઞાન બાપાશ્રી કેવા આગ્રહપૂર્વક સૌને દૃઢ કરાવતા તે જાણી આપણે દૃઢ કરવા તરફ આગળ વધીએ.

## ❑ શ્રીજીમહારાજના સ્વરૂપની ઓળખાણ :

શ્રીજીમહારાજે કારિયાણીના ૭મા વચનામૃતમાં કહ્યું છે કે, "પ્રત્યક્ષ પુરુષોત્તમને વિષે દૃઢ નિષ્ઠા તેને આત્યંતિક કલ્યાણ કહીએ." એટલે કે શ્રીજીમહારાજના સ્વરૂપને વિષે નિષ્ઠા એ મોક્ષનું દ્વાર છે. મોક્ષ માર્ગનો એકડો છે. સર્વ સાધનની સિદ્ધિ છે. શ્રીમુખે ગઢડા પ્રથમના ૫૬મા વચનામૃતમાં કહ્યું છે, "એ તો એ જીવને જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા તેટલો જ આત્મા-પરમાત્માનો વિવેક થાય છે. પણ ઈષ્ટદેવના

બળ વિના તો કોઈ સાધન સિદ્ધ થાતાં નથી.''

શ્રીજીમહારાજ પોતાની સર્વોપરી ઉપાસના દૃઢ કરાવવા જ આ બ્રહ્માંડમાં મનુષ્યને મનુષ્ય જેવા દેખાયા. ઉપાસના મુખ્ય રહે તે માટે જ ગગનચુંબી શિખરબદ્ધ મંદિરો કર્યાં અને સદ્. ગોપાળાનંદ સ્વામી જેવા સમર્થ સદ્ગુરુશ્રીઓને સાથે લાવ્યા. સંતો-હરિભક્તો પાત્રતાના અભાવે શ્રીજીમહારાજને યથાર્થ ઓળખી ન શકતા. શ્રીજીમહારાજના મૂળ સંકલ્પની પુષ્ટિ કરવાને બદલે વિપરીત સંજોગો સર્જાતા ત્યારે શ્રીહરિ દિલગીર થઈ જતા.

''મહારાજ ! આજે આપ કેમ ઉદાસ જણાવ છો ?''

''શું કરીએ સ્વામી ! આપણે અક્ષરધામમાંથી મોટા મોટા અવતારોનો, તેમના ભક્તોનો તથા અનંત જીવોનો આત્યંતિક મોક્ષ કરવા આવ્યા છીએ. તે કાજે તમારા જેવા સંતો જ્યારે અમારા સ્વરૂપની જેમ છે તેમ વાતો કરે છે ત્યારે તેઓ સમજી શકતા નથી. પોતાની પૂર્વની સમજણને લઈને તમારા જેવા મોટા મુક્તોને વાતો કરતા અટકાવે છે ને સમજવા દેતા નથી. કેટલાક અનાદિકાળના અજ્ઞાનથી પરવશ થયેલા સાધારણ જીવો તમારા જેવા સંતોને અનેક પ્રકારના ઉપદ્રવે કરીને કુરાજી કરે છે. તેથી આજ અમને એ વાતની ઉદાસી થઈ આવી.''

મહારાજના નેત્રકમળ સંતો પ્રત્યેના હેતના આંસુથી ભરાઈ આવ્યા. ઘડીભર મૌન રહી મહારાજ ફરી બોલ્યા, ''સ્વામી ! તમારા દાખડા બહુ છે તે અમે જાણીએ છીએ. તમે અમારા સારુ અજ્ઞાની જીવોના માર તથા અપમાન સહન કરો છો. તેથી અમને ઘણું દુઃખ થાય છે.''

''મહારાજ ! આપ રાજી રહો; અમને સંતોને કાંઈ દુઃખ નથી.''

''સ્વામી ! અનંત ધામના મુક્તો તથા ધામના અધિપતિઓ અમારા દિવ્યાતિદિવ્ય સ્વરૂપનો મહિમા અને અમારું સામર્થ્ય જેમ છે તેમ જાણે તો અમારો ને તમારો દાખડો લેખે લાગે.''

શ્રીહરિએ સ્વ-સ્વરૂપની યથાર્થ ઓળખાણ કરાવવાનો મુખ્ય સંકલ્પ સંત શિરોમણિ એવા સદ્. ગોપાળાનંદ સ્વામી આગળ ઘોષિત કર્યો. એટલેથી ન અટકતાં શ્રીજીમહારાજે સ્વામીને કહ્યું કે, ''જો તમે અમારું પુરુષોત્તમપણું નહિ પ્રવર્તાવો તો અમે તમને આ દેહમાં એક હજાર વર્ષ સુધી રાખીશું.''

શ્રીજીમહારાજનો જીવોને પોતાની સર્વોપરી સ્વરૂપનિષ્ઠા દૃઢ કરાવવાનો સંકલ્પ હતો. સાંપ્રત સમાજની ભીંસ અને અણસમજણ અવળી પડી. તેથી સખેદ મંદિરોના મધ્યખંડમાં પરોક્ષ અવતારોની મૂર્તિ પધરાવવી પડી. સત્સંગિજીવન આદિ શાસ્ત્રોમાં પોતાને પરોક્ષ અવતાર જેવા લખવા પડ્યા. તેમ છતાં શ્રીજીમહારાજના મૂળ સંકલ્પો વચનામૃત આદિક ગ્રંથોમાં સંગ્રહાયેલા છે. સમુદ્રના પેટાળમાં સંગ્રહાયેલા છૂટાછવાયા મોતીને ખોળવા જેવું કપરું કાર્ય વચનામૃતમાંથી શ્રીહરિની સર્વોપરી ઉપાસના સમજાવતી વાતોને ખોળવાનું

છે. જે સાચાં મોતી પામે તે ન્યાલ થઈ જાય તેમ જેઓ શ્રીહરિની યથાર્થ સ્વરૂપનિષ્ઠા દૃઢ કરે તે ન્યાલ થઈ જાય છે.

ન્યાલ કરવા ન્યાલકરણ બાપાશ્રી પધાર્યા.

"સર્વોપરી ઉપાસના ને, પતિવ્રતાની ભક્તિ;
પોતાના ઘરની જે વાતો, તેની કોણ બતાવે જુક્તિ.
પોતે કાં પોતાના સંકલ્પ, ખરું રહસ્ય તો જાણે;
તેને જે જે જીવ મળે તે, મહા સુખડાં તો માણે."

શ્રીજીમહારાજે કરેલી વાતો એમના ઘરેથી અર્થાત્ ધામમાંથી પધાર્યા હોય એ જ યથાર્થ જાણે એ નિઃશંક છે. બાપાશ્રીએ વચનામૃતમાં રહસ્યમય રીતે છુપાયેલી સર્વોપરીપણાની ગૂઢ રહસ્યમય વાતોને સ્પષ્ટ કરી. વચનામૃતનાં જ પ્રમાણો આપી શ્રીહરિના સર્વોપરીપણાની યથાર્થ ઘેડ્ય પડાવી. સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીહરિની શુદ્ધ સર્વોપરી અજોડ સ્વરૂપનિષ્ઠાના પ્રવર્તનનો પ્રારંભ કર્યો.

બાપાશ્રીની વાતોમાં ભાગ-૧ની પ્રસ્તાવનામાં પણ કહ્યું છે, "દરેક સંપ્રદાયમાં પામર, વિષયી, મુમુક્ષુ અને મુક્તજીવો હોય છે જ. તેમ આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ તે ઉપરાંત સાત ધામોના મુક્તો પોતાના આત્યંતિક કલ્યાણ માટે આવે છે એ વિશેષ છે." તેથી જ શ્રીજીમહારાજનો આ બ્રહ્માંડમાં પ્રગટ થવાનો એક હેતુ આ પણ હતો કે,

"स्वकीयावतारास्तदीया श्च भक्ता निजोपासनां ज्ञानमाबोध्य तेषां ।
तथा स्वधामाधिनेतुं विचिंत्यागतो श्रीहरि र्हैतु रुक्त श्चतुर्थः ॥"

અર્થાત્ પોતાના અન્વય સ્વરૂપના અવતારોને ને તેમના ભક્તોને પોતાની ઉપાસના-જ્ઞાન આપીને પોતાના ધામમાં લઈ જવા. શ્રીહરિનો પ્રગટ થવાનો આ હેતુ હતો.

બાપાશ્રીએ વચનામૃતનાં જ પ્રમાણો આપી મહારાજને સર્વ અવતારના અવતારી, સનાતન, સર્વોપરી, સર્વના કારણ એવા ફલિત કર્યા છે.

એક વખત બાપાશ્રી સભામાં પધાર્યા. સદ્. મુનિસ્વામીએ સભામાં અમદાવાદનું ૭મું વચનામૃત વાંચ્યું. તેમાં શ્રીજીમહારાજના સનાતનપણાની તથા સર્વોપરીપણાની વાત આવી ત્યારે બાપાશ્રીએ શ્રીજીમહારાજનું સનાતનપણું સમજાવતાં કહ્યું, "ક્યાં મહારાજ અને ક્યાં અવતાર ! શ્રીજીમહારાજની કોઈ જોડ નથી. એમના જેવા તો એ એક જ છે.

'આ મૂર્તિ સૌથી નોખી અચરજકારી છે;
ચોક્કસ વાત કહું છું ચોખી અચરજકારી છે.'

સદ્. નિષ્કુળાનંદ સ્વામી રચિત હરિસ્મૃતિના પદ-૭ની આ પંક્તિ દ્વારા તથા

"જોવા રાખી નહિ જોડ પુરુષોત્તમ પ્રગટી રે..."

એ કીર્તનની પંક્તિ સમજાવીને કહ્યું, "આવું શ્રીજીમહારાજનું સનાતનપણું અને સર્વોપરીપણું ન સમજાય તો જીવનો આત્યંતિક મોક્ષ ન થાય.

ગઢડા છેલ્લાના બીજા વચનામૃતમાં સર્વે ધામોની સભા કરતાં આ સત્સંગીની સભાને અધિક કહી સાચું કરાવવા સમ ખાધા છે. તેમ છતાંય કેટલાક નવા આદરવાળા સમજી શકતા નથી. પરંતુ જો તેઓ અમદાવાદનું ૭મું વચનામૃત વાંચી મનન કરે તો સમજાય તેવું છે.'' એવી રીતે શ્રીજીમહારાજના સનાતનપણાની ઘણીક વાતો કરી.

બાપાશ્રીનું પ્રાગટ્ય જ ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને જેમ છે તેમ યથાર્થ ઓળખાવી શ્રીજીસંમત ગૂઢ રહસ્યો, સિદ્ધાંતોને સુગમ કરી સમજાવવા માટે હતું. શ્રીજીમહારાજે પોતાની હયાતીમાં પોતાના સ્વરૂપની સર્વોપરી નિષ્ઠા કરાવવા ઘણા દાખડા કર્યા. પરંતુ સંપ્રદાય નવો હતો ને જીવો નવા આદરવાળા હતા. તેથી સ્વામિનારાયણ ભગવાન છે તેવું સમજાવવામાં પણ ઘણો દાખડો પડતો હતો. તો સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી ભગવાન છે તે કેવી રીતે સમજી શકે ? વળી, પોતે પોતાના મુખે પોતાના સ્વરૂપની યથાર્થ વાતો કેમ કરે ? તેથી મહારાજે પોતાના મુક્ત દ્વારા એટલે કે અબજીબાપાશ્રીને આ સિદ્ધાંતો ઉજાગર કરવા ને સમજાવવા માટે જ મોકલ્યા હતા. જીવનપ્રાણ બાપાશ્રીએ પણ શ્રીજીમહારાજની સર્વોપરીતા, સનાતનપણું, અન્વય-વ્યતિરેકપણું આદિ ઘણા સિદ્ધાંતો સ્પષ્ટપણે સમજાવ્યા. અત્રે તેના અંશોને જાણીશું.

''સર્વેથી પર શ્રી સ્વામિનારાયણ સનાતન ભગવાન છે. તે મારા સ્વામી છે, સર્વેના નિયંતા છે, સર્વેના કારણ છે, સર્વ સુખમય મૂર્તિ છે અને અનંત ઐશ્વર્યે યુક્ત છે.

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૩૫

''સ્વામિનારાયણમાં ત્યાગ-ભાગ નથી. આ તો અચળ, સનાતન ને અનાદિ છે ને સર્વેના ઉપરી છે તે કોઈથી દબાય નહીં. પણ બીજાને પોતે દબાવી દે; એવી સામર્થીએ યુક્ત મહારાજ સદાય છે, છે ને છે.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૭૫

''શ્રીજીમહારાજને જેવા છે તેવા સર્વોપરી જાણે ત્યારે તેનું મૂળ અજ્ઞાન નાશ પામે ને શ્રીજીમહારાજની વ્યતિરેક મૂર્તિનો સંબંધ થાય ત્યારે તે મુક્ત થાય. માટે વ્યતિરેક મૂર્તિનો સંબંધ તો મુક્તને જ છે.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૬૩

''સત્સંગમાં ચાલોચાલ ભક્તોમાં અંદર પડદે રહ્યા છે અને એકાંતિકમાં વ્યતિરેક એટલે મૂર્તિમાન રહ્યા છે, અને પરમએકાંતિકને સન્મુખ રહ્યા છે, ને અનાદિ તો મૂર્તિમાં જ રહ્યા છે; એ તો બહુ સુખિયા છે ને એમની તો વાત જુદી છે. તે ભગવાન અહીં સાક્ષાત્ વિરાજે છે.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૬૨

''મહારાજનું તેજરૂપ ધામ તો સર્વત્ર પૂર્ણ સચ્ચિદાનંદપણે અખંડ છે. મહારાજ તે તેજના કારણ એટલે જ્યાં મૂર્તિ ત્યાં અક્ષરધામનું મધ્ય.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૧૧૮

"પછી ભૂજના લાલશંકરભાઈએ પૂછ્યું જે, મૂળઅક્ષર ને અક્ષર તે એક છે કે જુદા ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મૂળઅક્ષર કહો કે અક્ષર કહો તે એક જ છે ને એની કોટિઓ છે, અને અક્ષરધામની કિરણમાં એમની અનંત કોટિઓ રહી છે. અક્ષરધામ તો એ કોટિઓનું આધાર, અંતર્યામી, પ્રેરક ને નિયંતા છે; અને તે અક્ષરધામ તે શ્રીજીમહારાજનું તેજ છે."

– શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૭૧

"શ્રીજીમહારાજ તો જીવથી લઈને અક્ષર પર્યંત સર્વેને વિષે અંતર્યામીપણે એટલે અન્વય સ્વરૂપે રહ્યા છે." – શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૬૩

"આજ જેને ધામની મૂર્તિ, મનુષ્યરૂપ મૂર્તિ અને પ્રતિમા એક જ છે એવો દિવ્યભાવ આવે, તેમજ તેમનાં વચનામૃત ઉપરથી સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વોપરી, સદા સાકાર, સર્વ કર્તા-હર્તા જાણે ને મૂર્તિ સિદ્ધ કરે તેણે મહારાજને સર્વોપરી ભગવાન જાણ્યા કહેવાય." – શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/ઉપોદ્‌ઘાત

"શ્રી પુરુષોત્તમનારાયણને સર્વે કારણના કારણ જાણવા. જેમ વડનું ઝાડ મોટું દેખાય છે અને બીજ નાનું છે. તે નાનામાં ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયની સામર્થી છે, તેમ ભગવાન તો આવડા મનુષ્ય જેવડા જ હોય પણ અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કારણ છે. તે શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'સૌને વશ કરું રે, સૌનો કારણ હું ભગવાન.' એમ કારણમાં અલૌકિકપણું છે." – શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૮૩

"સૌના કારણ શ્રીજીમહારાજ છે. એ મૂર્તિને ખરેખર તેજોમય સમજવી. મનુષ્યભાવ કે પ્રતિમાભાવ એ મૂર્તિમાં નથી. દિવ્ય મૂર્તિ છે." – શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૪૧

"કોઈને મંદવાડ આવ્યો ને દવા કરી તો એમ ન માનવું જે દવાએ સાજો કર્યો, એ તો જ્યારે મહારાજ ભળે છે ત્યારે જ સાજા થવાય છે. એવી રીતે દરેક કાર્યમાં શ્રીજીમહારાજને જ કર્તા જાણવા, પણ મહારાજનું કર્તાપણું લેશમાત્ર ઓછું થવા દેવું નહીં. તે વિના કોઈથી સૂકું પાંદડું પણ તોડાતું નથી, માટે દેહના સુખ સારુ શ્રીજીમહારાજનું વચન લોપવું નહીં. તો મહારાજ તથા મોટા મુક્ત અતિ પ્રસન્ન થાય છે."

– શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૩૫

બાપાશ્રીની સર્વોપરીપણાની વાત સમજાવવાની લઢણ અનોખી હતી. સર્વોપરીપણાની વાતો સાંભળનારાના ગળે શીરાની માફક ગટ દઈને ઊતરી જતી. વિરોધીઓના વિરોધ અને તર્કવાદીઓની દલીલોના આવેગો આપોઆપ શમી જતા. શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે એવું તેઓ દૃઢપણે સ્વીકારી લેતા.

એક વખત બાપાશ્રી પાસે એક વિદ્વાન સાધુ આવ્યા. તેમની વિદ્વત્તા શાસ્ત્રોની હતી. પરંતુ શ્રીજીમહારાજ અને અન્ય અવતારો જુદા છે તેવું તથા મહારાજ સર્વોપરી છે તેવું એ જાણતા નહીં. તેથી તેમણે સભામાં વાતની સ્પષ્ટતા માટે મહારાજ અને બીજા અવતારો ક્યાં જુદા છે ? એમ વાત કરી. બાપાશ્રીએ તેમને કહ્યું, "આ માટે તમે અમદાવાદનું ૭મું

વચનામૃત વાંચો.'' વિરોધાત્મક વલણ સાથે ઉગ્ર સ્વરમાં તેઓ બોલ્યા, ''એ તો પાછળથી વચનામૃત થયાં છે. અમારા દેશની પ્રતમાં એ નથી.'' બાપાશ્રીએ હળવાશથી કહ્યું, ''તો પ્રથમ પ્રકરણનું ૨૪મું વચનામૃત વાંચો. એ તો તમારા દેશની પ્રતમાં છે ને ?''

તેમણે એ વચનામૃત વાંચ્યું. તેમાં જ્ઞાને કરીને સ્થિતિ થાય છે ત્યારે પ્રકૃતિપુરુષ ને એનું કાર્ય એ કાંઈ નજરમાં આવતું નથી. એકરસ ચૈતન્ય ભાસે છે. તેને વિષે એક ભગવાનની મૂર્તિ જ રહે છે. બીજો કોઈ આકાર રહેતો નથી. ભગવાનની મનુષ્યરૂપ મૂર્તિ જે પોતે તેમાં અખંડવૃત્તિ રાખવાથી એવી સ્થિતિ થાય છે. તેમાં એમ આવ્યું તેથી તેઓ કાંઈ બોલ્યા નહીં.

બાપાશ્રીએ ફરી કહ્યું, ''મધ્યનું ૬૨ છે તેમાં જેને દાસત્વભક્તિ હોય તેને પોતાના ઈષ્ટદેવનું દર્શન, તેનો સ્વભાવ તથા તેની જ વાર્તા સાંભળવી ગમે એમ કહ્યું છે. તે આપણા ઈષ્ટદેવ કયા ?'' ત્યારે તે સાધુ બોલ્યા, ''મહારાજ !'' જવાબ આપતાં તેઓ છોભીલા પડી ગયા.

બાપાશ્રીના સચોટ ઉત્તરો સાંભળી તેમનો વિદ્વત્તાનો અહંકાર ઓગળ્યો અને વિનય વચને પૂછ્યું, ''મહારાજે મંદિરમાં પોતાની મૂર્તિઓ કેમ ના પધરાવી ને અવતાર કેમ પધરાવ્યા ?''

બાપાશ્રીએ ઉત્તર કર્યો કે, ''એ તો શ્રીજીમહારાજે પોતે જે લોજ, માંગરોળ આદિકમાં અવતારો રૂપે દર્શન આપ્યાં હતાં તે પોતાની સંકલ્પ સ્વરૂપની જ મૂર્તિઓ પધરાવી છે. તોપણ તે મૂર્તિનું ધ્યાન થાય નહીં. તે લોયાના ૧૧મા વચનામૃતમાં આજ્ઞા કરી છે કે, 'અમારા આશ્રિતે અમારું જ ધ્યાન કરવું પણ પૂર્વે થઈ ગયા જે અવતાર તેનું ધ્યાન ન કરવું.' તેમાં અવતાર-અવતારીની વિક્તિ સમજાવી છે.

તેમ જ છેલ્લાના ૧૬મામાં કહ્યું છે કે, 'જેને ભગવાન સાથે દૃઢ પ્રીતિ બંધાણી છે તેને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહીં.' એ વચન પ્રમાણે બીજા અવતારમાં સ્વામિનારાયણ ભગવાન જેવો ભાવ બેસે તો પતિવ્રતાપણું જાય. એટલા માટે જ વચનામૃતમાં વ્યભિચારિણીના જેવી ભક્તિ કરવાની ના પાડી છે. આવી રીતે મહારાજે વચનામૃતમાં ખુલાસા કર્યા છે તોય આપણે ન સમજીએ તો મહારાજનો મહિમા શું જાણ્યો ?'' આ ઉપરાંત ઘણાં વચનામૃતનાં પ્રમાણ આપી બાપાશ્રીએ તેમને યથાર્થ સ્વરૂપનિષ્ઠા સમજાવી.

પછી તે સાધુ અહોભાવ સાથે બોલ્યા, ''બાપા ! હું તો એમ જાણતો જે આ સત્સંગમાં કેટલાક અવતાર-અવતારીના જ્ઞાનનાં ચૂંથણાં કરે છે તેમાં ભગવાનનો અપરાધ થાય છે. પણ હવે તો મને એમ સમજાય છે જે મહારાજ જેવા છે તેવા ન ઓળખાય તો જ અપરાધ થાય.''

તેમને બાપાશ્રીની અનુભવસિદ્ધ વાણી સાંભળી બાપાશ્રી પ્રત્યે બહુ હેત થઈ ગયું અને

વારંવાર એમ બોલવા લાગ્યા, “બાપા ! હું તો સાધુ આજ થયો એવું મને લાગે છે.”

આવી રીતે બાપાશ્રી વચનામૃતના જ બાધ-બાધાંતરો આપી મહારાજનું સર્વોપરીપણું, સર્વ અવતારના અવતારીપણું, સનાતનપણું એવું સ્પષ્ટપણે સમજાવતા. જેથી મુમુક્ષુના જીવમાંથી શ્રીજીમહારાજ સિવાય અન્ય અન્વય સ્વરૂપના સંબંધવાળાનો ભાર-પ્રતીતિ ટળી જતા.

શ્રીજીમહારાજ સનાતન અને સર્વોપરી ભગવાન છે તેવું દૃઢ કરાવવાની સાથે તેઓ સદાય પ્રગટ અને પ્રત્યક્ષ છે એવી પાયાની સમજણની પણ યથાર્થ દૃઢતા કરાવતા.

શ્રીજીમહારાજ સંવત ૧૮૩૭માં પ્રગટ થયા ને સંવત ૧૮૮૬માં ગયા. બાપાશ્રીએ સંપ્રદાયમાં પ્રસરેલી આ પરોક્ષભાવની ગેરમાનીનતા સંપૂર્ણ નાબૂદ કરી પ્રત્યક્ષભાવની શુદ્ધ માનીનતા સમજાવી. ભગવાન સ્વામિનારાયણ મૂર્તિ સ્વરૂપે સદાય પ્રગટ, પ્રગટ અને પ્રગટ જ છે. મનુષ્ય સ્વરૂપ મૂર્તિ, પ્રતિમા મૂર્તિ અને ધામની દિવ્ય તેજોમય મૂર્તિ ત્રણેય એક જ છે. ત્રણેયમાં રોમમાત્રનો ફેર નથી.

બાપાશ્રી પ્રત્યક્ષભાવની સમજણ દૃઢ કરાવતાં કહેતા, “પ્રતિમા ને ધામની મૂર્તિ તે એક જ છે. તેને સરખી ન જાણે તેની સમજણ ખોટી છે અને તે નાસ્તિક છે અને તેની વાત ન સાંભળવી. પ્રતિમા બોલતી નથી તે પોતાના ભક્તોને જાળવે છે, કેમ જે કોઈકને બોલાવે ને કોઈકને ન બોલાવે તો હર્ષ-શોક થઈ આવે; માટે પાત્ર થયો હોય તેને તથા પાત્ર ન થયો હોય તે સર્વેને સરખાં દર્શન આપે છે. માટે બોલતાં નથી પણ પ્રત્યક્ષ છે.

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૫૪

એક વખત સરસપુરના જેઠાભાઈએ બાપાશ્રીને પૂછ્યું કે, “આજ ભગવાન ક્યાં હશે ?” બાપાશ્રીએ પ્રતિમા મૂર્તિ સામે આંગળી ચીંધતાં કહ્યું, “આ બેઠા મૂર્તિમાન !” જેઠાભાઈએ કહ્યું કે, “બાપા, મૂર્તિ તો બેઠી રહી છે.” બાપાશ્રીએ પ્રત્યક્ષભાવ સમજાવતાં કહ્યું, “હાલવા ખપે તે જ બેઠા છે ને તે જ પ્રત્યક્ષ છે; જે અક્ષરધામમાં છે એ જ છે. આ સભામાં પ્રત્યક્ષ શ્રીજીમહારાજ અને મુક્ત છે; તેમાં ખોટું કહેતા હોઈએ તો સમ છે.”

બાપાશ્રી પ્રતિમા મૂર્તિની સેવા-પૂજા આદિકમાં એવો પ્રત્યક્ષભાવ સમજાવતા કે પ્રગટભાવ એ નિકટમાં રહેનાર સંતો-હરિભક્તોના જીવનનું અંગ બની જતું.

સોમચંદભાઈ બાપાશ્રીએ સમજાવેલી સમજણ પ્રમાણે પ્રગટભાવે સેવા કરતા અને અન્યને શીખવતા. તેઓ પ્રતિમા મૂર્તિને ધરાવ્યા વિના કશું ગ્રહણ કરતા નહીં. રસોઈ કરતાં ક્યારેક મીઠું વગેરે ભૂલી ગયા હોય ને મહારાજને થાળ કર્યા પછી ખબર પડે તો ઉપરથી કાંઈ લેતા નહીં. અને કોઈને લેવા દેતા નહીં.

એક વખત ભૂલથી કડવી દૂધીનું શાક થાળમાં ધરાવાઈ ગયું. જમાડવા બેઠા ત્યારે ખ્યાલ આવ્યો કે શાક કડવું છે. તેમ છતાં કોઈ પ્રતિભાવ આપ્યા વિના જમાડી ગયા. કડવી દૂધીના કારણે નાહવાનું (બહિર્ભૂમિએ જવાનું) થઈ ગયું. હરિભક્તોએ કહ્યું, “જાણીને શા માટે

આવા હેરાન થાવ એવું કરો છો ?'' ત્યારે ઉપદેશ આપતાં બોલ્યા, ''મહારાજ પ્રગટ થાળ જમે છે. તેમને ભૂલથીયે જેવું તેવું જમાડીએ ને આપણે ભૂલ સુધારીને સારું જમાડીએ તો મહારાજની અવગણના કરી કહેવાય. મહારાજ રાજી ન થાય.''

બાપાશ્રીએ સમજાવેલો પ્રત્યક્ષભાવ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સહજમાં સૌને દૃઢ કરાવ્યો છે. એક વખત એક હરિભક્તે ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે આવી કહ્યું, ''બાપજી, જો મહારાજ મને સાક્ષાત્ દર્શન આપે તો હું તેમને પકડી પાડું.'' ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી સિંહાસનમાં બિરાજિત ઘનશ્યામ મહારાજની મૂર્તિ સામે નિર્દેશ કરી બોલ્યા, ''આ રહ્યા મહારાજ. સવારે ૬થી ૧૨ અને સાંજે ૪થી ૯ વાગ્યા સુધી રોજ દર્શન આપે છે.'' ત્યારે તેઓએ કહ્યું, ''આ નહિ, સાક્ષાત્ મહારાજ !'' ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''આ સાક્ષાત્ મહારાજ જ છે. આ પ્રતિમા મૂર્તિમાં જ અનંત ઐશ્વર્ય, તેજ, લાવણ્યતા, અનંત અનાદિમુક્તો છે.'' આમ, પ્રગટભાવની સમજણ આપી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તે હરિભક્તને કૃતાર્થ કર્યા.

વળી, શ્રીજીમહારાજ સદાય અંતર્યામી છે. તેઓ બધું જ જાણે છે. બાપાશ્રી એવી અંતર્યામીપણાની સમજણ દૃઢ કરાવતા.

એક વખત બાપાશ્રીએ સભામાં વાત કરી કે, ''મહારાજ આપણી સામું જોઈ રહ્યા છે અને તે બધુંય જાણે છે એવી સમજણ રાખવી. મહારાજથી કોઈ વાત અજાણી નથી. એમ જાણવાથી મહારાજની પ્રસન્નતા ભળે છે. તે ઉપર વાત કરી જે, એક ગામમાં ત્રણ ભાઈ ભેગા રહેતા હતા. તે જુદા થયા ત્યારે એક ભાઈના ભાગમાં મૂળ રહેવાનું જૂનું ઘર આવ્યું. ચાર-પાંચ વર્ષે જ્યારે તે ઘર સમું કરાવતો હતો ત્યારે તે ઘરમાંથી રૂપિયાની માટલી નીકળી. તે વખતે તેણે તેના બીજા ભાઈઓને બોલાવી ભાગ વહેંચી દીધો. ત્યારે તેને પોતાના મળતાવળાઓએ કહ્યું કે, તમારા ભાઈને ક્યાં રૂપિયા નીકળ્યાની ખબર છે ? ને તમારા ઘરમાંથી નીકળ્યા છે તેથી તે શેનો ભાગ માગે ? ત્યારે તેણે તે કહેનારાને કહ્યું જે, તેને તો ખબર નથી પણ શ્રીજીમહારાજ તો જાણે છે ને કે આ દ્રવ્ય સહિયારું છે. માટે તેમાં તે કેમ ભાગ ન માગે ? આવી રીતે ભગવાનના ભક્તની સમજણમાં 'ભગવાન સર્વે જાણે છે' એમ રહે છે. તેથી તે એમ જાણે જે, હું અન્યાય કરીશ તો શ્રીજીમહારાજનો રાજીપો મારી ઉપર નહિ રહે, માટે શ્રીજીમહારાજ કુરાજી થાય એવું હરિભક્ત ક્યારેય પણ કરે નહીં.''

આજ્ઞા બહાર ન વર્તાય તે માટે સાધનદશામાં વર્તનાર સાધનિક માટે શ્રીજીમહારાજને મૂર્તિ રૂપે સદાય પ્રગટ અને અંતર્યામી જાણવા ફરજિયાત છે. જો શ્રીજીમહારાજ પ્રગટ છે એવી સમજણ દૃઢ થાય તો સ્થૂળ દેહે આજ્ઞા ન લોપાય અને અંતર્યામી છે એવી સમજણ દૃઢ થાય તો સૂક્ષ્મ દેહે પણ આજ્ઞા ન લોપાય. વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી પ્રગટભાવ ને અંતર્યામીપણું દૃઢ કરાવતી એક અદ્ભુત પ્રાર્થના સાચા ભાવે આગ્રહપૂર્વક કરાવે છે કે,

"હો શ્રીજી તમારું પ્રગટપણું, અંતર્યામીપણું અખંડ રહો,
હો શ્રીજી સદાય તમે રાજી રહો, એવું દિવ્યજીવન મારે જીવવું છે;
મારી સર્વે ક્રિયાને તમે જુઓ છો, સર્વે સંકલ્પોને તમે જાણો છો;
દિવ્યદૃષ્ટિરૂપી તવ કૅમેરો, સદાય અમ પર ધારો છો;
આજ્ઞા વિરુદ્ધ કશું થાય નહિ, એવું પ્રગટપણું રખાવજો."

જેમ મહારાજ પ્રગટ અને અંતર્યામી છે એમ સદાય દિવ્ય જ છે અર્થાત્ માયિક નથી. જેમ મનુષ્ય જન્મે, મૃત્યુ પામે એમ મહારાજને વિષે જન્મ-મૃત્યુ કે દેહ-દેહીભાવ નથી.

ઓરડાના ત્રીજા પદમાં કહ્યું છે કે,

"મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર."

મહારાજના એ વચનાનુસાર બાપાશ્રીએ સંતો-ભક્તોના જીવનમાં શ્રીજીમહારાજનું સ્વરૂપ સદાય દિવ્ય અને સદાય સાકાર છે એવા દિવ્યભાવની ખૂબ દઢતા કરાવી છે.

મનુષ્યરૂપ મૂર્તિને વિષે માયિકભાવ નથી તેમ પ્રતિમા મૂર્તિને વિષે ચિત્ર-પાષાણાદિક તથા ધાતુ-આરસનો ભાવ નથી. એ તો અવરભાવવાળાને ચર્મચક્ષુએ દેખાય છે પરંતુ મહારાજ તો સદાય તેજના સમૂહમાં જ છે. દિવ્ય જ છે. આ સમજણ દઢ કરાવવા બાપાશ્રી કહેતા, "મંદિરમાં મૂર્તિ પધરાવ્યા પછી ભાવ સારો આવ્યો છે કે નથી આવ્યો એમ ભાવ જોવો નહિ કેમ જે અક્ષરધામમાં મૂર્તિ છે તે જ પ્રતિમા છે પણ એક રોમનો ફેર નથી. જો ફેર જાણે તો દ્રોહ કર્યો કહેવાય."

એક વખત સાધુ દેવજીવનદાસજીએ પૂછ્યું કે, "બાપા ! મહારાજના ચરિત્રને વિષે સંશય કરવો નહિ એમ કહ્યું છે તે અત્યારે મહારાજના કયાં ચરિત્ર સમજવાં ? અને તે મનુષ્યચરિત્રને વિષે દોષ ન પરઠવો એમ પણ કહ્યું છે તે અત્યારે મહારાજની મૂર્તિઓ છે તે શું મનુષ્યચરિત્ર કરે છે ?" ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અત્યારે શ્રીજીમહારાજની મૂર્તિ એ સાક્ષાત્ ભગવાન પોતે જ છે એમ માનવું અને મૂર્તિનાં ઘરેણાં, વસ્ત્ર વગેરે કોઈ લઈ જાય તોય તેમાં અવગુણ ન લે જે મૂર્તિ ધાતુ, કાષ્ઠ, પાષાણાદિકની છે એવો ભાવ ન લાવે ને એમ ન થાય જે પોતે પ્રત્યક્ષ બિરાજતા હોય તો ચોરને કેમ લેવા દે ? એમ નાસ્તિકભાવ ન આવે."

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૭૭

મહારાજ ગયા, હવે નથી. આ મૂર્તિ તે ફોટો છે, આવી નાસ્તિકભાવની બદીમાંથી બાપાશ્રીએ બહાર કાઢ્યા. મહારાજની ગેરહાજરી એટલે રંડાપો. બાપાશ્રીએ સંપ્રદાયને પ્રગટભાવ ને અંતર્યામીપણાની માનીનતા દઢ કરાવી આ રંડાપાથી બચાવ્યા છે. વળી, દિવ્યભાવની દઢતા કરાવી પ્રાપ્તિ અને કૃતાર્થપણાના કેફમાં રાચતા કર્યા. તેથી જ કારણ સત્સંગમાં સૌને મૂર્તિની પ્રગટભાવે દર્શન-સેવા-પૂજા કરવામાં આનંદ-આદર-મર્યાદા અને પૂજ્યભાવ વિશેષ દર્શિત થાય છે.

અવરભાવ-પરભાવમાં સદાય સુખિયા રહેવા માટેની શ્રેષ્ઠ સમજણ — અનંતકોટિ બ્રહ્માંડમાં શ્રીજીમહારાજ જ સર્વ કર્તા-હર્તા છે. શ્રીજીમહારાજને જેમ છે તેમ ઓળખવાના આ છઠ્ઠા પાયાની દૃઢતા કરાવી, બાપાશ્રીએ સંતો-હરિભક્તોને કાળ, કર્મ, માયા, સ્વભાવ, ભયથી નિર્ભય કર્યા. અન્યનું કે પોતાનું કર્તાપણું ટળાવી એકમાત્ર શ્રીજીમહારાજના આધારે જીવવાની ઉમદા સમજણ આપી.

શ્રીજીમહારાજની આજ્ઞામાં યથાર્થ રહેવું ને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સમજાવીને શ્રીજીમહારાજને વિષે પતિવ્રતાની ભક્તિ કરવી; તે શું ? તો એક શ્રીજીમહારાજ વિના કોઈને વિષે આસ્થા રાખવી નહિ ને કોઈને કર્તા જાણવા નહીં. ને સુખ-દુઃખ આવે તેમાં કોઈની માનગત (માનતા) ન કરવી અને ભગવાન સ્વામિનારાયણ વિના બીજાને કર્તા જાણે તે તો પંચમહાપાપીથીય વધુ પાપી છે. એમ વચનામૃતમાં મહારાજે કહ્યું છે. અને અન્વયના સંબંધવાળા જે સર્વે જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરે છે તે મહારાજની સત્તાએ કરીને કરે છે. પણ તે વિના સ્વતંત્રપણે કોઈ કરતા નથી. સ્વતંત્ર કર્તા તો એક શ્રીજીમહારાજ છે. એમ સમજીને મહારાજનો દૃઢ આશરો રાખવો તે પતિવ્રતાની ભક્તિ-ઉપાસના કહેવાય.

બીમારીમાં કોઈ અજાણ્યા વૈદ પાસે ઔષધ લેવા જાય તો ન ખપતું ઔષધ ન લેવાઈ જાય તે જોવું. મહારાજ આપણા કર્તા છે તેવાં ઉપદેશ વચનો કહી બાપાશ્રી મહારાજનું કર્તાપણું દૃઢ કરાવતા. જ્યારે પ્રત્યક્ષ શ્રીજીમહારાજ પોતે મળ્યા ત્યારે અન્યત્ર જાવું નહિ ને અનાશ્રય કરવો નહીં. કેમ જે વૈદ્ય-દાક્તર પણ ચાલ્યા જાય છે. ઔષધ કર્યા વિનાના કેટલાય ડોસા અહીં પડ્યા છે. માટે ઔષધની પ્રતીતિ ન રાખવી ને જંત્ર-મંત્ર તથા દેવ-અદેવની પ્રતીતિ ન રાખવી.

બાપાશ્રીના આગ્રહોને જ પોતાનું જીવન બનાવ્યું છે એવા દિવ્ય વિભૂતિ ગુરુવર્ય પ.પૂ. બાપજીમાં જીવનપર્યંત પળે પળે મહારાજના કર્તાપણાનાં દર્શન થાય છે. નિકટ રહેનાર સંતો-હરિભક્તો તેના સાક્ષી છે. નાનામાં નાની બાબતમાંય મહારાજને જ કર્તા કરે, મહારાજને જ કર્તા જાણે. એટલું જ નહિ, જોગમાં આવનારને પણ મહારાજનું કર્તાપણું દૃઢ કરાવે.

એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજીને ભારે સળેખમ ને તાવ હોવાથી સંતોએ દવા લેવાની પ્રાર્થના કરી. તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ‘‘સંતો, દવાથી સારું થશે કે મહારાજની મરજી હશે તો સારું થશે ? દવા તો નિમિત્ત છે. માટે મહારાજ બધું સારું કરશે. તમે બધું મહારાજ પર છોડો. અમે બધું મહારાજ પર જ છોડ્યું છે.’’

આપણે જો સાજા-માંદા થઈએ કે મોટી બીમારી આવી પડે તો તરત ડૉક્ટરની પાસે દોડી જઈએ. જો સારું થઈ જાય તો સૌને કહેતા ફરીએ કે મને આ દવાથી ફેર પડી ગયો કે આ ડૉક્ટરે સાજો કર્યો એવું રહેતું હોય છે. જ્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનમાં

એક શ્રીજીમહારાજ સિવાય અન્ય કોઈનું કર્તાપણું જોવા મળ્યું જ નથી.

મહારાજ સર્વ અવતારના અવતારી, સર્વના કારણ, એકમાત્ર સનાતન ભગવાન છે, પ્રગટ અને અંતર્યામી છે, દિવ્ય ને સાકાર મૂર્તિ છે. સર્વ કર્તા-હર્તા છે. આ સર્વે સમજણની સ્વજીવનમાં દૃઢતા થાય ત્યારે જ શ્રીજીમહારાજના સ્વરૂપની નિષ્ઠા દૃઢ થઈ કહેવાય. પ.પૂ. સ્વામીશ્રી કહેતા હોય છે કે, "સ્વરૂપનિષ્ઠા દૃઢ કરાવવાનો આગ્રહ શા માટે સેવવો ? તો જે સ્વરૂપને પામવાનું છે, જેનું સુખ લેવાનું છે તે સ્વરૂપ કેવું છે ? તે ઓળખાય તો તેને પામવાની તલપ જાગે તે માટે શ્રીજીમહારાજનું સ્વરૂપ યથાર્થ ઓળખાવ્યું છે."

બાપાશ્રીએ પ્રગટ થઈ આ સમજણના પીયૂષ સંપ્રદાયના પાયામાં રેડ્યા છે. ત્યાગી-ગૃહી શ્રીજી આશ્રિતમાત્ર પ્રત્યે કથાવાર્તારૂપી આત્યંતિક કલ્યાણની ગંગા વહાવી બહુ મોટો ઉપકાર કર્યો છે. જેનો સંપ્રદાય સદાને માટે ઋણી રહેશે. આજે બાપાશ્રીના આ જ્ઞાનની છડેચોક પુષ્ટિ ગુરુવર્ય પ.પૂ. બાપજી અને વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી કરી રહ્યા છે. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એસ.એમ.વી.એસ.ના નાનામાં નાના બાળમુક્તથી માંડી વયોવૃદ્ધ વડીલના જીવનમાં ઠાંસી ઠાંસીને શ્રીજીમહારાજની સ્વરૂપનિષ્ઠા ભરી દીધી છે. સર્વોપરી ઉપાસનાના પ્રવર્તન હેતુક કરેલા તેઓના દાખડા અકલ્પનીય અને અવર્ણનીય છે. જેનો સમગ્ર સંપ્રદાય સાક્ષી છે.

**ત્યારે બાપાશ્રી અને ગુરુવર્ય પ.પૂ. બાપજીના આ ઋણમાંથી કંઈક અંશે મુક્ત થવા શ્રીજીમહારાજના સ્વરૂપની જેમ છે તેમ દૃઢતા કરવા આટલું અવશ્ય દૃઢ કરીએ જ :**

૧. અન્વયના સંબંધવાળાનો ભાર-પ્રતીતિ ન રાખવી. ડૉક્ટર, દવાનો ભાર પણ ન રાખવો.

૨. મૂર્તિ રૂપે, દિવ્ય રૂપે મહારાજ પ્રગટ, અંતર્યામી છે તે ભાવ દૃઢ કરવો; આજ્ઞા ન લોપવી.

૩. જીવનમાં જે કાંઈ સ્થિતિ-પરિસ્થિતિ આવે તેમાં શ્રીજીમહારાજનું કર્તાપણું સમજવું.

૪. પ્રાપ્તિનો કેફ રાખવો.

૫. કારણ સત્સંગના સિદ્ધાંતો સમજવાનું ગૌરવ રાખવું.

## ❑ આત્મનિષ્ઠા (સ્વ-સ્વરૂપની યથાર્થ ઓળખાણ)

જીવાત્માએ અનંત જન્મ ધર્યા, અનંત વાર મરાણો.

તેણે અનંત જન્મમાં બધું જ જોયું પરંતુ પોતાનું સ્વરૂપ ન જોયું.

બધું જ જાણ્યું પરંતુ પોતાનું સ્વરૂપ ન જાણ્યું.

બધું જ માણ્યું પરંતુ પોતાના સુખને ન માણ્યું.

જીવાત્માએ કદી સ્વયંને પ્રશ્ન પૂછ્યો છે કે, 'હું કોણ છું ?' 'હું શા માટે આવ્યો છું ?'

સમગ્ર જીવનનો આ ગૂઢ રહસ્યમય પ્રશ્ન ન તો કોઈએ સ્વયંને પૂછ્યો છે કે, ન તો કોઈએ જીવાત્માને પૂછ્યો છે. અનંત જન્મ ધરવા છતાં જીવાત્મા આ જ્ઞાનને જાણવામાં વામણો રહ્યો. કારણ, કદી ભીતરમાં આ પ્રશ્ન ઊઠ્યો જ નથી કે, 'હું કોણ છું ?'

હવે જ્યારે આપણે હું કોણ છું ? આ પ્રશ્નનો જવાબ જોઈએ છે ત્યારે ભીતરની ગહેરાઈમાંથી આ પ્રશ્નને ચિત્કારી સમગ્ર અસ્તિત્વમાં તેને ગુંજવા દઈએ. જેટલી જ્ઞાનપિપાસા હશે તેટલા જ મહારાજ અને મોટાપુરુષ સ્વ-સ્વરૂપને ઓળખવાનાં જ્ઞાનદ્વાર ખોલશે. આ પ્રશ્નનો જવાબ મળી જાય ત્યારે સમજવું કે હવે લક્ષ્ય સાધવું આસાન બની જશે. શાયદ સ્વ-સ્વરૂપના જ્ઞાનને જાણવા આ સિવાય બીજી કોઈ ચાવી જ નથી.

શ્રીજીમહારાજ તેથી જ સ્વ-સ્વરૂપનું જ્ઞાન દૃઢ કરાવવા પોતાને જોવાનો આગ્રહ દર્શાવતા તેમ છતાં પોતાને ન જોનારા પ્રત્યે અસંતોષ વ્યક્ત કરતાં કહેતા, "આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુએ છે ને કુરૂપને જુએ છે તથા બાળ, યૌવન ને વૃદ્ધપણાને જુએ છે, એવા અનંત પદાર્થને જુએ છે, પણ જોનારો પોતે પોતાને જોતો નથી... તે જ અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે... પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી એ જ સર્વે અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે." - વચ. ગ. પ્ર. ૨૦

પોતાનું સ્વરૂપ ઓળખનારે હું કોણ છું ? આ જ્ઞાનલક્ષી પ્રશ્નને સમજવા દેહ, જીવ, ચૈતન્ય અને અનાદિમુક્ત કોને કહેવાય તેની સ્પષ્ટતા અને વિક્તિ સમજવી પડે.

**દેહ :** પંચભૂતથી બનેલું કહેતાં હાડ, માંસ, ચામ, રુધિરથી બનેલું નાશવંત જાળું છે. જેમાં નિરાકાર આત્મા અજ્ઞાને કરીને ઘર માની રહ્યો છે.

**જીવ :** દેહ સોતો આત્મા અર્થાત્ દેહભાવ સોતો આત્મા.

**ચૈતન્ય :** પંચભૂતના દેહથી નોખો આત્મા.

**અનાદિમુક્ત :** મોટાપુરુષ વર્તમાન ધરાવી નિરાકાર આત્માને પુરુષોત્તમ જેવો સાકાર અર્થાત્ પુરુષોત્તમરૂપ કરી મૂર્તિના સુખમાં રોમ રોમપણે, રસબસભાવે રાખે છે તે.

બાપાશ્રી અનાદિમુક્ત કેવા છે ? તેની સ્પષ્ટતા કરતાં કહેતા : "અનાદિ તો મૂર્તિમાં જ છે અને દેખાવ શ્રીજીમહારાજનો છે. તે અનાદિ તો મૂર્તિમાં લુબ્ધ છે."

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૨૦

"જેટલા ભગવાનના અવયવ તેટલા મુક્તના અવયવ. તેજોમય મૂર્તિ ઝળક ઝળક ઝળકે છે, તેમાં અનાદિમુક્ત રહ્યા છે. રસબસ રહ્યા થકા રોમ રોમના નવીન નવીન સુખ ભોગવે છે. એ વસ્તુ એવી છે કે શાસ્ત્રથી કે કહ્યાથી ખબર પડે તેમ નથી. મૂર્તિમાં અનેક જાતનાં સુખ રહેલાં છે, એવી મહારાજની મોટપ છે. આપણે ખરેખરું મહારાજની મૂર્તિનું જાણપણું રાખવું... લાખો-કરોડો જન્મે આવું થાય તેમ નથી. મહારાજ ને મોટા મુક્ત મળ્યા એટલે જીતનો ડંકો થઈ ગયો. આ સર્વે સુખ મૂર્તિને લઈને છે."

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૯૦

"અનાદિમુક્ત અનાદિકાળથી મૂર્તિમાં સળંગ રહીને નવીન નવીન સુખ લે છે, એમને મૂર્તિનો કે સુખનો પાર આવતો નથી. મુક્તને અનંત લોચન છે. તે સર્વત્ર દેખે ને ભોગવે તથા રોમ રોમ પ્રત્યે જોવાપણું ને ગ્રહણ કરવાપણું છે એવું સુખ છે."

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૪૬

શ્રીજીમહારાજ આવા અનાદિમુક્ત કરવા જ આ બ્રહ્માંડમાં પધાર્યા. પરંતુ અનાદિની સ્થિતિની વાત પીએચ.ડી.ના જ્ઞાન જેવી હતી અને સમાજ પ્રાથમિક કક્ષાનો હતો તેથી ક્યારેક વાત કરેલી છે. જેની છાંટ ગઢડા પ્રથમના ૧૮ તથા ગઢડા પ્રથમના ૩૨મા વચનામૃત દર્શિત થાય છે. જેને નંદસંતોએ કીર્તનમાં વણી લીધી.

"રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મિસરી પયમાંહી ભળી."

સદ્. બ્રહ્માનંદ સ્વામીની પંક્તિ પરથી ફલિત થાય છે કે અનાદિમુક્તની પદવી એ કહેતાકહેતી નથી પરંતુ શ્રીજીમહારાજે જ પ્રસ્થાપિત કરેલ આત્યંતિક કલ્યાણનો ધોરી માર્ગ છે. શ્રીજી સંકલ્પથી બાપાશ્રી પધાર્યા. મહારાજના સ્વરૂપનું જ્ઞાન કરાવી સાથે પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું. અનાદિમુક્તના પદની સહજમાં પ્રાપ્તિ કરાવી.

અનાદિમુક્તના પદની પ્રાપ્તિ એ કારણ સત્સંગનો પ્રારંભ છે જ્યારે સ્થિતિ એ કારણ સત્સંગની પૂર્ણાહુતિ છે. બાપાશ્રીએ સમજાવેલ જ્ઞાન પ્રમાણે પ્રાપ્તિ અને સ્થિતિ વચ્ચે ઘણો ભેદ રહેલો છે.

શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા અને પંચવર્તમાનની દૃઢતા સહિત સાધનદશામાં વર્તતો જે ભક્ત હોય જેમને પ્રતિલોમપણે શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવાની લટક પ્રાપ્ત થાય તેમને અનાદિમુક્તની પ્રાપ્તિ થઈ કહેવાય. જેમને પ્રાપ્તિવાળા અનાદિમુક્ત કહેવાય.

શ્રીજીમહારાજની મૂર્તિ સાથે રોમ રોમ પ્રત્યે પુરુષોત્તમરૂપ થઈ, શ્રીજીમહારાજની મૂર્તિની અંદર-બહાર રહીને સમગ્ર મૂર્તિનું સુખ ભોગવતા મુક્તને અનાદિમુક્ત કહેવાય. જેમને સ્થિતિવાળા અનાદિમુક્ત કહેવાય.

મુમુક્ષુને અનાદિમુક્તની પ્રાપ્તિ થયા પછી પણ તે દેહભાવે યુક્ત વર્તતા થકા પ્રતિલોમ લટકે ધ્યાન કરવાનો પ્રયાસ કરે છે તે મુક્તમાં કેવા ભેદ પડે ? બાપાશ્રીએ તેની સ્પષ્ટતા કરી છે.

સંવત ૧૯૬૭ સાલમાં ફાગણ માસમાં બાપાશ્રીએ વૃષપુરમાં વચનામૃતની પારાયણ બેસાડી હતી તે પ્રસંગે સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી આદિક સંતો પધાર્યા હતા. ફાગણ વદ આઠમને રોજ સભામાં સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામીએ બાપાશ્રીને પ્રશ્ન પૂછ્યો કે, "સદ્. ગોપાળાનંદ સ્વામીએ વાતોમાં ચાર પ્રકારના મુક્તના ભેદ કહ્યા છે તે કેવી રીતે સમજવા ?" બાપાશ્રીએ કહ્યું, "એ ભેદ સાધનદશાવાળા (અનાદિમુક્તની પ્રાપ્તિ થઈ હોય તેવા) મુક્તની સ્થિતિના છે. ને તેમાં પણ ચાર ભેદ છે. પ્રથમ અને ઉત્તમ ભેદ – જે શ્રીજીમહારાજની મૂર્તિને જ દેખે અને પોતાની પણ સ્મૃતિ ન રહે તે તથા બીજો ભેદ – જે

પોતાની સ્મૃતિએ સહિત મૂર્તિ દેખે. ને ત્રીજો ભેદ — જે મહારાજને, પોતાને ને અક્ષરધામને દેખે તે. વળી ચોથો ભેદ — મહારાજને, પોતાને, ધામને અને અનંત મુક્તને દેખે.'' ચાર ભેદ સમજાવી ઉત્તમ ભેદવાળા જેવા થવા સૌને આગ્રહ સેવતા.

પ.પૂ. સ્વામીશ્રી ઉત્તમ ભેદને વધુ સ્પષ્ટ રીતે આગ્રહપૂર્વક સમજાવે છે કે, ''દેહ નથી, દેહના ભાવો નથી, આત્મા પણ નથી. હવે મને અનાદિમુક્ત કરી મૂર્તિમાં જ રાખ્યો છે, મહારાજ જ છે આ લટકનું મનન કરવું. 'મહારાજ જ છે' એટલે મહારાજ સિવાય બીજું કશું જ નથી. ધીરે ધીરે આ મનન કરતાં હું અનાદિમુક્ત છું એ ભાવ પણ ભૂલી જવાનો અને મૂર્તિ જ છે, મહારાજ જ છે એ ભાવમાં સ્થિર થવું.''

અનાદિમુક્ત કેવા છે ? ક્યાં રહે છે ? કેવી રીતે સુખ લે છે ? આ પરભાવની અનુભવગમ્ય બાબત છે. તેને જોવા, જાણવા, માણવા માટે પરભાવમાં જવું જ પડે. તેમ છતાં હજુ જ્યાં સુધી પરભાવમાં પ્રસ્થાન ન થયું હોય ત્યાં સુધી તેને બાપાશ્રી અવરભાવના લૌકિક દૃષ્ટાંત દ્વારા સમજાવી સૌને ઘેડ્ય પડાવતા.

એક વખત માથકવાળા ગોરધનભાઈએ ગુલાબનું ફૂલ બાપાશ્રીને અર્પણ કર્યું. બાપાશ્રીએ તે ફૂલ હસ્તમાં લઈ સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામીને અનાદિમુક્ત મૂર્તિમાં કેવી રીતે રહ્યા છે તેનું વર્ણન કરતાં કહ્યું, ''સ્વામી, જેમ આ પુષ્પને પાંખડીઓની ઘટા છે તેમ મહારાજને ફરતી મુક્તની ઠઠ છે. તે મૂર્તિમાંથી નવીન નવીન ખુશ્બો છૂટે છે. તેણે કરીને એ સર્વે મુક્તો સુખમાં કિલ્લોલ કરે છે. અનાદિ તો રસબસ રહ્યા થકા રોમ રોમનાં સુખ લે છે. આવો લ્હાવ આ ટાણે મહારાજે સુગમ કર્યો છે... એક હરિભક્તને મહારાજે એવાં દર્શન આપ્યાં કે મુક્તો ચારે તરફ બ્રહ્માંડમાં ઝળેળાટ કમળની પાંખડીઓ ઉપરાઉપર દોઢે ગૂંથેલી છે તેમ તે મુક્તોની ઠઠ દેખી પછી તે પાછા શ્રીજીમહારાજની મૂર્તિને વિષે ભાસ્યા.

અનાદિમુક્ત ક્યાં, કેવી રીતે રહી, કેવું સુખ લે છે તેનું વર્ણન કરતાં બાપાશ્રી કહેતા જે, ''મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે. એ મૂર્તિમાં મુક્ત સદાય રસબસ રહ્યા છે એમ દૃઢ નિશ્ચય કરે તો જ મૂર્તિ હાથમાં આવે... અનાદિમુક્ત અનંતકોટિ કલ્પ સુધી મૂર્તિના સુખમાં ઝીલે છે તેમ આપણે પણ સદાય મૂર્તિમાં ઝીલવું. મૂર્તિ બહાર નીકળવું નહીં. અત્યારે મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે. ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી આદિક મહામુક્તો પ્રત્યક્ષ બેઠા છે એમ જાણવું.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૧૦૧

''શ્રીજીમહારાજની મૂર્તિમાં મુક્ત રહીને ક્ષણ ક્ષણ પ્રત્યે કોટાનકોટિ નવીન નવીન ઉત્પન્ન થતાં જે સુખ તેને ઉત્પન્ન થવાનાં સ્થાનક તેણે સહિત એકકાળાવિછિન્ન એ સર્વે સુખને જાણતા થકા ભોગવે છે. તે મૂર્તિનો અને સુખનો પાર કોઈ પામી શકતા નથી એવું એ મૂર્તિનું અકળપણું છે. તેમ પોતે ભોક્તાપણે સર્વેને જાણતા થકા એકસાથે જ સર્વ સુખને ભોગવે છે. એ મૂર્તિને વિષે અસાધારણ સ્નેહ હોય તે ખરું સુખ કહેવાય ને આનંદ

પણ તે જ કહેવાય. મહારાજ અને અનાદિમુક્તનું સ્વરૂપ તો સદા ભેગું જ છે. જુદાપણું છે ખરું. કેવી રીતે ? તો મુક્ત ભોક્તા છે અને પુરુષોત્તમ દાતા છે. મુક્ત દાસ છે અને પુરુષોત્તમ સ્વામી છે; તેમ પુરુષોત્તમના અને અનાદિમુક્તના સામર્થ્યમાં ને સુખમાં ફેર છે. પુરુષોત્તમના સાધર્મ્યપણાને તો એવા અનંત મુક્ત પુરુષોત્તમની કૃપાએ કરીને પામ્યા છે, તોપણ પુરુષોત્તમના સુખનો કોઈ પાર પામી શકતા નથી. અપાર ને અપાર સદા રહ્યા કરે છે અને નિત્ય ક્ષણ ક્ષણ પ્રત્યે અધિક અધિક, અપાર ને અપાર સુખ વધતું જ જાય છે, તેનો અંત જ આવતો નથી; એવા પુરુષોત્તમ ભગવાન છે.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૩૨

બાપાશ્રી વાત વાતમાં દરેક પ્રસંગને અનાદિની સ્થિતિ પર લઈ જઈ તે જ પાકી કરાવતા. એક વખત ભૂજથી નિર્ગુણાનંદ બ્રહ્મચારી અને સદ્. મુનિસ્વામી બાપાશ્રીનાં દર્શન-સમાગમ કરવા વૃષપુર ગયા. બંને ઠાકોરજી જમાડી રહ્યા ત્યાં તો બાપાશ્રી કીર્તનની ટૂંક બોલતાં બોલતાં પધાર્યા અને આસને આવીને બેઠા.

બાપાશ્રીને અતિ પ્રસન્ન જોઈ સદ્. નિર્ગુણાનંદ બ્રહ્મચારી ઊભા થયા. બાપાશ્રીને ચરણસ્પર્શ કરી સાથે લાવેલો ફૂલનો હાર શ્લોક બોલતાં બોલતાં પહેરાવ્યો. બાપાશ્રીને કહ્યું, ''બાપા, હરિકૃષ્ણ મહારાજે આ હાર પોતાના કંઠમાંથી ઉતારીને આપ્યો છે અને જય સ્વામિનારાયણ કહ્યા છે.'' બાપાશ્રીએ પૂછ્યું, ''હરિકૃષ્ણ મહારાજ ક્યાં હતા ?'' ''ભૂજ મંદિરમાં.''

''આપણે તો 'રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મિસરી પય માંહી ભળી.'

એમ સદાય ભેળું રહેવું. સમજણમાં જરાય છેટાપણું ન રાખવું.'' અર્થાત્ નિરંતર પ્રતિલોમભાવમાં રહેવું તો મહારાજ જુદા, છેટા ન મનાય. નિરંતર મહારાજની મૂર્તિમાં નિમગ્ન રહેવાય.

મૂળીના સંતો વસંતપંચમીનો સમૈયો કરી કચ્છમાં પધાર્યા. ગામડાંઓમાં વિચરણ કરી બાપાશ્રીનાં દર્શન-સમાગમ માટે વૃષપુર આવ્યા. બાપાશ્રી સવારે ચાર વાગ્યે પરવારીને આવી જાય પછી સંતો પાસે વચનામૃતની કથા કરાવે અને બાપાશ્રી પોતે અનાદિમુક્તની સ્થિતિનું વર્ણન કરી કહેતા, ''આપણને મહારાજે દયા કરી મૂર્તિમાં રાખ્યા છે એવો ભાવ સદાય રાખવો. કેમ કે આ સમયે અનાદિમુક્તની સ્થિતિ કરાવવાનો મહારાજે સંકલ્પ કર્યો છે. તેથી પોતાના અનાદિમુક્ત જે ખાનગી હજૂરી તેને આ લોકમાં મહારાજે મૂક્યા છે. માટે એવા મુક્તના જોગે કરીને મૂર્તિના સુખમાં ઊતરતા શીખવું અને જે જે વાત કરવી તેમાં મૂર્તિનું જ મુખ્યપણું લાવવું તો મહારાજ રાજી થાય અર્થાત્ સર્વે વાતનો વિરામ અનાદિમુક્તની સ્થિતિએ મૂર્તિના સુખને પામવામાં આપવો.

સાધનદશામાં અનાદિમુક્તની પ્રાપ્તિ થવી, તેનું જ્ઞાન પામવું કે સ્થિતિ પામી સુખનો અનુભવ કરવો આ બધું મોટાપુરુષની કૃપાથી જ થાય છે. મોટાપુરુષ માયામાં રહેલા દેહધારી જીવને દર્શને, સ્પર્શે, સંબંધે અને સંકલ્પે કરી તેના આત્માને વર્તમાન ધરાવી અનાદિમુક્તની

પ્રાપ્તિ કરાવે છે. ચૈતન્યનું સ્વરૂપાંતર કરાવી અનાદિની પ્રાપ્તિ કરાવવાનું કાર્ય કોઈ દેહધારી જીવ ન કરી શકે. નિરંતર મહારાજની મૂર્તિમાં નિમગ્નપણે જોડાયેલા સત્પુરુષ જ દુર્ભેદ્ય કરુણા વહાવી અનાદિમુક્તની પ્રાપ્તિ કરાવી શકે. કોઈ અનાદિની સ્થિતિનું વર્ણન વાંચી, સાંભળી અને પોતાને અનાદિમુક્ત માની લે તો તેમ માનવાથી અનાદિમુક્તની પ્રાપ્તિ થતી નથી. તેના માટે મોટાપુરુષનો જોગ અને વર્તમાન ધારણ કરવા ફરજિયાત છે.''

બાપાશ્રી કહેતા, ''જેમ વૃક્ષ સાથે છાલ વળગી છે તેમ મુક્ત (પરમ એકાંતિકમુક્ત) મૂર્તિમાં વળગ્યા છે. અનાદિ જેમ વૃક્ષમાં રસ વ્યાપી રહ્યો છે તેમ મૂર્તિમાં જોડાઈ ગયા છે તેવી રીતે મૂર્તિમાં જોડાવું. મોટાનો જોગ કરવાથી તેવું થવાય છે. મોટાના જોગ વિના તેવી પ્રાપ્તિ થાય નહીં.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૪૧

''મુક્ત વિના પરબારું મહાપ્રભુજીનું સુખ કોટિ સાધને પણ મળતું નથી માટે મુક્ત દ્વારે જ મહારાજ સુખ આપે છે.'' અનુભવીએ કહ્યું છે કે,

''અનેક જન્મનાં સુકૃત ફળિયાં; થઈ મહેર હરિ તણી;
મુક્ત દ્વારે પ્રગટ શ્રીજી, આપે દોરવણી રે.''

બાપાશ્રી જોગમાં આવનારને વર્તમાન ધરાવી સહજમાં અનાદિમુક્તની પ્રાપ્તિ કરાવતા. તેથી બાપાશ્રી ગામ-પરગામ, વિચરણમાં કે પધરામણીએ પધાર્યા હોય ત્યારે સૌ હરિભક્તો પોતાના બાળકોને અને પરિવારજનોને બાપાશ્રી પાસે વર્તમાન ધરાવડાવતા. બાપાશ્રી સ્વયં પોતે અનેક લીલાઓ કરી સહજમાં વર્તમાન ધરાવી આત્યંતિક કલ્યાણના કોલ આપતા.

સંવત ૧૯૬૨, વૈશાખ માસમાં બાપાશ્રી કેરાથી વૃષપુર પધારતાં કેરાના ધરામાં સંતો-હરિભક્તોને સ્નાન કરાવી તુંબડી વડે સંતોના મુખમાં જળ આપ્યું હતું. અને વર આપ્યો કે તમારા સર્વેના ઘાટ બંધ થઈ જશે ને તમારા સર્વેનું આત્યંતિક કલ્યાણ. વળી, હેત-રુચિવાળા આવી શક્યા નહોતા તેમને સંભારી સંતોને ફરી નવરાવ્યા અને તેમનો પણ આ જ જન્મે છેલ્લો જન્મ થશે તેવો વર આપ્યો. પછી ગળા બરાબર પાણીમાં સંતોને બેસાડ્યા.

આ સમે સદ્. વૃંદાવનદાસજી સ્વામીએ પૂછ્યું કે, ''મુક્ત કેવી રીતે સુખ લેતા હશે ?'' ત્યારે પાણીમાં આંગળા ઊભા (ઊર્ધ્વ) રાખીને હલાવીને બાપાશ્રી બોલ્યા જે, ''આવી રીતે મુક્ત મૂર્તિમાં રમે છે ને કિલ્લોલ કરે છે ને સુખમાં દોટ્યો દીધા જ કરે છે. અને જેમ જળમાં માછલાં રમે તેમ મુક્ત મૂર્તિના સુખમાં રમ્યા જ કરે છે.'' એમ વાર્તા કરીને પછી જેમ પાણીમાં દેહ રાખ્યા હતા તેમ જ મૂર્તિમાં જીવ રાખીને ધ્યાન કરાવ્યું.

બાપાશ્રી જ્યારે જ્યારે અનાદિમુક્તની સ્થિતિની વાત અતિશે આગ્રહપૂર્વક કરતા ત્યારે સૌને તેમાં નવીન નવીન જ સુખ આવતું. તેથી સદ્ગુરુ સંતો બાપાશ્રીના મુખે આવી વાતો સાંભળવા અતિ તત્પર રહેતા.

એક વખત લક્ષ્મીરામભાઈએ સદ્. નિર્ગુણદાસજી સ્વામીને પૂછ્યું કે, ‘‘શ્રીજીમહારાજ અનાદિમુક્ત સાથે કેમ હસતા બોલતા હશે ? કેમ સુખ આપતા હશે ? અને મુક્ત કેમ સુખ લેતા હશે ?’’

સદ્. નિર્ગુણદાસજી સ્વામીએ બાપાશ્રીને પ્રાર્થના કરી, ‘‘બાપા, આનું યથાર્થ વર્ણન આપ થકી જ થશે. માટે આપ જ તેનું વર્ણન કરો.’’ બાપાશ્રીએ કહ્યું, ‘‘શ્રીજીમહારાજ અને તેમના મુક્ત દિવ્ય આનંદઘન સ્વરૂપ છે તે અનુભવજ્ઞાને કરીને સળંગ મૂર્તિના સુખને અનુભવે છે ને શ્રીજીમહારાજ સર્વે મુક્ત સાથે હસે છે, બોલે છે, સુખ આપે છે ને મુક્ત મૂર્તિનું સુખ લે છે. તે જે તેવી સ્થિતિવાળા મુક્ત હોય તો તે જાણે પણ તે વિના બીજા ન જાણે. કદાચ એવી સ્થિતિવાળા તેનું વર્ણન કરે તોપણ પરભાવની વાત બધાને સમજ્યામાં ન આવે. કારણ, પરભાવમાં બોલવું, ચાલવું વગેરેમાં આવી વાણી કે શબ્દો નથી. એ તો મહારાજ અને મોટા આ લોકની રીતે બોલે, રીત બતાવી સમજાવે ત્યારે સમજાય ને સુખ પણ ત્યારે જ આવે. ખરો પરભાવ તો અનુભવજ્ઞાને કરીને જ સમજાય છે.’’

એક વખત સદ્. ઈશ્વરસ્વામીએ બાપાશ્રીને પૂછ્યું જે, ‘‘પુરુષોત્તમના પ્રકાશરૂપ થઈને એકરસપણાને પામી ગયા પછી મુક્તને જાણપણું રહેતું હશે કે નહીં ?’’ બાપાશ્રીએ સદષ્ટાંત સમજાવતાં કહ્યું, ‘‘હું મૂર્તિમાં રહું છું તેમ સર્વે મૂર્તિમાં રહ્યા છે તેવું જાણપણું રહે. વળી તે મૂર્તિમાં રહીને મૂર્તિ જુએ છે. જેમ ફાનસમાં દીવો હોય તો દીવો ફાનસને દેખે તેમ અનાદિમુક્ત મૂર્તિમાં રહીને મૂર્તિને દેખે છે ને મૂર્તિનું સુખ ભોગવે છે અને જે મુક્ત જેટલું સુખ લે તે સર્વે જાણે છે જે આ આટલું સુખ લે છે.’’

**શ્રીજીમહારાજ અને સદ્. ગોપાળાનંદ સ્વામી વચ્ચે થયેલ સંવાદ અનાદિમુક્તના જ્ઞાનની સ્પષ્ટતાને પુષ્ટિકારક છે. જે સદ્. મુનિસ્વામીએ ‘શ્રી અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત’માં આલેખ્યો છે. તેના કેટલાક અંશ જોઈએ.**

૧. હે મહારાજ ! અનાદિમુક્ત મૂર્તિમાં રહે છે તે મૂર્તિમાન થકા મૂર્તિમાં રહે છે કે નિરાકાર થકા મૂર્તિમાં રહે છે ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, અનાદિમુક્ત તો મૂર્તિમાન છે ને મૂર્તિમાન થકા જ મૂર્તિમાં રહે છે પણ નિરાકાર થઈને રહેતા નથી, કેમ જે શ્રીજીમહારાજની પેઠે જ અનાદિમુક્ત સદાય સાકાર મૂર્તિ છે.

૨. અનાદિમુક્ત સમગ્ર મૂર્તિમાં રહે છે કે એક અંગમાં રહે છે ? અનાદિમુક્ત શ્રીજીમહારાજના મસ્તકથી ચરણ પર્યંત સમગ્ર મૂર્તિમાં રહે છે. પણ મુખ કે છાતી કે ચરણ એમ એક અંગમાં રહેતા નથી. માંહી-બહાર સળંગ મૂર્તિમાં લીન થઈને રહે છે.

મૂર્તિ તો અકળિત અને અમાપ છે. સર્વે અનાદિમુક્તો શ્રીજીમહારાજના સ્વરૂપમાં ભેગા જ રહે છે પણ એકબીજાને આવરણ કે સંકડાશ કરતા નથી. કેમ જે ભારે-હળવું, પોલું-નક્કર આદિક માયિક તત્ત્વોના ભાવ એ દિવ્યાતિદિવ્ય મૂર્તિને વિષે નથી, તેમ અનાદિમુક્તોને વિષે પણ નથી. બધા અનાદિમુક્તો મૂર્તિમાં રહી મૂર્તિનું સુખ ભોગવે છે

તેમ છતાં દરેક અનાદિમુક્તોને આગવી મૂર્તિ છે.

પ.પૂ. સ્વામીશ્રી ઉપરોક્ત બાબતને ટૅક્નૉલૉજીના માધ્યમે તાર્કિક રીતે સમજાવે છે કે, “ટૅક્નૉલૉજીએ બનાવેલી 64 GBની પેનડ્રાઇવમાં ૧૦૦ કરતાં પણ વધુ પુસ્તકો કે ૧૦૦ કરતાં પણ વધારે કથાવાર્તાનો સંગ્રહ થઈ શકે છે. પેનડ્રાઇવ અંદરથી પોલી નથી. વળી દેખાવે નાની પણ છે છતાંય અંદર ઘણુંબધું સમાય છે. તેમાંનું કાંઈ બહાર દેખાતું નથી. પેનડ્રાઇવ તો ટેક્નિકલ આ લોકની માયિક વસ્તુ છે તેમ છતાં તેમાં ઘણુંબધું સમાય છે તો મહારાજની મૂર્તિ તો પરભાવનું દિવ્યાતિદિવ્ય સ્વરૂપ છે. તેમાં તો અનંત મુક્તો સમાય જ એમાં શું નવાઈ ?”

અનાદિમુક્તનું જ્ઞાન-વર્ણન જાણવું એ ભોજનની પીરસેલી થાળી બરાબર છે. ભોજન ભરેલી થાળી મળી જવાથી ભૂખ સંતોષાતી નથી. તે માટે થાળની વાનગીને જમવી પડે. ચાવીને ઉદરમાં જાય ત્યારે ભૂખ સંતોષાય અને જમાડ્યાનો આનંદ આવે.

અનાદિમુક્તની પ્રાપ્તિ થવાથી સુખનો અનુભવ થતો નથી. સુખ પામવા સ્થિતિના માર્ગે આગળ વધવું પડે. પ્રતિલોમ ધ્યાનના અભ્યાસે કરી મૂર્તિમાં નિમગ્નપણે જોડાયેલા રહેવું પડે. પ્રાપ્તિથી સ્થિતિ સુધીની આ યાત્રામાં સરાધારપણે આગળ વધવામાં દેહભાવ એ સૌથી મોટો શત્રુ છે. અનાદિમુક્તની પ્રાપ્તિ થયા પછી સ્થિતિ થઈ જ જાય ? ના, એવું નથી. ભલે પ્રાપ્તિ પૂરી છે પણ દેહભાવ છે ત્યાં સુધી લટકતી તલવાર. દોષો પીડે, કઈ મિનિટે અભાવ-અવગુણ આવી જાય તે નક્કી નહિ, જ્ઞાનમાં પૂર્ણતા મનાઈ જાય તો સાત્ત્વિક અહંકાર આવે. જે સ્થિતિના માર્ગે આગળ વધવા જ ન દે.

દેહભાવના યોગે અનુભવ વિના સ્થિતિની વાતો બીજાને થાય અને હોઉં તો હોઉં થઈ જાય. તેથી બાપાશ્રી માત્ર જ્ઞાન જાણીને નહિ પણ સ્થિતિનો અનુભવ થાય તેટલી જ વાત કરવા આગ્રહ દર્શાવતા.

“જેને જેટલી સ્થિતિ થઈ હોય, મૂર્તિના સુખની પ્રાપ્તિ થઈ હોય, અનાદિમુક્તની ઓળખાણ થઈ હોય એટલા સુધીની જ બીજાને વાત કરવી તો તેટલી સ્થિતિ બીજાને પમાય. પણ સ્થિતિ વિના વાત કરે તેનાથી બીજા જીવને સમાસ થાય જ નહીં... કેટલાક તો પોતાની સ્થિતિ ઉપર વાત કરે તે પોતાનેય સમજાય નહિ અને બીજાને લોચા વળાવે તેથી સમાસ થાય નહીં. માટે પોતાની સ્થિતિ સુધીની બીજાને વાત કરવી.”

– શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૬૦

અર્થાત્ આપણને મળેલી પ્રાપ્તિના કેફમાં છકી ન જવું કે અનુભવ વિનાની વાત ન કરવી. મોટાપુરુષ થકી અનાદિમુક્તની પ્રાપ્તિ થઈ હોય તેમ છતાં ધાર્યું ન થાય, માન મરડાય એવા સંજોગ-પરિસ્થિતિમાં જીવાત્મા અનાદિકાળથી દેહરૂપ જ માનવાની જૂની માનીનતાને ભૂલી શકતો નથી. તેથી દેહાભિમાનમાં ચકચૂર રહે છે. પોતાના આચાર-વિચાર, ક્રિયા-પ્રતિક્રિયા બદલી શકાતા નથી. છેવટે સ્થિતિ તરફ આગળ વધવાના પ્રયાસ કરવાને બદલે રસ્તો ફંટાઈ જાય. કલ્યાણનો માર્ગ પણ બંધ થઈ જાય.

સંવત ૧૯૭૩, જેઠ વદ આઠમના રોજ બાપાશ્રી વૃષપુરમાં લાભ આપતા હતા ત્યારે બાપાશ્રી બોલ્યા, “સત્પુરુષ વાક્યં ન ચલંતિ ધર્મઃ પછી એક સંતને પૂછ્યું જે, તમે કેમ સમજો છો ? આ વાત ક્યાંથી આવે છે ? ત્યારે તે બોલ્યા જે, ઠેઠ મહારાજની મૂર્તિમાંથી થાય છે. પછી બાપાશ્રી બોલ્યા જે, ભૂલી ન જાતા હોં પણ અમને એમ જણાય છે કે તમે નક્કી ભૂલી જશો; જરૂર ભૂલી જશો.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૯૪

બાપાશ્રી સભાપ્રસંગે છડેચોક અનાદિમુક્તની પ્રાપ્તિ કરાવ્યાના કોલ આપતા. આ સંત પણ બાપાશ્રી અને સદ્‌ગુરુશ્રી થકી અનેક વાર આશીર્વાદમાં આવી ગયા હતા. એટલું જ નહિ, પોતે પણ બાપાશ્રી થકી જાણેલા અનાદિમુક્તના જ્ઞાનની કથા કરતા. પરંતુ દેહભાવ સોતા કથા આદિક કરતા તેથી બાપાશ્રીએ તેમને ચેતવ્યા હતા કે તમે દેહભાવ સોતું બધું કરો છો તેથી જરૂર એક દિવસ આ બધું ભૂલી જશો અને વિઘ્ન આવશે અને ખરેખર બાપાશ્રીનાં વચન પ્રમાણે જ બન્યું.

આ સંત વ્યવહારકુશળ હોવાથી મંદિરની આર્થિક સેવાનો વહીવટ સંભાળતા. એક વખત મંદિરમાં થયેલા ઉત્સવ-સમૈયાના નાણાકીય વહીવટમાં હિસાબમાં ભૂલ થઈ ગઈ. તેથી બાપાશ્રીએ તેમને સૌ વચ્ચે પોતાની ભૂલ કબૂલવા અને ચોખ્ખો વહીવટ બતાવવા આગ્રહ કર્યો. બાપાશ્રીએ ખરેખર મંદિર વહીવટની શુદ્ધ પ્રણાલિકા જળવાયેલી રહે તે માટે સંતને ઉપદેશવચન કહ્યાં હતાં પરંતુ દેહભાવે યુક્ત વર્તતા સંતને પોતાનું માન મરડાતાં બાપાશ્રીનો અભાવ આવ્યો અને સત્સંગમાંથી ફેંકાઈ ગયા. કલ્યાણ બગડી ગયું. તેથી બાપાશ્રી કહેતા જે,

“જીવને મોટો કુસંગ તો આ દેહનો છે તે દેહભાવ ટળવો કઠણ છે. એ તો કર્મની કોટડી છે. તે દેહને લઈને જીવને ઘણા જન્મ ધરવા પડ્યા છે, પણ તેનો ઊંડો અભાવ થતો નથી ને મોઢેથી દેહ નાશવંત છે, અસત્ય છે, દુઃખરૂપ છે એમ કહેવાય છે ને બીજાને સમજાવાય છે પણ પોતાને એ વાત પૂરી સમજાણી ન હોય તેની ખબર કેમ પડે ?... દેહનો મમત્વ મટે તેવો નથી. માટે દેહ, લોક, ભોગ, વિષય એ બધામાંથી વૃત્તિઓ ઉખાડી એક મૂર્તિઆકારે રહેવું.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૧૨૨

અનાદિમુક્તની પ્રાપ્તિ થયા પછી સ્થિતિની યાત્રાનો વિઘ્નરૂપ ડાઈનોસોર એટલે દેહભાવ. તે ટાળ્યા વિના એક ડગલું પણ આગળ ન વધાય. તેથી બાપાશ્રીએ સંતો-ભક્તોની રક્ષા કાજે અવરભાવમાં અંતિમ મંદવાડ ગ્રહણ કરતાં પૂર્વે અંતિમ સભામાં દેહભાવ ટાળવા વિષે આગ્રહપૂર્વક વાત કરતાં કહ્યું જે, “આ જીવને દેહનું આવરણ બહુ મોટું છે. તે દેહને જ્ઞાને કરીને ખોટો કરી નાખવો, નહિ તો સુખ આવવા દે તેવો નથી. એ દેહ તે જડ છે તોય જીવને છેતરી જાય છે અને ચાળાચૂંથણો પણ છે. તે અહીં બેઠા રામપુર કે વૃષપુર પહોંચી જાય, માટે એને નાશવંત ને દુઃખરૂપ જાણી દેહ રૂપે વર્તવું નહીં.”

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૧૫૧

માત્ર અનાદિમુક્તની સ્થિતિનું જ્ઞાન પામવાથી દેહભાવ ટળી જતો નથી. તે માટે

પ્રાથમિક આત્મનિષ્ઠા દઢ કરવી. બાપાશ્રી આત્મનિષ્ઠા દઢ કરાવવા આગ્રહપૂર્વક કહેતા, ‘‘માન-અપમાન, સુખ-દુઃખ, હર્ષ-શોક, શત્રુ-મિત્ર એ સર્વે સરખું થઈ જાય ને કામ, ક્રોધ, લોભ, ભય એમાં ન લેવાય એવી આત્મનિષ્ઠા કરવી... આત્મનિષ્ઠા તો એવી જોઈએ કે આંખમાં ઊના ગજ નાખે ને કાનમાં ઊનું સીસું કરીને રેડે તોપણ ધીરજ ડગે નહીં. જેમ અખંડાનંદ સ્વામીને વાઘ મળ્યો તોપણ બીન્યા નહીં.

ગોઠીપ ગામના કડવા ભગતને ઘણું જ શૂળ આવતું પણ લગારેય કાયરપણું આવતું નહિ ને સદાય આનંદમાં રહેતા. દેહ ભેળા ભળવું નહિ ને પરભાવનું સુખ લેવું. દેહ તો બહુરૂપી છે તે એક દિવસ સાજો ને એક દિવસ માંદો. જો આપણે એના સામું દૃષ્ટિ રાખીએ તો ભગવાન ભુલાવે તેવો છે માટે દેહનો અનાદર રાખવો.’’

આત્મનિષ્ઠાની દઢતાની સાથે અનાદિમુક્તના પદને પાત્ર થાવા નિરંતર મહારાજ અને મોટાપુરુષને પ્રાર્થના કર્યા કરવી. સદ્. મુનિસ્વામી નિરંતર મૂર્તિના સુખમાં જ નિમગ્ન રહેતા તેમ છતાં કેવી પ્રાર્થના કરવી તે પોતે પ્રાર્થના કરીને શીખવતા, ‘‘હે બાપા ! અજ્ઞાની, અણસમજુ, શ્રદ્ધા રહિત, આળસુ એવો હું તે જેવો છું તેવો આપનો છું તે હે બાપા ! દયા કરીને તમે મને માયાના કાર્ય એવા ત્રણ ગુણ તથા ઈન્દ્રિયો-અંતઃકરણ આદિ માયાનું ટોળું એ થકી નોખો કરીને આપના ભેળો મૂર્તિમાં રાખો અને મૂર્તિ, મુક્ત ને ધામ તે વિના અક્ષરકોટિ, બ્રહ્મકોટિ ને ઈશ્વરકોટિ તેમાં સારપ મનાય નહિ ને સાંભરે પણ નહિ; એક શ્રીજીમહારાજની મૂર્તિમાં જ રસબસ જોડાઈ રહેવાય તેવી દયા કરશોજી. અને પંચવિષય ઝેર જેવા થઈ જાય ને લોભ, કામ, રસાસ્વાદ તથા માનાદિક દોષસંબંધી ઘાટ તે ક્યારેય ન ઊપડે અને કારણ શરીરની ભાવનાએ રહિત શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ સ્વરૂપ થઈને ત્રણે અવસ્થામાં અખંડ મૂર્તિનો સાક્ષાત્કાર વર્તે ને મૂર્તિમાં જોડાઈ રહેવાય તથા મૂર્તિનું સુખ આવે. હે ગુરુરાજ ! આપ સમર્થ પાસે એ માગું છું.’’

બાપાશ્રી કહેતા, ‘‘દેહભાવ ટાળવા અખંડ જ્ઞાનયજ્ઞ કર્યા કરવો.’’ બાપાશ્રીના આ આગ્રહને વર્ણવતાં સોમચંદબાપા કહેતા, ‘‘અજ્ઞાની જીવને દેહાભિમાનરૂપી અનંતકાળના ફેર ચડ્યા છે તેથી દેહને પોતાનું રૂપ માને છે. જ્યારે ભગવાનનો ભક્ત મૂર્તિ રૂપે વર્તે છે. દેહથી પર જે આત્મા તેને શ્રીજીમહારાજની મૂર્તિમાં મોટાએ કૃપા કરીને રાખ્યો છે ને દેખાવ મહારાજનો છે. તેથી આપણું સ્વરૂપ શું ? તો મૂર્તિમાં તદ્રૂપપણાનો ભાવ રાખીને મૂર્તિ જ છે, હું નથી. હું તો સદાય મૂર્તિમાં જ છું ને મૂર્તિ મારું સ્વરૂપ છે એમ દઢતા કરવાની છે. તેના માટે વારંવાર એમ જ વિચારવું કે, ‘શ્રીજીમહારાજે મારા ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે, મહારાજ જ છે.’ અને એવું અખંડ અનુસંધાન રાખવું. પોતાનો ભાવ ભૂલવાનો છે ને મૂર્તિનો ભાવ લાવવાનો છે. અખંડ મૂર્તિને જ જોયા કરવી. આમ જ્ઞાનયજ્ઞ કર્યા કરવો. એમ કરતાં કરતાં તદ્રૂપ થઈ જવાય ને ‘હું’પણાનો ભાવ ભૂલી જવાય ને ‘હું તો સદાય મૂર્તિમાં જ છું’ એમ દઢતા થાય છે.’’

ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રી બાપાશ્રીએ સમજાવેલ અનાદિમુક્તના જ્ઞાનને સમજાવી તે પ્રમાણે વર્તવાનો આગ્રહ દર્શાવે છે.

એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી, પ.પૂ. સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજ સાથે એક શ્રીમંત હરિભક્તના નવા મકાનમાં મહાપૂજા પ્રસંગે પધાર્યા હતા. આ પ્રસંગે પધારેલા તેઓના સગાં-સ્નેહીજનો તથા હરિભક્તોને બહાર ઊભા રહી આવકાર આપી કહે, “જાવ, બંગલો જોઈ આવો.” તેઓના મોં પર કરોડો રૂપિયાના બંગલાની ખુશી પારખી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મહાપૂજા બાદ આશીર્વચન આપતાં કહ્યું, “આપણને આ લોકના મોટા બંગલાનું કેવું તાન રહી જાય છે ! પણ આપણને તો મહારાજ અને મોટાએ અનાદિમુક્તની પદવી આપી મૂર્તિરૂપી સૌથી મોટો બંગલો આપી દીધો છે તેનો કેફ રાખવો.”

આમ, નિકટ રહેલા સંતો-હરિભક્તોને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ‘હું અનાદિમુક્ત જ છું અને મારો બંગલો મૂર્તિ છે’ તે પાકું કરાવ્યું.

પ.પૂ. સ્વામીશ્રી ‘હું કોણ છું ?’ આ જ્ઞાનલક્ષી પ્રશ્ન દ્વારા બાપાશ્રીએ સમજાવેલા અનાદિમુક્તના જ્ઞાનને પાકું કરાવે છે. તેઓ વિશેષ સ્વરચિત “મૈં કૌન હૂઁ” કીર્તન દ્વારા સ્વ-સ્વરૂપની ઓળખાણ કરાવે છે :

**પ્રથમ સ્ટેપ :**

આત્મા ને દેહમાં રહેવા છતાં પોતે દેહથી સંપૂર્ણ જુદો જ છે એવું જ્ઞાન નથી તેથી એ અજ્ઞાને કરીને પોતાને દેહરૂપ માની લે છે. પરિણામે દેહના સર્વે દોષો અને ભાવોને આધીન થઈને જ વર્તે છે.

**બીજું સ્ટેપ :**

શરીર એ જ હું છું એ અજ્ઞાનને ભૂલવા આત્મા દેહથી જુદો પડી એમ સમજણ દૃઢ કરે કે, હું પુરુષ કે સ્ત્રી નથી. દેહ થકી હું જુદો છું. દોષ સર્વે દેહના છે, મારા નથી. હું તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું. આવા જ્ઞાને કરીને આત્માને પોતાનું સ્વરૂપ માને.

**ત્રીજું સ્ટેપ :**

દેહથી નોખા આત્માને મોટાપુરુષ વર્તમાન ધરાવી અનાદિમુક્તની પ્રાપ્તિ કરાવે છે પરંતુ સ્થિતિ બાકી રહે છે. સ્થિતિના માર્ગે આગળ વધવા મોટાપુરુષ અનાદિમુક્તની લટક શિખવાડે છે કે, “હવે તું નિરાકાર આત્મા પણ નથી. તને અનાદિમુક્ત કરી મૂર્તિમાં જ રાખ્યો છે. હવે તું પુરુષોત્તમરૂપ એવો અનાદિમુક્ત જ છું.” એવું મનન કરવાનું શીખવે છે. આ લટકે વર્તવાથી આત્માની પુરુષોત્તમરૂપ થવા માટેની પાત્રતા બંધાય છે ને દેહ કે આત્માને પોતાનું સ્વરૂપ માનવાનું ભૂલે છે.

**ચોથું સ્ટેપ :**

પુરુષોત્તમરૂપ એવો આત્મા હવે હું અનાદિમુક્ત જ છું એવો દૃઢપણે નિશ્ચય કરી મૂર્તિમાં

રહી મૂર્તિનું પ્રતિલોમ ધ્યાન કરે છે. દેહના સર્વે ભાવો, સર્વે અંગો ભૂલી મહારાજ જ બેઠા છે એમ નિહાળવાનો અને અનુભવ કરવાનો પ્રયત્ન કરે છે.

આવું અનાદિમુક્તની સ્થિતિનું જ્ઞાન પામ્યા પછી આપણું સમજણેયુક્ત, મહાત્મ્યસભર અને વર્તનશીલ જીવન બને તેમ તેમ સ્થિતિની નજીક મહારાજ અને મોટાપુરુષ લઈ જાય અને એ જ કૃપા કરી સ્થિતિ કરાવે. શ્રીજીમહારાજ, બાપાશ્રી અને મોટાપુરુષનો આગ્રહ અનાદિમુક્તની સ્થિતિ કરાવવાનો કેવો વિશેષ છે તે આગામી પ્રકરણ સ્થિતિલક્ષી આગ્રહમાં જોઈશું.

**બાપાશ્રીના જ્ઞાનલક્ષી આગ્રહો દ્વારા પોતાના સ્વરૂપની દૃઢતા કરવા આટલું તો અવશ્ય દૃઢ કરીએ :**

૧. હું કોણ છું ? તો અનાદિમુક્ત જ છું એનું મનન કરવું.
૨. મોટાપુરુષના આપેલા કોલમાં નિરુત્થાનપણે વિશ્વાસ રાખવો.
૩. દેહનાં રૂપ, ગુણ, સ્વભાવ પોતાના ન માનવા. અનાદિમુકતના અર્થાત્ મૂર્તિનાં રૂપ, ગુણ, સ્વભાવને પોતાના માનવા. તેનું મનન કરવું.
૪. પોતાના સ્વરૂપને દૃઢ કરાવતી પ.પૂ. સ્વામીશ્રીની કથાવાર્તાનું મનન-ચિંતવન કરવું.

• • •

## ૨.૩

# સમજણલક્ષી આગ્રહો

બુદ્ધિથી તર્ક ઉત્પન્ન થાય છે જ્યારે સમજણથી સંતોષ અને કૃતાર્થપણું ઉત્પન્ન થાય છે.

સમજણ એટલે સ્થિતિ-પરિસ્થિતિ વચ્ચેનું સમતોલન.

સમજણ એટલે સારા-નરસાની વિવેકપૂર્ણ સૂઝ.

સમજણ એટલે બુદ્ધિથી ઉત્પન્ન થતા તર્કનું સમાધાન.

સમજણ એટલે અજ્ઞાનતાને છોડી વાસ્તવિકતાનો સ્વીકાર.

સમજણ એટલે પરિણામ (ફળ) અને પરિમાણના (મૂલ્યના) વિચાર પછી કરેલો નિશ્ચય.

સમજણ એટલે સુખ-દુઃખ, હર્ષ-શોક, માન-અપમાન આદિક દ્વંદ્વોમાં સ્થિરતા.

પ.પૂ. સ્વામીશ્રી સમજણની અર્થ વિભાવના કરતાં કહેતા હોય છે કે, "જે ખબર છે (જ્ઞાન) તેનું સમયે જાણપણું રહે તે સમજણ."

આધ્યાત્મિક દૃષ્ટિએ અને વ્યવહારિક દૃષ્ટિએ સમજણનું મૂલ્ય મોટપ પામવામાં અમૂલ્ય છે. શ્રીજીમહારાજે વરતાલના ૨૦મા વચનામૃતમાં કહ્યું છે કે, "ગૃહી-ત્યાગીનો કાંઈ મેળ નથી જેની સમજણ મોટી તે જ સૌથી મોટો." અર્થાત્ સમજણને આશ્રમ સાથે, ઉંમર સાથે કે જ્ઞાન સાથે કોઈ સંબંધ નથી. સમજણ એ આંતરિક સુખદાયક શાણપણ છે.

એક મુમુક્ષુએ સદ્. ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું જે, "સ્વામી, સર્વે સંતો-હરિભક્તોમાં કોઈ ભક્તિપ્રધાન હોય તો કોઈ ત્યાગ-વૈરાગ્યે યુક્ત હોય, કોઈને આત્મનિષ્ઠાનું બળ હોય તો કોઈ જ્ઞાનપ્રધાન હોય. આમ સર્વેનાં જુદાં જુદાં અંગ હોય પણ એવું કયું અંગ છે

કે જે સર્વે ત્યાગી-ગૃહીમાં ફરજિયાત જોઈએ ?''

ત્યારે સદ્. ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, ''સર્વે આશ્રિતમાત્રમાં બીજાં અંગ ઓછાં-વત્તાં પ્રમાણમાં હોય તે ચાલે પણ સર્વેમાં સમજણનું અંગ ફરજિયાત છે.''

સત્સંગનો પ્રારંભ સર્વોપરી ઉપાસનાની દૃઢતાથી થાય છે અને પૂર્ણાહુતિ અનાદિમુક્તની સ્થિતિથી થાય છે. સત્સંગના પ્રારંભથી પૂર્ણાહુતિ કહેતાં પ્રાપ્તિથી સ્થિતિ સુધીની યાત્રામાં સમજણની ભૂમિકા મહત્ત્વની છે. મુમુક્ષુને સ્થિતિ પામવાના ધ્યેય પર ગતિમાન થવા માટે દેહનો, સત્સંગનો, સંસારનો વ્યવહાર વિઘ્નકર્તા છે. જ્યારે સમજણના બળે મુમુક્ષુ આ દરેક વ્યવહારમાં સમતુલન જાળવી શકે છે અને આત્માના વ્યવહારરૂપી ધ્યેયમાં અચળ રહી શકે છે.

પ.પૂ. સ્વામીશ્રી સમજણની મહત્તા દર્શાવતા હોય છે કે, ''પ્રાપ્તિ થયા પછી સ્થિતિના માર્ગ પર ચાલતાં પ્રથમ સમજણની સ્થિતિ કરવી અનિવાર્ય છે. જે મુમુક્ષુને સમજણની સ્થિતિ થઈ જાય તેને ધ્યાને કરીને સ્થિતિ એક વેંત છેટી રહે.''

સમજણનું મૂલ્ય સમજ્યા પછી હવે આપણા જીવનમાં સમજણ કેળવવા તરફનું પ્રયાણ કરીએ તો સમજ્યાનો અર્થ સરે.

ઘણા પ્રકારની સમજણ છે જેનાથી સત્સંગમાં અને વ્યવહારમાં સુખી રહેવાય. જેમ કે શ્રીજીમહારાજના કર્તાપણાની સમજણ, સાંખ્યની સમજણ, દિવ્યભાવની સમજણ. આ તમામ સમજણ જેમાં સમાવિષ્ટ થાય છે એવી શ્રેષ્ઠ હાર્દરૂપ બે સમજણ બાપાશ્રીએ આપી :

૧. અવરભાવ-પરભાવની સમજણ

૨. કાર્ય-કારણની સમજણ

જેમ માસ્ટર કીથી બધાં જ તાળાં ખૂલી જાય તેમ સંસાર તથા સત્સંગમાં ઉદ્ભવતા તમામ પ્રશ્નોની સમાધાનકારક ગુરુચાવી એટલે જ ઉપરોક્ત બે સમજણ.

આપણે સમૂહજીવનમાં રહીએ છીએ તેમાં દરેકના સ્વભાવ, રીત-રસમ, વિચારધારા જુદી રહેવાની. તેની સાથે સાથે સંસાર-વ્યવહારનાં કાર્યો, મંદિરની સેવા-પ્રવૃત્તિ, સમૈયા-ઉત્સવો પણ રહેવાના જ.

આ બધામાં મુમુક્ષુનો અનાદિમુક્તની સ્થિતિ પામવાનો જીવનધ્યેય વિચલિત થવાની સંભાવના મહદંશે રહે છે. ત્યારે મુમુક્ષુ સત્સંગમાં અને સંસારમાં બધાની વચ્ચે રહી બધી જવાબદારી વહન કરવા છતાં પોતાના ધ્યેય પર અડગ રહી શકે તે માટે ઉપરોક્ત બે સમજણ શ્રેષ્ઠતમ છે.

માટે આપણા રોજબરોજના જીવનમાં સુખિયા રહેવા અને તમામ પ્રશ્નોના સુખદ સમાધાન પામી જીવનધ્યેય પર અવિરત દોટ મૂકવા માટે આ બે ગુરુચાવી અપનાવીએ. તે પૂર્વે તેની સમજ કેળવીએ.

## ૧. અવરભાવ-પરભાવની સમજણ :

અવરભાવ એટલે આંખે કરીને જે દેખાય છે, કાને કરીને સંભળાય છે, ઈન્દ્રિયો-અંતઃકરણે કરીને અનુભવાય છે પરંતુ ખોટું છે તે.

પરભાવ એટલે જે દેહની આંખે દેખાતું નથી. માયિક ઈન્દ્રિયો-અંતઃકરણે કરીને અનુભવાતું નથી પરંતુ વાસ્તવિક છે તે.

પ.પૂ. સ્વામીશ્રી અવરભાવ અને પરભાવની અર્થ વિભાવના કરતા હોય છે કે, "ચેક દેખાય છે કાગળિયું, તે ચેકનો અવરભાવ. પરંતુ સમજાય છે રૂપિયા જ. ભલે રૂપિયા દેખાતા નથી પણ નિરુત્થાનપણે નક્કી છે કે આ રૂપિયા જ છે તે ચેકનો પરભાવ."

અવરભાવ તદ્દન જૂઠો, હંબક અને દેખાવામાત્ર છે. જ્યારે પરભાવ સત્ય, વાસ્તવિક અને માયિક ઈન્દ્રિયોથી અગોચર છે.

અવરભાવ દુઃખકર છે જ્યારે પરભાવ સુખકર છે.

અવરભાવ મૃગજળ સમાન છે, જ્યારે પરભાવ તૃષા છિપાવનારા જળ સમાન છે.

અવરભાવ નાશવંત છે જ્યારે પરભાવ શાશ્વત છે.

જીવનપ્રાણ બાપાશ્રીએ અવરભાવ-પરભાવની સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે, "અવરભાવ જે આ દેહમાં રહ્યા તે અને પરભાવ જે મહારાજની મૂર્તિમાં રહ્યા તે."

અવરભાવ-પરભાવની સમજણ એ કારણ સત્સંગની આગવી સમજણ છે જે અન્યત્ર ક્યાંય નથી.

બાપાશ્રીએ અવરભાવની અણસમજણ ટાળવા અને વાસ્તવિક, ખરા સત્સંગના પ્રસ્થાપન માટે આ સમજણ આપી.

**આ સમજણ કોને વિષે દૃઢ કરવાની ? તો પાંચને વિષે. સત્સંગના ચાર મૂળભૂત તત્ત્વો છે.**

**૧. શ્રીજીમહારાજ** : જે જ્ઞેય, ધ્યેય, ઉપાસ્ય સ્વરૂપ છે.

**૨. મોટાપુરુષ** : જે શ્રીજીમહારાજનું સર્વોત્તમ સુખ, અનાદિમુક્તની સ્થિતિ પામવાનું દ્વાર છે.

**૩. સંતો–ભક્તો** : જેમની સાથે સમૂહજીવનમાં રહી, ઘડતર પામી પાત્રતા કેળવવાની છે.

**૪. સ્વ–સ્વરૂપ** : જે સ્વયં સુખ લેનાર છે, સુખભોક્તા આત્મા છે.

અને આ ચારેય સ્વરૂપને જેમની સાથે સંબંધ છે તેવા...

**૫. સ્થળ–સ્થાન** : સ્થળ-સ્થાનને વિષે અવરભાવ-પરભાવની સમજણ દૃઢ કરવાની છે.

### • શ્રીજીમહારાજને વિષે અવરભાવ–પરભાવની સમજણ :

અગ્નિને વિષે ઊધઈ ન હોય,

સૂર્યમંડળમાં અંધકાર ન હોય,

તેમ દિવ્યાતિદિવ્ય સ્વરૂપમાં માયાનો લેશ ન હોય. શ્રીજીમહારાજ સંપૂર્ણ પરભાવનું દિવ્યાતિદિવ્ય સ્વરૂપ છે. જેમને વિષે અવરભાવ સંભવી શકે જ નહીં. તો સ્વાભાવિકપણે પ્રશ્ન ઉદ્ભવે કે શ્રીજીમહારાજ દિવ્યાતિદિવ્ય જ છે તોપણ તેમને વિષે શા માટે અવરભાવ-પરભાવની સમજણ દૃઢ કરવાની ? શ્રીજીમહારાજ અનેક જીવોનાં કલ્યાણ અર્થે સંવત ૧૮૩૭માં ભૂમંડળને વિષે મનુષ્યને મનુષ્ય જેવા દેખાયા. મનુષ્ય જેવા થયા ન હતા. પરંતુ માયાના દેહધારી જીવોએ તેમને વિષે પોતા જેવા દેહના ભાવો પરઠ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી મહારાજને વિષે કેવો અવરભાવ પરઠાય છે તેનું વર્ણન કરતાં કહેતા હોય છે કે, “શ્રીજીમહારાજ સંવત ૧૮૩૭માં જન્મ્યા, જ્ઞાતિએ સરવરિયા બ્રાહ્મણ, પિતા ધર્મદેવ ને માતા ભક્તિદેવી. બે ભાઈ ને તેમાં એક નાનો, એક મોટો; પોતે વચેટ. બે મામા, બે માસી, સંવત ૧૮૮૬માં પંચભૂતનો દેહ ત્યાગ કર્યો; હવે અક્ષરધામના તખત પર બિરાજે છે.” આમ, શ્રીજીમહારાજે મનુષ્ય સ્વરૂપે દર્શન આપ્યાં ત્યાં સુધી શ્રીજીમહારાજને વિષે અવરભાવ જ પરઠાતો.

ભૂજના સુંદરજીભાઈએ દેહ મૂક્યો ત્યારે તેમને શાલ ઓઢાડવા શ્રીજીમહારાજ પટારામાંથી શાલ કાઢવા ગયા. ત્યારે સુંદરજીભાઈના પત્નીએ મહારાજને રોક્યા જે, “મહારાજ ! તમે તમારા ભક્તને અડ્યા છો. માટે પટારે ન અડશો; નહિ તો તે અભડાશે.”

આવી તો કેટકેટલીય અવરભાવની અણસમજણ શ્રીજીમહારાજને વિષે પરઠાતી જે બાપાશ્રીએ મિટાવી પરભાવની સમજણ દૃઢ કરાવી.

બાપાશ્રીએ શ્રીજીમહારાજને વિષે મનુષ્યભાવ અને પ્રતિમાભાવ ટળાવી, દિવ્યભાવ અને પ્રગટભાવની સમજણ સૌને પરભાવમાં લઈ જવા આપી.

બાપાશ્રી બોલ્યા જે, “મૂર્તિઓને વિષે ચિત્ર-પાષાણાદિકનો ભાવ રહે તથા મુક્તને વિષે મનુષ્યભાવ રહે તથા મહારાજ વિના બીજો ઘાટ ઊપજે તેને પૂરો થવા દે પણ થતાં જ તે ઘાટને તોડી પાડે નહિ તે નાસ્તિકભાવ કહેવાય. અને મૂર્તિઓને વિષે સદા દિવ્યભાવ રહે અને મહારાજ અને મુક્તને સદા અંતર્યામી જાણે ને સદા સમીપે જાણે ને સંકલ્પને પૂરો થવા દે નહિ એ આસ્તિકભાવ કહેવાય.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧

ચર્મચક્ષુએ ચિત્ર-પાણાદિકની મૂર્તિ દેખાય છે. પરંતુ વાસ્તવિકતાએ મૂર્તિ સ્વરૂપે મહારાજ પ્રગટ અને પ્રત્યક્ષ જ છે. માટે તેમને વિષે પ્રતિમાભાવ રહે અને મનમાં કોઈ અયોગ્ય ઘાટ થાય ત્યારે કોઈ જાણતું નથી એમ જાણી ઘાટ કરે. પરંતુ મહારાજનું પ્રગટપણું ન રાખે કે બીક ન રાખે અને અયોગ્ય ઘાટ કરવા થકી પાછું ન વળાય તો તે નાસ્તિકભાવ કહેવાય. કારણ, મહારાજ પ્રગટ છે એવું જાણવા છતાં ‘નથી’નો ભાવ રહ્યો. બાપાશ્રીએ આ વાત દ્વારા મહારાજ પ્રગટ-પ્રત્યક્ષ છે તેવું બોલવા છતાં આજ્ઞાના લોપ થાપ તેવો નાસ્તિકભાવ ટાળી મહારાજને વિષે પ્રગટભાવ અને દિવ્યભાવ કેળવવારૂપી પ્રત્યક્ષભાવની સમજણ કરાવી છે. પ્રતિમાને વિષે અવરભાવની સમજણ દૂર કરાવી

પરભાવની સમજણ દૃઢ કરાવી છે.

શ્રીજીમહારાજને વિષે પરભાવની સમજણ દૃઢ કરવાનું મહત્ત્વ સમજ્યા પછી શ્રીજીમહારાજના કોઈ ચરિત્રમાં સંશય ન થાય, તેમને વિષે આવ્યા-ગયાનો ભાવ ન સમજાય અને પ્રતિમાભાવ ટાળી પરભાવના સ્વરૂપનો યથાર્થ મહિમા સમજાય તે જ તેઓના સ્વરૂપને વિષે પરભાવની દૃઢતા થઈ કહેવાય. શ્રીજીમહારાજના સ્વરૂપનો પરભાવનો વિશેષ મહિમા 'જ્ઞાનલક્ષી આગ્રહ'માં સમજ્યા છીએ તેને દૃઢ કરીએ.

## ● મોટાપુરુષને વિષે અવરભાવ–પરભાવની સમજણ :

"મોટા તો સ્વતંત્ર હોય તે માયામાં પણ નિર્લેપ રહે, સ્વતંત્ર પ્રગટ થાય અને અનંત પતિત જીવોનો ઉદ્ધાર કરી નાખે એવું એમાં સામર્થ્ય છે. જેટલું મહારાજ જાણે, દેખે ને કરે તેટલું મોટા મુક્ત પણ કરે. એ માટે અનાદિમુક્તને વિષે પણ મહારાજના જેવો દિવ્યભાવ લાવવો." – શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૩૬

અર્થાત્ મોટાપુરુષ અવરભાવમાં દેખાવા છતાં અવરભાવમાં નથી. તેઓ માયામાં કહેતાં અવરભાવમાં પણ નિર્લેપ રહે છે. મોટાપુરુષ ભગવાન નથી પરંતુ નિરંતર મૂર્તિમાં રહે છે. તેથી તેમને વિષે શ્રીજીમહારાજ જેવો દિવ્યભાવ કહેતાં પરભાવ પરઠવો.

મોટાપુરુષ પરભાવનું સ્વરૂપ છે છતાં અવરભાવમાં દર્શન આપતા હોય છે તેનું શું પ્રયોજન ? તેની સ્પષ્ટતા કરાવતાં પ.પૂ. સ્વામીશ્રી એક સરળ દૃષ્ટાંત આપે છે કે, "એક ગુજરાતી ૭૦ વર્ષના ડોસા અમેરિકાના વિઝા લેવા મુંબઈ ઍમ્બૅસીમાં ગયા. ઈન્ટરવ્યૂ લેનાર ધોળિયો (અમેરિકન) તે ગુજરાતી ન સમજે. ડોસા તેનું અંગ્રેજી ન સમજે. બંને જણા સામસામા સવારથી સાંજ સુધી ઊભા રહે તોય મેળ ન પડે પણ વચ્ચે દુભાષિયો કહેતાં ઈન્ટરપ્રિટર મળી જાય, ડોસાની વાત અંગ્રેજીમાં ધોળિયાને કહે ને ધોળિયાની વાત ગુજરાતી કરી ડોસાને સમજાવે તો પાંચ મિનિટમાં અમેરિકાના વિઝા મળી જાય. તેમ શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેવાની જીવમાં પાત્રતા નથી પણ વચ્ચે દુભાષિયારૂપી મોટાપુરુષ મળી જાય તો ઠેઠ પહોંચાડી દે."

બાપાશ્રી મોટાપુરુષનો મહિમા સમજાવતાં કહેતા કે, "મોટા અનાદિમુક્ત છે તે તો બારિસ્ટર જેવા છે. જેમ અહીંના બારિસ્ટર છે તે એક શબ્દ સૂઝે તેવો આંટીવાળો હોય તેને તોડીને આ લોકમાં જેમ સુખ થાય તેમ કરી આપે છે, તેમ જે અક્ષરધામના બારિસ્ટર છે તે એક શબ્દે માયારૂપી આંટી તોડીને અક્ષર પર અનાદિની સ્થિતિ કરાવી આપે છે."

– શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૬૭

જીવને માયાથી પર કરી મૂર્તિમાં મૂકવાની સામર્થી જેમનામાં હોય અને એ જ કર્તવ્ય માટે આ બ્રહ્માંડને વિષે દર્શન આપતા હોય તે દેહધારી કેવા ?

બ્રહ્મચારી નિર્ગુણાનંદજી શ્રીજીમહારાજના સંકલ્પથી પધારેલ દિવ્ય સ્વરૂપ હતા તેમ છતાં તેમની અંત અવસ્થાની સ્થિતિ જોઈ સંતો તેમને વિષે અવરભાવ પરઠતા. બાપાશ્રી

મોટાપુરુષને વિષે પરઠાતા અવરભાવના ભાવો ટળાવવા તેમનું મહાત્મ્ય સમજાવતા, “ભગવાનના ભક્ત મોટા હોય તેની અંત વખતની સ્થિતિ જોઈને મનમાં સંદેહ લાવવો નહીં. બ્રહ્મચારી નિર્ગુણાનંદજીના જેવા ચોવીસ મંદિરમાં એકેય નથી એવા એ હતા. તેમને કેટલાક કહે છે કે બ્રહ્મચારી બહુ દુઃખી થયા તે અણસમજણથી કહે છે. એવા વખતના જાણનારા તો એક સ્વામી અક્ષરજીવનદાસજી હતા. તે કહેતા કે આ દિવ્ય મૂર્તિઓમાં એવી નજર કરશે તો જીવ નીકળી જશે, આંખો નીકળી જશે.”

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૨૦

“બ્રહ્મચારીને અમે મૂર્તિમાં લઈ લીધા અને સુખિયા થઈ ગયા; એવા બ્રહ્મચારી બેય દેશમાં નથી. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું કે તમને તો ખૂબ સાંભરતા હશે ? અમને પણ ખૂબ સાંભરે છે. સાજું બ્રહ્માંડ ફરી આવે તોપણ એવા પુરુષ ક્યાંય ન મળે, વાતોના ધડાકા કરતા આવે; કોઈની પરવા રાખતા નહીં.”

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૨૧

મોટાપુરુષ સ્વતંત્ર હોવા છતાં અવરભાવમાં અવરભાવના ભાવ જણાવે. અજ્ઞાનપણું, પરવશપણું જણાવે, વિધિ પ્રમાણે વર્તે અને ન પણ વર્તે, ભેદભાવ જણાવે, પ્રાકૃત દેહના ભાવ જણાવે, અવરભાવ અદૃશ્ય કરતા દેખાડે. તેમ છતાં તેમને વિષે દેહધારીના ભાવો ન પરઠવા. નિરંતર તેમનો પરભાવ જોવો તો સદાય સુખી રહેવાય.

સત્પુરુષનું અવરભાવ-પરભાવનું વિશેષ કેવું મહાત્મ્ય સમજવું તે મહાત્મ્યલક્ષી આગ્રહમાં જોઈશું.

## ● સંતો–ભક્તોને વિષે અવરભાવ–પરભાવની સમજણ :

સત્સંગીરૂપ સમૂહજીવનમાં રહી રાજીપારૂપી સાધના કરનાર પ્રત્યેક મુમુક્ષુ માટે બહુ મોટી બાધારૂપ બાબત સંતો-ભક્તોને વિષે થતી અવરભાવની દૃષ્ટિ છે. સત્સંગમાં સૌના સ્વભાવ-પ્રકૃતિ, મત-મતાંતર જુદા હોય. તેના પરિણામે પરસ્પર ઘર્ષણ, માન, ઈર્ષ્યા, અહમ્-મમત્વ આદિક દોષો વધવાની સંભાવના છે. ક્યાંક ક્લેશ પણ થાય છે. ઘર કી બાત જેવું થઈ જાય. સાથે રહીને અવરભાવ દેખાવા છતાં તેને ભૂલી સૌનો પરભાવનો મહિમા સમજવો એ એક પડકારરૂપ બાબત બની જાય છે.

બાપાશ્રીએ કેવી ઘર કી બાત થઈ જાય તે દીકરાના દૃષ્ટાંતે કહ્યું જે, “અમારો નાનો દીકરો દર્શને આવ્યો હતો. તેની પાસે અમે સર્વે સંતને દંડવત કરાવ્યા. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ તેને કહ્યું જે, તું બાપાને દંડવત કર પણ તેણે દંડવત કર્યા નહીં. ત્યારે અમે કહ્યું જે, એ તો ઘર કી બાત થઈ જાય, ભેળા રહે ને મહિમા ન હોય તો ઘર કી બાત જેવું થઈ જાય. મુદ્દો હાથ ન આવે. સત્સંગી હરિભક્ત-સંત સર્વે દિવ્ય છે.”

પ.પૂ. સ્વામીશ્રીએ પણ આ વાતને અનુરૂપ કહ્યું છે કે, “સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ સત્સંગની ચાર ઘાંટી કહી છે પણ અમે પાંચમી ઘાંટી કહીએ છીએ જે, ભેળા રહીને સંતો-

હરિભક્તોનો મહિમા સમજવો – ચાર ઘાંટી કરતાં પણ કઠિન ઘાંટી છે.''

ભેળા રહીને મહિમા સમજવારૂપી ઘાંટી ઉલ્લંઘાય તો મહારાજ, મોટાપુરુષ અને પોતાને વિષે પરભાવની દૃષ્ટિ કરવી સરળ થતી જાય. કેટલીક વાર સંતો-હરિભક્તોને વિષે બરોબરિયાપણાના ભાવ આવવાથી તેમનો મહિમા ન સમજાય ને આદર ન રહે એવું બને.

જેમ કોઈ રાજા અને રાણીનો મહિમા જાણી તેમનો આદર કરે અને આજ્ઞા માને પરંતુ રાજકુંવરને ધોલધપાટ કરે તો ? જરૂર સજાને પાત્ર બને, કેદમાં જવું પડે. તેમ અધ્યાત્મ માર્ગમાં શ્રીજીમહારાજ રાજા છે, મોટાપુરુષ રાણી છે અને સંતો-ભક્તો રાજકુંવરને ઠેકાણે છે. તેમને વિષે અવરભાવ પરઠાય, દોષદૃષ્ટિ થાય તો દુઃખ આવે જ, દોષ પીડે જ.

પીડતા દુઃખ-દોષથી રહિત થવા શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૬૩મા વચનામૃતમાં પરભાવ દૃઢ કરાવ્યો છે કે, ''ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે. એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહીં.''

બાપાશ્રી સંતો-હરિભક્તોને વિષે અવરભાવ ટાળી પરભાવ દૃઢ કરાવવા કહેતા કે, ''જેમ પક્ષીનું ઈંડું પરાધીન છે પણ જ્યારે ઈંડું ફૂટીને પાંખ આવશે ત્યારે આકાશમાં રહેશે માટે તે ખેચર કહેવાય. તેમ જે શ્રી પુરુષોત્તમના આશ્રિત સર્વે દેહના આવરણમાં છે ત્યાં સુધી ઈંડાંની પેઠે પરાધીન છે. પણ જ્યારે આ દેહનો જોગ મટી જશે ત્યારે આવરણ રહિત થઈને શ્રી પુરુષોત્તમના સુખમાં રમશે.''

ઈંડાંને લઈને પક્ષી પરાધીન છે તેમ છતાં પક્ષીની જાત મટી જતી નથી તેમ શ્રીજીમહારાજના વ્યતિરેક સંબંધવાળા સંતો-હરિભક્તો સર્વે દેહના આવરણને લીધે દેહધારી જેવા દેખાય છે પરંતુ છે તો અનાદિમુક્તો જ.

બાપાશ્રી ચૈતન્યદર્શી સ્વરૂપ હતા તેથી સંતો-હરિભક્તોના અવરભાવને ગૌણ કરી પરભાવની સમજણ કરાવતા. સમૈયા-ઉત્સવ કે જગન વખતે સંતો-હરિભક્તોના સમૂહમાં રહીને કેવી રીતે પરભાવ દૃઢ કરવો તેની સમજ આપતા. સંવત ૧૯૭૨ના મહા માસમાં બાપાશ્રી સર્વે સદ્‌ગુરુ સંતો સહિત રામપુર ધનબાની પારાયણ પ્રસંગે પધાર્યા.

દેશોદેશના હરિભક્તોને જોઈ બાપાશ્રી અત્યંત રાજી થયા, સર્વેને ભેટ્યા, મળ્યા, મૂર્તિમાં રાખ્યાના કોલ આપી અવરભાવ દૂર કરાવ્યો જે, ''સત્સંગમાં કોઈકને વિષે દેહ સ્વભાવ દેખાય તોપણ એને ધન્ય છે. કેમ જે આવા જોગમાં રહીને ભગવાન ભજે છે એમ જાણવું. પણ અવગુણ લેવો નહીં.'' જોડે પરભાવ દૃઢ કરાવતા જે, ''આ સમૈયો છે તેમાંય દિવ્યભાવ લાવવો પણ કોઈ વર્ણનો ભાવ આ સભાને વિષે ન લાવવો.''

બાપાશ્રી સંતોનો ખૂબ દિવ્યભાવ સમજતા. તેમની સેવા કરતી વખતે દેહને પણ ન જોતા. એક વખત બાપાશ્રીને કમરમાં દુખાવો થતો હતો. તેઓ વાડીએ જોવા પધાર્યા. દીકરી વાલબાઈ ને બીજા સૌને ખારેક જમવી હતી. બાપાશ્રીને કમરનો દુખાવો હોવા

છતાં ખજૂરીએ ચડ્યા. સાથી દેવજી જોઈ ગયો ને કહ્યું, ‘‘મામા, પડી જશો.’’ ‘‘ચિંતા ન કર. હું પડું એવો નથી.’’ એમ કહી ખજૂરીથી ધોતિયાની ફાંટ ભરી ઘણી ખારેકો લઈ નીચે ઊતર્યા. વાલબાઈને એમ કે આ બધી ખારેકો અમને મળશે. પણ બાપાશ્રીએ તેઓને થોડી ખારેકો આપી. વાલબાઈએ વધુ માગી તો કહ્યું, ‘‘હું કાંઈ તમારા સારુ ખજૂરીએ નહોતો ચડ્યો. હું તો મારા સાધુ સારુ ચડ્યો હતો.’’ પછી ગાડું જોડાવી મંદિરે ગયા અને સંતોને સાજા માણસની પેઠે દંડવત કર્યા અને ખારેકો આપી રાજી કર્યા. બાપાશ્રી સંતોની ભગવા વસ્ત્રધારી તરીકે સેવા નહોતા કરતા. પરંતુ અનાદિમુક્તના ભાવથી સેવા કરી આપણને પરભાવ સમજી સેવા કરવાની રીત શીખવી છે.

બાપાશ્રીની વાડીમાં કેરીઓ થતી. જ્યારે સંતો ગુજરાત તરફ જવાનું કહેતા ત્યારે બાપાશ્રી કહેતા જે, ‘‘આ આંબામાં હજી કેરીઓ નાની છે તે અષાડ મહિનો બેસતાં બરાબર પાકી જશે, ત્યાં સુધી રાજી થઈ રહો અને રસપૂરીની રસોઈ કરી ઠાકોરજીને જમાડો તથા તમે બધા સંતો જમાડીને પછી જજો.’’ બાપાશ્રી સંતોને વિષે આવું દિવ્યભાવ સહિત હેત જણાવતા.

બાપાશ્રી સદ્‌ગુરુને પધારવાનું મોડું થાય ત્યારે અતિ હેતભર્યા વચન બોલતા, ‘‘આવલડી વાર ક્યાં લગાડી વીરા.’’ અને સંતો વિદાય લેતા ત્યારે ભગ્ન હૃદયે કીર્તન ગાતા જે,

‘‘આજ સોહાગણ હું રંડાણી, ભરદરિયે વહાણ ભાંગ્યું રે.’’

એક વખત સંતો વૃષપુરથી વિદાય લઈ ભૂજ જતા રહેલા. ત્યારે બાપાશ્રીએ મારતે ઘોડે માણસ મોકલી સંતોને બોલાવ્યા અને સંતોનાં દર્શન કર્યાં ત્યારે અત્યંત રાજી થયા અને બોલ્યા જે, ‘‘અમે તમારી વાટ જોઈ રહ્યા હતા. તમો આવ્યા તે બહુ સારું કર્યું.’’ એમ કહી ઊઠીને સર્વે સંતોને મળ્યા. પછી એમ બોલ્યા જે, ‘‘તમારા વિના સૂનું દેખીને મનમાં એમ થયું જે,

‘સખી સૂના સર્વે લોક ચડે મારી નજરે.’ ‘મારે એક ન રહ્યો આધાર ક્યાં જઈ ઊભિયે.’ ‘સખી પિયુ રીઝવ્યાની રીત એકે મુને ન જડી.’ એમ તમને ન દેખીને અમે ઉદાસ થઈ ગયા હતા. તે તમે આવ્યા તેથી બહુ આનંદ થયો.’’

બાપાશ્રી હરિભક્તોનો મહિમા પણ બહુ સમજતા. બાપાશ્રી હરિભક્તોના મનોરથ પૂર્ણ કરવા ગુજરાત ને કરાંચી પધારતા ને કહેતા જે, ‘‘આ ફૂલડોલનો સમૈયો સાંવલદાસભાઈએ કરાવ્યો. કેમ કે અમારે શરીરે બરાબર ન હતું. પણ એમનું હેત બહુ ને તમારી સૌની તાણ પણ એવી જેથી અવાણું.’’

હરિભક્તોની પંક્તિમાં જગન પ્રસંગે પીરસવા જતા ત્યારે પોતે ધીરે ધીરે ચાલતા, ઊભા ઊભા મોટા મોટા કટકા સહુને આપતા, હરિભક્તો હાથ ધરતા, પાત્ર ધરતા તેને સુખડી આપતા. એમ પંક્તિમાં દર્શન દઈને સહુને રાજી કરતાં ટૂંક બોલતા જે,

‘‘સુખડી સુખ દેશે અપાર, જમ્યા છે પોતે ધર્મકુમાર.’’

આવું હેત જણાવી અતિ પ્રસન્નતા જણાવતા.

સૌને વિષે અવરભાવ ટાળી પરભાવની કેવી સમજણ રાખવી જોઈએ તે ગુરુવર્ય પ.પૂ. બાપજીની દિવ્ય રીત દ્વારા સહેજે શીખવા મળે. સૌના ગુરુસ્થાને બિરાજતા હોવા છતાં અવરભાવમાં સંતો-ભક્તોને વિષે પરભાવ જ પાકો કરાવતા.

સ્વામિનારાયણ ધામના સમૈયામાં ગુરુવર્ય પ.પૂ. બાપજી જ્યારે પણ દર્શન-આશીર્વાદ આપવા પધારતા ત્યારે બે હસ્ત જોડી સમસ્ત સભાનાં દર્શન કરતા અને સર્વે હરિભક્તોને કહેતા, ‘‘હું તો તમારા સૌનાં દર્શન કરવા આવ્યો છું.’’ સંતો-હરિભક્તો કહેતા, ‘‘બાપજી, તમારે અમારાં દર્શન ન કરવાના હોય. અમારે તમારાં દર્શન કરવાના હોય.’’ ત્યારે કહેતા, ‘‘તમે બધા મહારાજના મુક્તો ખરા કે નહીં ? તો હું મહારાજનાં દર્શન કરું છું.’’

પ.પૂ. સ્વામીશ્રી હરિભક્તો પ્રતિ પરભાવનાં દર્શન કરતાં કહેતા હોય છે, ‘‘અમે આપનો અવરભાવ કદી જોયો જ નથી. આપના સૌના દોષ, સ્વભાવ, પ્રકૃતિની જાણ હોવા છતાં દોષો, સ્વભાવો, પ્રકૃતિ જોવા છતાં દોષો, સ્વભાવો દેહના છે, અવરભાવના છે, તમારા નથી જ. તમે તો અનાદિમુક્તો જ છો. શ્રીજીમહારાજના પ્રિ-પ્લાનિંગનાં પાત્રો છો. માટે આપને વિષે અવરભાવ સંભવે નહિ એવું દૃઢપણે અમને વર્તે છે. તમે અમારી આગળ નિષ્કપટી થઈ કચરાનો ઢગલો કર્યો હોય તોપણ અમને તમારે વિષે અવરભાવ પરઠાતો નથી એટલે જ તમને બીજી જ મિનિટે એટલો વ્હાલ, પ્રેમ આપી ભેટી શકીએ છીએ અને પોતાના કરી શકીએ છીએ.’’

મોટાપુરુષની આવી પરભાવ પરઠવાની રીતનું વર્ણન કરતાં બાપાશ્રી કહેતા જે, ‘‘જે મોટા મુક્ત હોય તેમને તો કોઈના દોષ જોવામાં આવતા નથી; સાધનવાળાને જીવના દોષ દેખવામાં આવે છે. જેમ ડુંગર ઉપર રીંછડીયો એટલે ડુવાળા હોય છે તે છેટેથી દેખાય છે પણ ડુંગર ઉપર જઈએ તો દેખાય નહિ તેમ મૂર્તિનું સમીપપણું નથી તેને બીજાના દોષ દેખવામાં આવે છે.’’ - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૩૯

મોટાપુરુષની આવી રીતને પોતાની રીત કરી જે સાધક સૌને વિષે પરભાવની દૃષ્ટિ કરે તેના પર મોટાપુરુષ રાજી થાય અને રાજીપાએ કરીને સુખ વધતું જાય.

બાપાશ્રી કહેતા જે, ‘‘મૂળીના સ્વામી બાળકૃષ્ણદાસજી બહુ મોટા સાધુ છે. તે મૂર્તિમાં અખંડ જોડાઈ રહે છે ને મૂર્તિનું સુખ લે છે.’’ ત્યારે કોઈ હરિભક્તે આતુરતાથી પૂછ્યું જે, ‘‘બાપા, એનું કારણ શું ? તો એમને કોઈ વિક્ષેપ નથી આવતો. એમણે એવો શો અભ્યાસ કર્યો હશે ? એવું શું સાધન કર્યું હશે ? જેથી આવા થયા.’’ ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘બાળકૃષ્ણસ્વામી કોઈનો અવગુણ લેતા નથી; બધાયને દિવ્ય દેખે છે એટલે એ દિવ્ય થઈ ગયા છે. જ્યાં સુધી બીજાના દોષ દેખાય છે ત્યાં સુધી ભગવાનની મૂર્તિમાં જોડાવાતું નથી.’’.

પરભાવની સમજણ દૃઢ કરવાના માર્ગે આગળ વધતા મુમુક્ષુને અવરભાવ પરઠવાથી આવતા અભાવ-અવગુણથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે ગુણગ્રાહકતા.

મનુષ્યમાત્રનો સાહજિક સ્વભાવ છે પહેલી દૃષ્ટિએ અવગુણ જ ભાસે. ખોટ ને કસર જ દેખાય. આવા સ્વાભાવિકપણામાંથી સીધો જ પરભાવ પરઠવો અશક્ય છે. તેથી જ સંપૂર્ણ અવરભાવ અને દોષે યુક્ત સમજણમાંથી પરભાવની સમજણ કેળવવા પ્રથમ ગુણગ્રાહક બનવું ફરજિયાત છે.

જીવનપ્રાણ બાપાશ્રીએ પણ ગુણગ્રાહક થવાની શ્રેષ્ઠ રીત જણાવી છે કે, "સો જણાનો અકેકો અવગુણ લે તો સો અવગુણ આવે અને અકેકો ગુણ લે તો સો ગુણ આવે માટે સર્વે સંત-હરિજનોના ગુણ લેવા. દેહસ્વભાવ જોઈને અવગુણ લેવા નહીં."

પ.પૂ. સ્વામીશ્રીની રીત અનંત મુમુક્ષુઓનું પ્રેરણાસ્રોત છે. તેઓ કહેતા હોય છે કે, "અમે જમાડતી વખતે હંમેશાં પ્રાતઃ સભાનું મનન કરીએ અથવા સંતો-હરિભક્તોના ગુણાનુવાદ કરીએ જ. આ અમારો વર્ષોનો નિત્યક્રમ છે."

મુમુક્ષુ તરીકે આપણે સૌ પણ સદા ગુણગ્રાહક બનીએ તો સંતો-હરિભક્તોને વિષે પરભાવની સમજણની દૃઢતા ઘણી સહેલી થઈ જશે.

- **સ્વ-સ્વરૂપને વિષે અવરભાવ-પરભાવની સમજણ :**

દેહ છતા દેહના ભાવો ટાળવા માટે સ્વ-સ્વરૂપને વિષે અવરભાવ-પરભાવની સમજણ કેળવવી ફરજિયાત છે. સ્વ-સ્વરૂપને વિષે પરભાવની દૃઢતા શા માટે કરવી ? તો, પોતાને વિષે પરભાવ પરઠાય તેટલો મહારાજ, મોટાપુરુષ અને સંતો-ભક્તોને વિષે પરભાવ પરઠાય. સ્વ-સ્વરૂપને વિષે અવરભાવ-પરભાવ એટલે શું ? તો દેખાતો દેહ તે અવરભાવ અને ચૈતન્યનું સ્વરૂપાંતર કરી પુરુષોત્તમરૂપ અનાદિમુક્ત કરી મહારાજ અને મોટાએ પોતાની મૂર્તિમાં રાખ્યો છે તે પરભાવ.

જ્યાં સુધી દેહનો યોગ છે ત્યાં સુધી દેહના દોષોની, અંતઃશત્રુની પજવણી રહે જ. આવા સમયમાં બાપાશ્રીએ સ્વ-સ્વરૂપની આવી સમજ આપી છે. કોઈ હરિભક્તે પૂછ્યું જે, "બાપા, ઘાટ-સંકલ્પ થતા હોય તેનું શું સમજવું ?" ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એ તો તમને હોય જ નહીં. (કારણ કે તમે પરભાવમાં છો) પણ ફડકાવવા રાખ્યા છે તે મરેલા સર્પ જેવા છે ને પોતાને વિશેષ મનાય નહિ ને નિર્માની રહેવાય એટલા સારુ છે."

પ.પૂ. સ્વામીશ્રી બાપાશ્રીની આ વાતને નૂતન આયામથી રજૂ કરતા હોય છે કે, "પરભાવમાં રહીને અવરભાવને સુધારો. કેવી રીતે ? તો મહારાજ અને મોટાના આશીર્વાદના બળે 'હું અનાદિમુક્ત છું' એ ભાવની દૃઢતા કરો. દોષ દેખાય છે તે અવરભાવના છે છતાં મહારાજે મને દત્તક તરીકે દેહને સુધારવાની જવાબદારી આપી છે." આમ, મુક્તભાવમાં રહીને અવરભાવને સુધારવાથી અવરભાવમાં ભક્તપણું અને પરભાવમાં મુક્તપણું બંને સુદૃઢ થશે.

વળી દેહ છતા પોતાને અનાદિમુક્ત જ માનવું તે પરભાવની દૃઢતા પોતાની મેળે થતી નથી. પોતાની મેળાએ પરભાવમાં નથી રહેવાતું. મહારાજ ને મોટાપુરુષે આપેલા

આશીર્વાદ અને કોલથી રહેવાય છે. એટલે જ તો બાપાશ્રી સૌને સહજમાં આશીર્વાદ આપી મૂર્તિમાં રાખતા, કોલ આપતા.

સંતોને વિદાયવેળાએ માથે હાથ મૂકીને બાપાશ્રીએ આશીર્વાદ આપ્યા જે, “આમ ને આમ મહારાજની મૂર્તિમાં રસબસ રહેજો, આપણે સદાય ભેળા જ છીએ.”

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૩૦

“અમે તો એવા આશીર્વાદ દઈએ છીએ કે બધોય સત્સંગ સાજો આબાદ ભગવાન પાસે જાય અને બધાય અનાદિની પંક્તિમાં ભળી જાય.”

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૫૯

આમ ને આમ સૌ મૂર્તિના સુખમાં કિલ્લોલ કરજો.

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૬૯

બાપાશ્રી આશીર્વાદ પણ આપતા અને જોગમાં આવનારને કેવા કર્યા છે ? તેવી સ્વ-સ્વરૂપને વિષે પરભાવની ખૂબ દૃઢતા કરાવતા.

એક વખત ચોમાસાની રાત્રે આકાશમાં વીજળીના ઝબકારા થતા હતા. ત્યારે સંતોએ કહ્યું જે, “બાપા ! આ વીજળીના અજવાળે તમારાં દર્શન થાય છે તે એને પુણ્ય થશે કે નહીં ?” ત્યારે બાપાશ્રીએ પોતાના મહિમાની વાતને ગૌણ કરીને સંતોને સ્વ-સ્વરૂપની પરભાવની સમજણ દૃઢ કરાવી જે, “એ બિચારી શું તમને દર્શન કરાવશે ? તમમાં આટલોય પ્રકાશ નથી ? તમમાં તો બહુ જ પ્રકાશ છે. તમે તો તેજમાં મૂર્તિ છે, તે મૂર્તિમાં રહ્યા થકા સુખ લો છો ને કેટલાયનો મોક્ષ કરો છો. સાચું મનાય છે કે નહીં ?” ત્યારે સંતો બોલ્યા જે, “હા બાપા. તમારા પ્રતાપે એવા થયા છીએ.” પછી બાપાશ્રી બોલ્યા જે, “તમારા પ્રતાપની ને તેજની ને સુખની ખબર તમને નથી પડતી કેમ કે અમે રોકી રાખી છે. પણ તમારો પ્રકાશ તો અક્ષરકોટિથી પણ ઘણો વધુ છે. તમે કામ કરો તે અક્ષરકોટિથી પણ થાય નહિ એવો તમારો મહિમા છે. માટે તમે કાંઈ અધૂરું માનશો નહિ; પૂર્ણકામ માનજો.”

માટે જેટલો સ્વ-સ્વરૂપનો વિચાર સ્થિર થતો જાય તેટલી દેહભાવની વિસ્મૃતિ થતી જાય. સર્વેને વિષે પરભાવ અને સ્વને વિષે મૂર્તિભાવ પ્રસ્થાપિત થતો જાય.

## ● સ્થળ–સ્થાનને વિષે અવરભાવ–પરભાવની સમજણ :

ચારેય સ્વરૂપને વિષે પરભાવની દૃઢતા કરવાની સાથે સ્થળ-સ્થાનને વિષે પરભાવ પરઠવો પણ એટલો જ જરૂરી છે. શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૧૩મા વચનામૃતમાં પરભાવ દૃઢ કરાવ્યો છે કે, “આ ગઢડું શહેર કે ઓસરી કાંઈ નથી.”

એક સ્વાભાવિક પ્રકૃતિ મુજબ કોઈ વ્યક્તિ જે સ્થળ-સ્થાનમાં વધુ સમય રહે તો તે પોતીકું લાગે. ભલે પછી સારું હોય કે નરસું; તેને વિષે બંધન થઈ જાય છે. સ્થળના મમત્વપણાના કારણે તેને છોડવું મરવા કરતાં પણ અઘરું લાગે છે.

અવરભાવના સ્થાનથી નિર્લેપ રહી શકાય તે માટે બાપાશ્રીએ પણ પરભાવની દઢતા કરાવતાં કહ્યું, “સત્સંગમાં જેને દિવ્યભાવ આવે તેને મહારાજ ને મુક્ત સર્વે તેજોમય ભાસે. આ મંદિર, મેડી, ઘર, ઓસરી સર્વે તેજોમય છે. તેજનો અંબાર છે. વચ્ચે મહારાજ બિરાજે છે.”

બાપાશ્રી બાવળ, જાંબુ આદિક ઝાડ નીચે કે વાડીએ કે કરાંચીના મલીરબાગમાં બિરાજ્યા હોય ત્યારે તેને તીર્થત્વ આપી તેને વિષેથી અવરભાવ ટળાવી અક્ષરધામ તુલ્ય બનાવ્યાનો ભાવ દઢ કરાવતા.

પ.પૂ. સ્વામીશ્રી વિદેશ પધારે ત્યારે સંતો-હરિભક્તોને સમજાવતા હોય છે, “આપણે આજે USAમાં છીએ, કાલે India જવાનું છે; એવું નહિ વિચારવું. સ્થળ-સ્થાન તો અવરભાવ છે. આપણે સદા મૂર્તિમાં જ છીએ એવો પરભાવ દઢ કરવો.”

પાંચેયને વિષે અવરભાવ-પરભાવની સમજણની જેટલી દઢતા થતી જાય એટલા અવરભાવમાં રહેવા છતાં પરભાવમાં પહોંચવાના ધ્યેય માટે મંડ્યા રહેવાય. કોઈ વિઘ્નો ન નડે અને પરભાવમાં પહોંચવું આસાન બની જાય. બાપાશ્રીના આગ્રહને આપણો કરવા માટે અવરભાવ-પરભાવની સ્પષ્ટતા રાખી સર્વત્ર પરભાવ પરઠવાની ચાવીને આપણા રોજબરોજના જીવનમાં અપનાવતા રહીએ.

## ૨. કાર્ય-કારણની સમજણ :

નિર્ધારિત મુકામ પર પહોંચવાનો ધ્યેય પૂર્ણ કરવામાં સાઈકલ, બાઈક, રિક્ષા, ગાડી કે બસ માધ્યમ છે, સાધન છે. જ્યારે મુકામ પર પહોંચવું તે લક્ષ્ય છે.

શ્રીજીમહારાજની મૂર્તિ એ ત્યાગી-ગૃહી સર્વે સત્સંગીમાત્રનો ધ્યેય, મુકામ અને એકમાત્ર લક્ષ્ય છે. ત્યાં સુધી પહોંચવા માટે મંદિર, સાધુ, દેશ, ગાદી, સમૈયા આદિક માધ્યમો છે તથા ધ્યાન, માળા, માનસીપૂજા આદિક સાધનો છે. તેમ છતાં માધ્યમો કે સાધનો લક્ષ્ય નથી.

શ્રીજીમહારાજે સંવત ૧૮૭૮માં અમદાવાદ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી બીજા દિવસે કાંકરિયા તળાવે બ્રાહ્મણોની ચોરાશી કરી. ત્યારબાદ શ્રીજીમહારાજ સાબદા થઈ ચાલી નીસર્યા અને જેતલપુર રહ્યા. ત્યાંથી પ્રવૃત્તિને વિસારવા સારુ ગણેશ ધોળકાની રાણ્યોમાં રાત રહી પ્રવૃત્તિને વિચારે કરીને વિસારી મેલી. કેવી રીતે ? તો જાણે કાંકરિયા તળાવે ઊતર્યા પણ ન હતા કે મેળો પણ ભરાયો નહોતો. સર્વે કાર્યમાત્રને વિસારી દીધું. પછી તેમને હાશ થઈ. જેનો ઉલ્લેખ ગઢડા મધ્યના ૨૨મા વચનામૃતમાં છે.

આ વાત દ્વારા શ્રીજીમહારાજે સેવા-પ્રવૃત્તિ કરવા છતાં તે કાર્યનો ડંશ ન બેસવા દેવો તથા કારણ મૂર્તિરૂપી ચિંતામણિ પકડી રાખવાની અભિરુચિ દર્શાવી છે. આ જ વચનામૃતમાં આગળ જણાવ્યું છે. “ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિરૂપી ચિંતામણિ ઝાલી રાખવી પણ તેને મૂકવી જ નહિ તો એને સર્વે વાતની સિદ્ધિ થાશે.”

શ્રીજીમહારાજનો અંતર્ગત અભિપ્રાય કારણને મુખ્ય રાખવા તરફનો હતો. પરંતુ એ વખતે સમાજ નવા આદરવાળો હતો. તેથી તેમને સત્સંગમાં ખેંચવા શ્રીજીમહારાજ સમૈયા, ઉત્સવ, યજ્ઞો, રાસોત્સવ, અન્નકૂટોત્સવ આદિક કરતા. પરંતુ શ્રીજીમહારાજના અંતર્ગત કારણપ્રધાન આગ્રહને ભૂલી આજે સત્સંગ બહુધા કાર્યપ્રધાન બની રહ્યો છે. ધ્યેયમૂર્તિની મહત્તા ગૌણ થઈ રહી છે અને મંદિરો, સમૈયા, ઉત્સવ, મહોત્સવોનું પ્રધાનપણું વધતું જાય છે. તેના ઉદ્‌ઘોષમાં આનંદ મનાય છે. આ ઉપરાંત સાધનભક્તિ, ધ્યાન, ભજન, માળા, પ્રદક્ષિણા, ઉપવાસ, યજ્ઞાદિક કર્યા કરવામાં જ સંતોષ મનાય છે. સાધન છેલ્લી વસ્તુ છે જે વડે કલ્યાણ થાય તેવી ભ્રાંતિ પ્રવર્તે છે. બાપાશ્રીએ માધ્યમ તથા સાધનમાં અટવાયેલા સાચા મુમુક્ષુને કાર્ય-કારણનો નવો આયામ પ્રદાન કર્યો.

કાર્ય એટલે કારણ સુધી પહોંચવા માટેનું સાધન કે માધ્યમ. કારણ એટલે અંતિમ લક્ષ્ય, ધ્યેય, નિશાન, મુકામ. કારણને પામવા માટે કાર્ય છે.

બાપાશ્રીએ કાર્ય-કારણની વિગત સમજાવી છે, “મહારાજ અને મુક્ત એ બે કારણ છે. અને મંદિરો, આચાર્ય, સાધુ, બ્રહ્મચારી, સત્સંગી એ સર્વે કાર્ય છે.” તથા વિશેષે સ્પષ્ટતા કરતાં કહેતા : “સાધુ, બ્રહ્મચારી, આચાર્ય, સત્સંગી, ઉત્સવ, સમૈયા, ઘોડા, હાથી, રથ, વિમાન, પાલખી, બાગ-બગીચા સર્વે કાર્ય છે.”

**બાપાશ્રીએ સમજાવેલી કાર્ય-કારણની સ્પષ્ટતા સમજવી શા માટે જરૂરી છે ?**

કાર્ય કરતાં પણ દૃષ્ટિ નિરંતર કારણ તરફ રહેવી જોઈએ. કાર્યનો અભિનિવેશ ન થવો જોઈએ અને કારણ જ ધ્યેય બની રહેવો જોઈએ. આ હેતુથી કારણને ભૂલી કાર્યમાં સુખ માને તેને સાચા સુખની દિશા બતાવતાં બાપાશ્રી કહેતા : “સુખ મહારાજમાં છે અને માગવા બીજે જાય છે. એટલે કાર્યમાં સુખ માને છે. ત્યાં સુખ ક્યાંથી હોય ? જેમ રાજાને પડ્યા મૂકીને વસ્તી પાસે સુખ માગે તે ક્યાંથી મળે ? માટે કાર્યને પડ્યું મૂકીને કારણ જે મૂર્તિ તેમાં ચોંટી પડે તો સુખ મળે.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૫૨

વળી, જ્યાં કાર્યનું જ પ્રધાનપણું હોય, કાર્યનું તાન હોય અને કારણની ગૌણતા હોય તે કાર્ય સત્સંગ.

જ્યાં કારણનું પ્રધાનપણું હોય, કારણ સ્વરૂપનું જ પ્રતિપાદન થતું હોય, તે માટેનાં જ આયોજન થતાં હોય અને કાર્યની ગૌણતા હોય તે કારણ સત્સંગ.

કાર્ય અને કારણ એ કોઈ પ્રથાવાચક કે સ્થાનવાચક શબ્દ નથી પણ સમજણવાચક શબ્દ છે. કાર્ય સત્સંગ અને કારણ સત્સંગનાં ફળ અને પ્રાપ્તિ આ બે વચ્ચે ઘણો ભેદ છે.

“લાખો-કરોડો જન્મ ધરો ને (કાર્ય) સત્સંગ કરો પણ આ જોગ એક મિનિટનો પણ તેથી અધિક છે, કેમ જે એક મિનિટમાં અનાદિ કરી મૂકે.”

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૭૯

અર્થાત્ એક મિનિટમાં ચૈતન્યનું સ્વરૂપાંતર થઈ જાય, અનાદિની સ્થિતિ થઈ જાય. મોટાપુરુષનો જોગ-સમાગમ કરવાથી કાર્ય-કારણના ભેદની ખબર પડે છે. કારણનું

મુખ્યપણું રાખવાનો વિચાર પણ રહે તેમ છતાં કારણપ્રધાન થવાતું નથી. તો તે માટે શું કરવું ?

કારણપ્રધાન થવા માટે આપણા જીવનમાં કેટલાક વર્તતા આગ્રહો જેમાં આપણે આનંદ માનીએ છીએ, જે કરવામાં આપણે સંતોષ માનીએ છીએ અને જેને આપણે પ્રગતિ માનીએ છીએ તે બધી બાબતમાં કાર્ય-કારણની સ્પષ્ટતા અને જાગૃતિ રાખવાની જરૂર છે.

આપણને વર્તતા આગ્રહમાં કેવી કાર્ય-કારણની સ્પષ્ટતા રાખવી તે જોઈએ.

- **વર્તતા આગ્રહો :**

જગતના દેહધારીને ધંધા, વેપાર, વ્યવસાયનો વ્યાપ વધારવો તથા વધુ ને વધુ આવકો ઊભી કરવાનો આગ્રહ ને આલોચ રહેતો હોય છે. તેથી તેના માટે જ રાત્રિ-દિવસ મંડ્યા રહે છે. તેવી રીતે સત્સંગ થયા પછી કે સાધુ થયા પછી કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવો છે તથા મહારાજ અને મોટાપુરુષના કાર્યલક્ષી સંકલ્પોને પૂર્ણ કરવાનો આગ્રહ અને આલોચ રહેતો હોય; તે માટે જુદા જુદા વિસ્તારમાં નવો સત્સંગ વ્યાપ કરવો, અઠવાડિક સભાઓ ચાલુ કરવી, સંખ્યા વધારવી, કાર્યકરો તૈયાર કરવા, મંદિરો સારી રીતે ચલાવવાં સારું મૅનેજમેન્ટ કરવું, મિટિંગો કરવી, વિશિષ્ટ પ્રસાદીઓ દ્વારા નવા મુમુક્ષુઓને ખેંચવા વગેરે જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ અને સેવાઓ કરવાનો અતિશે આગ્રહ રહેતો હોય છે. તેમાં મૂર્તિમાં જોડાવાનો આગ્રહ ગૌણ થઈ જાય છે.

શ્રીજીમહારાજે વરતાલના ૧૬મા વચનામૃતમાં કારણપ્રધાન આગ્રહ દર્શાવતાં કહ્યું છે કે, “અમારે પણ ભગવાનના ભજનનું સુખ તે જ સુખ જણાય છે અને બીજું સર્વે દુઃખરૂપ જણાય છે, માટે પરમેશ્વરનું ભજન-સ્મરણ કરતાં થકાં જેને સહેજે સત્સંગ થાય તેને કરાવીએ છીએ. પણ કોઈ વાતનો અંતરમાં આગ્રહ નથી, ને આગ્રહ તો કેવળ ભગવાનના ભજનનો અને ભગવાનના ભક્તનો સત્સંગ રાખ્યાનો છે. એ અમારા અંતરનો રહસ્ય અભિપ્રાય હતો તે અમે તમારી આગળ કહ્યો.”

શ્રીજીમહારાજનો મુખ્ય આગ્રહ સત્સંગની પ્રવૃત્તિ કરાવવા કરતાં ભગવાનની મૂર્તિનું ચિંતવન અને ભજન-ભક્તિ કરાવવા તરફનો હતો. પરંતુ કોના માટે ? તો ખરેખર શુદ્ધ ઈશકથી મંડતા હોય તેના માટે તેઓ બધી જ પ્રવૃત્તિ મુકાવી દેતા.

બાપાશ્રી શ્રીજીમહારાજના આ આગ્રહને દૃઢ કરાવવા વારંવાર સભામાં માંડણ ભક્તનો પ્રસંગ કહેતા :

“જેતલપુરમાં મોટા આનંદસ્વામીને કોઈકે કહ્યું જે, આ માંડણ ભક્તને તમે ક્રિયા બતાવવી રહેવા દો. તેમને ધ્યાનમાં વિક્ષેપ થાય છે. પણ એ વચન સ્વામીથી ન મનાયું. તે કહે જે, માણસનો તોટો છે માટે કામ બતાવવું પડે છે. તેમને વાડીમાં રાખ્યા હતા. તે એક વખત ચાર વાગ્યે માનસીપૂજા કરતાં તેજ ને પ્રકાશ બહુ થયો. તે પ્રથમ થોડું હતું.

તેમાંથી વધતાં વધતાં દેવ સરોવર તથા વાડી તથા મહોલ તે સર્વે તેજોમય થઈ ગયા. તે જોઈ આનંદસ્વામી તે સર્વે મંદિરમાં બેઠા હતા ત્યાંથી થોડાક સાધુને ભેળા લઈને એમ વિચાર કરતા હાલ્યા જે, આ તે આપણી વાડીમાં કાંઈ બળે છે કે શું ? એમ જાણી વાડીએ આવ્યા. ને તેજથી વીસ ગાઉ છેટે ઊભા રહ્યા ને વિચાર્યું જે આ તો અગ્નિ નથી, તેજ છે. પછી સૌ સોંસરા ચાલ્યા. માંડણ ભક્તને માનસીપૂજા કરતા દીઠા ને મહારાજની મૂર્તિનાં સભા સહિત તેજમાં દર્શન સ્વામીને થયાં. સ્વામીએ મહારાજની સ્તુતિ કરી. તે વખતે મહારાજે કહ્યું જે, 'આ માંડણ ભક્તને કામ બતાવશો નહીં. કેમ જે એમને અમારા ભજનમાં વિક્ષેપ થાય છે ને એ તો અમારી મૂર્તિનું અખંડ ચિંતવન કરે છે ને અમારા સ્વરૂપમાં નિરંતર રહે છે. માટે કોઈ ક્રિયા બતાવશો નહીં.' ત્યારે આનંદસ્વામી 'સારું મહારાજ' એમ કહીને મહારાજને પગે લાગ્યા. પછી મહારાજ તેજ સંકેલીને અદૃશ્ય થયા.''

બાપાશ્રી પણ આવો જ આગ્રહ દર્શાવતા. એક વાર બાપાશ્રી ભૂજ પધાર્યા હતા. ત્યાં કહેતા જે, ''સત્સંગનો વ્યવહાર હોય તે કરીને નિવૃત્તિ પામવી અને મોટાનો જોગ કરવો ને મૂર્તિમાં જોડાવું. બહુ પ્રવૃત્તિ મૂર્તિ ભુલાવે... માટે મૂર્તિ ભુલાય તેવી સત્સંગની પ્રવૃત્તિ પણ કરવી નહીં.'' - શ્રી અબજીબાપાશ્રીનં જીવનવત્તાંત : ૨૮

વાગડ દેશના ૭૦ વર્ષના હરિભક્તને નાના સંતોને ભગવાન ભજતા જોઈ સાધુ થવાની ઇચ્છા થઈ. સદ્. અક્ષરજીવનદાસજી સ્વામીએ તેમના વૈરાગ્યની કસોટી કરવા ચાર જણને કોઠારની સેવા છોડાવી; તેઓને એકલાને મંદિરના કોઠારની જવાબદારી આપી. ૭૦ વર્ષની જૈફ વયે આખો દિવસ કોઠારની સેવા કરતા. તેમ છતાં ધ્યાન-ભજન કરવાનો અતિશે આગ્રહ હતો. તેથી આખી રાત કાનમાં કડીઓ ભરાવી ધ્યાન કરતા. બાપાશ્રી ભૂજ પધાર્યા અને તેમનો ખરેખરો આગ્રહ જોઈને સદ્. અક્ષરજીવનદાસજી સ્વામીને ભલામણ કરી જે, ''આમને કોઠારની સેવા છોડાવી દો અને તેમને ધ્યાન-ભજન માટે અલાયદો ઓરડો આપી દો.''

બાપાશ્રી સંતો-હરિભક્તોને નિરંતર કારણ સ્વરૂપ શ્રીજીમહારાજની મૂર્તિને મુખ્ય રાખીને સત્સંગનાં સઘળાં કાર્ય કરવાનો આગ્રહપૂર્વક ઉપદેશ કરતા.

''બહારવૃત્તિએ કરીને કાર્ય જોવાય છે અને અંતર્વૃત્તિએ કરીને કારણ જોવાય છે. બહારવૃત્તિ કારણને આવરી લે છે. જેને મૂર્તિમાં જોડાવું હોય તેણે કાર્યમાં તાન રાખવું નહીં. મહારાજે કાર્યની ન્યૂનતા બતાવી છે. માટે મુક્ત થાવું હોય તેણે સર્વે વિસારીને મૂર્તિમાં જોડાવું. કેવળ ક્રિયારૂપ ન થાવું. સર્વે ક્રિયામાં શ્રીજીમહારાજની સ્મૃતિ રાખવી. પણ મહારાજને ભૂલીને કાંઈ ક્રિયા કરવી નહીં. કાર્ય દેખીને તેમાં ચોંટવું નહિ ને કારણમાં ચોંટવું એમ મોટાપુરુષનો સિદ્ધાંત છે.''

સદ્. ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, ''અમે કારખાનાં કરાવીએ છીએ પણ કારખાનાંમાં બંધાવા દેતા નથી.'' અર્થાત્ સત્સંગની સેવા-પ્રવૃત્તિ તો ખૂબ કરાવતા. કારણ,

તે કર્યા વિના પણ ચાલે નહિ તેમ છતાં કાર્યરૂપ ન થવા દેતા.

પ.પૂ. સ્વામીશ્રી પણ સંતો-હરિભક્તોને કાર્ય-કારણની સ્પષ્ટતા રાખી કારણનું મુખ્યપણું કરાવવા સમજાવે છે કે, "સેવા, સમાગમ અને મહારાજમાં જોડાવું – આ ત્રણ બાબતને ક્રમશઃ પ્રાધાન્ય આપવું. સેવા કરતાં સમાગમ અધિક છે અને સમાગમ કરતાં મહારાજમાં જોડાવું એ અધિક છે. મહારાજની મૂર્તિમાં નિમગ્નપણે જોડાયેલા રહેવા માટે જ આ કારણ સત્સંગમાં મહારાજ આપણને લાવ્યા છે."

વળી, તેઓ સંતોને તો વિશેષ સ્પષ્ટતા કરાવે કે, "સંતો, સેન્ટરનો વિકાસ, સંસ્થાનો વિકાસ કરવાનો પરંતુ સ્વવિકાસના ભોગે નહીં. આપણે સાધુ માત્ર સત્સંગનો વ્યવહાર કરવા જ નથી થયા. સેવાને જ સર્વસ્વ ન માની લો. આત્માના વ્યવહાર તરફ લક્ષ્ય રાખવું. કારણ મૂર્તિને મુખ્ય રાખવી."

પ.પૂ. સ્વામીશ્રીએ એક સંતને કોઈક પ્રોગ્રામ સંદર્ભે સેવા સોંપી. પૂ. સંતે ખૂબ ઉત્સાહપૂર્વક ચીવટતાથી સેવા પૂર્ણ કરી. તેઓ રિપોર્ટ આપવા રાત્રે પ.પૂ. સ્વામીશ્રીના આસને ગયા. પ.પૂ. સ્વામીશ્રીએ તેઓની ચોકસાઈપૂર્વકની સેવા બિરદાવી ધન્યવાદ આપ્યા. વળી, તરત જ પ્રશ્ન પૂછ્યો, "સ્વામી, આજે ઠાકોરજી સાથે એકાંત કર્યું ? વાંચન-મનનના નિયમો થયા ?" પૂ. સંત થોડા છોભીલા પડી નિરુત્તર રહ્યા. થોડી વાર રહી બોલ્યા, "રાજી રહેજો સ્વામી. બાકી છે. સેવા પૂરી થઈ; હવે કરીશ."

રાત્રિના અગિયાર વાગ્યા હતા. તેથી પ.પૂ. સ્વામીશ્રીએ ટકોર કરતાં પૂછ્યું,

"આજે ઠાકોરજી જમાડ્યા હતા ?"

"હા."

"બપોરે પોઢ્યા હતા ?" "હા."

"આપણે જમવાનું અને પોઢવાનું કેવું ફરજિયાત ઍડજસ્ટમેન્ટ કરીએ છીએ. તેમ એકાંત, નિયમો અને મહારાજમાં જોડાવું ફરજિયાત છે. તેનું મહત્ત્વ સમજાયું નથી. અમે તમને સ્વવિકાસના ભોગે સેવા કરવાની નહોતી કહી. સેવાથી અમો ખૂબ રાજી થયા પણ તમારો સ્વવિકાસ અટક્યો તે જોઈ દુઃખી થવાયું. માટે હવે ફરી આવી ભૂલ ન કરતા. રાજી રહેજો."

**મહારાજ અને મોટાપુરુષના કારણપ્રધાન આગ્રહમાં ભળવા આપણા કાર્યપ્રધાન આગ્રહોને ઓળખી બદલીએ. તે માટે...**

૧. સેવા-પ્રવૃત્તિ ગમે તેટલી વધુ હોય તેમ છતાં ધ્યાન-ભજનના નિયમોમાં ફેર ન પાડવો. એટલું જ નહિ, નિયમો પણ કરવા ખાતર નહિ પરંતુ ખરેખર કરવા.

૨. સેવાને ગૌણ ન કરવી છતાં સેવામાં પૂર્ણ ન માની લેવું. કથાવાર્તાના આગ્રહી થવું અને તે કરતાં મૂર્તિમાં જોડાવાનો આગ્રહ વિશેષ રાખવો.

આપણને અનુભવાતા આનંદ, સંતોષ અને પ્રગતિમાં કાર્ય - કારણની કેવી સ્પષ્ટતા રાખવી તે સમજીએ.

- **આનંદ :**

'આનંદ' શબ્દ જ આનંદથી ભરી દે છે પણ દરેકને આનંદિત કરનાર ઉપકરણો જુદાં જુદાં હોય છે. જે જગતના જીવ છે તેઓ ઘરમાં, વ્યવહારમાં પ્રસંગ આવે, વાર-તહેવાર આવે તેને ઊજવીને આનંદ માણે. જ્યારે ભગવાનનો ભક્ત મંદિરોની પ્રતિષ્ઠા, ઉત્સવ-સમૈયાઓ, ઝાઝા હરિભક્તોનો સમૂહ જોઈ આનંદ માણે. બંનેના આનંદમાં ફેર એટલો છે કે એક જગત-વ્યવહાર સંબંધિત છે. બીજો ભગવાન સંબંધિત છે. છતાં બંને કાર્યનો જ આનંદ છે.

વસંતઋતુમાં ગઢપુરમાં એક વખત સંતોએ ફૂલના હિંડોળા બનાવ્યા હતા. ચાર વાગ્યાના સુમારે સંતોએ શ્રીહરિને ફૂલના વાઘા ધારણ કરાવી, હિંડોળામાં બિરાજમાન કર્યા. સામે ફૂલની રંગોળી પૂરી હતી. ગવૈયા સંતો મહારાજને રાજી કરવા કીર્તન ગાતા હતા. શ્રીહરિ રસરૂપ મૂર્તિનું સૌને સુખ આપતાં કૃપાદૃષ્ટિ રેલાવી રહ્યા હતા. વાતાવરણમાં ફૂલોની સુગંધ પ્રસરેલી હતી તેથી વાતાવરણ આહ્લાદક અને રમણીય હતું. સર્વત્ર આનંદ છાયી રહ્યો હતો. સર્વનાં અંતર નિર્મળ અને દિવ્ય સુખથી છલકાતાં હતાં.

ધીરે ધીરે સાંજ ઢળતાં ફૂલો કરમાવા લાગ્યા. થાળનો સમય થતાં મહારાજ થાળ જમવા પધાર્યા. મહારાજ પધાર્યા પછી મુક્તમુનિનો આનંદ લૂંટાઈ ગયો હોય તેમ હૈયે ઉદ્વેગ થઈ આવ્યો. ઉદ્વેગ સમાવા યત્ન કર્યો તેમ છતાં ન સમાતાં મહારાજને તેનું કારણ પૂછ્યું. ત્યારે મહારાજે કહ્યું, "સ્વામી, તમને જે આનંદ હતો તે ફૂલોની સુગંધનો, કીર્તનનો, વાતાવરણની આહ્લાદકતાનો હતો. જે આનંદ આ બધું જતાં તેની સાથે જતો રહ્યો. ખરો આનંદ તો અમારી મૂર્તિનો છે. અખંડ અમારી મૂર્તિમાં વૃત્તિ રાખશો તો કદી આનંદ ઓસરશે નહીં." આ રીતે શ્રીહરિએ કાર્યના આનંદ કરતાં કારણ મૂર્તિના આનંદમાં સદા રાચવાની રુચિ દર્શાવી છે.

શ્રીજીમહારાજ નવા મુમુક્ષુઓને ખેંચવા સમૈયા-ઉત્સવ કરતા અને કરાવતા તેમ છતાં તેમના અંતરની અભિરુચિ તો કારણ મૂર્તિના આનંદમાં આનંદિત થાવ તેવી હતી. શ્રીજીમહારાજના આગ્રહને બાપાશ્રી વિશેષ પુષ્ટ કરતાં કહેતા,

"પુસ્તક, ચેલા, ધર્માદા આદિક નવાં નવાં ચરિત્ર કરવાં તે સર્વે ધામધૂમ છે. તે ધામધૂમરૂપી કાર્યમાં રખડવું નહીં. તેને મૂકીને મૂર્તિમાં જોડાઈ રહેવું પણ બેઠે બેઠે તરંગ કરવા નહીં. યાત્રા કરવા જવું, સભાઓ જીતવી, સમૈયા કરવા તે સર્વે ધામધૂમ છે. તે ન કરવું. પદાર્થ પોતે ભેળા કરીને તેણે કરીને ઉત્સવ-સમૈયા કરીને રાજી થાય તે કાર્ય કહેવાય પણ મૂર્તિ વિના એણે કરીને સુખ ન થાય. મૂર્તિ ભૂલીને એકલું કાર્ય સંભારે તો કણ ફગાવીને કુશકા રાખવા જેવું છે."

બાપાશ્રી મોટા મોટા સમૈયા-ઉત્સવ કરતા તેમાં પણ સૌને કારણ મૂર્તિનો આનંદ

લૂંટાવતા. સદ્‌ગુરુશ્રીઓ પણ બાપાના ચીલે ચાલનારા. તેઓ પણ હરિભક્તોને બાપાશ્રીના આગ્રહ મુજબ વર્તાવતા.

એક વખત બજાણાના ખુશાલભાઈ સદ્. વૃંદાવનસ્વામીનાં દર્શને કારિયાણા ગયા. તેમને અતિ આનંદમાં જોઈ સ્વામીએ પૂછ્યું, ‘‘કેમ ખુશાલભાઈ, આજે આટલા આનંદમાં છો ?’’

હરખાતાં હૈયે ખુશાલભાઈએ કહ્યું, ‘‘સ્વામી, ગઈ કાલે ગામના મંદિરની પ્રતિષ્ઠા થઈ તેનો આનંદ છે.’’

‘‘ગામનું મંદિર તો થયું પણ હવે ચૈતન્યમાં મૂર્તિ પધરાવો તો આગવું મંદિર તૈયાર થાય.’’

સદ્‌ગુરુશ્રીની કારણ મૂર્તિ પધરાવાય તેમાં આનંદ માનવો એવી અભિરુચિ મુમુક્ષુને સાચા આનંદની દિશા આપે છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઈ.સ. ૧૯૯૫માં તેર દિવસનો બાપાશ્રી મહોત્સવ ખૂબ ભવ્યતાથી ઊજવવાનો સંકલ્પ કર્યો હતો. તે વખતે સંતો-હરિભક્તોનો સમાજ ખૂબ નાનો અને મહોત્સવનો વિસ્તાર ૧૨૫ એકર જમીનમાં પથરાયેલો. મહોત્સવના મુખ્ય આયોજનની સેવા પ.પૂ. સ્વામીશ્રીના શિરે હતી. મહોત્સવ નજીક આવી ગયો હતો. સેવા-પ્રવૃત્તિ પુરજોશમાં ચાલતી હતી. ચારેબાજુ કાર્યનો ઉદ્‌ઘોષ હતો. એવા સમયમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ બાપાશ્રીના કારણ સ્વરૂપના આનંદને મુખ્ય કરવા બાપાશ્રીને અતિ પ્રિય એવા ધ્યાનની કૅસેટ પ્રકાશનનો સંકલ્પ જણાવ્યો.

મહોત્સવના થોડાક જ દિવસો બાકી હતા. ધ્યાનની ઓડિયો કૅસેટ માટે રેકોર્ડિંગ સ્ટુડિયોમાં જવાનો દિવસ દરમ્યાન કોઈ જ સમય મળતો ન હતો. એક દિવસ ખૂબ સેવા-પ્રવૃત્તિ ચાલી. સૌ થાકી ગયા હતા. પ.પૂ. સ્વામીશ્રીએ રાત્રે ૧૦:૩૦ વાગે જોડેવાળા સંતો ને હરિભક્તોને કહ્યું, ‘‘ચાલો, આપણે ધ્યાનના રેકોર્ડિંગ માટે જવાનું છે.’’ કોઈને કલ્પનામાં પણ બેસતું ન હતું કે, ‘આવા થાક્યાપાક્યા કેવી રીતે ધ્યાન થાય ?’ તેમ છતાં કોઈ પણ પ્રકારની પૂર્વતૈયારી વગર પ.પૂ. સ્વામીશ્રી નેત્ર મીંચીને બિરાજ્યા.

ધ્યાન શરૂ કરતાં જ તેઓ કારણ મૂર્તિમાં સ્થિર થઈ ગયા. તેઓએ જે ધ્યાન કરાવ્યું તેનું સૌપ્રથમ ધ્યાનની કૅસેટ તરીકે પ્રકાશન થયું. જેને સાંભળનાર સૌ કોઈને દૃઢપણે સ્વીકારાય કે પ.પૂ. સ્વામીશ્રીને અવરભાવની કોઈ સેવા-પ્રવૃત્તિનો ભાર કે અભિનિવેશ નથી. તેમને તો બસ, એક કારણ મૂર્તિનો જ આનંદ મુખ્ય છે. તેથી આજે પણ જે કોઈ તે ધ્યાનનું શ્રવણ કરે કે તરત કારણ મૂર્તિના આનંદમાં ગરકાવ થઈ જાય છે. જે આવી રીતે આનંદમાં જ મસ્ત રહેતા હોય તેવા પુરુષ માટે બાપાશ્રી કહેતા કે, ‘‘કમળના ફૂલને જેમ પાણીનો પાસ અડે નહિ તેમ ઉત્તમ પુરુષને વ્યવહાર અડે નહીં.’’

પ.પૂ. સ્વામીશ્રી મોટા સમૈયા-ઉત્સવ કે મહોત્સવની મિટિંગ હોય ત્યારે હંમેશાં સંતો-

હરિભક્તોને શીખ આપે કે, ‘‘ગમે તેટલો મોટો મહોત્સવ ઊજવીએ પરંતુ જ્યારે નેત્ર બંધ કરી ભગવાનમાં જોડાવાનું થાય ત્યારે અડધી મિનિટમાં બધી પ્રવૃત્તિ વિસારી મૂર્તિમાં જોડાઈ જવું. મૂર્તિના સંબંધથી જ ભર્યાપણું અનુભવાશે અને અવરભાવનાં કાર્ય કરવાની શક્તિનો સંચાર થશે. અમો આ રીતે વર્ત્યા છીએ. તમો પણ વર્તજો તો કદી સેવા-પ્રવૃત્તિ ભારરૂપ નહિ લાગે, નડશે નહિ અને સદા આનંદમાં રહેવાશે.’’

**બાપાશ્રીના કારણના આનંદને મુખ્ય કરવાના આગ્રહને આપણા કરવા :**

૧. કાર્યરૂપ ન થવું. સેવા-પ્રવૃત્તિનો અભિનિવેશ ન થવા દેવો.

૨. કારણ મૂર્તિમાં સંલગ્ન રહી સેવા-પ્રવૃત્તિ કરવી.

૩. કાર્યના ઉદ્‌ઘોષમાં ન લેવાઈ જવું કે તેમાં આનંદ ન માનવો.

- **સંતોષ :**

ધ્યાન, ભજન, મંત્રજાપ, માળા, પ્રદક્ષિણા, એકટાણાં, ઉપવાસ, ચાંદ્રાયણાદિક વ્રત, યજ્ઞ આ બધાં સાધનો છે જે મહારાજમાં જોડાવા માટે પૂરક છે. પરંતુ જ્યાં સાધનને જ મુખ્ય માની લેવાય ત્યાં સાધનો કરવામાં જ સંતોષ અને પૂર્ણતા માની લેવાય.

શ્રીજીમહારાજનો અભિપ્રાય સાધન કરતાં સાધ્યને મુખ્ય કરાવે છે, ‘‘મૃદંગ, સારંગી, સરોદા, તાલ ઈત્યાદિક વાજિંત્ર વજાડીને કીર્તન ગાવવાં, તેને વિષે જો ભગવાનની (અમારી) સ્મૃતિ ન રહે, તો એ ગાયું તે ન ગાયા જેવું છે.’’ – વચ. ગ. પ્ર. ૨૨

શ્રીજીમહારાજે કીર્તનગાનના નિમિત્તે ગર્ભિત અભિપ્રાય જણાવ્યો છે કે, ‘‘સાધનો એ અમારા સ્વરૂપમાં જોડાવા માટેનાં માધ્યમો છે પણ લક્ષ્ય નથી. સાધનોથી મૂર્તિનું સુખ પમાતું નથી. પરંતુ મૂર્તિમાં જોડાઈને જે કંઈ સાધન થાય તેનું જ ફળ મળે છે.’’

બાપાશ્રી અવરભાવમાં દર્શન આપતા એ વખતે ભૂજમાં અમૃતબાઈ ખૂબ તપ, જપ આદિક સાધનો કરતાં. તેઓ ચાર મહિના ચીભડાં જમે, ચાર મહિના ગલકાં જમે, ચાર મહિના ભીંડા જમે એમ પંદર વર્ષ કાઢી નાખ્યાં. એવાં તપસ્વી હતાં. ધર્મમાં પણ એવા જે કોઈનો પડછાયો અડે કે દોરો અડી જાય તો તે હમીરસર તળાવમાં ટાઢમાં નાહી આવે. અમૃતબાઈ સાધનના જ ભારમાં રહેતાં અને તેમાં જ સંતોષ માનતાં. તેમના સંદર્ભે બાપાશ્રી સમજાવતા કે, ‘‘સાધન ઉપર બહુ તાન થઈ જાય તો મહારાજને ભૂલી જવાય, પણ જે વસ્તુ ખપે તે વસ્તુ ઉપર તાન રાખવું... ભૂજમાં અમૃતબાઈને સાધનમાં તાન હતું. તે આ લોકમાં તો વિખ્યાતિ થાય, પણ વળે કાંઈ નહીં. સાધન તો પોતાના પતિને રાજી કરવા સારુ જ કરવાં, પણ તેનો ભાર ન રાખવો.’’ – શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૩૮

‘‘સાધનમાત્રનું ફળ... જે મૂર્તિ તેના સુખનો ઉપાય ન કરે. જેમ કૂવો ખોદે છે તે પાણી થવા માટે ખોદે છે; તેમ સાધન, સેવા, સમાગમ તેનું ફળ તે મૂર્તિ છે.’’

– શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૩૦

સાધનોનું ફળ મૂર્તિ છે અને મૂર્તિસુખમાં ગતિ થયા પછી સાધનોની શું ગતિ ? તેની

સ્પષ્ટતા કરતાં બાપાશ્રી કહેતા જે, “જો મૂર્તિના સુખમાં ઊતરે તો સાધનમાત્ર તે ભેળાં જ સિદ્ધ થઈ જાય છે પણ મૂર્તિને મૂકીને અનંત કલ્પ સુધી સાધન કરે તોપણ કાંઈ સિદ્ધ થાય નહીં. જેમ ઘાંચીનો બળદિયો ફર્યા કરે પણ પંથ ખૂટે નહિ તેમ એકલા સાધનથી પાર આવે નહિ; ને મૂર્તિ આવે તો કાંઈ અધૂરું રહે જ નહિ, જેમ સૂર્ય ઊગે ત્યારે રાત્રિ રહે જ નહિ તેમ. માટે નવા આદરવાળાને પણ મૂર્તિનું અનુસંધાન રાખીને તે ભેળાં સાધન કરવાં તો માયા વહેલી ટળી જાય.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૪

સાધનો એ શ્રીજીમહારાજમાં જોડાવાનાં માધ્યમો છે. પરંતુ જ્યારે મુખ્ય ધ્યેયથી વિચલિત થઈ જીવનમાં સાધનો મુખ્ય થઈ જાય ત્યારે કેવી આડઅસરો પેદા થાય ? તેની ગંભીરતા બાપાશ્રી દર્શાવતા, “સાધનના ભારવાળાને તો કોઈનો અવગુણ પણ આવી જાય તથા ભૂંડા દેશકાળ પણ લાગી જાય તે કલ્યાણના માર્ગમાં મોટું વિઘ્ન આવે ને સાધન કરેલા હોય તે પણ જતાં રહે; માટે સાધન છે તે માગેલાં ઘરેણાં છે તે કોઈક લઈ પણ જાય માટે સાધનનો ભાર રાખવો નહીં.”

વર્તમાન સમયે બાપાશ્રીના આગ્રહોને ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીએ નૂતન ખ્યાલો સાથે દોહરાવ્યા છે.

માળારૂપી સાધનને સાધ્ય સુધી પહોંચાડવાની અદ્ભુત રીત ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આપી છે. ગુરુવર્ય પ.પૂ. બાપજી કહે છે કે, “માળાની ગણતરી કરવાની નથી. મણકાને ફક્ત ફેરવવા પૂરતા ફેરવવાના નથી પણ મણકાને ભગવાનનું સ્વરૂપ બનાવવાનું છે. એક મણકો એટલે ભગવાનનું મુખારવિંદ, બીજો મણકો એટલે સુંદર મનોહર કર્ણ, ત્રીજો મણકો એટલે ચિબુક એમ કરતાં મહાપ્રભુની સમગ્ર મૂર્તિને ધારીને માળા કરવાથી જ દોષ ટળે ને શાંતિ શાંતિ થઈ જાય.”

પ.પૂ. સ્વામીશ્રીએ સાધનો સાધ્ય સુધી પહોંચાડવાના નૂતન આયામો આપી સંત-હરિભક્ત સમાજને કારણ સ્વરૂપમય કર્યો છે.

પ.પૂ. સ્વામીશ્રીએ સમર્પિતમુક્તોની સભામાં લાભ આપતાં કહ્યું કે, “સવારે ઊઠ્યા ત્યારથી પૂજા, આરતી, ધ્યાન, માળા, સભા, વાંચન, એકાંત એમ અનેક આહ્નિકો કર્યા કરીએ છીએ તેમ છતાં અંતરે સુખ નથી વર્તતું તેનું કારણ શું ? તો આ બધા વિધિ-વિધાનોમાં અટવાઈ જઈએ છીએ. વિધિના રાજા એવા મહારાજ સુધી નથી પહોંચાતું. માટે વિધિ-વિધાનો ઓછા કરી વિધિના રાજામાં ઠરતા શીખો.”

ત્યારે એક સમર્પિતમુક્તે પૂછ્યું, “સ્વામી, તો પછી આહ્નિક કેવી રીતે કરવાં ?”

પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, “સાધન કે આહ્નિક કરવાં તે મૂર્તિમાં રહીને કરવાં. એક કલાક ઠાકોરજી સાથે એકલા સામે બેસી રહો તે કરતાં ૧૫ મિનિટ મહારાજની મૂર્તિમાં સ્થિર થઈને એકાંત કરો. ૧૦૦ માળાના નિયમ કરતાં ૧૦ માળા મૂર્તિમાં જોડાઈને નિર્વિકલ્પ કરો જે ફળદાયી નીવડશે અને સાધન કરતાં પૂર્વે મહારાજ અને મોટાને પ્રાર્થના કરો. સાધનનો હેતુ સ્પષ્ટ કરો અને સાધન કર્યા પછી પોતાની જાત પાસેથી પરિણામ માગો તો

સાધનો સાધ્ય સુધી પહોંચે એવાં કરી શકાય.''

**મહારાજ અને મોટાપુરુષના આ અભિપ્રાયો જાણ્યા બાદ સાધનો સાધ્ય સુધી પહોંચાડવા આટલું તો અવશ્ય કરવું જ :**

૧. સાધનોમાં પૂર્ણ માની બેસી ન રહેવું.
૨. સાધનો કરતાં પૂર્વે અને કર્યા પછી સ્વને પરિણામલક્ષી પ્રશ્ન પૂછવાની આદત પાડવી.
૩. સાધનો મૂર્તિરૂપ થઈને કરવાં.
૪. સાધનો કરવામાં રાજીપાનો શુદ્ધ ઈશક રાખવો.

● **પ્રગતિ :**

જગપ્રસિદ્ધિ, યશ-કીર્તિ, નામના, માન-સન્માન, પદ-પ્રતિષ્ઠા આ બધી વ્યવહારિક મોટ્યપ છે. જેને પામવા જગતના જીવ રાત્રિ-દિવસ મંડ્યા રહે છે. સત્સંગમાં પણ સત્સંગના વ્યવહારમાં, ત્યાગીમાં મંદિરની મહંતાઈ, કોઠારી, ભંડારી જેવી સેવા મળે કે લાખો હરિભક્તો વંદન-પૂજન કરે, આજ્ઞામાં વર્તે એવું પદ મળે તે પ્રગતિ મનાય અને હરિભક્તમાં પણ મંદિરના ટ્રસ્ટી, વહીવટદાર, સત્સંગ વિકાસની સેવાના સંયોજક, નિરીક્ષક કે લીડર તરીકેની સેવા મળે તેને પ્રગતિ માનીએ છીએ. પરંતુ વરતાલના ૧૬મા વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે, ''મોટા માણસ સાથે અમારે ઝાઝું બને નહીં.'' ઉપરોક્ત લૌકિક કાર્યલક્ષી પ્રગતિ છે, દુઃખરૂપ છે.

બાપાશ્રી કાર્યપ્રધાન પ્રગતિ માટે કહેતા, ''કોઈ પાછું વાળીને જોતા નથી પણ વિચાર કરે તો એક શેર અનાજ જોઈએ. એટલું પોતાને માટે છે તેમાં કેવાં કેવાં દુઃખ વેઠે છે ! જુઓને, કોઈ કોઠારી થવા, ભંડારી થવા કે મહંત થવા વલખાં કરે છે. એવી માયા દુઃખરૂપ છે.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૫

શ્રીજીમહારાજે વરતાલની મહંતાઈનો હાર સદ્. અક્ષરાનંદ સ્વામીને પહેરાવી સદ્. પરમચૈતન્યાનંદ સ્વામીનો મહંતાઈનો કોડ પૂરો ન કર્યો તો સત્સંગ છોડી એકડમલ થઈ ચાલ્યા. અનેક દુઃખ આવ્યાં. મહંતાઈના ડોડ દુઃખી કરે તો મોટ્યપ કે મહંતાઈ પામ્યા પછી કેટલું દુઃખ ઊભું થાય ? લૌકિક પ્રગતિ કાર્યરૂપ કરી નાખે ને ભગવાનના સુખના માર્ગથી પાછા પાડે.

બાપાશ્રી કહેતા કે, ''જીવને બહુ પ્રકારના ડોડ. અધિકારના ડોડ, મહંતાઈના ડોડ, વિદ્યાના ડોડ, આશ્રમના ડોડ. જગતમાં મોટા થવાના ડોડ એ ડોડરૂપી દોષ જીવને જ્યાં સુધી હોય ત્યાં સુધી મહારાજનો અને મોટાનો મહિમા સમજાય નહીં.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૮૭

મહિમા ન સમજાય ત્યાં સુધી કારણ મૂર્તિમાં જોડાવાય કેવી રીતે ?

જેને લૌકિક મોટ્યપ પામવાના તથા એ કોરે પ્રગતિ કરવાના અભરખા હોય તે મોટાના સમાગમમાં હોય પણ જો તેને અધર્મમાં માન-સત્કાર મળે તો મોટાનો સમાગમ મૂકીને અધર્મમાં બંધાઈ જાય. એક વખત બાપાશ્રી વૃષપુર મંદિરમાં સવારની સભામાં બિરાજ્યા હતા. એ વખતે સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી, સદ્. વૃંદાવનદાસજી સ્વામી, સદ્. ઘનશ્યામજીવનદાસજી સ્વામી ત્રણેય બિરાજ્યા હતા. તેમને સંબોધીને બાપાશ્રીએ કહ્યું કે, ‘‘તમે ક્યાંય બંધાશો નહીં. તમને ત્રણેને અમે મહંતાઈ મુકાવી છે. આ સ્વામી વૃંદાવનદાસજીને ધોળકાની, આ સ્વામી ઘનશ્યામજીવનદાસજીને અમદાવાદની અને આ સ્વામી ઈશ્વરચરણદાસજીને જેતલપુરની મુકાવી. તમે હવે ભલા થઈને કોઈ દિવસ મહંતાઈ લેશો નહીં.’’ પછી બોલ્યા જે, ‘‘કેટલાક ગુરુ વૃદ્ધ હોય ત્યારે પોતાનો શિષ્ય પંડિત થાય અને તેને માન-સત્કાર મળે તો ઠીક એવી ઇચ્છા કરે. માટે ભલા થઈને કોઈ મહંતાઈ લેશો નહીં. ભગવાન ભજજો અને ભજાવજો, એ જ કામ કરજો.’’ એમ પોતાને વિષે હેત-રુચિવાળા સંતોને શિક્ષાનાં વચન કહ્યાં.

એક વખત ગઢડા પ્રથમના ૫૮મા વચનામૃત સંદર્ભે સદ્. મુનિસ્વામીએ બાપાશ્રીને પ્રશ્ન પૂછ્યો કે, ‘‘રંકમાંથી રાજા થાય તેનો શું અર્થ સમજવો ?’’ રંક (ગરીબ)માંથી રાજા થવું એ લૌકિક પ્રગતિ-મોટપ છે. પરંતુ બાપાશ્રીએ તેઓને કારણલક્ષી સમજાવ્યું, ‘‘મહારાજની મૂર્તિમાં હજૂરમાં રહે તે રાજા એ પરભાવનો અર્થ અને અવરભાવનો અર્થ જે આ લોકનું રાજ્ય મળે તે પણ રાજા કહેવાય પણ તે તો રંક જ છે. જ્યાં સુધી કામ, ક્રોધ, લોભ, માન આદિક દોષોનો દોર્યો દોરાય ત્યાં સુધી રંક અને એ દોષને જીતીને વશ કરે ને એથી રહિત થાય તે રાજા કહેવાય. માટે પરભાવમાં કાળ, કર્મ, માયા આદિકથી રહિત થઈને મૂર્તિનો સાક્ષાત્કાર કરે એવો મોટાપુરુષના રાજીપાએ કરીને થાય તે રંકમાંથી રાજા થયો કહેવાય.’’

આવી રીતે બાપાશ્રી પ્રસંગોપાત્ત લૌકિક મોટ્યપ, પ્રગતિના કાર્યનું તાન ન રાખતાં કારણ સ્વરૂપ મહારાજની મૂર્તિનું મુખ્યપણું વારે વારે લાવતા અને સંત-હરિભક્ત સમાજને દૃઢ કરાવતા. બાપાશ્રીના અભિપ્રાય પ્રમાણે કારણ સ્વરૂપને, શ્રીજીમહારાજની મૂર્તિને પામવું, તેના સુખને અનુભવવું તે જ ખરી મોટ્યપ અને ખરી પ્રગતિ છે.

બાપાશ્રીના અભિપ્રાયોનાં દર્શન ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીમાં તાદશ્ય થાય. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સદ્. મુનિસ્વામી પાસે વારસો માગ્યો ત્યારે સ્વામીએ કહ્યું, ‘‘મારી પાસે જે કંઈ હતું - પગલાં, પદાર્થ, આસન, પુસ્તકો, પ્રસાદીની વસ્તુઓ એ બધું જ શિષ્યોને વહેંચી દીધું છે.’’ ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી સદ્. મુનિસ્વામીને હસ્ત જોડી પ્રાર્થી રહ્યા કે, ‘‘બાપા ! બીજું તો મારે કાંઈ જ જોઈતું નથી. આપ રાજી થઈ મને આપના જ્ઞાનનો, સિદ્ધાંતનો વારસો આપો. દયાળુ, બસ મારી તો આ એક જ અરજ છે.’’

પ.પૂ. સ્વામીશ્રી પણ જગપ્રસિદ્ધિની અવહેલના કરી કારણ મૂર્તિને જ પ્રસ્થાપિત કરે.

એક વખત પ.પૂ. સ્વામીશ્રી અમદાવાદના મોટેરા હરિભક્ત ઉમંગભાઈ ઠક્કરને ત્યાં પધરામણીએ પધાર્યા હતા. ત્યાં પ.પૂ. સ્વામીશ્રીનાં દર્શને અમદાવાદના નામાંકિત ટ્રેનર શ્રી શૈલેષભાઈ ઠાકર આવેલા. પ.પૂ. સ્વામીશ્રીની પ્રભાવશાળી દિવ્ય પ્રતિભાથી પ્રભાવિત થઈ તેઓએ પ્રાર્થના કરી, ''સ્વામી, મારે તમને રાજ્યપાલનો ઍવૉર્ડ અપાવવો છે.'' ત્યારે ક્ષણનોય વિલંબ કર્યા વિના પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, ''શૈલેષભાઈ, અમને તો અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિનો ઍવૉર્ડ મળી ગયો છે. મારે હવે આ લોકના ઍવૉર્ડની કોઈ ખેવના નથી.'' ત્યારે શૈલેષભાઈ અને ત્યાં ઉપસ્થિત રહેલા સર્વે મહેમાનો પ.પૂ. સ્વામીશ્રીની પરભાવી મોટપથી મંત્રમુગ્ધ બની વંદી રહ્યા.

**પરભાવની પ્રગતિ પામવા, મોટાપુરુષના આગ્રહને આપણા કરવા :**

૧. અવરભાવની પ્રગતિની કોઈ ઇચ્છા ન રાખવી.
૨. હરિભક્તોએ સમાજના પ્રમુખ, આગેવાન બનવાની ઇચ્છા ન ધરાવવી.
૩. સત્સંગમાં અગ્રેસરો તરીકેની સેવા કરવાની સાથે અધ્યાત્મ ઊંડાઈ વધારવાના પ્રયત્નોમાં રહેવું.

• • •

## ૨.૪

## મહાત્મ્યલક્ષી આગ્રહો

॥ महात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे ॥

“મહાત્મ્યજ્ઞાને સહિત ભગવાનમાં અતિશે સ્નેહ એ જ ભક્તિ છે.”

શ્રીજીમહારાજે માત્ર જ્ઞાન નહિ, મહાત્મ્ય સોતા જ્ઞાનને અધિક દર્શાવી મહાત્મ્યનું અદકેરું મહાત્મ્ય આલેખ્યું છે.

શા માટે મહાત્મ્યનું જ આટલું બધું મહાત્મ્ય !!

તો, મહાત્મ્ય સર્વે ગુણોની જનની છે.

મહાત્મ્ય સત્સંગની આધારશીલા છે.

મહાત્મ્ય રાજીપાના વિચારનું પ્રેરણાસ્રોત છે.

મહાત્મ્ય દિવ્યભાવ અને અહોભાવની જનની છે.

મહાત્મ્ય સૌથી બળવાન છે. તેથી તે વતે જ સર્વે સાધન થાય છે.

વ્યવહારિક પરિભાષામાં મહાત્મ્ય એટલે કિંમત અથવા મૂલ્ય સમજવું. જ્યારે આધ્યાત્મિક પરિભાષામાં મહાત્મ્ય એટલે મળેલા પરભાવના સ્વરૂપોને વિષે અહોભાવ, પોતાની ન્યૂનતા અને તેમની પરભાવની મોટપની જીવસત્તાએ સ્વીકૃતિ સાથેનો દિવ્યભાવ મળેલી પ્રાપ્તિનો અવરભાવ-પરભાવના ગૌરવ સોતો આનંદ.

બાપાશ્રી કહેતા, “મહિમા ન હોય તો લુખાશ (શુષ્કતા) મટે નહીં.” મહાત્મ્ય વિનાનો સત્સંગ શુષ્ક અને ક્રિયાત્મક બની જાય. તેમાં કોઈ ભાવ ન બેસે. માટે જ બાપાશ્રીએ મહાત્મ્યની પીઠિકા (આધાર) ઉપર મહાત્મ્યથી રસભીના કારણ સત્સંગની સ્થાપના કરી. જેમાં સર્વત્ર પરભાવી મહાત્મ્યની, દિવ્યભાવની છોળ્યો ઊડે અને દેહના

ભાવો વિલીન થઈ જાય. જ્યાં દેખાતા પંચભૂતાત્મક દેહ કે પદાર્થોથી પર પરભાવનું સામ્રાજ્ય સ્થપાયેલું છે. સામે, પોતામાં, અત્ર-તત્ર-સર્વત્ર પરભાવ જ છે. આ પરભાવના સુખને પામવા અવરભાવમાત્રને ટાળી સૌનું પરભાવનું મહાત્મ્ય સમજવું એ જ એક ઉપાય છે. કોનું કોનું મહાત્મ્ય સમજવું ?

શ્રીજીમહારાજ, મોટાપુરુષ, સંતો-ભક્તો અને સ્વ-સ્વરૂપ (પોતે). આ સત્સંગની રચનાના ચાર મૂળભૂત પાયાનું અવરભાવ-પરભાવનું મહાત્મ્ય સમજવું.

બાપાશ્રીએ શ્રીજીમહારાજના સ્વરૂપની જેમ છે તેમ સર્વોપરી ઓળખાણ કરાવી છે. તેઓ શ્રીજીમહારાજનું અપરંપાર મહાત્મ્ય ગાતાં કહેતા : ‘‘સ્વામિનારાયણમાં ત્યાગ-ભાગ નથી. આ તો અચળ, સનાતન ને અનાદિ છે ને સર્વેના ઉપરી છે... મહારાજ વિના બીજું સંભારવું તે તો ખોટી થવા જેવું છે, માટે આપણે તો એક મૂર્તિ જ રાખવી... દિવ્યદૃષ્ટિ થાય એટલે આ રહ્યા. અપરિમ્ અપરિમ્ સુખનું સ્થાન એ મહાપ્રભુ છે... જેવડા શ્રીજીમહારાજને જાણી શકો તેવડા જાણો તોય મહારાજ તો સર્વેને અપાર ને અપાર રહે છે. મહિમા તો ઘણો સમજવાનો છે, પણ જો જેમ છે તેમ કહીએ તો ખમાય નહીં.’’

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૧૫૨

બાપાશ્રી અનેક વાર શ્રીજીમહારાજના અપરંપાર મહિમાની વાતો કરતા. એક વખત સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી તેને લખતા હતા. તેને જોઈ બાપાશ્રીએ કહ્યું, ‘‘આ બાવો ઈશ્વરચરણદાસજી જાણે જે હું બધો મહિમા લખી નાખું, પણ તમે બધી વનસ્પતિની કલમ કરો, સાત સમુદ્રની શાહી કરો તે લખતા કલમો ઘસાઈ જાય, શાહી ખૂટી જાય તોપણ મહારાજના મહિમાનો પાર ન આવે. એવી દિવ્ય મૂર્તિ છે, અપાર છે, તે પાર પામી શકાય તેવું નથી.’’

સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામીએ કહ્યું, ‘‘બાપા, આપની મરજી હોય તો લખું.’’ ત્યારે બાપાશ્રીએ માથે હાથ મૂકી અતિ પ્રસન્નતા જણાવી કહ્યું, ‘‘ભલે, લખો. અમે રાજી છીએ. મોટા સંતોએ મહારાજનાં ચરિત્ર, પ્રતાપ, ઐશ્વર્ય અને મહિમાના અનેક ગ્રંથો લખ્યા તોય મહારાજનો જેવો છે તેવો મહિમા લખવાને કોણ સમર્થ છે ? મહારાજે પોતે ગઢડા મધ્યના ૬૭મા વચનામૃતમાં કહ્યું છે કે, ‘અમે પણ અમારા મહિમાના પારને પામતા નથી.’ તો પછી બીજા કોણ પામી શકે ?’’ આવી રીતે બાપાશ્રીએ શ્રીજીમહારાજનો અપાર મહિમા વર્ણવ્યો.

શ્રીજીમહારાજ કેવા છે ? તેમનું કેવું મહાત્મ્ય સમજવું ? તે વિશેષ આપણે જ્ઞાનલક્ષી આગ્રહમાં ‘શ્રીજીમહારાજના સ્વરૂપની ઓળખાણ’માં જોયું. તેનું વિશેષ મનન કરી મહારાજના મહાત્મ્યમાં ડૂબેલા રહેવાથી એ મૂર્તિના સુખને પામવાની તલપ જાગે. રાત્રિ-દિવસ એ સુખ માટેના જ નિરંતર પ્રયત્ન થાય. અહોભાવમાં ડૂબેલા રહેવાય.

શ્રીજીમહારાજ ત્યાગી-ગૃહી સૌના પ્રાણ છે. તેથી તેમનું મહાત્મ્ય તો સમજવું જોઈએ

પરંતુ સત્પુરુષનું મહાત્મ્ય સમજવું શા માટે જરૂરી છે ? શ્રીજીમહારાજના સંકલ્પથી પધારેલા મોટાપુરુષ ત્યાગી-ગૃહી સૌના સત્સંગને વહન કરનાર ચાલકબળ છે. જે શ્રીજીમહારાજના સંકલ્પ અનુસાર સત્સંગને ચેતનવંતો રાખે છે. જ્ઞાન-સિદ્ધાંતોને જીવંત રાખે છે. શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૨૭મા વચનામૃતમાં મોટાપુરુષને સર્વે જગતના આધારરૂપ અને સર્વેને શક્તિ પોષનારા કહ્યા છે.

શ્રીજીમહારાજે શ્રીમુખે ગઢડા મધ્યના ૬૭મા વચનામૃતમાં મોટાપુરુષનું પ્રાધાન્ય દર્શાવતાં કહ્યું છે, “મોટાપુરુષની આજ્ઞાએ કરીને જે ધર્મ પાળે ત્યારે હમણાં તો કાંઈ વિધિ-નિષેધમાં વિશેષ જણાતું નથી પણ અંતે મોટાપુરુષની આજ્ઞા પાળનારનું કલ્યાણ થાય છે... મોટાપુરુષ તેના વચનનો જેને વિશ્વાસ નથી તેને નાસ્તિક જાણવો અને મહા પાપિષ્ઠ જાણવો.”

શ્રીજીમહારાજે મોટાપુરુષની આજ્ઞા પાળવાનું ફળ આત્યંતિક કલ્યાણ દર્શાવ્યું છે અને ન પાળે તેને પાપી કહ્યો છે. શ્રીમુખે મોટાપુરુષનું અધિકાધિક મહાત્મ્ય સમજાવ્યું છે.

બાપાશ્રી સ્વયં સિદ્ધ, સંકલ્પમૂર્તિ હોવા છતાં સદ્. નિર્ગુણદાસજી સ્વામી, સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી આદિક સદ્‌ગુરુશ્રીઓનું અપરંપાર મહાત્મ્ય સમજતા અને સમજાવતા. એમની વાતોમાં પણ મોટાપુરુષનું ‘સત્પુરુષ’, ‘મહા અનાદિમુક્ત’, ‘અનાદિમુક્ત સત્પુરુષ’, ‘મોટા મુક્ત’ એવા પર્યાયવાચી શબ્દોથી અપાર મહાત્મ્ય ગાયું છે. બાપાશ્રી અનંત સિદ્ધોનાય સિદ્ધ, મૂર્તિમાં રાખનાર, પરભાવમાં ડુબાડી દિવ્ય સુખનો અનુભવ કરાવનાર હતા. જે સ્વમુખે કહેતા, “આજ અમે જીવોના ઉપર દયા કરીને શ્રીજીમહારાજના સંકલ્પથી દર્શન આપીએ છીએ. અમારે આ લોકની મોટપ કે પ્રસિદ્ધિ સારુ વાત નથી કરવી. અમારે તો સદા મૂર્તિનું સુખ છે પણ દેહ નથી. આ તો શ્રીજીમહારાજની ઈચ્છાથી દેહ દેખાય છે ને શ્રીજીનો સંકલ્પ છે તેથી વાતો કરીએ છીએ.”

બાપાશ્રીનો મહિમા જાણી અનંત સત્પુરુષો પણ તેમના ચરણે વંદી રહેતા તેમ છતાં બાપાશ્રી ક્યારેક ભક્તભાવે, મુમુક્ષુભાવે કે સત્પુરુષભાવે (મુક્તભાવે) વર્તતા.

“કોઈ કહે ભક્ત છે ને કોઈ કહે મુક્ત છે, પણ બાપાની મૂર્તિ અજોડ.
કોઈ કહે આદિ ને કોઈ કહે અનાદિ, પણ બાપા હરિને તોલ.”

બાપાશ્રીને નહિ ઓળખનારા તેમને કણબી, ભક્ત કે મુક્ત કહેતા પરંતુ જેઓ યથાર્થપણે ઓળખતા તેઓ શ્રીજીસંકલ્પમૂર્તિ તરીકે મહિમા સમજતા. મોટાપુરુષ નિરંતર મૂર્તિના સુખમાં રહે છે; જુદા દેખાતા નથી. પરંતુ તેઓ હરિ નથી, હરિ તુલ્ય છે. હરિ જેવા પુરુષોત્તમરૂપ છે. બાપાશ્રી અનેકને હરિ જેવા પુરુષોત્તમરૂપ કરવા સત્પુરુષભાવે વર્તતા. તેથી આ પ્રકરણમાં આપણે બાપાશ્રીએ સમજાવેલો મોટાપુરુષનો અને બાપાશ્રીનો પણ મોટાપુરુષ તરીકેનો મહિમા સમજીશું.

પ.પૂ. સ્વામીશ્રી બાપાશ્રીએ સમજાવેલા મોટાપુરુષના મહાત્મ્યને વધુ પુષ્ટ કરતાં કહેતા હોય છે, “જે અખંડ મૂર્તિમાં રહે, જેના સંપૂર્ણ કર્તા એક શ્રીજીમહારાજ જ હોય તેમને સત્પુરુષ કહેવાય, મોટાપુરુષ કહેવાય.”

મોટાપુરુષનું અવરભાવ અને પરભાવનું યથાર્થ મહાત્મ્ય મુમુક્ષુને રસભીના કરી દે છે. મોટાપુરુષ પરભાવનું દિવ્ય સ્વરૂપ છે. તેમના સ્વરૂપનું યથાર્થ મહાત્મ્ય સમજવું એ દેહધારીના બુદ્ધિ તત્ત્વનો વિષય નથી. એ તો શ્રીજીમહારાજ કૃપા કરે તેને જ ઓળખાય. માટે નિરંતર મહારાજને પ્રાર્થના કરવી અને સાથે સાથે કેટલાક પ્રશ્નો અને કેટલીક બાબતોની સ્પષ્ટતા સમજવી :

૧. મોટાપુરુષ કોણ છે ? કેવા સામર્થ્યવાન છે !
૨. મોટાપુરુષ શા માટે પધાર્યા છે ? તેમનું શું કર્તવ્ય છે ?
૩. મોટાપુરુષની મારા જીવનમાં શું જરૂરિયાત છે ? મારું શું કર્તવ્ય છે ?
૪. મોટાપુરુષનું અવરભાવ-પરભાવનું જતન કરવું.
૫. મોટાપુરુષને જોગ-સમાગમે લૂંટી લેવા.
૬. મોટાપુરુષના વચનનું મહત્ત્વ સમજવું. વચનનો નિઃસંશયપણે સ્વીકાર કરવો.
૭. મોટાપુરુષને રાજી કરી લેવા.
૮. મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિના નાતે જોડાવું.
૯. મોટાપુરુષનું દિવ્યભાવે સેવન કરવું.

આટલી બાબતની સ્પષ્ટતા સાથે જીવન જિવાય તથા જીવનનું પરિવર્તન થાય તો મોટાપુરુષનું મહાત્મ્ય સમજ્યા કહેવાય. મોટાપુરુષનું આવું મહાત્મ્ય સમજાય તો બીજું કાંઈ કરવાનું બાકી ન રહે; બધું હસ્તામળ, ઈદમ્ થઈ જાય. મૂર્તિસુખના દરવાજા ખૂલી જાય. દેહના ભાવો ખરી જાય. અવરભાવમાં રહેવા છતાં દિવ્ય સુખનો અનુભવ થાય. આપણા ઉપર શ્રીજીમહારાજની અધિકાધિક કૃપા છે કે આપણને ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રી જેવા દિવ્ય સત્પુરુષ મળ્યા છે માટે હવે મહાત્મ્ય સમજવામાં કાંઈ કાચું રહેવા દેવું નથી એવો દૃઢ સંકલ્પ કરવો.

પ.પૂ. સ્વામીશ્રીએ શીખવેલી આ અલૌકિક રીતના આધારે મોટાપુરુષના મહાત્મ્યના મહાસાગરમાં ડૂબીએ.

મોટાપુરુષ કોણ છે ? અને શા માટે પધાર્યા છે ? સંપ્રદાયની સ્થાપનાથી માંડી અદ્યાપિ પર્યંત આ બે પ્રશ્નોના ઉત્તર વણઉકેલ્યા રહ્યા છે. તેથી જ મોક્ષ માર્ગ વણઉકેલ્યો રહ્યો છે. જેની સમજણમાં અને જીવનમાં આ બે પ્રશ્નો ઉકેલાઈ જાય તે મોટાપુરુષ જેવા થઈ જાય. અનંતના કલ્યાણદાતા બની જાય.

## ૧. મોટાપુરુષ કોણ છે ? કેવા સામર્થ્યવાન છે ! :

મીઠું ખારું જ હોય, મરચું તીખું જ હોય, ૧+૧=૨ જ થાય. આ બધી બાબતોની નિરુત્થાનપણે ઘેડ્ય પડી ગઈ છે તો જાગૃત, સ્વપ્ન કે સુષુપ્તિમાં, ગમે તેવી સ્થિતિ-પરિસ્થિતિમાં પણ ફેર પડતો નથી. તેમ મોટાપુરુષ પરભાવનું દિવ્ય સ્વરૂપ જ છે. જેમ મહારાજને વિષે દેહ-દેહીભાવ નથી તેમ મોટાપુરુષને વિષે દેહ-દેહીભાવ કે માયાનો

લેશ નથી. અનંતના મોક્ષનું દ્વાર છે. શ્રીજીમહારાજના સંકલ્પે વેશાંતરભાવે દેખાતું સ્વરૂપ છે.

“પોતે અખંડ મૂર્તિમાં રહે છે, સંકલ્પે શ્રીજી દેખાય રે.”

મોટાપુરુષ અખંડ મૂર્તિમાં રહે છે પરંતુ અવરભાવમાં અવરભાવવાળા જેવાં જ દર્શન આપે છે. તેથી તેમને ઓળખી શકાતા નથી. પરંતુ જ્યારે મોટાપુરુષ કોણ છે ? એ ઓળખાય ત્યારે આહાહા... ઓહોહોપણું... મટે જ નહીં.

મૂળીના સંતો ધર્મકિશોરદાસજી સ્વામી, શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, ભગવત્સ્વરૂપદાસજી સ્વામી, દેવજીવનદાસજી સ્વામી, ગોપીવલ્લભદાસજી સ્વામી વગેરે સંતોએ બાપાશ્રી કોણ છે તે મહિમા જાણ્યો હતો તેથી દર વર્ષે બાપાશ્રીનો સમાગમ કરવા કચ્છ જતા. તેની ખબર કરુણાનંદ બ્રહ્મચારીને પડતાં સંતોને વઢતા અને કહેતા, “આવા સદ્. હરિનારાયણદાસજી જેવા ને અમારા જેવા મોટેરા સંતોને મૂકીને ગૃહસ્થનો સમાગમ કરવા છેક કચ્છમાં શું કામ જાવ છો ? તમે સાધુ થઈ ગૃહસ્થની કથા સાંભળવા જાવ છો ! જરા વિવેક રાખતા શીખો.”

સંતો ઠપકાના બે શબ્દો ખમીને પણ વર્ષમાં એક વાર કચ્છમાં સમાગમ કરવા અચૂક જતા. કારણ કે સંતો જાણતા જે સાચી વાત બ્રહ્મચારીને કરાય તેમ નથી અને બાપાશ્રીના સમાગમે જે મૂર્તિસુખની અનુભૂતિ થાય છે તે અહીં થતી નથી. તેથી વિવેક રાખીને સામે કોઈ ઉત્તર ન આપતા.

એક વખત તો સંતોએ બાપાશ્રીની યથાર્થ ઓળખાણ કરાવવા યુક્તિપૂર્વક બ્રહ્મચારીને કહ્યું, “બ્રહ્મચારી મહારાજ ! આપ તો સત્સંગમાં મોટેરા ને વડીલ છો. તમે જે કહો છો તે તમારા અનુભવથી સાચું જ કહેતા હશો. અમે કચ્છમાં સમાગમ કરવા જઈએ છીએ એમાં અમારી કાંઈક ભૂલ થતી હોય એવું પણ બને. માટે આ વખતે તમે અમારી સાથે આવો અને બાપાશ્રીની કસોટી કરો તો સારું.” બ્રહ્મચારીને સંતોની વાતમાં તથ્ય જણાતાં વૃષપુર જવા તૈયાર થયા.

સંવત ૧૯૭૧ની સાલમાં બાપાશ્રીએ મોટો યજ્ઞ આરંભેલો. તેમાં મૂળીના સંતો બ્રહ્મચારીને લઈ બળદિયા મોડી રાત્રે પહોંચ્યા.

સંતોને તો બાપાશ્રીનો રોમ રોમ પ્રત્યે મહિમા તેથી આવતાંની સાથે બાપાશ્રીના ઘરના ચોકમાં જઈ દંડવત-દર્શન કરી મંદિરમાં આવી પોઢ્યા. રાત્રે બ્રહ્મચારી પોઢ્યા ત્યાં તો શ્રીજીમહારાજે પોતાની તેજોમય મૂર્તિનાં દર્શન કરાવ્યાં. બ્રહ્મચારી અહોહોભાવમાં ગરકાવ થઈ બોલ્યા, “હે મહારાજ, તમે આવા છો ?” ત્યાં તો શ્રીજીમહારાજે કહ્યું, “બ્રહ્મચારી, સાંભળો. હું તો આવો છું પણ જુઓ.” ત્યાં તો બાપાશ્રીનાં એવાં જ દિવ્ય તેજોમય દર્શન થયાં. બાપાશ્રી પરભાવમાં કોણ છે ? એની ઓળખાણ થતાં મનની બધી સંશયગ્રંથિ ટળી ગઈ. મીઠાની કોથળી સમુદ્રનો તાગ લેવા જતાં પોતે ઓગળી જ જાય. તેમ બ્રહ્મચારી બાપાશ્રીની કસોટી કરતા પહેલાં જ પીગળી ગયા. સવારે ઊઠતાં, ન્હાતાં, ધોતાં અંતરેથી

અહોભાવ ઓછો ન થાય.

બ્રહ્મચારીએ બાપાશ્રી સવારે મંદિરે સભામાં પધાર્યા એ વખતે દર્શન થતાં જ દંડવત-દર્શન કરી ખોળામાં માથું મૂકી ગદ્‌ગદભાવે પ્રાર્થના કરી, ‘‘બાપા... બાપા... મેં તમને ઓળખ્યા નહોતા. અહોહો તમે આવા છો ? બાપા, હવે મારું પૂરું કરો.’’ બાપાશ્રી કોણ છે તેની યથાર્થ ઓળખાણ થઈ તો બ્રહ્મચારીએ પોતાના અસ્તિત્વનો પ્રલય કરી સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લીધી.

મોટાપુરુષને જ્ઞાતિ, જાતિ, આશ્રમના કોઈ ભેદ હોતા નથી. પર્વતભાઈ અવરભાવમાં ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં શ્રીજીમહારાજ તેમને સત્પુરુષ તરીકે ઓળખાવતા અને મોટેરા ૩૦ સંતોને તેમનો છ મહિના સમાગમ કરવાની આજ્ઞા કરી હતી.

સદ્. ગોપાળાનંદ સ્વામીના સમર્થ વારસદાર સદ્. નિર્ગુણદાસજી સ્વામીએ બાપાશ્રીને યથાર્થ ઓળખ્યા હતા અને અનંતને ઓળખાવ્યા હતા. તેઓ બાપાશ્રીની પરભાવી મોટપને યથાર્થ જાણતા અને અધિકાધિક મહાત્મ્ય સમજતા તેથી પોતાના વારસદાર સદ્. ઈશ્વરસ્વામીનો હસ્ત બાપાશ્રીના હસ્તમાં સોંપી બાપાશ્રીનો મહિમા વધાર્યો હતો.

સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી બાપાશ્રીનો ખૂબ મહિમા સમજી સેવા કરતા. તેથી એક વખત બાપાશ્રીએ સદ્. નિર્ગુણદાસજી સ્વામીને રાવ કરતાં કહ્યું, ‘‘આ તમારા સાધુ ઈશ્વરચરણદાસજી અમારો મહિમા ખૂબ જાણે છે, સેવા કરે છે. કોઈ અજાણ્યા જુએ તો સારું ન લાગે. કારણ, આશ્રમનો ફેર છે. માટે એમને ના પાડો કે સેવા ન કરે.’’ સદ્. નિર્ગુણદાસજી સ્વામીએ સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામીને બોલાવી આજ્ઞા કરતાં કહ્યું, ‘‘મારે તમને ક્યારનીય એક આજ્ઞા કરવી હતી તે કરું છું કે જ્યાં સુધી તમારો દેહ રહે ત્યાં સુધી તમારે બાપાશ્રીનો મહિમા અધિકાધિક જાણી રાજી કરવા. તેમાં કોઈ દિવસ તર્ક ન કરવો. આ પુરુષ બહુ મોટા છે, અલૌકિક દિવ્ય સ્વરૂપ છે. મૂર્તિમાં અખંડ રહ્યા છે ને એ દ્વારે શ્રીજીમહારાજ સર્વે ક્રિયા કરે છે. માટે તેમને બહુ જ રાજી કરવા. કોઈ દિવસ તેમનું વચન ઉત્થાપવું નહીં.’’ અને બાપાશ્રીને પણ કહ્યું, ‘‘તમારે ઘણા દિવસ થયા. કોઈ ન જાણે તેવા નાના થઈ જવાનો અભ્યાસ પડી ગયો છે તે હવે દયા કરીને ફેરવો. મોક્ષને માટે જે કોઈ સત્સંગમાં આવ્યા હોય તેને તો રાજી થઈને સેવા કરવા દેવી ને ખૂબ મૂર્તિના સુખની વાતો કરજો. શ્રીજીમહારાજ પાસે પ્રાર્થના કરીને તમને રખાવ્યા છે. હવે બહુ ઢાંકશો મા.’’

પ.પૂ. સ્વામીશ્રી કહેતા હોય છે કે, ‘‘મોટાપુરુષ કોણ છે ? એમાં બહુ વિચારવાનું કે મનન કરવાનું ન હોય. એની ઠાવકી ઘેડ્ય જ પાડી દેવાની હોય. જેમ કેમેરામાં ક્લિક કરે કે તરત જ ફોટો પડી જાય તેમ મોટાપુરુષ મારા મોક્ષના દાતા છે, કલ્યાણના કર્તલ છે, પરભાવનું દિવ્ય સ્વરૂપ છે. તેની એક સેકન્ડમાં જ ઘેડ્ય પડી જવી જોઈએ.

અમે તા. ૧૬-૪-૧૯૭૮ના દિવસે ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં અવરભાવમાં પ્રથમ

વખત દર્શન કર્યાં એ જ દિવસે ઠાવકી ઘેડ્ય પડી ગઈ હતી કે, 'ગુરુવર્ય પ.પૂ. બાપજી પરભાવનું દિવ્ય સ્વરૂપ છે. બસ, હવે મારે એમને રાજી કરી લેવા છે.' એ જ દિવસે સંપૂર્ણ શરણાગત થઈ ગયા હતા.''

મોટાપુરુષ કોણ છે ? અને તેમની કેવી સામર્થી છે, તે શ્રીમુખે ગઢડા મધ્યના ૫૩મા વચનામૃતમાં કહ્યું છે કે, ''ભગવાનના ખરેખરા ભક્ત જે સત્પુરુષ હોય તે તો અલૌકિક દૃષ્ટિએ યુક્ત વર્ત્યા કરે.''

બાપાશ્રી પણ સત્પુરુષની સામર્થી વર્ણવતાં કહેતા, ''હજારો સાધનિક સંત હોય તે એક અનાદિમુક્તની તુલ્ય ન થાય, એવી અનાદિમુક્તની અલૌકિક સામર્થી છે.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૦૮

''મોટાપુરુષ નાહ્યા હોય તે જળમાં જે નહાય તે પાવન થાય છે. ગુરુસ્ત્રીનો સંગ, બાળહત્યા, બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા એવાં પંચમહાપાપ તેને મોટાપુરુષ બાળી નાખે છે એવું મોટાપુરુષના (નાહેલા) જળનું મહાત્મ્ય છે.'' તથા મોટાપુરુષની સામર્થી વર્ણવતાં કહેતા, ''જેમ શ્રીજીમહારાજ અનાદિ છે ને સ્વતંત્ર છે તેમજ મુક્ત પણ અનાદિ અને સ્વતંત્ર છે. અને જેટલું શ્રીજીમહારાજનું કર્યું થાય છે તેટલું જ તેમના મુક્તનું કર્યું પણ થાય છે.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧

શ્રીજીમહારાજ સ્વતંત્ર થકા જ્યાં, જ્યારે, જેવાં દર્શન આપવા હોય ત્યારે આપી શકે તેમ મોટાપુરુષ પણ એવા જ સ્વતંત્ર હોય.

એક વખત શ્રીજી આજ્ઞાનુસાર સદ્. ગોપાળાનંદ સ્વામી સંત મંડળે સહિત ઝાડીદેશમાં (પંચમહાલ) પધાર્યા. ત્યાં એક ગુફામાં સંતોને ધ્યાન કરવા બેસાડી સંતોની પોતાના સંકલ્પે સંતો જેવી જ અદલ મૂર્તિઓ બનાવી. તે સંકલ્પમૂર્તિઓ સાથે પોતે ગામોગામ વિચરણ કર્યું. આ બાજુ સદ્. ગોપાળાનંદ સ્વામીએ સંતોને છ મહિના ધ્યાન કરાવ્યું. છ મહિના થયા બાદ સંકલ્પમૂર્તિઓ દ્વારા થયેલા નવા હરિભક્તોનું મંડળ લઈ સદ્. ગોપાળાનંદ સ્વામી અને સંતો વડતાલ પહોંચ્યા. તે વખતે શ્રીજીમહારાજ સભા કરીને બિરાજમાન હતા. સદ્. ગોપાળાનંદ સ્વામીને આવતા જોઈ શ્રીહરિ અત્યંત આનંદવિભોર થઈ ગયા. સિંહાસન પરથી ઊભા થઈ સામે ચાલીને ભેટ્યા. કુશળ સમાચાર પૂછ્યા. શ્રીજીમહારાજે સર્વે સભાજનોને સદ્. ગોપાળાનંદ સ્વામીએ સંકલ્પ સ્વરૂપો દ્વારા સત્સંગ કરાવ્યો - આ અદ્ભુત પ્રતાપની વાત અંતર્યામીપણે કરી. સદ્. ગોપાળાનંદ સ્વામીની સામર્થીનાં દર્શન કરી સભાજનો સહિત સાથે ગયેલા સંતો અને નવા થયેલા હરિભક્તો બહુ આશ્ચર્ય પામ્યા.

આવી રીતે અનાદિમુક્ત-સત્પુરુષ એક સંકલ્પ કરે એટલામાં તો અનંતકોટિ બ્રહ્માંડમાં જે ધારે તે થાય એવી સામર્થીયુક્ત હોય.

આ લોકની ડિગ્રીથી ડૉક્ટર કે એન્જિનિયર બનાય પરંતુ મોટાપુરુષ એ કોઈ ડિગ્રીથી

બનાતું નથી કે સાધનાથી સત્પુરુષ થવાતું નથી. એ તો શ્રીજીમહારાજના સંકલ્પથી આ બ્રહ્માંડમાં પ્રગટે છે. સ્વયં સિદ્ધ અને અનંત સામર્થીએ યુક્ત જ હોય.

બાપાશ્રી બાલ્યાવસ્થાથી જ અનંત સામર્થીએ યુક્ત દિવ્ય સ્વરૂપ જ હતા.

એક દિવસ બાપાશ્રી બાળસખાઓ સાથે ઝાલમડી દાવ રમતા હતા. બાળસખાઓએ નક્કી કર્યું કે, અબજીભાઈ કોઈથી પકડાતા નથી. માટે આજે ગમે તેમ કરી બધા ભેગા થઈ પકડી પાડીએ. સૌ એકસાથે દોડ્યા ત્યાં તો જેટલા બાળસખા એટલા સ્વરૂપે બાપાશ્રી દેખાય. દરેક બાપાશ્રીની પાછળ દોડે. બાળસખાઓ બાપાશ્રીના અનેક સંકલ્પ સ્વરૂપો જોઈ આભા બની ગયા. આવું તો એક વાર નહિ, બાપાશ્રી જગન કરતા ત્યારે ઉતારે, ભંડારે, મંદિરમાં બધેય બાપાશ્રીનાં એકસાથે દર્શન થતાં. મોટાપુરુષ અનેક દિવ્ય સામર્થીએ યુક્ત જ હોય પણ દેહધારીને ખબર ન પડે.

બાપાશ્રી મહારાજ અને મુક્તની એકતાની અલૌકિક સામર્થીનું વર્ણન કરતાં કહેતા, ‘‘મોટા મુક્ત બોલે તે મહારાજ પોતે બોલે છે. જ્યાં મહારાજની મરજી હોય ત્યાં બોલે. ત્યારે કોઈ કહે તમને કોણ કહી જાય છે ? તો અમને તો સ્વામિનારાયણ બોલાવે છે. અમે તો કાંઈ દેખતા-ભાળતા નથી પણ એ બોલાવે છે ને બોલનારાય મહારાજ છે.’’

મોટાપુરુષ કોણ છે ? કેવી સામર્થીએ યુક્ત છે ? એવી તેમની ઓળખાણ થાય પરંતુ જો તેઓ શા માટે આ બ્રહ્માંડમાં પધાર્યા છે ? તેની સ્પષ્ટતા ન થાય તો પીવાના પાણીનો ઉપયોગ હાથ ધોવામાં થાય. તેમના સંકલ્પના સહભાગી ન થઈ શકાય.

## ૨. મોટાપુરુષ શા માટે પધાર્યા છે ? તેમનું શું કર્તવ્ય છે ? :

શ્રીજીમહારાજ જ્યારે પોતાનો દેખાતો અવરભાવ અદશ્ય કરે ત્યારે અનાદિમુક્ત-સત્પુરુષ દ્વારા જ પ્રકાશે છે. મોટાપુરુષ દ્વારા પ્રકાશે છે એટલે કાર્ય કરે છે. મોટાપુરુષ ભગવાન થઈ જતા નથી. શ્રીજીમહારાજ પ્રતિમા ધર્મ બજાવે છે તેથી મોક્ષ કરવારૂપ કાર્ય નિરંતર મૂર્તિમાં રહેનારા સત્પુરુષ દ્વારા કરે છે.

બાપાશ્રી કહેતા, ‘‘મુક્ત દ્વારે જ મહારાજ સુખ આપે છે ને પોતે તો અકર્તા રહે છે તોપણ મહારાજની મરજી વિના મહારાજના ગુણ કે જ્ઞાન કે મૂર્તિ કોઈ મુક્તથી આપી શકાય નહીં. એ તો શ્રીજીમહારાજે સંકલ્પે કરીને જે મુક્તને મૂક્યા હોય તેને પોતાના સુખની કૂંચી આપી હોય તે મુક્ત શ્રીજીમહારાજના જેટલું કામ કરે. શા માટે જે, શ્રીજીમહારાજનો સંકલ્પ છે અને શ્રીજીમહારાજની વતી આવ્યા છે અને એ મોક્ષ કરવારૂપી મૂળ સંકલ્પ છે.’’ – શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૩

સિપાહી દેશની સરહદ ઉપર જાય છે. શા માટે ? દેશની રક્ષા કાજે. શિક્ષક સ્કૂલમાં જાય છે. શા માટે ? વિદ્યાજ્ઞાન આપવા. ડૉક્ટર દવાખાને જાય છે. શા માટે ? દર્દીને સાજો કરવા. તેમ મોટાપુરુષ આ બ્રહ્માંડમાં પધારે છે. શા માટે ? જીવને ચોખ્ખો કરી મોક્ષ

કરવારૂપી અર્થાત્ અનાદિની સ્થિતિ કરાવવાના મૂળ સંકલ્પથી જ પધારે છે.

પથ્થરને ઘડવો સહેલો છે. પરંતુ આત્માને ઘડવો અઘરો છે. ગંદા પથ્થર ઉપર માત્ર પાણી નાખી ચોખ્ખો કરી શકાય જ્યારે અનાદિકાળના અહમ્‌ભાવથી, વાસનાથી, દોષ-સ્વભાવોથી ખરડાયેલા ગંદા જીવાત્માને ચોખ્ખો કરવો અને ઘડવો અઘરો છે. આ કાર્ય કરવા માટે જ મોટાપુરુષ આ બ્રહ્માંડમાં પધારે છે. કેટલી કૃપા ! કેટલો પરોપકાર !

ઈ.સ. ૨૦૦૨માં પ.પૂ. સ્વામીશ્રી અમેરિકા વિચરણ દરમ્યાન ઍટલાન્ટા જ્યોર્જિયા ખાતે પ.ભ. શ્રી રમેશભાઈ સુહાગિયાના ઘરે લાભ આપી રહ્યા હતા. આ સભામાં ગુજરાતના સુપ્રસિદ્ધ કથાકાર આવ્યા હતા. સભા પૂરી થયા બાદ તેઓએ પ.પૂ. સ્વામીશ્રીને પૂછ્યું, “સ્વામી, તમે છેક ઇન્ડિયાથી અહીં આવ્યા છો તો તમને અંગ્રેજી ફાવે છે ?”

“હા, થોડું થોડું પણ અંગ્રેજીમાં કથા ન કરી શકું.” પ.પૂ. સ્વામીશ્રીએ વિનમ્રભાવે ઉત્તર કર્યો.

“તો તમને સંસ્કૃત તો આવડતું હશે ને ?”

“ના, થોડા શ્લોક આવડે છે પણ વિશેષ નહીં.”

“તો, સંગીત સારું ફાવતું જ હશે ને ?”

“ના, ના. એ તો બિલકુલ ફાવતું નથી.”

“અરેરે, મને લાગે છે કે તમને જ્યોતિષજ્ઞાન (ઍસ્ટ્રૉલૉજી) હસ્તામળ હશે ?”

“ના, એ વિષે તો મને બિલકુલ જ્ઞાન જ નથી.”

“અરે સ્વામી, તમને કશું આવડતું નથી તો અહીં આવીને કરો છો શું ?”

ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ દૃષ્ટાંત આપતાં કહ્યું, “જેમ કોઈ બાળક રમતું હોય અને ગંદું-ગોબરું થયું હોય, ધૂળ ચાટતું હોય, બાળકની માતા ઘરના કામમાં વ્યસ્ત હોય, પિતાજી નવરા હોય, સોફા પર બેસીને સમય પસાર કરવા સમાચાર પત્ર વાંચતા હોય તોય બાળકનો હાથ ન ઝાલે કે રમાડે નહિ પરંતુ માતા પોતાનું કામ છોડી બાળકને નવડાવી, સ્વચ્છ વસ્ત્રો પહેરાવી તૈયાર કરી છૂટો મૂકે એટલે તરત તેના પિતા ‘બેટા મુન્ના આવ’ એમ કહી તેને ઉપાડી રમાડે.

‘મા’નો ધર્મ છે બાળકને ચોખ્ખો કરી બાપના ખોળામાં બેસાડવાનો. એમ અમે ‘મા’ને ઠેકાણે છીએ, જગતના જીવો બાળકને સ્થાને છે. અમે જીવની કામ-ક્રોધાદિકરૂપી ગંદકીને દૂર કરી ચોખ્ખો ચણક જેવો કરી ભગવાનને ખોળે ધરવાનું કામ કરીએ છીએ. અમારા ગુરુએ અમને આ શીખવ્યું છે.”

મોટાપુરુષ જીવને માયાથી, વાસનાથી, સ્વભાવ-દોષોથી ચોખ્ખો કરી મૂર્તિનું સુખ આપવા જ પધાર્યા છે. તેમના આ કર્તવ્યની જેને ઘેડ્ય પડી જાય તેને મોટાપુરુષની શુદ્ધીકરણની પ્રક્રિયા મીઠી લાગે. મોટાપુરુષ પણ તેને ન્યાલ કરી દે.

મૂળીના ત્યાગવલ્લભદાસજી સ્વામીને બાપાશ્રી કોણ છે ? શા માટે પધાર્યા છે ? તેની

ઠાવકી ઘેડ્ય પડી ગઈ હતી. બાપાશ્રીએ તેમને દેવરાજભાઈના ત્રણ સંબંધીજનો ધામમાં ગયા ને તેઓ રસોઈ આપવા આવ્યા તે પ્રસંગે સ્વામીને શિષ્યમાં હેત હતું તેની ટકોર કરી નિઃસ્નેહી વર્તમાનમાં પૂર્ણ કર્યા. તેમ છતાં બાપાશ્રીનું યથાર્થ મહાત્મ્ય સમજીને હેત કર્યું હતું તો રંચમાત્ર સંશય ન થયો.

એક વખત મૂળીના કોઠારી વલ્લભભાઈએ તેમને પ્રશ્ન પૂછ્યો, ''સ્વામી, તમે બાપાશ્રી સાથે હેત કર્યું છે તે સમજીને કર્યું છે કે દેખાદેખીથી કર્યું છે ?'' ''મેં તો બાપાશ્રીનો પ્રતાપ અનુભવી, મહાત્મ્ય જાણીને હેત કર્યું છે. એક વખત હું બાપાશ્રી પાસે ગયો ત્યારે તેમના સંબંધમાં આવતાં જ મારા ઘાટમાત્ર ટળી ગયા. મેં બીજે ઘણે ઠેકાણે તપાસ કરી હતી. કોઈથી મારા ઘાટ-સંકલ્પ ન ટળ્યા તે બાપાશ્રીના યોગમાં તરત ટળી ગયા. ત્યારથી ધ્યાનમાં પણ કોઈ વિક્ષેપ આવતો નથી અને ખૂબ મૂર્તિનું સુખ આવે છે.''

આ વાતને સમર્થન આપતાં ધર્મકિશોરદાસજી સ્વામીએ કહ્યું, ''સંવત ૧૯૬૨ની સાલમાં વલ્લભભાઈએ મને કહ્યું હતું જે, જ્યારે હું સદ્. ગુણાતીતાનંદ સ્વામી પાસે ગયો ત્યારે જેવું સુખ અને શાંતિનો અનુભવ થતો એવો અહીં થાય છે.''

બાપાશ્રી એક મૂર્તિના સુખનું દાન દેવા જ પધાર્યા છે એવું જેને મહાત્મ્ય સમજાતું તેને બાપાશ્રી એ સુખના અનુભવી કરતા.

### ૩. મોટાપુરુષની મારા જીવનમાં શું જરૂરિયાત છે ? મારું શું કર્તવ્ય છે ? :

દેહભાવ ટાળી મૂર્તિના સુખનો અનુભવ કરવો એ સાધનથી કે પુરુષપ્રયત્નથી શક્ય જ નથી. તેના માટે મોટાપુરુષની જરૂર પડે, પડે ને પડે જ. માત્ર અધ્યાત્મ માર્ગમાં જ નહિ, વ્યવહાર માર્ગમાં પણ ડગલે-પગલે મોટાપુરુષની જરૂર પડે જ. આપણે જે કંઈ છીએ તે મોટાપુરુષને લઈને જ છીએ. બાપાશ્રીના જોગમાં આવનાર અનેક મુમુક્ષુઓ જે કંઈ છે તે બાપાશ્રીને લઈને જ છે તેવું સ્વમુખે કહેતા.

કરાંચીના હરિભાઈ કહેતા જે, ''તમને લઈને તો આ સત્સંગ ફૂલી રહ્યો છે.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૮૧

કરાંચીના લાલુભાઈ કહેતા જે, ''આપે દયા કરી છે તેથી સર્વેને શાંતિ વર્તે છે.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૮૫

મહાદેવભાઈ કહેતા જે, ''અમને તો આ વખતે આપે ન્યાલ કરી મૂક્યા છે.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૧૦૮

સદ્. મુનિસ્વામી કહેતા જે, ''બાપા, આપ તો સદાય નિર્ગુણ છો. આપના જોગે અનેક નિર્ગુણ થઈ જાય છે.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૧૧૮

સદ્. ઘનશ્યામજીવન સ્વામી કહેતા જે, ''બાપા ! ચમકરૂપ તો આપ છો, અમે તો

તમારા વાંસે છીએ.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૧૩૬

મોટાપુરુષ થકી જે સુખ મળે છે તે સુખને ટકાવી રાખવા પણ મોટાપુરુષની જરૂર પડે જ. જીવ અનાદિકાળથી મનમુખીપણે વર્તવા જ ટેવાયેલો છે. તેને અધર્મના માર્ગે જ જાવું સારું લાગે પરંતુ મોટાપુરુષ તેને રોકી-ટોકી પાછા વાળે. પ.પૂ. સ્વામીશ્રીએ પ્રિ-મુમુક્ષુ બૅચના સભ્યોને જીવનમાં સત્પુરુષની આવશ્યકતા સમજાવતાં કહ્યું હતું, ''આપણે જે કાંઈ ઊજળા છીએ, નિયમ-ધર્મ પાળીએ છીએ તે મોટાપુરુષને લઈને છીએ. આજના દેશકાળમાં અવેરી વર્તમાન પણ ન પળે છતાં તમે બ્રહ્મચર્ય પાળી રહ્યા છો તે મોટાપુરુષને લઈને છે. તેમના સતત જોગ-સમાગમે પાછા વળેલા રહેવાય. મોટાપુરુષની આપણા જીવનમાં ખૂબ જરૂર છે માટે તેમનું અવરભાવનું જતન કરવું. જોગ-સમાગમે કરીને દિવ્યભાવે સેવા-સમાગમ કરવો. મોટાપુરુષને અવરભાવમાં તન, મન, ધન કોઈ પ્રકારનો ભીડો ન આવે તેનો કાળજીપૂર્વક ખ્યાલ રાખવો તે અવરભાવનું જતન છે.''

## ૪. મોટાપુરુષનું અવરભાવ-પરભાવનું જતન કરવું :

સદ્. નિર્ગુણદાસજી સ્વામી સ્વયં બાપાશ્રીનું જતન કરતા અને કરાવતા. શ્રીજી ઈચ્છાનુસાર બાપાશ્રીનો આર્થિક વ્યવહાર અતિશે દુર્બળ જણાતો હતો. બાપાશ્રીના વ્યવહારનું ખાતું કુંવરજીભાઈને ત્યાં ચાલતું. બાપાશ્રી સંઘ લઈ અમદાવાદ પધાર્યા હતા તે વખતે સદ્. નિર્ગુણદાસજી સ્વામીએ કુંવરજીભાઈને બોલાવી કાનમાં એવા મંત્રો ભણી બાપાશ્રીનું જતન કરવાની ભલામણ કરતાં કહ્યું, ''કુંવરજીભાઈ, દીકરા બે વધુ હોય તો ભાગ લે કે નહીં ? આ તો (બાપાશ્રી) અક્ષરધામમાં લઈ જાય તેવા છે માટે માગે તે દેજો; ને આપે તે લેજો. કાંઈ રહી જશે તો તેને બદલે અમે અક્ષરધામમાં તમને મોટું ઈનામ અપાવશું.''

તેથી કુંવરજીભાઈને અહોભાવ રહેતો જે આપણા ઉપર મોટી કૃપા છે જે સ્વયં શ્રીજીના સંકલ્પથી પધારેલા મુક્તની સેવા મને મળી ગઈ. પરિણામે અંતકાળે બાપાશ્રીની કૃપાથી કુંવરજીભાઈને મૂર્તિના સુખરૂપી મીઠા મેવા મળ્યા.

મોટાપુરુષ નિરંતર મૂર્તિમાં રહે છે તેથી તેમની સેવા મહારાજની સેવા તુલ્ય છે. સદ્. મુનિસ્વામી બાપાશ્રીની દિવ્યભાવે સેવા કરી મોટાપુરુષના જતનની રીત શીખવતા.

બાપાશ્રી ભૂજ પધાર્યા ત્યારે સદ્. મુનિસ્વામીએ ચણાનો લોટ દહીંમાં પલાળી પૂડલાં બનાવ્યાં. બાપાશ્રીને ખૂબ ભાવવિભોર થઈને સારી પેઠે જમાડ્યા. સદ્. મુનિસ્વામીનો સેવા કરવાનો ભાવ જોઈ બીજે દિવસે બાપાશ્રીએ કહ્યું, ''પુરાણી ! ગઈ કાલે પેલા રોટલા શેના બનાવ્યા હતા ? એવા રોટલા આજે પણ બનાવો. કારણ કે ચાવવામાં દાંત નહિ તેથી તે પોચા ઠીક પડે છે ને ના'વાનો પણ ખુલાસો સારો થાય છે.''

સદ્. મુનિસ્વામી બાપાશ્રીને સમયે સમયે જળ આપવું, તેમનું આસન પાથરવું એવી

રીતે ખૂબ મહાત્મ્યસભર થઈ તેમનું જતન કરતા. જે વાત સદ્. નિર્ગુણાનંદ બ્રહ્મચારીએ અનાદિમુક્ત ચરિત્રામૃત ઉત્તરાર્ધ અધ્યાય-૩૩માં કરી છે,

"પુરાણી કેશવપ્રિયદાસ, કરે સેવા અધિક હુલ્લાસ;
ગાળેલ જળનો લોટો તે જેહ, મેલે બાપા પાસે કરી સ્નેહ;
ઉપર જળ પીવાની ટોયલી, તેને ગરણે ઢાંકી ધરેલી;
ધન્ય પ્રેમ એ પુરાણી તણો, બાપા શ્રીજી પર ઘણો ઘણો;
તેમ બાપાશ્રીજીને અપાર, પુરાણી પર છે બહુ પ્યાર."

સદ્. મુનિસ્વામી બાપાશ્રીનું જતન કરતા તેમ બાપાશ્રી પણ સદ્. મુનિસ્વામીનું જતન કરી સત્પુરુષની સેવાનું મહાત્મ્ય સમજાવતા. સદ્. મુનિસ્વામી પારાયણ વાંચતા એ વખતે સાદ બેસી જતો. ત્યારે બાપાશ્રી સ્વયં સાકર-ઈલાયચીવાળું દૂધ ગરમ કરી પાતા. સ્વામી કહેતા જે, "બાપા, તમે આવો દાખડો શા માટે કરો છો ? દૂધ તો બીજા ઘણા લાવશે. તમારે અમારી ચિંતા ન કરવી." ત્યારે બાપાશ્રી બોલ્યા, "તમારા જેવા સાધુ સારુ તો હું પચાસ અગર સો રૂપિયાનું ખર્ચ કરી નાખું."

બાપાશ્રી કહેતા, "આ એક શાકનો પીતો છે તે આ મુક્તને અર્પણ કરે તો અર્પણ કરનારને અનંતકોટિ બ્રહ્માંડના જીવોનો આત્યંતિક મોક્ષ કરવાની સામર્થી મળે; એટલું ફળ તો આ એક પૈસાભારનું એક ફોડવું છે તેટલી સેવાનું થાય છે; તો મોટા મુક્તની સેવા ને પ્રસાદીનો મહિમા ને મહારાજના સુખની વાતો સાંભળવી તેના સુખનો તો પાર જ ક્યાંથી પમાય ?" - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૯૧

## ૫. મોટાપુરુષને જોગ-સમાગમે લૂંટી લેવા :

બાપાશ્રીએ મોટાપુરુષની અવરભાવની સેવાના મહાત્મ્ય કરતાં પણ મોટાના જોગ-સમાગમે કરી વાતો સાંભળવાનું અપાર મૂલ્ય કહ્યું છે. કારણ, મોટાના જોગ-સમાગમે તેમની આજ્ઞા, રુચિ, સિદ્ધાંત અને પરભાવનું જતન કરવાનું બળ મળે છે.

મોટાપુરુષનો જોગ-સમાગમ કેવી રીતે કરવો ? તે રીત શીખવતાં બાપાશ્રી કહેતા, "સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો સાંભળીને હું અને કુંવરજી પટેલ રાત બધી મનન કરતા. શું તેમની વાતોની ઢબ ! સભામાંથી કોઈ સંત-હરિભક્ત વાતો થતી હોય તો ઊઠી શકે જ નહીં."

આ ઉપરાંત મોટાપુરુષનો ઉપરથી અને અંતરથી જોગ કરવાનો આગ્રહ કરતાં બાપાશ્રી કહેતા જે, "મહારાજનો અને મુક્તનો ઉપરથી અને અંતરમાં બે પ્રકારે જોગ કરવો તો દોષ ટળી જાય તે પાછા ફેર ઉદય ન થાય. જો એકલો ઉપરથી જોગ કરે તો સમીપમાં હોય ત્યાં સુધી દોષ દબાઈ રહે ને છેટે જાય ત્યારે ઉદય થાય, જેમ આકાશમાં મોદ બાંધી હોય તેની તળે રહે ત્યાં સુધી તાપ ન લાગે ને બહાર નીકળે એટલે તડકો લાગે તેમ. અંતરમાં

જોગ કરવાથી તો જેમ આકાશમાં બધે વાદળાં ભરાઈ જાય તે સૂર્ય દેખાય જ નહિ તેમ. માટે બે પ્રકારે જોગ કરવો.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૮

ઉપરથી અને અંતરથી જોગ-સમાગમ કરવામાં પણ વિશ્વાસ મહત્ત્વની બાબત છે.

''અનાદિમુક્તની વાતમાં સંપૂર્ણ વિશ્વાસ આવે તો તે તેમના જેવો જ થાય; અને સંપૂર્ણ વિશ્વાસ ન આવે ને જ્ઞાન સમજવામાં જેટલે અટકે તો તે એટલે જ રહે. જેમ માર્ગમાં ચાલતાં માર્ગનો અંત તો ન આવે ને વચમાં જ્યાં થાકે ત્યાં બેસી રહે તેમ થાય.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૭૯

પાટડીના નાગજીભાઈ અને સરસપુરના ફકીરચંદભાઈ બંને ખાસ મિત્ર હતા. બાપાશ્રીનો સમાગમ કરવા બંને સાથે જ વૃષપુર જતા. બાપાશ્રી સમાગમ દરમ્યાન વાતોનું સરખું સુખ આપતા. બંનેને સરખા આશીર્વાદ આપતા.

એક વાર ફકીરચંદભાઈએ બાપાશ્રીને પૂછ્યું જે, ''બાપા, હું અને નાગજીભાઈ વર્ષોથી આપનાં દર્શન-સમાગમ માટે વૃષપુર આવીએ છીએ. આપ અમને બંનેને દર્શન, સેવા, સમાગમ અને આશીર્વાદનો સરખો લાભ આપો છો. તો આ નાગજીભાઈ તો અખંડ મૂર્તિ દેખે છે અને મને હજુ દેહના ભાવો વર્તે છે. આમ કેમ ?''

નાગજીભાઈ બાપાશ્રીના વચનમાં નિરુત્થાનપણે વિશ્વાસ લાવી જીવસત્તાએ આશીર્વાદ ઝીલતા, કથા સાંભળતા. જ્યારે ફકીરચંદભાઈ ઇન્દ્રિયો-અંતઃકરણથી, દેહના ભાવો સોતા કથા સાંભળતા તેથી તેમને મૂર્તિના સુખનો અનુભવ થતો નહોતો.

પ.પૂ. સ્વામીશ્રી મોટાપુરુષનો જોગ-સમાગમ કરવાની રીત શીખવતાં કહે છે, ''મોટાપુરુષ થકી આવતી પરભાવની વાતોને સમજવા માટે પરભાવના પાત્ર થવું પડે. તે દેહ સોતા ઝિલાય જ નહીં. દેહથી વિરક્ત મુક્તભાવમાં રહી વાતો સંભળાય તો જ તે વાતોનું સુખ આવે અને મૂર્તિરૂપી ફળની પ્રાપ્તિ થાય. મોટાપુરુષે અનાદિમુક્ત કરી મૂર્તિમાં જ રાખ્યા છે. હવે દેખાતો દેહ પોતાનું સ્વરૂપ નથી. મૂર્તિ જ પોતાનું સ્વરૂપ છે. મોટાપુરુષે આપેલા કોલમાં નિરુત્થાનપણે વિશ્વાસ રાખી સમાગમ કરવો.''

## ૬. મોટાપુરુષના વચનનું મહત્ત્વ સમજવું. વચનનો નિઃસંશયપણે સ્વીકાર કરવો :

બાપાશ્રી કહેતા, ''જેમ શરદઋતુમાં સ્વાંત નક્ષત્ર આવે છે તેમાં વરસાદ થાય છે તેને છીપ સમુદ્રમાં અધ્ધરથી ઝીલે છે તેનાં મોતી લાખ લાખ રૂપિયાનાં થાય છે, ને પડી પડી ઝીલે તો એક પૈસાનાં મુઠ્ઠી ભરાય એવાં ફટકિયાં મોતી થાય છે.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૬૫

અર્થાત્ મોટાપુરુષના વચનમાં નિરુત્થાનપણે વિશ્વાસ રાખી તેને અધ્ધરથી ઝીલવાં, તેમાં કોઈ પ્રકારનો સંશય કે તર્ક-વિતર્ક ન કરવો. જો કોઈ વ્યક્તિ એકલું ઘી પીવે તો

અજીર્ણ (અપચો) કરે, ફેરો થઈ જાય. પરંતુ ઘીમાં સૂંઠ નાખીને જમાડે તો અજીર્ણ ટાળે. તેમ બુદ્ધિતત્ત્વ હોય ત્યાં સુધી તર્ક-વિતર્ક થાય જ. જે મોક્ષ માર્ગમાં અજીર્ણ કરે અર્થાત્ મોક્ષ માર્ગમાંથી પાડે. જીવનો નાશ થઈ જાય. પરંતુ બુદ્ધિરૂપી ઘીમાં દિવ્યતા અને વિશ્વાસરૂપી સૂંઠનો યોગ થાય તો દેહભાવનું અજીર્ણ ટાળે અને નિર્વિઘ્ને આત્યંતિક કલ્યાણનો માર્ગ પાર પડે.

## ૭. મોટાપુરુષને રાજી કરી લેવા :

મોટાપુરુષના યોગે આપણને આત્યંતિક કલ્યાણ સસ્તામાં અને સહજમાં મળી ગયું છે. પરંતુ મોટાપુરુષનો રાજીપો કમાવવા માટે તો પ્રયત્ન કરવો પડે, મંડવું પડે. તે માટે પોતાના અસ્તિત્વનો પ્રલય કરવો પડે. પ્રશ્ન થાય કે કલ્યાણ સસ્તામાં મળી ગયું તો હવે રાજી કરવાની શી જરૂર ?

મોટાપુરુષનો રાજીપો થાય તો મહાપથારી સુધી કોઈ વિઘ્ન ન આવે. કલ્યાણકારી ગુણોનો આવિર્ભાવ થાય, હતાશા-નિરાશા, ઉદ્વેગ-અશાંતિ ટળી જાય, સુખ-શાંતિ વર્તે. જીવમાંથી શિવ કહેતાં અનાદિમુક્ત જ કર્યા છે એ વાતની હા પણ રાજીપાએ કરીને જ પડે. એટલું જ નહિ, કથાવાર્તા કરવી હોય કે મૂર્તિમાં રહેવાની લટક શીખવી હોય તોય મોટાપુરુષના રાજીપાની જરૂર પડે જ.

સંવત ૧૯૫૮માં સદ્ગુરુશ્રીઓ બાપાશ્રીનો જોગ-સમાગમ કરવા કચ્છમાં આવ્યા ત્યારે સાથે ધોળકાના મહંત સાધુ બળદેવચરણદાસજી પણ આવેલા. દરરોજ તેઓ અતિ આગ્રહપૂર્વક બાપાશ્રી તથા સદ્ગુરુશ્રીઓનો જોગ-સમાગમ કરતા. બાપાશ્રીએ સ્વામીને કહ્યું, ‘‘તમે વખતોવખત સદ્ગુરુઓની જોડે અહીં આવો છો પણ કોઈ વાર સભામાં વાતો કરતા નથી તે આજે વાતો કરો ! આજ હરિભક્તોને તમારી વાતો (કથા) સાંભળવી છે.’’

‘‘ભાઈશ્રી ! મને વાતો કરવાનું બહુ ફાવતું નથી. જો આવડતી હોય તો આજ સુધીમાં કાંઈ બોલ્યા વિના રહું ?’’ બાપાશ્રીએ કહ્યું જે, ‘‘સ્વામી ! મહારાજ અને મોટાને સંભારીને વાતો કરીએ તો એની મેળાએ આવડી જાય.’’

મરજી જાણી સ્વામીએ એ જ રાત્રે બાપાશ્રીનું વચન અધ્ધર ઝીલી વાતો કરવા માંડી. આ જોઈ બાપાશ્રી અતિશે રાજી થયા. અંતરના રાજીપાએ કરીને એક પછી એક વાતો થવા લાગી. કથા સાંભળનાર પરસ્પર કહેવા લાગ્યા જે, ‘‘આ સાધુ આવી વાતો કરનારા છે તે આપણને તો ખબર જ નહોતી.’’ બીજાને એ વાતની ખબર ક્યાંથી પડે કે બાપાશ્રીએ વચન આપ્યું ત્યારથી જ પ્રકરણ ફર્યું છે. પછી તો રોજ રાત્રે તેઓ જ સભામાં વાતો કરતા. આમ, અઢાર દિવસ સુધી વાતો કરી તે જોઈ બાપાશ્રી તથા સંતો-હરિભક્તો રાજી થઈ ગયા.

સદ્ગુરુશ્રીઓ દેશમાં જવા તૈયાર થયા ત્યારે સૌ બાપાશ્રીની ચંદન-પુષ્પથી પૂજા કરી હેતે સહિત મળ્યા તે વખતે બાપાશ્રીએ બળદેવચરણસ્વામી ઉપર હાથ મૂકીને આશીર્વાદ

વરસાવતાં કહ્યું જે, ‘‘સ્વામી ! તમે જો મહારાજનું ધ્યાન કરવા મંડશો તો મૂર્તિ ઝળઝળાટ તેજમાં દેખાય ને સુખિયા થઈ જવાય.’’

સ્વામીને બાપાશ્રીનું આ વચન જીવ સોંસરું ઊતરી ગયું અને અહોભાવ થયો જે, ‘‘મને વાતો કરતા પણ બાપાશ્રીની કૃપાએ આવડી તેમ ધ્યાન પણ બાપાશ્રીની કૃપાએ, રાજીપાએ જ સિદ્ધ થશે.’’ પછી તો તેમણે ધ્યાનમાં બેસવાનો એવો અભ્યાસ કરી નાખ્યો જે, રાત્રિ-દિવસ પલાંઠી છોડે જ નહીં. દેહની ક્રિયા શીઘ્રતાથી કરે ને ધ્યાનમાં વધુ બેસી રહે. આમ ને આમ દસ મહિના વીત્યા. દસ મહિનામાં તો બાપાશ્રીના રાજીપાએ કરીને હાલતાં-ચાલતાં મૂર્તિ અખંડ દેખાય એવી સ્થિતિ થઈ ગઈ.

મોટાપુરુષના રાજીપાનું અધિકાધિક મહાત્મ્ય સમજાવતાં બાપાશ્રી કહેતા જે,

‘‘મહાપ્રભુને મળેલા મુક્ત મળે અને તેમની છાયા પડે એટલે તેમનો અત્યંત રાજીપો થઈ જાય તો કામાદિક સર્વે દોષ બળી જાય છે અને મહાપ્રભુજીને સુખે સુખિયો થઈ જાય છે.’’ - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨

‘‘મહારાજ ને મુક્ત રાજી છે તો તરત ફેંસલો થઈ જશે, ને નક્કી મૂર્તિના સુખમાં પહોંચાડશે.’’ - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૮૭

‘‘મહારાજનો તથા મોટા મુક્તનો રાજીપો થયો તેનાં સર્વે સાધન પૂરાં થયાં. એમની પ્રસન્નતા થઈ એટલે એ છતે દેહે મૂર્તિના સુખમાં પહોંચી ગયો.’’

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૮૫

મોટાપુરુષના અંતરનો રાજીપો એ તો સર્વે શાસ્ત્રોનો, સર્વે વાતોનો, સંપ્રદાયનો સાર છે. સત્સંગમાં આવીને કરી કરીને આટલું જ કરવાનું છે. કારણ કે મોટાપુરુષનો અંતરનો રાજીપો એ જ આપણા સુખનું મૂળ છે. માટે તેમના રાજીપાના ભૂખ્યા અને ગરજુ થવું અને કુરાજીપાથી નિરંતર ડરતા રહેવું. પ.પૂ. સ્વામીશ્રી ગુરુવર્ય પ.પૂ. બાપજીથી જુદા નથી તેમ છતાં એક શિષ્ય તરીકે ગુરુના રાજીપાનું કેવું મૂલ્ય હોવું જોઈએ તે પળે પળે વર્તીને શીખવ્યું છે.

એક વખત એક સાધકમુક્તે પ.પૂ. સ્વામીશ્રીને પૂછ્યું, ‘‘સ્વામી, અમારા જીવનમાં કંઈક પ્રસંગ બને કે મનધાર્યું ન થાય તેવા સંજોગ-પરિસ્થિતિમાં દુઃખી થઈ જઈએ. અમે તો દુઃખી થઈએ પણ આપ કદી દુઃખી થાવ ?’’ પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, ‘‘અમે દેહના દુઃખથી કે બીજા દુઃખોથી દુઃખી ન થઈએ પરંતુ જે દિવસે અમને એમ ખબર પડે કે અમારી ઉપર ગુરુવર્ય પ.પૂ. બાપજી રાજી નથી તે દિવસે અમને એમ થાય કે અમારા જીવનની સર્વસ્વ મૂડી લૂંટાઈ ગઈ. જીવનમાંથી બધો આનંદ ઓસરી જાય. એથી વિશેષ દુઃખ બીજું કાંઈ ન લાગે. ગુરુવર્ય પ.પૂ. બાપજીને જ્યાં સુધી રાજી ન કરું ત્યાં સુધી ચેન ન પડે.’’

માટે મુમુક્ષુએ અનાદિની સ્થિતિ પામવી છે એ ધ્યેય પર ચાલતાં પૂર્વે રાજીપો પ્રાપ્ત કરવો છે એ જીવનધ્યેય બનાવવો ફરજિયાત છે. તે માટેની મુમુક્ષુની વિચારધારા કેવી

હોવી જોઈએ તેની રીત જણાવતાં પ.પૂ. સ્વામીશ્રી કહેતા હોય છે કે, “મારે મહારાજ અને મોટાપુરુષની અઢળક મૂડીનો વારસો પામવો છે. મોટાના હૈયે હાશ કરાવવી છે તો મારું આંતર અને બાહ્ય તંત્ર એક વાતથી રંગી નાખવું છે કે મહારાજ અને મોટાનો રાજીપો એ જ મારી પ્રવૃત્તિ, એ જ મારી નિવૃત્તિ, એ જ અવરભાવ, એ જ પરભાવ, એ જ નિશાન, એ જ મુકામ, એ જ કાર્ય, એ જ સેવા, એ જ મારગ, એ જ મંઝિલ.” જ્યારે આવી નક્કર વિચારધારાથી જીવન જિવાય ત્યારે રાજીપાના ફળ સ્વરૂપે મૂર્તિના સુખરૂપી મોતી પામી શકાય.

## ૮. મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિના નાતે જોડાવું :

મોટાપુરુષનો અંતરનો રાજીપો ક્યારે થાય ? તે માટે શું કરવું ? તો, અંતરનો રાજીપો પામવાનો શ્રેષ્ઠ ઉપાય - આત્મબુદ્ધિ. આત્મબુદ્ધિ એ રાજીપો કમાવાની માસ્ટર કી છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી આત્મબુદ્ધિનું મહત્ત્વ સમજાવતાં કહેતા કે, “શ્રીજીમહારાજે પંચાળાના બીજા વચનામૃતમાં કહ્યું છે કે, ‘ઉત્તમ શ્લોક લીલયા.’ ઉત્તમમાં ઉત્તમ શ્લોક કિયો ? તો શ્રીજીમહારાજની મૂર્તિ. આ શ્લોક સુધી પહોંચવા બીજા બે શ્લોક ગઢડા પ્રથમનું ૫૪મું વચનામૃત અને ગઢડા મધ્યનું ૫૪મું વચનામૃત. આ બંને વચનામૃતમાં શ્રીજીમહારાજે મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ કરવાનું મહત્ત્વ સમજાવ્યું છે.”

મોટાપુરુષ શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ પામવાનું દ્વાર છે. મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ એ સુખનું દ્વાર ખોલવાની ગુરુચાવી છે.

પ.પૂ. સ્વામીશ્રી આત્મબુદ્ધિની અર્થ વિભાવના કરે છે કે, “મોટાપુરુષ સાથે દિવ્યભાવ સોતી આગવી પ્રીતિ એ આત્મબુદ્ધિ. દેહને જ હું મનાય છે, દેહ સંબંધિત બધું પોતાનું મનાય છે તેમ મોટાપુરુષનું પરભાવનું સ્વરૂપ છે તેવું જ પરભાવનું સ્વરૂપ પોતાનું મનાય, મોટાપુરુષનું બધું જ પોતાનું મનાય એ જ આત્મબુદ્ધિ.”

દેહાત્મબુદ્ધિ, આત્મબુદ્ધિ અને આપોપું આ ત્રણ ભેદ સાધકના જીવનમાં સ્થિતિની યાત્રામાં જણાય છે. શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિ સાથે આપોપું કરતા પહેલાં મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિના નાતે જોડાવું ફરજિયાત છે. મોટાપુરુષનું અલગ અસ્તિત્વ જ નથી. તેઓ નિરંતર મૂર્તિમાં રહે છે. અવરભાવમાં તેમની સાથેની આત્મબુદ્ધિ પરભાવમાં મહારાજ સાથેના આપોપામાં પરિવર્તિત થઈ જાય છે.

શ્રીજીમહારાજે વરતાલના ૧૧મા વચનામૃતમાં આત્મબુદ્ધિનું મહત્ત્વ દર્શાવ્યું છે, “સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણવાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થાવાનું પણ એ જ સાધન છે.”

બાપાશ્રીએ વાતોમાં મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ કરવાનું ખૂબ મહત્ત્વ દર્શાવ્યું છે. બાપાશ્રી કહેતા જે, “મોટા સાથે જેણે મન બાંધ્યું હોય ને આત્મબુદ્ધિ કરી હોય તો મોટા

તેને મહારાજના સુખમાં લઈ જાય છે.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૩૨

''મોટાનો વિશ્વાસ લાવીને જો તેમની સાથે પોતાના જીવને જડી દે તો મોટા તેને મૂર્તિના સુખે સુખિયો કરે. જેમ કમળનો કંદ કાદવમાં ચોંટ્યો હોય ત્યારે તેને જળ પોષણ કરે છે ને સૂર્ય ખિલાવે છે પણ જ્યારે કાદવમાંથી કમળનો કંદ જુદો પડી જાય છે ત્યારે તેનું તે જળ કમળને સડવી નાખે છે અને તેના તે સૂર્ય તે કમળને સૂકવી નાખે છે. તેવી રીતે મોટા મુક્તને વિષે જે જીવ મન-કર્મ-વચને જોડાય તેનું મોટા પોષણ કરે છે અને મોટાને વિષે ન જોડાય તેનું મોટા પોષણ કરતા નથી; માટે કમળની પેઠે મોટાને વિષે ચોંટી જવું.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૧૭

બાપાશ્રીએ મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ કરવાની રીત સદૃષ્ટાંત શીખવી છે કે, ''જુઓને ! જળને વિષે માછલાંને અસાધારણ સ્નેહ છે. જળનો વિયોગ થાય તો પ્રાણનો ત્યાગ કરી દે એવું જળને વિષે જીવનપણું માછલાંને છે. તેણે કરીને જળનો ગમે તેટલો બળવાન વેગ હોય તોપણ તે સામા પ્રવાહે ચાલે છે. પણ તે વેગે કરીને પરાભવ પામતા નથી.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૩૨

બાપાશ્રીના અભિપ્રાય મુજબ આત્મબુદ્ધિનું પ્રથમ ચરણ મોટાપુરુષ સાથે જીવનપણું કરવું. અર્થાત્ અવરભાવમાં મોટાપુરુષનું સાંનિધ્ય નિરંતર ઇચ્છવું, ગમાડવું. એમનાથી છેટા જવાનું મન તો ન થાય પરંતુ આજ્ઞાએ કરીને દૂર જવાનું થાય તોય મહીંથી પરભાવનું સાંનિધ્ય તો વર્તે જ. દૂર રહ્યા થકા મોટાપુરુષની દર્શન-સેવા-સમાગમની તત્પરતા રહે. એટલું જ નહિ, પરંતુ મોટાપુરુષનું ગમતું, રુચિ, સિદ્ધાંતો, આગ્રહો, આદર્શો, રીત પોતાની કરવાની તત્પરતા રહે.

આત્મબુદ્ધિના માર્ગે ચાલનાર સાધકના વિચાર, વાણી, વર્તન મોટાપુરુષથી લગીરેય જુદા ન હોય. મોટાપુરુષ જ સર્વસ્વ મનાય. ટૂંકમાં, મોટાપુરુષમાં પોતાના અસ્તિત્વનો સંપૂર્ણ પ્રલય કરીને વર્તાય. મોટાપુરુષનો જીવસત્તાએ સ્વીકાર તે જ મોટાપુરુષ સાથે જીવનપણું કહેવાય.

આવું જીવનપણું થઈ જાય તેનું ફળ શું ? તો બાપાશ્રી કહેતા જે, ''એ તો માછલાંને જેમ જળ એ જ જીવન છે, તેમ જીવ જ્યારે અતિ મોટાપુરુષ જે અનાદિ મહામુક્ત તેમને વિષે પોતાના જીવને જોડીને એકાત્મપણું કરે ત્યારે તે માયા તરીને શ્રી પુરુષોત્તમરૂપ થઈને પુરુષોત્તમ ભગવાનના સુખમાં રમે, તેમાં કાંઈ પણ કઠણ પડતું નથી. એ વિના તો પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન સન્મુખ ચાલવાની સામર્થી કોઈથી પમાતી નથી, માટે એવા મહાસમર્થ અનાદિનો ખપ કરવો જોઈએ.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૩૨

પ.પૂ. સ્વામીશ્રીના રોમેરોમમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી પરત્વેની આત્મબુદ્ધિનાં દર્શન થાય. તેઓ સ્વાનુભવો દ્વારા આત્મબુદ્ધિનું મહાત્મ્ય દર્શાવતા હોય છે,

''શ્રીજીમહારાજના વખતથી લઈને આજ સુધીના ઈતિહાસ તરફ દૃષ્ટિ કરીએ તો, જે

જે મહાન બન્યા છે, લાખોના લાડીલા અને કરોડોના કલ્યાણદાતા બન્યા છે તેના મૂળમાં પોતાને મળેલા સત્પુરુષ સાથેની આત્મબુદ્ધિ છે. કદાચ તત્ત્વજ્ઞાન નહિ આવડતું હોય, વચનામૃત નહિ આવડતાં હોય, માળા નહિ ફેરવતા હોય, સાવ અભણ હશે પણ સત્પુરુષની સાથે આગવી પ્રીતિ હશે તો નેગેટિવની પૉઝિટિવ થઈ જશે.''

જેમણે બાપાશ્રી સાથે આત્મબુદ્ધિ કરી બાપાશ્રીને સેવ્યા તેઓ નેગેટિવની પૉઝિટિવ બની ગયા. મૂર્તિનું તદાકારપણું પામ્યા.

સંવત ૧૯૫૮માં સદ્ગુરુશ્રીઓ અમદાવાદ જવા નીકળ્યા ત્યારે કાણોતરના બાપુભાઈ બાપાશ્રીના સેવા-સમાગમ અર્થે રોકાયા. બાપાશ્રી ઘરે જાય કે વાડીએ જાય ત્યારે બાપુભાઈ ભેળા ને ભેળા રહે. બાપાશ્રી સાથે તેમને અતિશે પ્રીતિ વર્તે. આમ કરતાં ઘણા દિવસ થઈ ગયા પણ ઘરે જવાની વાત જ નહીં. એક દિવસ તેમના પિતા બોઘા પટેલનો કાગળ આવ્યો જે, ''બાપુ, તને કચ્છમાં ગયા પણ ઘણા દિવસ થયા. હવે તમે જેમ બને તેમ તરતમાં આવો તો સારું.''

બાપાશ્રીએ તેમના પિતાશ્રીનો કાગળ વાંચી આજ્ઞા કરી, ''તમારા પિતાનો કાગળ આવ્યો માટે હવે તમારે જવું જોઈએ. આ ફેરે તમો અહીં ઘણું રહ્યા. આપણે ક્યાં છેટું છે ? જ્યારે તમે મહારાજને અને મોટાને સંભારશો ત્યારે તરત દર્શન થશે. જરાયે વાર નહિ લાગે.'' બાપુભાઈનું મન માને નહીં. બાપાશ્રીથી જુદું થવું જરિયે ગમતું ન હતું પણ બાપાશ્રીની આજ્ઞા થતાં જવા માટે તૈયાર થયા. પણ કોઈક સંગાથ હોય તો ઠીક થાત એવો સંકલ્પ થયો. અંતર્યામીપણે બાપાશ્રીએ કહ્યું, ''ચાલો, અમારી વાડીએ. ત્યાંથી તમને સીધો માર્ગ દેખાડી દઈશું. કોઈ બીજા સંગાથની જરૂર જ નહિ પડે.'' બાપુભાઈને બાપાશ્રી પર અતિશે વિશ્વાસ હતો. તેઓએ રાજી થઈ કહ્યું, ''બાપા ! મારા ઉપર આવડી દયા !'' બાપાશ્રી તેઓને સાથે લઈ વાડીની આગળ ડુંગરા તરફ ચાલ્યા. ડુંગર પર ચડી બાપાશ્રીએ કહ્યું, ''બાપુભાઈ, આ સામા ડુંગરમાં જુઓ. કંઈ દેખાય છે ?'' ત્યાં તો ચક્રાકાર તેજના મંડળમાં શ્રીજીમહારાજનાં દર્શન થયાં. બાપાશ્રી બોલ્યા, ''જાવ બાપુભાઈ, આ તમારો સંગાથ.'' બાપુભાઈ તો મહારાજનાં દર્શન થતાં હર્ષભર્યા દંડવત કરવા લાગ્યા ને બાપાશ્રીને પ્રાર્થના કરી જે, ''આમ ને આમ સદાય મહારાજ દેખાય એવી કૃપા કરો. મારે બીજું કાંઈ જોઈતું નથી.'' ત્યારે બાપાશ્રી અઢળક વરસ્યા. પછી બાપુભાઈ ઘરે આવ્યા ત્યાં સુધી દિવ્ય તેજોમય મૂર્તિનાં દર્શન આગળ થતાં આવ્યાં.

બાપુભાઈ બાપાશ્રી સાથે દિવ્યભાવ સોતી પ્રીતિએ જોડાયા હતા. તેથી બાપાશ્રીએ તેમને ન્યાલ કરી દીધા.

બાપાશ્રીને જેઓ જીવનપ્રાણ કહીને સંબોધતા એવા સદ્. નિર્ગુણદાસજી સ્વામીમાં બાપાશ્રી પરત્વેની આત્મબુદ્ધિનાં દિવ્ય દર્શન થતાં.

સંવત ૧૯૪૮માં સદ્. નિર્ગુણદાસજી સ્વામીએ અંતિમ મંદવાડ ગ્રહણ કર્યો હતો. તે

વખતે બાપાશ્રીએ ભૂજના સંતો-હરિભક્તોને અંતર્યામીપણે કહ્યું જે, “સંતો, હવે તમારે સ્વામીનાં દર્શન કરવાં હોય તો અમદાવાદ વહેલા જજો. સ્વામી હવે ઝાઝું રહેશે નહીં. મને પણ સ્વામીનાં દર્શનની તાણ ઘણી છે પણ મારાથી અવાય તેમ નથી. શરીરે અશક્તિ જણાય છે. મંદવાડ પણ છે માટે તમે જાઓ.”

થોડા દિવસ બાદ સદ્. નિર્ગુણદાસજી સ્વામીનો બાપાશ્રી પર પત્ર આવ્યો : “ભાઈશ્રી (બાપાશ્રી), મારે શરીરે હાલ એકાદ માસ થયા મંદવાડ રહે છે, અશક્તિ ઘણી રહે છે. તમને પણ મંદવાડ બહુ થઈ ગયો તે સાંભળી તમારી પાસે આવવાની તાણ મટતી નથી. કોઈ વાર એમ થાય જે ઊડીને આવી જઉં.”

આ પત્ર મળતાં જ બાપાશ્રી હરિભક્તોને લઈ તૈયાર થયા ને કહ્યું, “આ અમારો મંદવાડ સ્વામીના વિયોગનો છે તે દર્શને મટી જશે.” પરંતુ અતિશે મંદવાડના કારણે અશક્તિ ખૂબ આવી ગયેલી. ઘડીક તૈયારી કરે, ઊભા થાય, બેસે, પાછા પાઘડી ઓશીકે મૂકી સૂઈ જાય, લથડિયાં ખાય. આવું જોઈ કેસરાભાઈએ કહ્યું, “બાપા, તમે ને સ્વામી ક્યાં જુદા છો ? શરીર હડદો નહિ ખમે. અમે સ્વામીને તમારા વતી પ્રાર્થના કરીશું.” એવી રીતે અળસાવ્યા. હરિભક્તો જવા નીકળ્યા.

હરિભક્તોએ અમદાવાદ મંદિરે આવી સદ્ગુરુશ્રીનાં દર્શન કર્યાં. સદ્ગુરુશ્રી સૂતા હતા. તેઓ બેઠા થયા ને નજર ફેરવી જોયું. તેઓ જેમની ચાતક નજરે રાહ જોઈ બેઠા હતા એવા ભાઈશ્રીનાં દર્શન ન થતાં વ્યાકુળ થઈ પ્રશ્ન પૂછ્યો : “તમે આટલા બધા સંતો-હરિભક્તો આવ્યા પણ અમારા જીવનપ્રાણ ભાઈશ્રી ક્યાં ? એ કેમ ન આવ્યા ?” રામપુરવાળા વિશ્રામભાઈએ કહ્યું, “એ તો પડખું પણ જાતે ફેરવી શકે તેમ નથી. શરીરે અશક્તિ છે તે વહાણ ને રેલના હડદા કેમ ખમી શકે ? તેથી અમે આવતા અળસાવ્યા.”

સ્વામીશ્રીએ કહ્યું, “મને તો એમ થાય છે જે તેઓ કાલે બપોરે અહીં આવીને ઠાકોરજીનાં તથા સંતોનાં દર્શન કરશે ને અમને દર્શન દેશે.”

સદ્. નિર્ગુણદાસજી સ્વામીએ કહ્યું હતું તે જ પ્રમાણે બીજા દિવસે બાપાશ્રી પધાર્યા. સ્વામીએ અંતર્યામીપણે હરિભક્તોને રેલવે સ્ટેશને લેવા મોકલ્યા. બાપાશ્રી ગાડીમાંથી ઊતર્યા અને સામે મોટો સંઘ જોયો. હરિભક્તોને તો આનંદની હેલી ચડી. પછી તો બાપાશ્રીને સાથે લઈ મંદિરે આવ્યા.

બંને મૂર્તિઓને એકબીજાનાં દર્શને આનંદના ઓઘ ઊતર્યા. અત્યંત રાજી થઈને મંદવાડને જાણે રજા આપી દીધી હોય તેમ દંડવત કરવા લાગ્યા અને બાથમાં ચાંપીને ખૂબ ભેટ્યા. પછી સ્વામીશ્રીએ કહ્યું, “ભાઈ, તમે બહુ દયા કરી, નહિ તો મારાથી કચ્છમાં અવાત નહિ ને તાણ મટત નહીં.” ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “સ્વામી, મને પણ ત્યાં દિવસ વરસ જેવડો થઈ ગયો હતો ને ઘણો મંદવાડ તે આપના વિયોગનો જ હતો. બીજાને તો એમ જે થોડું થોડું જમાય તો ઠીક થઈ જાય. પણ મારે મંદવાડ જમવાથી જાય તેવો નહોતો;

તેની મને ખબર હતી. બીજા શું જાણે ? દરદીની વાતો દરદીડા જાણે, બેદરદીને શું ભણીએ ? એવું આપણું હતું. તેથી હરિભક્તો નીકળ્યા પછી મને સંકલ્પ થતાં રાતોરાત ભાતું કરાવી અણદા ભક્તના લાલજીને જગાડીને તૈયાર કરી નીકળ્યા. અહીં આવ્યા ને આપનાં દર્શન થતાં હાશ થઈ.''

આ બંને તો દિવ્ય સત્પુરુષો હતા. તેમ છતાં અવરભાવમાં પરસ્પર આત્મબુદ્ધિનાં અલૌકિક દર્શન કરાવતા. તેમ આપણે શિષ્ય તરીકે મોટાપુરુષના મંદવાડ સમયે તેમના ખબરઅંતર રાખવા. તેમનાં દર્શનની ઈચ્છા અંતરે રાખવી અને તેમના સુખે સુખી - દુઃખે દુઃખી થવું એ જ આત્મબુદ્ધિનો એક ભાગ છે.

બાપાશ્રી અવરભાવમાં બિરાજતા ત્યારે સદ્. નિર્ગુણદાસજી સ્વામીના શિષ્ય સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી તથા સદ્. વૃંદાવનદાસજી સ્વામી તથા સદ્. મુનિસ્વામી બાપાશ્રી સાથે અતિશે આત્મબુદ્ધિના નાતે જોડાઈ બાપાશ્રીના સિદ્ધાંતો, રુચિ, સંકલ્પોને સમાજ સુધી પહોંચાડનાર સંવાહકો હતા.

બાપાશ્રી પણ આ ત્રણેય સદ્ગુરુશ્રીઓ સાથે મા-દીકરા જેવું હેત કેળવી આત્મબુદ્ધિનાં દર્શન કરાવતા.

સંવત ૧૯૮૨માં બાપાશ્રીના મંદવાડના સમાચાર સાંભળી સદ્. ઈશ્વરસ્વામી મંડળે સહિત વાયુવેગે કચ્છ પહોંચી ગયા. સદ્ગુરુશ્રીએ બાપાશ્રીના સેવા-સમાગમનો લાભ લઈ, તેમની આજ્ઞા થતાં ગુજરાત તરફ વળવાનું હતું. જેમ માતાથી બાળક જુદું ન પડી શકે તેમ ઈશ્વરચરણદાસજી સ્વામીને બાપાશ્રીથી જુદું પડવું જરિએ જચતું ન હતું. તે વખતે બાપાશ્રી સ્વામીને ભગ્ન હૃદયે વિદાય આપતાં બોલ્યા જે, ''મહારાજ, તમને કોઈક અહીં તેડાવે તો સુખેથી આવજો. તમારા આવવેથી સંત-હરિજનોમાં ઘણો સમાસ થયો. તમને જરૂર તેડાવીશું ત્યારે તમે આવજો. તમે ખરા સાધુ છો તે ભૂજમાં અને ગામડાંમાં બધેય હરિભક્તો લઈ જશે. અમારે ઘેર તો ઘણું રહેજો. અમારા છોકરા બાજરો પકવશે ને આપણે ઠાકોરજી જમાડીશું ને ભેળા મળીને મહારાજનું સુખ લેશું ને જે લેશે તેને આપશું.''

પછી બાપાશ્રી સંતોને વળાવવા ઘોડીએ ચડ્યા અને સદ્ગુરુશ્રીઓ ગાડાંમાં બિરાજ્યા. ત્યારે ઘોડીએ ચડી બાપાશ્રી વિરહના કીર્તનની ટૂંક બોલ્યા જે,

''આજ સોહાગણ હું રંડાણી, ભરદરિયે વહાણ ભાંગ્યું રે.''

ત્યારે ઈશ્વરચરણદાસજી સ્વામી બોલ્યા જે, ''બાપા ! અમારે જવું નથી, આજ્ઞા કરો તો રહીએ.'' પછી બાપાશ્રી બોલ્યા જે, ''સર્વેની વૃત્તિઓ ગુજરાત અને ઝાલાવાડ તરફ ગઈ છે તેથી તમને જુદા પાડીને રખાય નહીં.'' પછી હરજીભાઈએ ગાડી હાંકી અને સંત સર્વે સડક ઉપર ચોકીએ આવ્યા. ત્યારે બાપાશ્રીએ ફરી સંતોને બોલાવી લાવવા કહ્યું. સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી અને સંતો પાછા પધારતાં ફરીથી વિરહનું કીર્તન બોલ્યા.

સર્વ સંતો પણ ઉદાસ થઈ ગયા. બાપાશ્રી પોતાને વશ વર્તતા જોઈ સદ્. ઈશ્વરસ્વામી બોલ્યા જે, ''બાપા, અમારે આપની પાસે એક વચન માગવું છે તે આપવા કૃપા કરશો ?'' બાપાશ્રીએ હા ભણી ત્યારે સ્વામીએ કહ્યું જે, ''અમને આ દેહ સાંભરે છે, તે ન સાંભરે ને એક મહારાજની મૂર્તિ જ સાંભરે, ને તે અખંડ દેખીએ એવી કૃપા કરો.'' ત્યારે બાપાશ્રીએ રાજી થઈને માથે હાથ મૂકીને આશીર્વાદ આપી કહ્યું, ''આજથી સર્વેને એમ જ રહેશે.''

બાપાશ્રી સદ્‌ગુરુ સહિત છેલ્લી વખત કરાંચી પધાર્યા ત્યારે બાપાશ્રી અંતર્ધાન થવાનાં ઘણાં મર્મવચનો કહેતા ત્યારે સદ્‌ગુરુશ્રીએ બાપાશ્રીને મીઠો ઠપકો આપ્યો જે, ''આપ આમ કેમ બોલો છો ? તે આપે શું કરવા ધાર્યું છે ? આપનાં વચન અમને બહુ મૂંઝવે છે.'' ત્યારે સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી સાથે અખંડ આત્મબુદ્ધિ કરી હોય તેમ અતિ દાસભાવે બાપાશ્રી બોલ્યા જે, ''સ્વામી ! આપણે તો અખંડ ભેગા જ છીએ ને ભેગા રહીશું. હું તમને મૂંઝવું એવો નથી. તમે કેવા સમર્થ છો તે બધુંય હું જાણું છું. તમે તો મારા સુખ-દુઃખના ભાગિયા છો. આજ દિવસ સુધી મેં જે જે વચનો કહ્યાં હશે તે પ્રમાણે જ તમે કર્યું છે. ક્યારેય દેહનાં સુખ-દુઃખ સામું જોયું નથી. તમારો ઠરાવ શ્રીજીમહારાજને તથા અમને રાજી કરવાનો છે, બીજું તમારે કાંઈ ખપતું નથી. એ વાત મારી અજાણી નથી. તમે અમારે અર્થે દરિયા જંઘીને ઘણી વાર આવ્યા છો એ બધું હું ભૂલી જાઉં એવો નથી.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૧૦૮

સદ્. વૃંદાવનદાસજી સ્વામી અવરભાવમાં ધીર, ગાંભીર્ય મૂર્તિ પરંતુ બાપાશ્રી સાથે અપ્રતિમ પ્રીતિ અને અતિશે આત્મબુદ્ધિ વર્તતી. બંને દિવ્ય સ્વરૂપોને વિષે અતિશે એકતા વર્તતી.

સંવત ૧૯૬૬માં મૂળીના સંતો બાપાશ્રીનાં દર્શન-સમાગમ કરવા કચ્છ ગયા. એક દિવસ બાપાશ્રી સંતોને લઈ કાળી તલાવડીએ ગયા. ત્યાં નાહી, માનસીપૂજા કરી. બાપાશ્રીએ મૂર્તિના સુખની વાતો કરી મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા. બાપાશ્રીએ સદ્. વૃંદાવનદાસજી સ્વામીના મહિમાની વાતો ખૂબ કરી. પછી દેશમાં જતી વખતે પ્રથમ સ્વામીશ્રી પાસે જજો એમ કહ્યું. સંતો બાપાશ્રીની આજ્ઞા પ્રમાણે સ્વામીશ્રી પાસે ગયા ત્યારે સ્વામીશ્રીને કહ્યું જે, ''બાપાશ્રીએ અમોને તમારી પાસે મોકલ્યા છે અને કહ્યું છે કે સુખિયા કરજો.'' ત્યારે પોતે બોલ્યા કે, ''બાપાશ્રીએ તો ત્યાં જજો એટલું જ કહ્યું છે.'' આથી સંતોએ જાણ્યું જે સ્વામીશ્રી તો દિવ્યભાવે ભેગા જ રહે છે અને બધું જાણે છે.

આમ, બાપાશ્રી સાથે સદ્. વૃંદાવનદાસજી સ્વામીને એકાત્મપણું વર્તતું. સદ્. કેશવપ્રિયદાસજી સ્વામીને (મુનિસ્વામીને) પણ બાપાશ્રીનું અંતરતમ મહાત્મ્ય સમજાઈ ગયું હતું. 'મુનિ મુનિ' બોલતાં બાપાશ્રીનું મુખ પણ મલકાઈ જતું. કથાપ્રસંગે બાપાશ્રી મુનિસ્વામી પર અતિશે રાજીપો દર્શાવતા. સદ્. મુનિસ્વામીને જોઈ બાપાશ્રીને હેતના ઊભરા આવતા.

બાપાશ્રીએ એક વખત ભૂજના ભોગીલાલભાઈ તથા ધનજીભાઈને કહ્યું જે, "આ પુરાણી (મુનિસ્વામી) શ્રીજીમહારાજને સુખે સુખિયા છે." વળી મુનિસ્વામીને કહ્યું જે, "તમારે કારણ શરીર ક્યાં છે ? તમને તો અતિ મોટા કર્યા છે અને મૂર્તિમાં જ રાખ્યા છે."

એક વખત વૃષપુરના મંદિરમાં ૫૦થી ૫૫ જેટલા સંતો બેઠા હતા. આગળની હરોળમાં બધા સંતો ન સમાતાં, મોટેરા સંતો આગળ અને નાના સંતો પાછળ બેઠા હતા. સદ્. મુનિસ્વામી બીજી હરોળમાં બેઠા હતા.

સદ્. ઈશ્વરસ્વામી વાતો કરતા હતા ત્યારે વાતો કરતાં કરતાં તેમને વારંવાર ઊધરસ આવતી હતી. તેથી બાપાશ્રી ઊઠ્યા ને મુનિસ્વામીનો હાથ ઝાલીને આગળની હરોળમાં બે સદ્ગુરુશ્રીની વચમાં બેસાડ્યા અને વાતો કરવાની આજ્ઞા કરી.

પણ મુનિસ્વામી મોટા સદ્ગુરુશ્રીની હાજરીમાં વાતો કરવાનો સંકોચ અનુભવતા. બાપાશ્રીએ અંતર્યામીપણે જાણી કહ્યું, "મુનિસ્વામી પેલી કોયલની વાત કરો." બાપાશ્રીના અતિ આગ્રહને વશ થઈ સદ્. મુનિસ્વામીએ એક કલાક વાતો કરી. તેથી બાપાશ્રી અત્યંત પ્રસન્ન થયા અને સદ્ગુરુશ્રીઓ પ્રત્યે બોલ્યા જે, "તમે તમારા દેશમાં મોટા મોટા હાથી જેવા સાધુ છો ! ને સદ્. મુનિસ્વામી સામે આંગળી ચીંધતાં કહ્યું જે, અમે તો અહીં કચ્છમાં એક ફોદા જેટલો સાધુ રાખ્યો છે પણ બધાયથી વટી જાય તેવો છે. ફોદા જેટલા એટલે દહીંનું વલોણું કરે તેમાં માખણનો ફોદો તરી આવે તેમ તેઓ સૌથી જુદા તરી રહે તેવા આ સંતને અમે કચ્છમાં રાખ્યા છે." આવી રીતે બાપાશ્રીએ મુનિસ્વામીની ખૂબ પ્રશંસા કરી.

મોટાપુરુષ એક સાધક સાથે આત્મબુદ્ધિ કરે તે પરાકાષ્ઠાની વાત છે. પરંતુ સૌપ્રથમ પહેલ તો સાધકે જ કરવી રહી.

## ૯. મોટાપુરુષનું દિવ્યભાવે સેવન કરવું :

મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ કરવામાં મોટાપુરુષને વિષે દિવ્યભાવ એ આધારરૂપ પૂરક બાબત છે. દિવ્યભાવ એ આત્મબુદ્ધિનું ઉદ્દીપક છે. દિવ્યભાવ સોતું મહાત્મ્ય જ્યારે નિર્દોષબુદ્ધિમાં પરિણમી જાય ત્યારે સત્સંગમાં આવતા વિઘ્નોનો તાપમાત્ર ટળી જાય. નિર્દોષબુદ્ધિ જ્યારે દિવ્યબુદ્ધિમાં પરિણમે ત્યારે સર્વે ગુણમાત્રનો આવિર્ભાવ થાય. મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિના નાતે જોડાવાનો ટૂંકામાં ટૂંકો અને સારામાં સારો એક જ ઉપાય - નિર્દોષબુદ્ધિએ અને દિવ્યભાવે મોટાપુરુષનું સેવન કરવું.

તેથી જ સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે,

"સદ્ગુરુ સાચા રે, સેવો શુદ્ધ ભાવ શું રે,
જેથી ટળે મનના વિવિધ વિકાર રે;
જેને સંગે વાધે રે, પ્રભુ સંગ પ્રીતડી રે,
ટળી જાય જાત વર્ણ અહંકાર રે."

શુદ્ધભાવે એટલે સંપૂર્ણ દિવ્યભાવે મોટાપુરુષનું સેવન કરવું. ભૂજના સદ્. નિર્ગુણાનંદ બ્રહ્મચારી એટલે ખરેખરા નિર્ગુણ દિવ્ય મૂર્તિ. તેમણે બાપાશ્રીનું મનુષ્યભાવે રહિત સંપૂર્ણ દિવ્યભાવે સેવન કર્યું હતું તો બાપાશ્રીએ તેમને અવરભાવમાત્રના ભાવો ટળાવી મહારાજ સાથે જોડાણ કરાવી દીધું હતું.

સદ્. નિર્ગુણાનંદ બ્રહ્મચારીએ અંતિમ મંદવાડ ગ્રહણ કર્યો હતો. બાપાશ્રી ભૂજ દર્શને પધાર્યા ત્યારે તેમની બાજુમાં બેસી પૂછ્યું, ''બ્રહ્મચારી, કેમ છે ?'' ''બાપા, પીડા તો થયા કરે છે પણ તેનું મને કાંઈ નથી. દેહનું દુઃખ મટાડવા મેં આપને કોઈ દિવસ કહ્યું નથી ને કહેવું પણ નથી. આ દેહનું તો જેમ આપની મરજી હોય તેમ કરો, પણ મૂર્તિનું ખરું સુખ છે તે તો જરૂર આપજો. અને આપના ભેળો સદાય રાખજો.'' તે વખતે બાપાશ્રીએ દૂધ મગાવી પોતાના હસ્તે પાતાં પાતાં કહ્યું, ''બ્રહ્મચારી મહારાજ, હવે મૂર્તિના સુખમાં જોડાઈ જાઓ.''

બ્રહ્મચારીને અવરભાવની વિસ્મૃતિ થઈ ગઈ અને સળંગ દિવ્યભાવ વ્યાપી ગયો.

એક દિવસ દિવ્યભાવમાં બોલવા લાગ્યા, ''સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં પ્રત્યક્ષ વિચરે છે. તેમના અનાદિમુક્ત પણ એવા જ દિવ્ય છે. બાપાએ તો મને ન્યાલ કર્યો. હવે એ વૃષપુર ને હું અહીં એમ નથી. આત્યંતિક પ્રલય કરીને મૂર્તિમાં જોડાઈ ગયો છું. મારા પર બાપાની પૂર્ણ દયા થઈ છે. મહારાજ-બાપાશ્રી તેમની બધી લીલા દેખાડે છે તથા લીલા કરનાર પણ દેખાય છે.'' એમ કહે ને ઘડી વાર થાય ત્યાં વળી ''આ બાપા ઊભા ! આ આવ્યા ! ઓળખો ! આ તો દિવ્ય સ્વરૂપ છે ! ખોટનાં ખાતાં વાળવાં આવ્યા છે, મૂર્તિમાં મેલી દે છે. બહુ દયાળુ છે.'' આમ બોલતાં બોલતાં મૂર્તિના સુખમાં પહોંચી ગયા.

સત્સંગમાં આવ્યા પછી મનુષ્યભાવ જેવું કોઈ દુઃખ નથી અને દિવ્યભાવ જેવું કોઈ સુખ નથી.

બાપાશ્રી સભાપ્રસંગે અવારનવાર મોટાપુરુષને વિષે દિવ્યભાવ દઢ કરાવતાં કહેતા, ''અનાદિ મહામુક્તનો મહિમા બહુ સમજવો અને હેતે કરીને તેમની સેવા કરવી, પ્રસન્ન કરવા જેથી શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ તત્કાળ મળે. એમને વિષે ક્યારેય મનુષ્યભાવ ન લાવવો. એમની સર્વે ક્રિયા દિવ્ય સમજવી. એ તો જાણતા થકા અજાણતાપણું દેખાડે ને દેહના ભાવ દેખાડે તથા હર્ષ-શોક દેખાડે એ સર્વે રીત અલૌકિક છે એમ જાણવું.''

– શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૭૪

એક વખત બાપાશ્રી સભામાં સદ્‌ગુરુશ્રીઓ આદિક સહિત બિરાજ્યા હતા. બાપાશ્રીએ સભામાં સર્વેને તેમનું મહાત્મ્ય સમજાવતાં વાત કરી કે, ''મૂર્તિમાં રસબસ કરવા તે આવા સંતથી થાય. આ સંતનાં દર્શનથી, સ્પર્શથી કામ સરે. એમનો વાયુ ભટકાઈને જેના ઉપર પડે તે બધાનું કલ્યાણ થાય એવા સમર્થ આ સંત છે. માટે એવા સંતનો જોગ રાખજો; તો ધામમાં હડેડાટ ચાલ્યા જવાય. આ સદ્‌ગુરુઓ કેવા છે ? તો જેનાં દર્શનમાત્રે કરીને પામર

અને પતિત જીવોનો ઉદ્ધાર થાય છે ને ઠેઠ શ્રીજીની મૂર્તિના સુખમાં પહોંચાડી દે છે.''

મોટાપુરુષનું અધિકાધિક મહાત્મ્ય છે. વર્તમાન સમયે આપણે કોને વિષે તેવું મહાત્મ્ય સમજવું તો તેની રીત પણ બાપાશ્રીએ જ આપી, ''સર્વેને મોટા સમજવા પણ આપણને જેથી સુખ મળે તેને વધારે મોટા જાણવા.''

વર્તમાનકાળે આપણી ઉપર શ્રીજીમહારાજની અધિકાધિક દયા છે કે બે દિવ્ય સત્પુરુષની ભેટ મળી છે. આપણને જે જ્ઞાન, સમજણ મળી છે, જે કાંઈ સુખ મળે છે તે ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીને લઈને જ છે. માટે તેમનું આપણા જીવનમાં અધિકાધિક મહાત્મ્ય સમજવું. જેટલા તેમના મહાત્મ્યમાં ડૂબેલા રહેવાય, જેટલા એમની સાથે આત્મબુદ્ધિના નાતે જોડાવાય તેટલો આપણો અધ્યાત્મ માર્ગ સલામત થઈ જાય. માટે હવે મળેલા મોટાપુરુષના મહાત્મ્યઆકારે રાચતા થઈ મહાત્મ્યરસથી એવા રસભીના થઈએ કે, આપણા આંતરતંત્રમાંથી નિરંતર અહોભાવની મહાત્મ્ય સુરાવલીઓ વહ્યા કરે કે, ''મારા બાપજી... મારા સ્વામી... આપ મારાથી દૂર નથી. સદાય મારી ભેળા જ છો.''

મોટાપુરુષનું જેટલું મહાત્મ્ય સમજાય તેટલી સત્સંગની બાજી જીતી જવાય. બાપાશ્રી મોટાપુરુષની સાથે સાથે સંતો-ભક્તો સર્વેનું પરભાવનું દિવ્યભાવ સોતું મહાત્મ્ય સમજાવતાં કહેતા, ''આ સભા સર્વે દિવ્ય છે. આ સભા સ્વામિનારાયણ ભગવાનની છે. તેમાં જે આવે તે દિવ્ય. વસ્ત્ર, વાહન, સેવક સર્વે અલૌકિક, દિવ્ય. આવો આ સભાનો દિવ્યભાવ સમજાય એટલે પૂરું થઈ રહ્યું.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૬૩

બાપાશ્રી સંતો-ભક્તોનું અવરભાવ-પરભાવનું આગ્રહપૂર્વક મહાત્મ્ય સમજાવતા તે આગળ સમજણલક્ષી આગ્રહમાં સમજ્યા તેને વિશેષ દૃઢ કરીએ.

'તમને સર્વેને પણ અનાદિમુક્ત કરી અમારી ભેળા મૂર્તિમાં જ રાખ્યા છે' એમ કહી બાપાશ્રી સ્વ-સ્વરૂપનું મહાત્મ્ય સમજાવતા અને સ્થિતિ કરવાનો આગ્રહ દર્શાવતા. જે વિશેષ આગળ સ્થિતિલક્ષી આગ્રહમાં જોઈ દૃઢાવ કરીશું.

**બાપાશ્રીએ સેવેલા મહાત્મ્યલક્ષી આગ્રહ પ્રમાણેનું આપણું જીવન કરવા મોટાપુરુષનું વિશેષ મહાત્મ્ય સમજવા, તેના દૃઢાવ માટે આટલું કરીએ :**

૧. પોતાને જે થકી સુખ મળતું હોય તે સત્પુરુષને અધિક મોટા સમજવા.

૨. મોટાપુરુષની આજ્ઞાનો, વચનનો જીવસત્તાએ સ્વીકાર કરવો અને વચન અધ્ધરથી ઝીલવાં.

૩. મોટાપુરુષ સાથે આગવી પ્રીતિના નાતે જોડાવું, આત્મબુદ્ધિ કરવી.

૪. દિવ્યભાવની ઠાવકી ઘેડ્ય પાડવી. મનુષ્યભાવ ન પરઠવો.

૫. મોટાપુરુષના અવરભાવ-પરભાવના સ્વરૂપનું જતન કરવું.

## ૨.૫

# વર્તનલક્ષી આગ્રહો

"સ્વામી ! તમારે મંડળ સાથે આણંદ સત્સંગ કરાવવા જવાનું છે."

"શું કહ્યું મહારાજ ? મારે ???"

"હા સ્વામી, તમારે."

"પણ... પણ..." બોલતાં સ્વામી ખચકાયા.

"પણ શું ? બોલો."

"મહારાજ ! અગાઉ મોટા મોટા વિદ્વાન, કથાકાર સંતો સત્સંગ કરાવવા ગયા હતા. પછી સંગીતજ્ઞ સંતો સત્સંગ કરાવવા ગયા હતા. એમનાથી સત્સંગ ન થયો અને હું તો સાવ અભણ સાધુ છું. નથી મારી પાસે કથાકાર સંતો જેવું શાસ્ત્રોનું જ્ઞાન કે નથી સંગીતજ્ઞ સંતો જેવી સંગીતકળા. તો પછી મારાથી કેવી રીતે સત્સંગ થશે ? મારા સંતોનું મંડળ પણ મારા જેવું જાડધારું છે. માટે મહારાજ, મને એમ થાય છે કે મારાથી કેવી રીતે સત્સંગ થાય ?"

"સ્વામી, મૂંઝાશો નહીં. જે કાર્ય વાક્છટા ને સંગીતકળાથી નથી થયું તે કાર્ય વર્તનથી થશે. તમારી વાતોથી નહિ પરંતુ વર્તનથી અનંતનાં પરિવર્તન થશે ને અનેક સત્સંગી થશે. આમ, તમારું વર્તન વાતો કરશે... જાવ, તમારા મુખે અમે બોલીશું. તમારે કોઈને સત્સંગ કરાવવા બોલાવવા નહિ પડે. વર્તનથી અનેક મુમુક્ષુઓ દોડતા તમારી પાસે આવશે."

શ્રીજીમહારાજ અને સદ્. અપારાનંદ સ્વામી વચ્ચેનો આ વાર્તાલાપ સ્પષ્ટપણે ફલિત કરે છે કે શ્રીજીમહારાજ વર્તનશીલ જીવનના આગ્રહી અને ચાહક હતા. તેઓ જેમનું અણીશુદ્ધ વર્તનવાળું જીવન જોતા તેમની ઉપર સહસા જ અંતરના રાજીપાનો કળશ

ઢોળતા. તેથી જ લૌકિક આવડત-બુદ્ધિયુક્ત મોટા મોટા વિદ્વાન અને સંગીતજ્ઞ સંતોથી જે કાર્ય સિદ્ધ ન થયું તે કાર્ય લૌકિક 'હું'આટાથી (અહંકારથી) અલિપ્ત અને શ્રીહરિના સંબંધે સંલગ્ન, સાધુતાસભર જીવનવાળા સદ્. અપારાનંદ સ્વામીથી થયું. શ્રીહરિએ તેમને નિમિત્ત કરી આણંદમાં સત્સંગનો જય જયકાર કર્યો. શ્રીહરિએ સદ્. અપારાનંદ સ્વામીને આપેલું પ્રાધાન્ય અને યશ જ તેમનો વર્તનશીલ જીવન કરવાનો આગ્રહ ઘોષિત કરે છે.

અનુભવીઓએ તેથી જ કહ્યું છે,

'જ્ઞાનના ગાંસડા કરતાં અધોળનું આચરણ અધિક છે.'

અર્થાત્ જ્ઞાન કરતાં આચરણનું મૂલ્ય અનેકગણું વધારે છે.

આચરણ એટલે જ વર્તન.

વર્તન એટલે મહારાજ અને મોટાપુરુષની આજ્ઞા અને અનુવૃત્તિ મુજબનું આપણું જીવન. મળેલી પ્રાપ્તિને તથા પદવીને શોભે એવું જીવન. ઉચ્ચ ધ્યેયને સિદ્ધ કરવાની મર્યાદાઓ અને સંયમના અનુશાસનથી જિવાતું જીવન.

વર્તનશીલ જીવન એટલે આચરણની આંતર-બાહ્ય શુદ્ધતા, પવિત્રતા. વાણી-વિચાર-વર્તનની સામ્યતા. દોષમાત્રથી નિર્મેળ, નિર્દંભ, નિર્વાસનિક જીવન. આદર્શતા-શ્રેષ્ઠતાની પ્રતિકૃતિ સમ જીવન.

અધ્યાત્મ માર્ગમાં સાધકના જીવનમાં શુદ્ધતા, પારદર્શકતા, નિર્દંભતા, ચારિત્ર્યશીલતા તથા સ્થિતિ માટે આત્માની પાત્રતા બંધાવામાં વર્તન એ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. તેથી જ શ્રીજીમહારાજે વર્તનશીલતાના પ્રગાઢ આગ્રહ સાથે અણીશુદ્ધ વર્તને યુક્ત સ્વામિનારાયણ સંપ્રદાયની રચના કરી.

શ્રીજીસંકલ્પમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ શ્રીજીમહારાજના વર્તનશીલ જીવનના એ જ આગ્રહને ખૂબ આગ્રહપૂર્વક દોહરાવ્યો છે. અવરભાવના જીવનકાળ દરમ્યાન બાપાશ્રીએ સત્સંગના સર્વવર્તનલક્ષી આગ્રહોને મૂર્તિસુખની પાત્રતા માટેના આધાર ગણી તે પ્રમાણે ત્યાગી-ગૃહીનું જીવન કરાવવા અથાક દાખડા કર્યા છે. જેને નિહાળતાં સૌ કોઈને લાગે કે જાણે બાપાશ્રી વર્તનવાળો સમાજ કરવાની એક નેમ લઈને પધાર્યા હતા કે શું ?

બાપાશ્રી કહેતા કે, ''જેણે મહારાજ અને મોટાને રાખવા હોય તેણે અંતઃકરણ શુદ્ધ રાખવું. જેવા માંહી તેવા બહાર રહેવું, પણ કોઈ પ્રકારનું કપટ કે યુક્તિ રાખવાં નહીં. જ્યાં સુધી અંતઃકરણ શુદ્ધ નહિ રાખે ત્યાં સુધી મોટા સુખની પ્રાપ્તિ નહિ થાય ને મહારાજના ને મુક્તના ભેગું નહિ રહેવાય.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૩૧

અહીં બાપાશ્રીએ મહારાજ અને મુક્તના ભેળા રહેવા જેવા માંહી તેવા બહાર રહેવું એમ બોધ આપી પારદર્શક જીવન કરવા આગ્રહ જણાવ્યો છે. જો આ પ્રમાણે નહિ વર્તો તો મોટા સુખની અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિની પ્રાપ્તિ નહિ થાય. માટે જો સ્થિતિ

પામવી હોય તો પારદર્શક જીવન કરવું.

પારદર્શક વર્તનશીલ જીવન જીવી મૂર્તિસુખ માટેની પાત્રતા કેળવવી છે એવો દરેક સાધકમાત્રનો આદર્શ તો હોય છે પરંતુ વાસ્તવિક જીવન કંઈક જુદું હોય છે. સારા દેખાવાના પ્રયાસમાં આદર્શતા અને વાસ્તવિકતા વચ્ચે વર્તનની બહુ ઊંડી ખાઈ હોય છે. મોટાભાગે દરેક વ્યક્તિને જેવા ‘છીએ’ તેવા અભિવ્યક્ત થવા કરતાં જેવા ‘હોવા જોઈએ’ તેવા પ્રદર્શિત થવામાં વધુ રસ હોય છે. આવી દાંભિક મનોવૃત્તિમાંથી જ કપટ, યુક્તિ-પ્રયુક્તિ, ઊપસવાની ભાવના, ઈર્ષ્યા જેવા અનેક અનિષ્ટોનો પ્રાદુર્ભાવ થાય છે. જે સાધકને પરભાવના માર્ગેથી લાખો ગાઉ છેટો કરી દે છે અને વર્તનની ઊંચાઈને પણ ખંડિત કરી દે છે. જેનો ખ્યાલ ખુદ સાધકને પણ આવતો નથી.

પ.પૂ. સ્વામીશ્રી વર્તનશીલ જીવન કરવા મુમુક્ષુને સ્વજીવનને ચકાસવા અને પાછા વળવા ચાર પ્રકારના જીવનની વાત કરતાં કહેતા હોય છે કે, “બહુધા વ્યક્તિના ચાર પ્રકારનાં જીવન જોવા મળતાં હોય છે. જાહેર જીવન, મિત્રવર્તુળ સાથેનું જીવન, કૌટુંબિક જીવન, એકાંત જીવન. દરેક વ્યક્તિ જાહેર જનસમાજમાં પોતે સાચી અને સારી હોય તેવો જ દેખાવ કરે છે. જ્યારે નજીકના મિત્રવર્તુળ પાસે તથા સમકક્ષ વ્યક્તિ વચ્ચે તેનું જીવન થોડું બદલાઈ જાય છે. તેના કરતાં પરિવારના સભ્યો વચ્ચે પોતાનું સ્વરૂપ કંઈક જુદું જ બતાવે છે. તે બધા કરતાં તે વ્યક્તિ જ્યારે બંધ બારણે એકાંતમાં હોય ત્યારે જે જીવન હોય છે તે તેનું વાસ્તવિક જીવન હોય છે.”

બહુરૂપીની જેમ અનેક રૂપ ધારણ કરનાર વ્યક્તિ વાક્પટુતાના જોરે બોલવાની ચાતુર્યતાથી દંભ, બનાવટ, યુક્તિ-પ્રયુક્તિ આચરી શકે છે તેમ છતાં છેવટે તેની અસલિયત છતી થયા વિના રહેતી નથી. છેતરામણા શબ્દોથી પોતાનો ઢાંકપિછોડો કરવા જતાં તે આચરણમાં ગોથું ખાઈ જાય છે. માટે જાહેરમાં કે ખાનગીમાં ગમે ત્યાં એકધારું જીવન જીવનાર, વાણી-વિચાર-વર્તનની સામ્યતા સાધનાર વર્તનશીલ સાધક જ અધ્યાત્મ માર્ગમાં ઊર્ધ્વગતિ કરી શકે છે. વર્તન વગરની પોકળ વાણીથી જીવન શોભવાને બદલે લજવાય છે. તેમાં પણ સત્સંગના યોગમાં આવી સત્સંગનાં ચિહ્ન ધારણ કર્યાં હોય અને મોટાપુરુષનો જોગ-સમાગમ કરતા હોવા છતાં સમાજમાં કે સત્સંગમાં તેનું કોઈ અણછાજતું વર્તન જુએ તો મહારાજ અને મોટાપુરુષ લજવાય.

બાપાશ્રી સંતોને વર્તનમાં ઊજળા રહેવા અનેક ભલામણો, ટકોરો કરતા : “સત્સંગમાં દેખાઈ રહેજો જે અમારો સત્સંગ કર્યો, પણ રસિક માર્ગના કે ઝેરના દેખા દેજ્યો નહીં. આજ્ઞા યથાર્થ પાળજો. કોઈ ખસી જાય તો બળતરા થાય જે બાપડાનું બગડી જશે.”

– શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૧૫

“સંતો, સત્સંગમાં દેખાઈ રહેજો. જોગ કર્યો તે લેખે લગાડજો. પણ જડનાં લેખાં થાય તેમ ન દેખાવું. અમારાથી કોઈ જુદો પડે ત્યારે અમને એમ બળતરા થાય જે બાપડાનું બગડી

જશે, એવી અમારી નજર છે.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૪૮

અહીં બાપાશ્રી એવો આગ્રહ દર્શાવે છે કે તમે અમારો જોગ-સમાગમ કરો છો તો જેમ અમારું વર્તન ઊંચું છે તેમ તમારું વર્તન ઊંચું રાખજો. ક્યાંય રસિક માર્ગમાં ન લેવાતા તથા જડ એટલે દ્રવ્યની લાલચમાં ન આવતા. મહારાજની આજ્ઞામાં અલ્પ ફેર ન પડવા દેતા.

બાપાશ્રી કહેતા કે, ''ક્યારેય અમને ખતરાવશો નહીં.'' અર્થાત્ 'લજવશો નહીં.' વળી બાપાશ્રી એવું પણ કહેતા કે, ''મોટાનો જોગ કરીને જો આજ્ઞા ન પાળે ને માયાના કાર્યમાં લેવાય તો મોટાને ખતરાવ્યા કહેવાય, કેમ જે બીજા સૌ અવગુણ લે જે મોટાનો જોગ કરે છે પણ એમ વર્તતા નથી એમ બીજા પાસે અવગુણ લેવરાવે તેનું પાપ લાગે.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૬૮

રાજા દાતણ વેચનારીને રાણી કરે તેમ છતાં પહેલાંની જેમ મન ફાવે તેમ વર્તે તો રાજાને લાંછન લાગે. કોઈ રાજાને આંગળી ચીંધે, રાણી ભેળો રાજાનો પણ અવગુણ લે કે કેવી રાણી કરી ? તેમ મોટાએ આપણને શરણે લીધા તેમ છતાં જગતના જીવની જેમ માયાના કાર્યમાં લેવાઈ જઈએ તો એમને લજવ્યા કહેવાય. માટે આપણા વર્તને કરીને એમનું શોભે તેવી રીતે વર્તવું. જો આપણા કારણે એમને કોઈ આંગળી ચીંધે તો ખતરાવ્યા કહેવાય. માટે બાપાશ્રીનાં વચન ઉર ધરી તેમને શોભે તેમ વર્તવું.

બાપાશ્રીના અંતર્ગત અભિપ્રાયો મુજબ કેવું વર્તન કેળવીએ તો મહારાજ અને મોટાપુરુષ રાજી થાય તથા મૂર્તિસુખ માટેના પાત્ર બનાય ? તેને જાણી સ્વજીવનમાં અમલમાં મૂકીએ.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સભાના પ્રારંભે જ પ્રશ્ન પૂછે કે, ''કથા સાંભળવી છે ?'' સભાજનોનો હકારમાં પ્રત્યુત્તર સાંભળી બીજો પ્રશ્ન પૂછે કે, ''સાંભળવું છે કે સમજવું છે ?'' ''બાપજી, સમજવું છે.'' તુરત ત્રીજો પ્રશ્ન પૂછે, ''સમજવું છે કે વર્તવું છે ?'' અર્થાત્ સભા માત્ર સાંભળીને, જ્ઞાન જાણીને પૂર્ણ ન માની લેવું. તે પ્રમાણેનું વર્તન કરવું. એવું સમજાવ્યા પછી જ સભાનો પ્રારંભ કરે. તેમનો આ વર્તનલક્ષી આગ્રહ સૌના હૃદયને સ્પર્શી જાય.

તેઓ સભા બાદ પણ રોજબરોજના જીવનમાં તેની દૃઢતા સાથેનું વર્તનશીલ જીવન બનવું જ જોઈએ તેવો આગ્રહ સદા રાખે અને સૌની પાસે રખાવે.

એક કિશોરને ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથે અતિશે પ્રીતિ. તેઓ ઘણી વાર કૉલેજ ભણવા ન જતાં મંદિરે સેવામાં આવતા. વર્ષના અંતે વાર્ષિક પરીક્ષા પહેલાં આચાર્યશ્રીનો આ કિશોર ઉપર પત્ર આવ્યો કે, ''તારી વધુ પડતી ગેરહાજરી હોવાથી પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. જો પરીક્ષામાં બેસવું હોય તો રજાનું યોગ્ય કારણ દર્શાવવું.''

કિશોર પત્ર લઈ ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે ગયા. વિગતે વાત કરી પૂછ્યું, ''બાપજી, હું રજાના કારણ માટે ડૉક્ટરનું પ્રમાણપત્ર આપી દઉં કે શું કરું ?'' ગુરુવર્ય પ.પૂ. બાપજી વર્તનશીલ પારદર્શક જીવનના અતિશે આગ્રહી. માટે મહારાજ બધું જ જુએ છે ને બધું જ

જાણે છે તે વાત માત્ર કરતા નહોતા; લક્ષ્યાર્થપણે વર્તતી અને કિશોરને પણ દૃઢ કરાવવી હતી. તેથી કહ્યું, ‘‘આપણે ખોટું શા માટે કરવાનું ? મહારાજ બધું જાણે છે. તું સાચો છે. ભગવાનના કામ માટે રજા પાડી છે. તું ડર્યા વગર આચાર્યને સાચે સાચી બધી વિગત કહી દેજે. જા, મહારાજ તારી ભેળા ભળશે. પણ આચાર્યને હાથ જોડી વાત કરજે.’’

ગુરુજીનાં વચન પર અટલ વિશ્વાસ રાખી કિશોર આચાર્યની ઑફિસમાં ગયા અને તેમણે આચાર્યને ચરણસ્પર્શ કરી જય સ્વામિનારાયણ કર્યા. પછી તેમણે રજા અંગે વાત કરતાં કહ્યું, ‘‘સાહેબ, ક્ષમા કરજો. વર્ષ દરમ્યાન મારા કેટલાક સહાધ્યાયીઓ ક્રિકેટ રમવા કે બહાર રખડવા જતા હતા. તેથી તેમની રજાઓ પડી છે. જ્યારે હું તો મંદિરમાં ભગવાનની સેવા માટે જતો હતો તેથી રજાઓ વધુ છે.’’

આચાર્યએ કપાળમાં તિલક-ચાંદલો જોયો અને વાણીમાં સત્યતાનો રણકાર જોયો ને બે હાથ જોડી વાત કરવાની વિનમ્રતા ને દાસત્વ જોયા કે તુરત તેમને પરીક્ષામાં બેસવાની પરવાનગી આપી દીધી.

તેથી જ કહ્યું છે, **‘‘આચાર: પ્રથમો ધર્મ ।’’** અર્થાત્ ‘અધ્યાત્મ માર્ગમાં વર્તનશીલ, પારદર્શક, પવિત્ર, નિર્દંભ જીવન જીવવું એ સાધકનો પ્રથમ ધર્મ છે.’ વર્તનશીલ જીવન એ આત્યંતિક કલ્યાણના પાયારૂપ છે, અનાદિમુક્તની સ્થિતિ પામતા પૂર્વેનું પ્રિ-સ્ટેપ છે, પાત્રતાના દ્વાર સમાન છે.

આવા કારણ સત્સંગનો દિવ્ય યોગ મળ્યો, ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રી જેવા દિવ્ય સત્પુરુષ મળ્યા પછી બાપાશ્રીએ કહ્યું તેમ અંગ ફરે તેવો સત્સંગ કરવો.

‘‘જોગ કર્યો ક્યારે કહેવાય તો જેમ પાણી લાગે છે તેમ અંગ ફરી જાય, ને સર્વ સત્સંગ પ્રમાણ કરે ત્યારે જોગ કર્યો કહેવાય.’’ – શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨

સત્સંગના જોગે જીવનપરિવર્તન કરવું એ સુખ પામવાની ભૂખ અને ગરજનું પ્રતીક છે ને એ જ મુમુક્ષુતા છે. ધ્યેયપ્રાપ્તિની અને ગંતવ્ય સુધી પહોંચવાની તત્પરતા છે. મનગમતું મૂકી મહારાજ અને મોટાના ગમતામાં વર્તવાની નેમ છે.

કુંભારિયાના હરજીભાઈએ બાપાશ્રીનો ખરેખરો મહિમા જાણી ખરેખરો જોગ કર્યો તો પોતાનું સમૂળગું અંગપરિવર્તન કરી નાખ્યું. વ્યવહાર માર્ગમાંથી પાછા વળી મૂર્તિસુખના માર્ગે જીવન ઝંપલાવી દીધું. પોતાના મનના ઠરાવો છોડી દીધા. રજોગુણી જીવનશૈલી છોડી સાત્ત્વિકતા ધારણ કરી. અહમ્‌ને ઓગાળી દાસત્વપણું ગ્રહી લીધું. રસાસ્વાદ ટાળી નિઃસ્વાદી બની રહ્યા. બાપાશ્રીનો ખરો જોગ કરી સર્વાંગ બદલાઈ ગયાં. તેમનું આવું જીવનપરિવર્તન જોઈને જ બાપાશ્રી તેમના પર અત્યંત રાજી થયા હતા. બાપાશ્રીના રાજીપાએ કરી તેમની પાત્રતા બંધાતી ગઈ તેમ તેમ મૂર્તિના સુખના અનુભવ થતા ગયા.

હરજીભાઈના જીવન પરથી સ્પષ્ટપણે ફલિત થાય છે કે, જીવનપરિવર્તન કરવાથી જ મહારાજ અને મોટાપુરુષ રાજી થાય છે પરંતુ કેવળ વાચ્યાર્થ વાતો કરવાથી નહીં.

હરજીભાઈએ બાપાશ્રીનો જોગ-સમાગમ કરી જે જ્ઞાન, સમજણ અને મહાત્મ્ય જાણ્યું તે પ્રમાણે પોતાનું જીવન બદલ્યું. તેમ આપણે પણ અગાઉના પ્રકરણમાં બાપાશ્રીના જ્ઞાન, સમજણ, મહાત્મ્યલક્ષી આગ્રહો વાંચી તે મુજબ વર્તનમાં લાવી જીવનપરિવર્તન કરવાની ચટકી લગાડવી.

કેટલીક વાર આપણને બાપાશ્રીના આગ્રહો જોઈ, પ.પૂ. સ્વામીશ્રી થકી મૂર્તિના સુખની વાતો સાંભળી 'મારે પણ સુખ લેવું જ છે' એવી ઇચ્છા થાય છે. તે માટે મોટાપુરુષને પ્રાર્થના પણ કરીએ કે, 'મને ખૂબ મૂર્તિનું સુખ આપજો.' પરંતુ બાપાશ્રીનો આગ્રહ તો એવો છે કે મૂર્તિનું સુખ માગ્યે ન મળે; તે માટે પાત્ર થવું પડે. એવું વર્તનશીલ જીવન કરવું પડે.

સંવત ૧૯૮૧ના ચૈત્ર સુદ નોમનો સમૈયો કરી અમદાવાદથી સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી મૂળીના સંતો સાથે વૃષપુર બાપાશ્રીનો સમાગમ કરવા ગયા હતા. એ વખતે અમદાવાદના બહેચરભાઈ પણ સાથે ગયેલા.

જેઠ સુદ ચોથના રોજ બાપાશ્રીએ બહેચરભાઈને પ્રશ્ન પૂછ્યો, "કોનું ધ્યાન કરો છો? જડનું, આત્માનું કે પરમાત્માનું?" "પરમાત્માનું." બહેચરભાઈએ કહ્યું.

બાપાશ્રીએ બહેચરભાઈને ધ્યાન કરવા વિષયક પ્રશ્ન પૂછ્યો હોવાથી તેમણે ધ્યાનમાં મૂર્તિનું સુખ મોટાને પ્રાર્થના કરવાથી આવે તેવા આશયથી બાપાશ્રીને સામે પ્રશ્ન પૂછ્યો,

"બાપા, એવી કઈ પ્રાર્થના છે કે જે પ્રાર્થના ન કરીએ તો ખોટ કહેવાય? અને પ્રાર્થના કરીએ તો અંતર્યામી જાણ્યામાં ફેર કહેવાય?"

બાપાશ્રીએ તેમના પ્રશ્નનો ગર્ભિત વર્તનલક્ષી ઉત્તર આપ્યો, "મહારાજ અને મોટાપુરુષ આપણું આંતર-બાહ્ય બધું જાણે છે.

'તન કી જાણે, મન કી જાણે, જાણે ચિત્ત કી ચોરી;
ઇનકી પાસે, ક્યા છુપાઈએ, જિન કે હાથ મેં જીવનદોરી.'

માટે મહારાજ પાસે આ લોકનું તો કાંઈ ન માગવું પણ મૂર્તિનું સુખ પણ ન માગવું. પાત્ર થઈશું તો એની મેળે મૂર્તિનું સુખ આવશે. માત્ર વર્તવા મંડી પડવું. વળી માગવામાં માગતા ન આવડે તો અધૂરું મગાઈ જાય." એમ કહી ગઢડાવાળી ડોસીએ છાણાંના બદલામાં ચારે નાકાનું છાણ માગ્યું અને રાજાના કુંવરે સોનાનું પારણિયું ફગાવી વોરાને ત્યાંથી લાકડાનું પારણિયું લાવી તેનાથી રમવા માંડ્યું. આ બે દૃષ્ટાંત દઈ સિદ્ધાંત સમજાવ્યો કે, "માગતાં અધૂરું મગાઈ જાય તે કરતાં મહારાજ અને મોટા કેમ પ્રસન્ન થાય તે તપાસી પ્રસન્નતાનાં સાધન કર્યાં કરવાં." અર્થાત્ એવી રીતે વર્તવું કે મહારાજ અને મોટાપુરુષ રાજી થઈ જાય તો કાંઈ માગવું નહિ પડે.

વળી પાછું કહ્યું, "મૂર્તિનું સુખ તો અપાર છે. તે જો પાત્ર થયા વિના માગીએ તો મૂર્ખ કહેવાઈએ. માટે હું તો પાકો સિદ્ધાંત કહું છું કે, મોટા રાજી થાય તેવું વર્તનવાળું

જીવન કરવું.''

બાપાશ્રી આગ્રહ સેવતા કે, પાત્રતા કેળવવા માટે કેટલીક મહત્ત્વની બાબતોમાં આપણું વર્તન બદલાવવું જોઈએ. તે પ્રમાણે આપણું જીવન બદલીએ.

## ● મનમુખી મટી ગુરુમુખી જીવન કરવું :

મનગમતું મૂકવાથી સત્સંગનો પ્રારંભ થાય છે જ્યારે ગુરુમુખી થવાથી અનાદિમુક્તની સ્થિતિનો પ્રારંભ થાય છે. અધ્યાત્મની તમામ સાધનામાં ગુરુમુખી થવું એ શ્રેષ્ઠતમ સાધના છે. કારણ, અનાદિકાળથી મનનું જ જીવ ઉપર સંપૂર્ણ આધિપત્ય છે. તે છોડવું ખૂબ અઘરું છે. પણ તે વિના એક ડગલું આગળ વધવું શક્ય નથી.

આપ કહો એમ જ મારે કરવાનું ? આપ કહો એમ જ મારે કરવાનું. એક જ વાક્યના અંતે આવતા પ્રશ્નાર્થ અને પૂર્ણવિરામથી મનમુખી અને ગુરુમુખીના ભેદ પડી જાય છે. બે દુનિયા જ જુદી બની જાય છે. એકમાં અધિકારભાવ છે જ્યારે બીજામાં સંપૂર્ણ શરણાગતિ છે. જે પ્રશ્નાર્થ છોડી પૂર્ણવિરામ અપનાવી લે તેના તમામ પ્રશ્નો આપમેળે ટળી જાય છે. સુખ-દુઃખ, હર્ષ-શોક આદિક દ્વંદ્વોથી પર થવાય અને જીવ સુખ માટે પાત્ર બનતો જાય.

જળને રહેવાનું શ્રેષ્ઠ પાત્ર સમુદ્ર છે. તેમ મૂર્તિસુખના અનુભવી થવાનું શ્રેષ્ઠ પાત્ર બનવાનો ઉપાય દર્શાવતાં બાપાશ્રી કહેતા, ''પાત્ર ક્યારે થવાય ? તો, પોતાનું મનગમતું સર્વે મૂકી દઈને જેમ મોટા કહે તેમ સરળપણે વરતે તો તરત પાત્ર થાય.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૩

મનમુખી મટી ગુરુમુખી થવાની અતિ આવશ્યક ભૂમિકા શ્રીજીમહારાજે ૧૧૪ પ્રકરણમાં પણ સમાવી લીધી હતી. એક પ્રકરણ એવું ચલાવ્યું હતું કે, 'મન માગે તે ન આપવું.' મનમુખી મટી ગુરુમુખી કરવા ખટરસના નિયમ આપી જલેબી જમાડી. તેમાં જે ગુરુમુખી થઈ જમ્યા તે રાજીપો કમાઈ ગયા અને નિયમમાં રહ્યા તે મનમુખી ગણાયા ને નારાજગી પામ્યા.

બાપાશ્રી અવરભાવમાં દર્શન આપતા ત્યારે શ્રીજીમહારાજના ગુરુમુખી જીવન કરાવવાના આગ્રહનું વર્ણન કરી ગુરુમુખી થવાની રીત શીખવતા. સંવત ૧૯૬૨, જેઠ સુદ એકમના રોજ સવારની સભામાં બાપાશ્રીએ મનધાર્યું મૂકવા પર વાત કરતાં કહ્યું, ''જીવાખાચરે મહારાજને ભગવાન જાણીને ઘણી સેવા કરી હતી પણ પોતાનું મનધાર્યું મરડાયું તો મહારાજને મારવાના ઉપાય ખોળ્યા તથા અલૈયાખાચરે ઘણી સેવા કરી હતી પણ માન મુકાવ્યું તો સદ્. મુક્તાનંદ સ્વામીને મારવા તલવાર તાણી.'' એવી રીતે મનમુખી વર્ત્યા તેઓ દુઃખ પામ્યા તેની વાત કરી, પોતે ભૂજ પધાર્યા હતા ત્યારે બનેલા પ્રસંગની સ્મૃતિ કરી પ્રસંગ કહ્યો :

''એક વખત સદ્. નિર્ગુણદાસજી સ્વામી ભૂજ પધાર્યા હતા. સાધુ માધવજીવનદાસજીને

સદ્. નિર્ગુણબાપાનો સમાગમ કરવાનો અતિશે આગ્રહ હતો. તેથી સ્વામી પધાર્યા તે પહેલાં તેઓ વાગડ દેશમાં કથાવાર્તા કરી ધર્માદો લેતા આવ્યા હતા. તેમ છતાં એ વખતે તેમના ગુરુ સદ્. અક્ષરજીવનદાસજી સ્વામીએ તેમને અબડાસામાં વિચરણ કરવા મોકલ્યા. સ્વામીને સદ્. નિર્ગુણબાપાનો સમાગમ કરવાનો અતિશે આગ્રહ અને આતુરતા હતી તોપણ ગુરુગમતામાં રહી વિચરણમાં ગયા.''

બાપાશ્રી સાધુ માધવજીવનદાસજીની સમાગમ કરવા જેવા શુભ સંકલ્પમાં મનગમતું મૂકી ગુરુમુખી થવાની રીતથી રાજી થયા હતા. તેથી જ ગુરુમુખીપણાની વાત આવી ત્યારે તેમને સંભારીને અંતરનો રાજીપો વરસાવ્યો હતો.

સોમચંદબાપા અવરભાવમાં પંદર વર્ષના હતા એ વખતે તેમના પિતાશ્રી ધામમાં પધાર્યા હતા. તે નિમિત્તે તેઓ માતુશ્રી અને બહેન દિવાળીબેન સાથે વૃષપુર પંદર દિવસ રોકાઈ બાપાશ્રીનો સમાગમ કરવા ગયા હતા. વૃષપુર પહોંચી રાત્રે દીવો કરવાનો સામાન લેવા ગયા. તે વખતે બાપાશ્રીનો ભેટો થઈ ગયો. કોઈ પણ પ્રકારના વાર્તાલાપ વગર સીધા જ બાપાશ્રી બોલ્યા, ''લ્યો, દર્શન થઈ ગયા. આવતી કાલ સવારે નીકળી જજો.'' નમ્રભાવે બાપાશ્રીનાં વચન ઉર ધરી તેઓ ઉતારે પધાર્યા. માતુશ્રી તથા બહેનને વાત કરી. તેઓને રોકાવાની ઇચ્છા હોવાથી ઠપકો આપ્યો કે, ''તું ગયો એટલે જ આમ થયું.'' તેમ છતાં સોમચંદભાઈએ બીજો કોઈ વિચાર કર્યો નહીં.

બીજા દિવસે સવારે બાપાશ્રી ખુદ પોતે ગાડું જોડાવી તૈયાર કરી લાવ્યા. ગાડામાં બેસાડી છેક વળાવવા ગયા. તેમ છતાં જેઓ નિરંતર ગુરુમુખી થઈ બાપાશ્રીની મરજીમાં જ વર્તવા તત્પર હતા તેવા સોમચંદભાઈએ કોઈ પ્રકારની પ્રાર્થના ન કરી કે ન કોઈને કરવા દીધી. પોતે ગુરુમુખી રહ્યા અને સૌને કર્યા. તેની ફલશ્રુતિ રૂપે દિવાળીબેનને છ માસ સુધી બાપાશ્રી નિરંતર પાસે હોય તેવાં દર્શન થતાં. તો સોમચંદભાઈ રાજીપાના પાત્ર બની અનેકના કલ્યાણદાતા બન્યા.

જે ગુરુમુખીપણે વર્તે તે સત્સંગની બાજી જીતી જાય છે અને જે મનમુખીપણે વર્તે તે માત્ર સત્સંગની જ નહિ પરંતુ જીવનની બાજી હારી જાય છે.

એક વખત કેરાના એક હરિભક્ત આફ્રિકા પૈસા કમાવવા માટે ગયા હતા. તેઓ પચ્ચીસ હજાર કોરી કમાઈને લાવ્યા હતા. સદ્. અક્ષરજીવનદાસજી સ્વામીએ તેમને કહ્યું, ''થોડી પૈસાની મદદ કરો તો મંદિર કરીએ.'' ''સ્વામી, જો બાપાશ્રી મને કહે તો આપું.'' હરિભક્તે કહ્યું. સદ્. અક્ષરજીવનદાસજી સ્વામીએ આ અંગે બાપાશ્રીને વાત કરી.

મોટાપુરુષ તો સમર્થ છે. ધારે તો ચપટીમાં મંદિર તૈયાર કરી દે. પણ એક જીવના રૂડા માટે પોતે સામે ચાલી ગરજુ બન્યા. બાપાશ્રી અને સદ્. અક્ષરજીવનદાસજી સ્વામી સામે ચાલી તેમના ઘરે ગયા. બાપાશ્રીએ કહ્યું, ''ભગવાનનું મંદિર થાય છે તો કંઈક મંદિરની સેવા કરો.''

મનમુખી પોતાની મેળે ઘણું કરે પરંતુ કોઈના કહેવાથી કંઈ ન કરે. એવું જ આ હરિભક્તે કર્યું. બાપાશ્રીની પણ મર્યાદા રાખ્યા વિના સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે, “આ વખતે રળીને આવ્યો છું એમાં એક જંઈ પણ તોડવો નથી. પણ હવે પરદેશ કમાવા જાઉં છું; એમાંથી કંઈક આપીશ.”

બાપાશ્રીએ સ્વયં સામે ચાલી સેવાની ટેલ નાખી હતી પણ આ હરિભક્ત મનમુખીપણાના કારણે સેવાનો લાભ ન લઈ શક્યા. કોરીઓ હોવા છતાં યુક્તિથી મંદિરના કામ માટે સેવા કરવાની ના પાડી. તેથી બાપાશ્રી નારાજ થયા. તેના પરિણામ સ્વરૂપે તે હરિભક્ત પરદેશ કમાવા ગયા હતા ત્યાં સામસામા બે વહાણ ટકરાયાં. તેની વચ્ચે આવી જતાં તેઓ મરણને શરણ થયા. મોટાનું વચન ન મનાયું ને મનમુખીપણે વર્ત્યા તો પાછળથી બધું ધૂળધાણી થઈ ગયું. સેવા તો ન થઈ પરંતુ જીવનની બાજી હારી ગયા.

સદાય સુખી થવા માટે મનગમતું મૂકી મોટાપુરુષ કહે તેમ વર્તવું ફરજિયાત છે. ગુરુમુખી થવાની સાચી દિશા પણ જે સંપૂર્ણ ગુરુમુખી હોય તે જ આપી શકે. વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી એટલે ગુરુમરજીનું સંપૂર્ણ મૂર્તિમંત સ્વરૂપ. તેમના થકી જ ગુરુમુખી થવાની યોગ્ય દિશા મળે.

એક વખત સંત સભામાં પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુમુખી થવાની આવશ્યકતા દર્શાવતાં જે લાભ આપ્યો હતો તે દરેક સાધક માટે અમૂલ્ય છે. જેનું આંશિક આચમન કરીએ :

“સદ્. ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, ‘બીજા ઘણાબધા અયોગ્ય સ્વભાવ છે પણ મનધાર્યું કરવાનો સ્વભાવ સૌથી મોટો અને સૌથી ખોટો છે.’ આપણા બાપાશ્રી પણ કહેતા કે, ‘જીવને પોતાનું ધાર્યું મુકાતું નથી ને મનમુખીપણે વર્તીને બહુ મોટી ખોટ કરે છે. કલ્યાણના માર્ગથી પડી જાય છે.’

મનનું ગમતું જેમ જેમ વધુ કરીએ તેમ તેમ મન આપણને રમાડે, મન આપણને એના ગુલામ બનાવી દે. આવું જાણ્યા પછી પણ જે મનનું ગમતું જ કરે તે મૂર્ખ કહેવાય. માટે મનને વશ ન થવું. ગુરુને, સત્પુરુષને વશ થવું. તેમને મન સોંપી દેવું.

અનાદિકાળથી મનનું જ ગમતું કરવાની ટેવ હોવાથી આપણું ગમતું એટલું સૉલિડ થઈ ગયું છે કે મોટાપુરુષના ગમતાનો ખ્યાલ જ આવતો નથી. આપણે આપણા વિચારમાં, આપણા અહમ્‌માં, આપણી મરજીમાં એટલા ડૂબેલા છીએ કે મહારાજ અને મોટાપુરુષનું ગમતું ક્યાંય ફૂદાની જેમ ઊડી જાય છે.

મનની કલ્પનાના ઘોડા દોડાવવા ઉપર ગુરુગમતાની લગામ રાખવી એટલે કે મનમુખી મટી ગુરુમુખી થવું. આપણા મનના ઠરાવો મૂકી એમના ઠરાવે આપણો ઠરાવ કરવો, એમની ઇચ્છાને આપણી ઇચ્છા કરી દેવી. ગુરુની મરજી આપણી થઈ જાય તો સદાય સુખિયા રહેવાય. નહિ તો જ્યાં સુધી મનધાર્યું રહેશે ત્યાં સુધી દુઃખના દા’ડા રહેશે અને જ્યારે મનધાર્યું મૂકશો ત્યારે સુખના દા’ડાની શરૂઆત થશે. પેટ માટે થઈ શેઠના ગુલામ

થઈને રહેવાય તો ઠેઠ માટે થઈ ગુરુના ગુલામ થઈ કેમ ન રહેવાય ? મોટાપુરુષ થકી કલ્યાણનો સ્વાર્થ મનાય તો સહજમાં ગુલામ થઈ જવાય.

મનમુખી મટી ગુરુમુખી થવું એ જીવમાંથી શિવ (અનાદિમુક્ત) થવાની અને કોલસામાંથી હીરા થવાની શ્રેષ્ઠતમ ટેકનીક છે.

અમારે તમને અધ્યાત્મ માર્ગનાં શ્રેષ્ઠતમ શિખરો સર કરવવાં છે અને જોગમાં આવનાર સૌને કરાવવા છે. સેકન્ડે સેકન્ડે અમને આ સંકલ્પ રહે છે એટલે તમને રોકીએ છીએ, ટોકીએ છીએ. જો મનમુખીપણે રહેવા દઈએ તો સૌને ગમે પણ મનમુખીનું વહેલું-મોડું પતન થાય. માટે કોઈને મનમુખી રહેવા દેવા નથી ને મહારાજ ને મોટાની સાથે હેત કરાવવું છે. તમે પણ મનમુખી રહેવું નથી અને હેત કરવું છે એવો દૃઢ સંકલ્પ કરજો તો જ અમારો સંકલ્પ સફળ થશે, અંતરનો રાજીપો થશે; તેનાથી પાત્રતા બંધાશે.''

આમ, મહારાજ અને મોટાપુરુષ આપણને ગુરુમુખી કરી મૂર્તિસુખના પાત્ર કરવા માગે છે. તો આપણે શા માટે મનમુખી રહેવું ? કારણ કે મનમુખીપણું મહારાજ અને મોટાપુરુષની નારાજગી અપાવે, અંતરમાં ઉદ્વેગ-અશાંતિનાં વમળો ઊભાં કરે, તેમનો અભાવ લેવડાવે અને છેવટે કલ્યાણના માર્ગથી પણ પાડે. માટે મહારાજ અને મોટાપુરુષની કરુણાના મહાસાગરમાં મહાલવું હોય, રાજીપાની વર્ષામાં ભીંજાવું હોય, મૂર્તિસુખના પાત્ર થવું હોય તો મોટાપુરુષ આગળ ગુરુમુખી થઈ, બે હાથ જોડી જીવસત્તાએ કહેવું કે, ''આપ જેમ કહો તેમ કરીશ.'' અને સૌની આગળ સરળપણે વર્તવું. આપણા જીવનનું આ એક અંગ જ બનાવી દેવું.

- **વાચ્યાર્થ નહિ, લક્ષ્યાર્થ જીવન કરવું :**

વાચ્યાર્થપણું એ ક્રિયાલક્ષી કે જ્ઞાનલક્ષી ખ્યાલ છે જ્યારે લક્ષ્યાર્થપણું એ સમજણલક્ષી અને વર્તનલક્ષી ખ્યાલ છે. જ્ઞાનને જાણવું, સમજવું, ભેગું કરવું એ જ્ઞાનાંશ છે. જેનાથી જીવનમાં સાર-અસારનો તથા કરવા યોગ્ય અને ન કરવા યોગ્યનો ખ્યાલ આવે. તેમ છતાં જો તે જ્ઞાન જીવનમાં ઊફરું, ઉપરછલ્લું હોય તથા માત્ર જાણકારીમાં હોય અને તેની જાગૃતિ ન હોય, વાસ્તવિક વર્તનમાં ફેર હોય તો તે વાચ્યાર્થ જીવન કહેવાય.

જે જ્ઞાન જાણ્યું તેને આચરણમાં લાવવું. આંતરિક જીવનની ગહેરાઈ અને આધ્યાત્મિક ઊંડાઈ એવી વિસ્તરેલી હોય કે જેનાથી મૂર્તિરૂપી લક્ષ્ય પામી શકાય તેને લક્ષ્યાર્થ જીવન કહેવાય. જેને બીજા શબ્દોમાં સમજીએ તો વાચ્યાર્થતાથી બૌદ્ધિક કે બાહ્યિક વિકાસ થાય (up date outer personality) જ્યારે લક્ષ્યાર્થતાથી આંતરિક વિકાસ થાય (up date inner personality).

જ્ઞાનને જાણવામાં આનંદ આવે છે. જ્યારે તે પ્રમાણે વર્તવાનું થાય ત્યારે તેમાં દેહને ઘસારો પડે છે. મનગમતા ઉપર ઘા વાગે છે. તેથી વાચ્યાર્થમાંથી લક્ષ્યાર્થ જીવન કરવું

અઘરું પડે છે. માત્ર વાચ્યાર્થ જ્ઞાન હોય તો જાણેલા જ્ઞાનમાં જ પૂર્ણતા માની લેવાય. જેના કારણે જીવન વર્તન વગરનું સાવ ખોખલું અને પોકળ બની જાય. ધર્મના નામે અધર્મ થાય. જાણેલા જ્ઞાનથી અધિક વર્તવાની કે બીજું કાંઈ કરવાની ઇચ્છા જ ન થાય. બીજા કરતાં પોતાને અધિક મનાય, સાત્ત્વિક અહંકાર વધે. જ્ઞાનના ઓથે છકી જવાય. છેવટે મોક્ષ પણ બગડી જાય.

વાચ્યાર્થ જીવનવાળાનાં લક્ષણ દર્શાવતાં બાપાશ્રી કહેતા, “વાચ્યાર્થવાળો હલકારો તો બહુ કરે પણ લૂખો હોય અને લક્ષ્યાર્થવાળો મહારાજની મૂર્તિને લઈને વાતો કરે અને તેજોમય ઝળળળ ઝળળળ મહારાજની મૂર્તિ ધારીને વાતો કરે. અને તે તો મૂર્તિમાં રહીને ધીમે ધીમે બોલે પણ ધડાકા ન મારે. એને એક નિશાન મહારાજ સામું હોય, અને વાચ્યાર્થવાળો વાતો કરે તે આ લોકમાં ખૂબ મળતું આવે પણ તેની વાતો ફળ વિનાનાં થોથાં જેવી હોય.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૧૭

વાત એ જ વર્તન અને વર્તન એ જ વાત એ ખરું લક્ષ્યાર્થ જીવન કહેવાય. વળી, વાણી, વર્તન અને વિચારમાં સામ્યતા રાખી, વાત પ્રમાણે વર્તવા માટે તત્પરતાથી મંડવું એ જ લક્ષ્યાર્થ જીવન કહેવાય. બાપાશ્રી વર્તવાની, મહિમા સમજવાની, સમાગમ કરવાની બધી જ બાબતમાં આવું લક્ષ્યાર્થ જીવન કરાવવાના અતિશે આગ્રહી હતા.

બાપાશ્રી કહેતા કે, “મહારાજનો અને મોટાનો મહિમા વાચ્યાર્થ જાણે તો કામ ન થાય, પણ જો લક્ષ્યાર્થ જાણે તો કામ પૂરું થઈ જાય... જો લક્ષ્યાર્થ મહિમા જણાય તો તેને ભાગવતીતનુ બંધાઈને કિશોર અવસ્થા આવે છે અને પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામીને પુરુષોત્તમરૂપ થાય છે.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૧૦૦

અર્થાત્ બાપાશ્રી એવું સમજાવે છે કે પુરુષોત્તમરૂપ થવા માટે લક્ષ્યાર્થ જીવન કરવું ફરજિયાત છે.

એક વખત બાપાશ્રી જેઠ મહિનામાં સાંજના સમયે લખાઈવાડીએ આંબા નીચે સભા કરી બિરાજ્યા હતા. સદ્. અક્ષરજીવનદાસજી સ્વામી પ્રથમ પ્રકરણના ૨૪મા વચનામૃત સંદર્ભે પ્રશ્નોત્તરી કરતા હતા. એ વખતે બાપાશ્રીએ વાચ્યાર્થ-લક્ષ્યાર્થની સ્પષ્ટતા દૃષ્ટાંત દ્વારા સમજાવતાં કહ્યું, “એક પટેલ પૂજા કરતો હતો. તેને ઘેર એક જણે આવી પૂછ્યું જે, પટેલ ક્યાં ગયા છે ? ત્યારે તેના દીકરાની સ્ત્રીએ કહ્યું જે, પટેલ રોહિતને (ચર્મકારને) ત્યાં ગયા છે. ત્યારે તે કહે જે, હું પૂજા કરું છું અને એમ કેમ કહો છો ? ત્યારે બાઈ બોલી જે, તમે ચામડું લેવા જવાનો સંકલ્પ કરો છો ને ? ત્યારે કહે જે, હા ખરું. એમાં પૂજા કરતા હતા તે વાચ્યાર્થ છે અને રોહિતને ત્યાં ગયા છે એ લક્ષ્યાર્થ કહેવાય. શ્રીજીમહારાજની મૂર્તિની સ્મૃતિ રાખતાં વાચ્યાર્થમાંથી લક્ષ્યાર્થમાં જવાય અને ત્રણે અવસ્થામાં મૂર્તિમાં તેલધારાની પેઠે સાક્ષાત્ જોડાઈ જાય એ લક્ષ્યાર્થ ખરો કહેવાય. લક્ષ્યાર્થ-વાચ્યાર્થ જ્ઞાન જાણવું જોઈએ.”

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૩૭

અર્થાત્ આપણાં સાધન કે સેવા માત્ર ક્રિયાત્મક ન હોવાં જોઈએ. ફળ સામે દૃષ્ટિ રાખીને હેતુસભર થવાં જોઈએ અને મૂર્તિરૂપી મુખ્ય ધ્યેય હાંસલ થવો જોઈએ એવું લક્ષ્યાર્થ જીવન કરવું.

બાપાશ્રી પોતાના નિકટવર્તી સંતો-હરિભક્તો પાસે લક્ષ્યાર્થ જીવનનો અતિશે આગ્રહ રાખતા. તેથી સોમચંદબાપા જેવા મુક્તોએ બાપાશ્રીને સેવી એવા જ લક્ષ્યાર્થ જીવન કર્યાં હતાં.

એક વખત બાપાશ્રી કરાંચી પધાર્યા હતા. એ વખતે સોમચંદભાઈને આત્યંતિક કલ્યાણની પરબ ચાલુ કરવાની આજ્ઞા કરી હતી. તે માટે તેઓ બાપાશ્રીના લક્ષ્યાર્થ જીવન કરવાના આગ્રહને જીવંત રાખીને ગામડે ગામડે ખૂબ વિચરતા. એક વખત તેઓને ઉજાગરા થયેલા અને તેઓ થાકેલા હતા. તેમ છતાં કીર્તન આનંદોત્સવ કરાવતાં થાક લાગવાથી નીચે બેઠા. ત્યારે હરિભક્તોએ વિનંતી કરી કે, “આપ આરામ કરો.” એ વખતે વાત કરી કે, “એક ગામમાં દૂરના ગામથી સંતો ચાલતા આવ્યા હતા. મોડે સુધી કથાવાર્તા કરી પછી પોઢ્યા. હરિભક્તોને મહારાજને રાજી કરવાની તાણ તેથી તેઓ છેટે બેસી કીર્તન ગાતા હતા. કીર્તનનો ધીરો અવાજ સંભળાતાં સંતો પણ તેમની ભેળા આવી બેસી ગયા. હરિભક્તોએ કહ્યું, ‘સંતો, તમે દી’ આખાના થાકેલા છો માટે પોઢી જાવ.’ ત્યારે સંતોએ કહ્યું, ‘મોરલી વાગે ને ફણા ન માંડે તે મણિધર (નાગ) ન કહેવાય. અમે શું પઈડિયા (સાદા સાપ) છીએ કે કીર્તનરૂપી મોરલી વાગે તોય પડ્યા રહીએ ? માટે માંડો ઝીલવા.’ એમ કહી સંતોએ જ કીર્તન ઉપાડ્યાં તે ઠેઠ સવારોસવાર કીર્તન ગાયાં ને હરિભક્તોને થકવી દીધા.” સોમચંદબાપાએ હરિભક્તોને કહ્યું જે, “અમે સદ્‌ગુરુ સંતોના શિષ્ય છીએ. આપણા વડીલો જે રીતે વર્તતા તે માર્ગે ન ચાલીએ તો શ્રીજીમહારાજ કેમ રાજી થાય ? આરામ કરવા ગમે ત્યાં ખૂણો શોધીને બેસીએ તો રાજીપો મળવાનો રહી જાય.” એમ કહી સોમચંદબાપાએ પણ હરિભક્તોની ભેળા કીર્તન ગાયાં. આવો હતો બાપાશ્રીનો અને બાપાશ્રીના જોગમાં આવનાર સૌનો વાતને લક્ષ્યાર્થ કરવાનો આગ્રહ !

ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ બાપાશ્રીના વાચ્યાર્થમાંથી લક્ષ્યાર્થ જીવન કરવાના આગ્રહને ખૂબ દૃઢાવે. ગુરુવર્ય પ.પૂ. બાપજી સભામાં સંતો-હરિભક્તોને કહેતા, “મુઝે કૌન મિલા હૈ ઔર કૈસા કિયા હૈ ! મહારાજનો નંબર પહેલો અને મારો નંબર બીજો.” આવું માત્ર બોલવાથી પૂર્ણ ના થાય. આપણને અંતરે આઠે પહોર કેવા મહારાજ મળ્યા છે ! અને કેવા કર્યા છે ! તેનો આનંદ વર્તવો જોઈએ. મહારાજ સિવાય બીજું બધું તુચ્છ થઈ જવું જોઈએ તથા બીજા નંબરને શોભે એવું આપણું જીવન થાય એ ખરું લક્ષ્યાર્થપણું કહેવાય.

બાપાશ્રીના વાચ્યાર્થમાંથી લક્ષ્યાર્થ જીવન કરાવવાના પ્રચંડ સંકલ્પને સાકાર સ્વરૂપ આપવા પધારેલું દિવ્ય સ્વરૂપ એટલે પ.પૂ. સ્વામીશ્રી. જેમના વાણી, વર્તન, ઉપદેશમાં લક્ષ્યાર્થપણું દૃઢ કરાવવાનો આગ્રહ નિરંતર રમ્યા કરે છે. તેથી તેઓ નવા નવા સંકલ્પો

ને સિદ્ધાંતો આગ્રહપૂર્વક આપી ત્યાગી-ગૃહી સૌનું લક્ષ્યાર્થ જીવન કરાવે છે.

આદર્શ યુવા પ્રૉજેક્ટમાં KL= Knowledge in life and PL= Practicle in lifeનો ખ્યાલ સમજાવી KLમાંથી PLવાળું જીવન કરવા પ.પૂ. સ્વામીશ્રી અતિશે આગ્રહ દર્શાવે છે. તે માટે નવાં નવાં આયોજન કરી લક્ષ્યાર્થ જીવન કરાવે છે. જ્ઞાનસત્ર-૧૨માં 'I want result' અને 'We want result'નો સંકલ્પ આપતાં તેઓએ સમજાવ્યું હતું કે, "આપણે કંઈ પણ સાધન, ક્રિયા કરીએ પરંતુ આપણી નજર હંમેશાં પરિણામ તરફ રહેવી જોઈએ. કેટલું કર્યું તે મહત્ત્વનું નથી, કેવું કર્યું તે મહત્ત્વનું છે. તે કર્યા પછી અવરભાવમાં મહારાજ અને મોટાપુરુષની મરજી અને પરભાવમાં મૂર્તિરૂપી ધ્યેયની નિકટ પહોંચાય તેટલું પરિણામ મળ્યું કહેવાય. નહિ તો બધું વાચ્યાર્થ કહેવાય." તેઓ દરેક કથાવાર્તાના પ્રારંભે, મધ્યે અને અંતે આ આગ્રહને અચૂક દોહરાવે જ. પ.પૂ. સ્વામીશ્રીનો resultive (પરિણામલક્ષી) કરવાનો આગ્રહ એટલે જ લક્ષ્યાર્થ જીવન કરવાનો આગ્રહ.

પ.પૂ. સ્વામીશ્રી એક હરિભક્તના ઘરે પધરામણીએ પધાર્યા હતા. તેઓએ ઠાકોરજીની આરતી બાદ કબાટ ખોલી પ.પૂ. સ્વામીશ્રીને બતાવ્યું કે, "જુઓ સ્વામી, આ મારી ઘરની લાઈબ્રેરી છે. મેં એક એક ચોપડી વાંચી નાખી છે. મને વાંચવાનો ખૂબ શોખ છે." પ.પૂ. સ્વામીશ્રી મંદ સ્મિત રેલાવી હસ્યા અને તેઓએ પેલા ભાઈને કહ્યું, "ભાઈ, જ્ઞાન એ પરિણામ નથી; વર્તન એ પરિણામ છે. આટલી બધી ચોપડીઓ વાંચ્યા પછી તેમાં જે જે સારી બાબત આવતી હોય તે પ્રમાણે આપણું જીવન બદલાવું જોઈએ. જ્ઞાન એ માત્ર જાણવા માટે નથી; વર્તવા માટે છે."

આવી રીતે પ.પૂ. સ્વામીશ્રી સભા, પધરામણી પ્રસંગે લક્ષ્યાર્થ જીવન કરાવવાનો આગ્રહ દર્શાવે.

પ.પૂ. સ્વામીશ્રી સ્વજીવન અંગે કહેતા હોય છે કે, "અમે કદી વર્તન વગરની કોઈ વાત સભામાં કરતા નથી. પહેલાં અમારા વર્તનમાં તે લક્ષ્યાર્થ બને પછી અનુભવમાંથી તે વાત કરીએ છીએ."

મહારાજ, બાપાશ્રી અને મોટાપુરુષના લક્ષ્યાર્થ જીવન કરવાના આગ્રહને આપણો બનાવીએ.

- **પંચવિષયની ઇચ્છાઓ, અભરખા ઓછા કરવા :**

જીવાત્મા મનને આધીન થઈ પંચ જ્ઞાનેન્દ્રિયે કરીને પંચવિષયનાં સુખ ભોગવે છે અને આનંદ માણે છે. પંચવિષયની સાથે જીવનપણું થઈ ગયું છે. હવે તેમાંથી પ્રીતિ ટાળી તેના અભરખા ઓછા કરવા એ ઘણું કઠણ કામ છે. કારણ, જીવમાત્રની વૃત્તિ સારામાં સારા પંચવિષયના સુખ પામવા તરફ મંડાયેલી છે. તેથી તેને જોવાના, પામવાના, માણવાના, ભોગવવાના જ તાનમાં રાચે છે. શ્રીજીમહારાજે અમદાવાદના ૩જા વચનામૃતમાં

પંચવિષયમાં પ્રીતિને જ જન્મમરણનો હેતુ કહ્યો છે.

શ્રીજીમહારાજ પોતાના સંત-હરિભક્ત સમાજમાં ક્યાંય સારા પંચવિષયમાં પ્રીતિ જણાય તો આગ્રહપૂર્વક ટળાવતા. એક વખત વૈકુંઠાનંદ સ્વામીએ પોતાની પાસે રહેલાં પુસ્તક વેચી ધોરાજીની સુંવાળી ધાબળી ખરીદી. સાધુએ સુંવાળા સ્પર્શમાં પ્રીતિને કારણે ધોરાજીની સારી ધાબળી મગાવી. તેમની સ્પર્શમાં આ પ્રીતિ શ્રીહરિને ભારે ખૂંચી. તેમણે વૈકુંઠાનંદ સ્વામી પાસે ધાબળી જોવા મગાવી. સારી ધાબળી જોઈ તેઓ સળગાવવા તત્પર થયા. ત્યારે સ્વામી ન સળગાવવા ઘણી વિનંતી કરતા હતા :

“કામળી બળતી કેમ દેખાશે થાશે મારું મરણ;
બાળો મા એ બાંધી મૂકો, માંડ ફરે પ્રકરણ.”

સ્વામી ન સળગાવવા ઘણી આજીજી કરતા રહ્યા કે રખે ને મહારાજનું પ્રકરણ બદલાય ને મને ધાબળી પાછી મળે. મહારાજે તેમની વાત કાને ન ધરતાં સહુના દેખતાં ધાબળી સળગાવી દીધી. વૈકુંઠાનંદ સ્વામીની સારા પંચવિષયમાં પ્રીતિ જોઈ મહારાજ નારાજ થયા. જ્યારે સદ્. નિષ્કુળાનંદ સ્વામીની વાંકી તુંબડી જોઈ રાજી થયા હતા.

શ્રીજીમહારાજનો સારા પંચવિષયમાં પ્રીતિ ટળાવવાનો આગ્રહ બાપાશ્રીના જીવનમાં પણ તાદશ્ય થતો હતો. એક વખત બાપાશ્રીએ વૃષપુરમાં પારાયણ બેસાડી હતી. બાપાશ્રી વાતો કરતા હતા એ વખતે પડખે જૂની પાઘડી ઉતારીને મૂકી હતી. પારાયણ પ્રસંગે એક હરિભક્તે નવી ઊજળી પાઘડી બાપાશ્રીને બંધાવી. તેથી જૂની પાઘડી કોઈ હરિભક્ત મહિમા જાણી લઈ ગયા. જૂની પાઘડીના બદલે નવી પાઘડી આવવા છતાં બાપાશ્રીને તેનો આનંદ તો ન થયો પરંતુ અતિશે ઉદાસ થઈ ગયા. સંતો-હરિભક્તોએ નવી પાઘડી ધારણ કરવા ઘણી પ્રાર્થના કરી તેમ છતાં તેઓ રાજી ન થયા. નવી પાઘડી ધૂળમાં રોળી જૂના જેવી કર્યા પછી જ તેમણે ધારણ કરી. સંતો-હરિભક્તોને કહ્યું, “અમે સાઠ-એંશી વર્ષથી ઊજળું લૂગડું પહેર્યું નથી.” અર્થાત્ ટિપટૉપ લાગે તેવાં વસ્ત્રો ધારણ કર્યાં નથી. આ છે બાપાશ્રીનો સારા પંચવિષયમાંથી પ્રીતિ ટળાવવાનો આગ્રહ. સંતો-હરિભક્તોમાં પણ ક્યાંય સહેજ રજોગુણ દેખાય, પંચવિષયમાં પ્રીતિ દેખાય તો તુરત ટકોર કરતા, પાછા વાળતા. બસ એક ચોખ્ખા કરવાનો જ આગ્રહ.

ક્યારેક કોઈ મૂર્તિના સુખની વાતો કરતા હોય અને જો તેમનામાં પંચવિષયમાં પ્રીતિ જણાય તો તેમને અવશ્ય ટકોર કરતા : “વાતો મૂર્તિની કરાય ને બાંધણાં તો તોડવાં નથી... અંતઃકરણ તો પાડા જેવાં છે, તેને પંચવિષયરૂપી રાતબ ખવરાવીને વકરાવે છે. ને પછી મૂર્તિનું સુખ લેવા ઇચ્છે તે ક્યાંથી મળે ? શ્રીજીમહારાજે તો વર્તમાન ધરાવતી વખતે સર્વે પાપ લઈને ચિંતામણિરૂપી પોતાની મૂર્તિ સોંપી છે, તોપણ પાપરૂપ વાસના ભેગી કરે છે ને પંચવિષયરૂપી બકરાં પાસે લાચાર થાય છે.” – શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૩૬

પંચવિષયનાં સુખ કોડી જેવાં તુચ્છ છે અને મૂર્તિનું સુખ ચિંતામણિ જેવું છે છતાં

પંચવિષયમાં આસક્તિને કારણે જીવ ચિંતામણિ ખોઈ નાખે છે. ઝૂંપડામાં આસક્તિના કારણે રાજમહેલનું સુખ જતું કરે છે. જીવ તેની આગળ લાચાર થઈ જાય છે.

પંચવિષયને જેમ જેમ વધુ ભોગવાય કે તેનું ચિંતવન થાય તેમ તેના પ્રત્યેની આસક્તિ, ઈચ્છા, તૃષ્ણા વધુ ને વધુ તીવ્ર બનતી જાય છે. તમામ વૃત્તિઓ તે તરફ કેન્દ્રિત થઈ જાય છે. તેમાં ભગવાનના સુખને પામવાનો વિચાર જ ન આવે. જીવનનું મુખ્ય લક્ષ્ય જ ચુકાઈ જાય અને આત્યંતિક કલ્યાણના માર્ગેથી પાડી નાખે. વિષયના ચિંતવનના કારણે ધ્યાન-ભજનાદિક સાધનમાં વિષયનું જ મનન રહે. વિષયના પોષણ માટે યુક્તિ-પ્રયુક્તિ, દંભ-કપટ થાય. આવા જીવનથી ભક્ત તરીકેનું જીવન ન શોભે તો મુક્ત તરીકેનું તો શોભે જ કેમ ? જેટલી પંચવિષયમાં પ્રીતિ રહે એટલું મહારાજથી છેટાપણું રહે માટે પંચવિષયમાંથી પ્રીતિ ટાળવાનો બાપાશ્રી અતિશે આગ્રહ દર્શાવતા.

સંવત ૧૯૭૦, ફાગણ સુદ આઠમના રોજ ગોધાવીના માસ્તર જગન્નાથના પ્રશ્નના સંદર્ભમાં બાપાશ્રીએ કહ્યું કે, ‘‘ઘોડાની પછાડી બાંધી હોય તે તૂટે નહિ ત્યાં સુધી ક્યાંય જઈ શકે નહીં. તેમ પંચવિષયની પછાડીઓ નહિ તોડો ત્યાં સુધી મૂર્તિ સુધી પહોંચાશે નહીં.’’

બાપાશ્રીનો આગ્રહ જોઈ બીજા દિવસે નારાયણસેવકદાસજીએ પ્રાર્થના કરી કે, ‘‘બાપા, ગઈ કાલે આપે પછાડીઓની વાત કરી હતી તો તેના તોડનારા જોઈએ.’’ બાપાશ્રીએ કહ્યું, ‘‘તોડનારા તો તૈયાર છે પણ વિશ્વાસ નથી ને છોડનારાનાં વચન મનાતાંય નથી. સર્વે એષણાઓનો ત્યાગ કરી મૂર્તિમાં પહોંચવાનો વેગ રાખવો. પણ જીવને પંચવિષયમાં માલ મનાણો છે તે છોડતો નથી. તે છે તો નર્ક જેવા પણ મોહે કરીને માલ મનાય છે.’’

પછી સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ પ્રાર્થના કરી કે, ‘‘બાપા, પંચવિષય થકી રક્ષા કરજો.’’ બાપાશ્રીએ કહ્યું, ‘‘ધોકા લઈને એટલે કે સાવધાન થઈને ઊભા રહીએ તો વિષયરૂપી લૂંટારાનો શું ભાર છે ? જીવના સ્વભાવ એવા છે જે પંચવિષયની સહાયમાં રહે પણ તેની સાથે વેર કરતા નથી ને પોતાને અનેક જન્મ લેવા પડે તેનો વિચાર કરતા નથી. જો પંચવિષયનાં બાંધણાં તોડો તો અમે મૂર્તિ આપવા તૈયાર છીએ.’’ એમ સમજાવી બાપાશ્રીએ વાત કરી કે, ‘‘અમારી કાકરવાડીમાં બાવળિયો હતો તેને પાડવા પ્રયત્ન કર્યો પણ જ્યાં સુધી મૂળ વળગેલું હતું ત્યાં સુધી પડ્યો નહીં. જ્યારે એ મૂળ કપાણું ત્યારે એની મેળે પડી ગયો. એમ જ્યારે પંચવિષયરૂપી મૂળને કાપી નાખે ને સર્વે એષણાઓ ત્યાગ કરે ત્યારે એની મેળે મૂર્તિના સુખમાં રહેવાય.’’

જીવનપ્રાણ બાપાશ્રીની જેમ ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ રજોગુણી વસ્તુ-પદાર્થના ઉપયોગ બાબતે સંપૂર્ણ અરુચિ જણાવે.

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીને બાયપાસ સર્જરી કરાવ્યા પછી નીચે બેસીને કથા થઈ શકતી નહિ એટલે સોફા પર બેસી કથાનો લાભ આપતા. સાવ સાદા સોફા પર પલાંઠી વાળી તેઓ સળંગ સાત-આઠ કલાક કથાનો લાભ આપતા. વિચરણ ખૂબ થતું એટલે

થાકી જવાતું. આથી ડૉક્ટરે વાઈબ્રેટરવાળી ખુરશી પર બેસવાનું કહેલું. એક હરિભક્તને આ વાતની જાણ થતાં મોંઘા ભાવની સારામાં સારી કીમતી ખુરશી લઈ આવ્યા. સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને ખુરશીમાં બેસવા માટે પ્રાર્થના કરી. પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અરુચિ જણાવતાં કહ્યું, ‘‘સંતો, આ ખુરશી બહુ રજોગુણી લાગે છે. રજોગુણી વસ્તુ આપણને ન શોભે. અને અમને આવું ગમતું નથી.’’ સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, ‘‘બાપજી, આપને તકલીફ પડે છે. એક વાર આપ બેસી તો જુઓ ! હરિભક્તની સેવા સ્વીકારો.’’ ગુરુવર્ય પ.પૂ. બાપજી પૂ. સંતોની પ્રાર્થનાને વશ થઈ બેઠા તો ખરા પણ તરત જ ઊભા થઈ ગયા ને બોલ્યા : ‘‘સંતો, એમની સેવા સ્વીકારી. હવે ખુરશી એમને પાછી આપી દો.’’

પછી બીજી સામાન્ય એક્સર્સાઈઝ મળી રહે તેવી સાદી ખુરશી લાવ્યા ત્યારે એમણે ઉપયોગ શરૂ કર્યો.

વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી પણ રજોગુણી વસ્તુ-પદાર્થના વપરાશ વખતે ખૂબ જ અણગમો બતાવે. ગાડીમાં ડ્રાઈવરમુક્તે જો એરફ્રેશનર મૂક્યું હોય તો તરત જ ટકોર કરે કે, ‘‘આપણી સાધુની ગાડીમાં આવું સુગંધીદાર એરફ્રેશનર ન મુકાય. આપણી જીવનશૈલી સાદી હોવી જોઈએ.’’

આવા દિવ્ય સત્પુરુષોનાં વર્તન અને ઉપદેશ દ્વારા થતું પંચવિષયનું ખંડન જોતાં, સાંભળતાં, વાંચતાં વિચાર થાય કે, તો પછી શા માટે ભગવાને પંચવિષય રચ્યા હશે ? જગતસંબંધી વિષય જગતના જીવો માટે છે; આપણા માટે નથી. આ વિચાર જેટલો સ્પષ્ટ હશે તેટલી જ તેમાં રુચિ નહિ થાય. મહારાજના સુખના મહાત્મ્યનો વિચાર કરીએ કે, પંચવિષય તો નાશવંત અને લૌકિક છે. તેના સુખનો અનુભવ પણ આપણને ખુશ કરે છે તો જેમની એક કિરણની અન્વય શક્તિની સત્તાથી તે રચાયા છે તેમની દિવ્ય મૂર્તિનું સુખ કેવું હશે ? તેવો મહારાજના સુખનો મહિમા સમજાય અને તેને પામવાની લાલચ અંતરમાં અખંડ વર્ત્યા કરે ત્યારે મૂર્તિમાં અતિશે સ્નેહ થાય ને પાત્રતા કેળવાતી જાય.

મૂર્તિસુખ માટેના પાત્ર થવાના બાપાશ્રીના આગ્રહને આપણો કરીએ. પંચવિષયનાં સુખો તરફથી આપણી વૃત્તિ પાછી વાળીએ. રોગ ટાળવા ડૉક્ટર જ્યારે જે ચરી આપે, જે દવા આપે, જેમ કહે તેમ કરીએ છીએ. તેમ વિષયરૂપી રોગ ટાળવા બાપાશ્રીએ સમજાવેલા ઉપાયો અને આગ્રહો પ્રમાણે વર્તવા તત્પર થવું. વિષયનાં મૂળ કાપવા મંડ્યા રહેવું.

બાપાશ્રી સભાપ્રસંગે વિષયખંડનની વાતો વિશેષ કરતા. તેમાંય રસ, સ્પર્શના વિષયની, રસાસ્વાદને ટાળવાની અને બ્રહ્મચર્ય દૃઢ કરવાની વાતો વિશેષ આગ્રહપૂર્વક કરતા.

● **રસાસ્વાદ ટાળવો :**

રસાસ્વાદ એ કામનું મૂળ છે. તે જીવનું બહુ બગાડે છે. રસમાં આસક્તિ જ્ઞાની, વિદ્વાન, પંડિત, ત્યાગી કે ગૃહી બધાને બેબાકળા બનાવી દે છે. રસમાં આસક્તિ સ્વાદનું જ ચિંતવન કરાવે. આપણે જોઈએ છીએ કે ઉપવાસના દિવસે ભોજન નથી લેતા. શા માટે ? તો, ભગવાનની ભજન-ભક્તિ વધુ થાય. પરંતુ ખરેખર ભગવાનના ભજન કરતાં ભોજનનું ભજન વધારે થાય. સ્વાદની આસક્તિના કારણે નિયમ-ધર્મ લોપાય, યુક્તિ-પ્રયુક્તિ થાય. સ્વાદ અનેક અનર્થ કરાવે, ઝઘડા-ટંટા થાય. ઈન્દ્રિયો-અંતઃકરણ વિષયની કોરે વધુ સતેજ બને. માટે જેણે મૂર્તિના સુખને પામવું હોય તેણે રસાસ્વાદનો ત્યાગ કરવો જ પડે.

શ્રીજીમહારાજે સંતોને પાંચ પકવાનની રસોઈ જમાડી આનંદ કરાવ્યો છે અને ખટરસના નિયમ આપી કસોટી કરી પાત્ર પણ કર્યા છે. આદરજમાં અન્નકૂટોત્સવ કરી શ્રીજીમહારાજે સંતોને જમાડ્યા અને નિઃસ્વાદી કરવા કાયમ માટે તુંબડાં-પત્તર વાપરવાની આજ્ઞા કરી. પત્તરમાં બધું ભેળું કરી હથેળીનું છાબકું ભરી જળ નાખી જમવાની આજ્ઞા કરી. ઝોળીનું અન્ન પણ બધું ભેળું કરી જમવાની આજ્ઞા કરી. સુરાખાચરને ‘જમતી વખતે કાંઈ ન બોલવું’ તે નિયમ ધરાવી છાશ-રોટલો જમાડી નિઃસ્વાદી કર્યા. તેથી જ તેઓ બ્રહ્મચર્ય પાળી ‘યતિ’ કહેવાયા. શ્રીજીમહારાજે ત્યાગી-ગૃહી બંને વર્ગને નિઃસ્વાદી કરવાનો અતિશે આગ્રહ જણાવ્યો હતો. જે આગ્રહ બાપાશ્રીએ અતિ દૃઢાવ્યો હતો.

બાપાશ્રી સભાપ્રસંગે સંતો-હરિભક્તોને મૂર્તિનું સુખ પામવા માટે પાત્ર થવા રસાસ્વાદ ટાળવાની ઘણી વાતો કરતા. જેનું આંશિક આચમન કરીએ :

“રસાસ્વાદ જીવનું બહુ બગાડે છે તેથી રસાસ્વાદ મૂકે તો મોટાના સમાગમનું સુખ આવે. બાજરીના રોટલા શ્રી ઠાકોરજીને જમાડીને ભગવાન ભજવા ને આવા મુક્તનો સમાગમ કરવો. પૂર્વે તો મુમુક્ષુઓએ ધોવરામણ પીને પણ સમાગમ કર્યો છે. આજે તો પત્તર ભરીને જોઈએ તેટલું મળે છે. આગળ તો સંતો લીંબુ લીંબુ જેટલા ગોળા ખાઈને રહેતા, અને આજે તો પૂરેપૂરું મળે છે; તોપણ સ્વાદ ન મૂકે તો દુઃખી થાય, માટે રસાસ્વાદનો ત્યાગ કરવો.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૯

“સાધુએ ઝોળીનું અન્ન જમવું તે ઉપવાસી કહેવાય, અને પત્તરમાં બધું ભેળું કરીને તેમાં પાણી નાખીને જમે તે ગોળા જમ્યા જેવું કહેવાય, અને જુદું જુદું જમે તે સ્વાદિયો કહેવાય… રસમાં આસક્તિ હોય તો કોઈક સારાં ભોજન જમાડે તેનો ગુણ આવે. ને કોરા રોટલા આપે તેનો અવગુણ આવે, માટે આસક્તિ ન રાખવી.”

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૯૮

“સત્સંગમાં બધી વસ્તુ છે, પણ ભોગવવી નહિ ને રસના ઈન્દ્રિયને તો વિશેષે કરીને

નિયમમાં રાખવી. જો ખાધાની બહુ આસક્તિ હોય તો ક્યાંયે વાડ તોડે એટલે નિયમ-ધર્મ મૂકી દે.''
- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૭૦

''જમવા બેસવું ત્યારે ખાટું, ખારું, મોળું, મીઠું એવો ભાવ આવવા દેવો નહિ, એમ કર્યા વિના ઉપશમ આવે નહિ ને રાગ ટળે નહીં. માટે મહાપ્રભુનું સુખ જેને લેવું હોય તેણે ખાધા-પીધાના, માન-મોટપના રાગ ટાળવા જોઈશે; તો મૂર્તિમાં ઉપશમ થાશે.''
- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૦૬

એક વખત બાપાશ્રીએ કથામાં રસમાં આસક્તિની તીખાશ વર્ણવતાં પ્રસંગ કહ્યો હતો કે, ''એક વખત વૃષપુરમાં સંતો આવ્યા હતા. સીધામાં બધો સામાન હતો પરંતુ જીરું ન હોવાથી સંતોએ હીરા ભક્ત પાસે કેરા ગામમાંથી મગાવ્યું. આવો સ્વાદ રાખે તેને ભગવાનમાં કેમ પ્રીતિ થાય ? ને ક્યારે સાધુ થવાય ને ક્યારે મહારાજ મળે ને ક્યારે મોક્ષ થાય ?''

ત્યાગી-ગૃહી સાધકે નિઃસ્વાદીપણે કેવી રીતે વર્તવું ? તે બાપાશ્રી ગૃહસ્થાશ્રમી હોવા છતાં ત્યાગીની પેઠે વર્તીને શીખવતા.

બાપાશ્રી સંતો-હરિભક્તો સાથે કાકરવાડીએ સ્નાન કરવા પધાર્યા હતા. નાહીને પછી સંતોએ બાપાશ્રીને ચંદન ચર્ચી પૂજા કરી અને આજની આ સભાના શત્રુમાત્રને મારી નાખ્યા એવો વર આપી પછી સંતોને સ્વવર્તનલક્ષી ઉપદેશ આપ્યો કે, ''અમને તો ગુવારનું શાક ને તેમાં છાશ નાખેલી ને બાજરાનો રોટલો અને સાંજે મઠની ખીચડી એ જ ગમે છે. પણ ભારે વસ્તુ ગમતી નથી. તમારે પણ એમ કરવું. મોટાપુરુષો આગળ ગોળા જમતા ને ગૃહસ્થ પણ કોદરા, બાવટો, બંટી જમતા; માટે બધું ખોટું કરી નાખવું. અમારે તો રોટલી ચોપડાય નહીં. ખીચડીમાં ઘી હોય નહીં. ગળ્યું-ચીકણું કાંઈ ગમે જ નહીં. તેના સાક્ષી તમે છો.''

એક દિવસ બાપાશ્રી સંતો-હરિભક્તોને કથામાં વાત કરતા હતા. એ વખતે ભૂજના સાધુ ઉત્તમપ્રિયદાસજી પાકી કેરી ઠાકોરજીને ધરાવી લાવ્યા ને બાપાશ્રીને જમાડવા પ્રાર્થના કરી. બાપાશ્રીએ હસ્તનો સ્પર્શ કરી પ્રસાદી પાછી આપી. ત્યારે સદ્‌ગુરુ અને બ્રહ્મચારીએ ફરી થાળી હાથમાં લઈ ધરાવવા ખૂબ પ્રાર્થના કરી. ત્યારે બાપાશ્રીએ કહ્યું, ''આ તો રસના ઈન્દ્રિયોને રાજી કરવાનું છે ને આ જમીએ એટલો વખત મહારાજની વાતો કરીએ તો કેટલું કામ થાય ?'' સાધુ-બ્રહ્મચારી સમજી ગયા કે બાપાશ્રીને તો આપણને એક મૂર્તિનું સુખ જ આપવું છે. માટે આપણે પણ તે પામવાની જ ત્વરા રાખવી. પ્રસાદીમાં પણ હેત ન રાખવું.

બાપાશ્રી જમાડતી વખતે પ્રથમ વાર જેટલું આપે તેટલું લેતા. રોટલો આપ્યો હોય ને દાળ ભૂલી ગયા હોય તો પાણી ને રોટલો જમાડી લે પણ દાળ ન માગતા. ક્યારેક કોઈ ગળ્યું-ચીકણું, મીઠાઈ-મેવા જમાડવા આગ્રહ કરે તો 'મને ઠીક નથી, ફાવશે નહિ' એવું કહી સમજાવી લેતા પણ ગ્રહણ ન કરતા. કોઈ પૂછે કે, ''બાપા, આમ, કેમ કરો છો ?''

તો કહે, “રસનાને છૂટી મૂકીએ તો જીવ ચટણો થઈ જાય ને મૂર્તિનું સુખ જોઈએ તેને રસનામાં પ્રીતિ રાખવી જ નહીં.” એવી રીતે રસાસ્વાદનું ખંડન કરી સંતો-હરિભક્તોને નિઃસ્વાદી કરવાનો અતિશે આગ્રહ રાખતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના અવરભાવના જીવનમાં નિઃસ્વાદીપણાનો આવો જ આગ્રહ દર્શિત થાય છે. એક વાર સંતોએ ગુરુજીને રાજી કરવા દૂધીનો હલવો અને ગુલાબજાંબુ બનાવ્યાં હતાં. જમાડતી વખતે સંતોએ પ્રાર્થના કરી કે, “બાપજી જમાડો.” ત્યારે જેમણે એક મૂર્તિનો સ્વાદ જ સાચો સ્વાદ માન્યો છે એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, “આજ સુધી અમે જીવનમાં જે વસ્તુ ચાખી જ નથી તે શા માટે જમવી ? માટે રાજી રહેજો; અમે નહિ લઈએ.” સંતોએ ઘણો આગ્રહ કર્યો છતાં ગ્રહણ તો ન જ કર્યું પરંતુ સંતોને રસાસ્વાદને ટાળવાનાં ઉપદેશ વચનો કહ્યાં.

પ.પૂ. સ્વામીશ્રીના જીવનમાં પણ આવો જ આગ્રહ જણાય. એક વખત સેવક સંત પ.પૂ. સ્વામીશ્રીને આપવા ઠાકોરજીનું ધરાવેલું લીંબુનું પાણી અને મોસંબીનું પાણી જુદું જુદું લઈ આવ્યા. પ.પૂ. સ્વામીશ્રીએ પૂછ્યું, “કેમ બે તુંબડી છે ?”

“દયાળુ, લીંબુના અને મોસંબીના એમ બે રસનું પાણી છે.”

“લાવો, શા માટે જુદું રાખવાનું ?” બોલતાં બંને રસ ભેગા કરી દીધા અને કહ્યું, “આવા જુદા જુદા સ્વાદ શા માટે કરવાના ? જુદું પીએ તે સ્વાદ કહેવાય. પેટમાં ગયા પછી એક બાજુ લીંબુનું પાણી, બીજી બાજુ મોસંબીનું પાણી એવું ક્યાં જુદું રહે છે ?”

પ.પૂ. સ્વામીશ્રીના આ શબ્દો જ તેમના નિઃસ્વાદીપણાનાં દર્શન કરાવે છે.

મોટાપુરુષોએ સ્વયં પોતે નિઃસ્વાદી રહી આપણને નિઃસ્વાદી કરવાનો આગ્રહ સેવ્યો છે ત્યારે આપણે પણ તેમના આગ્રહને આપણો કરીએ. નિઃસ્વાદી થઈ એક મૂર્તિસુખનો સ્વાદ પામવાની ત્વરા રાખીએ, તેના ઇચ્છુક અને લાલચુ બનીએ. નિયમે કરીને કે કોઈ પણ રીતે સ્વાદ પ્રત્યેની આપણી આસક્તિ ઓછી કરીએ.

### ● બ્રહ્મચર્ય પાળીએ :

વર્તનશીલ જીવનમાં બહુધા હિસ્સો બ્રહ્મચર્યનો છે. વિચાર અને આચરણની શુદ્ધતા, પવિત્રતાથી બ્રહ્મચર્યની દૃઢતા થાય છે. બ્રહ્મચર્યથી આત્મા ભગવાનના સુખને ભોગવવા, માણવા માટે પાત્ર થાય છે. જેટલો વિષયનો યોગ થાય તેટલો તે નિર્બળ બનતો જાય છે. બ્રહ્મચર્યની દૃઢતા વગર અધ્યાત્મ સાધના શક્ય જ નથી. ભૂતકાળમાં પણ મૂર્તિના સુખના માર્ગે જે જે ચાલ્યા છે તેમના જીવનમાં બ્રહ્મચર્યનું પાલન પ્રથમ સ્થાને હતું અને આજે પણ છે. એટલે જ પ.પૂ. સ્વામીશ્રીએ આદર્શ પ્રૉજેક્ટ અન્વયે મૂર્તિસુખના માર્ગે આગળ વધારવા ‘પ્રિ-મુમુક્ષુ બૅચ’ રચી તેમાં બ્રહ્મચર્યની દૃઢતા પ્રારંભિક સ્થાને ફરજિયાત કરી છે.

શ્રીજીમહારાજે પણ બ્રહ્મચર્ય પાલન માટે અતિશે આગ્રહ દર્શાવ્યો છે. ગઢપુરવાસીમાં

બ્રહ્મચર્યની અતિશે દૃઢતા હતી તેથી જ મહારાજ ત્યાં પોતાનું ઘર માનીને રહ્યા. શ્રીજીમહારાજનો બ્રહ્મચર્ય પળાવવાનો અતિશે આગ્રહ ગઢડા મધ્યના ૩૩મા વચનામૃતમાં સહેજે દર્શિત થાય છે. મૂળજી બ્રહ્મચારી જેવા મહાનિષ્કામી મુક્તો પર અતિશે રાજીપો દર્શાવ્યો છે અને 'બ્રહ્મચર્યનો લોપ કરનારની વાત પણ અમને ન કરશો. તે સાંભળીને અમારું મુખ શ્યામળું થઈ જાય છે' અર્થાત્ અંતરમાં ખૂબ દુઃખ થાય છે એમ કહી નારાજગીના ભાવ પણ જણાવ્યા છે.

સ્નાન કરેલું ધોતિયું ધોવાની સેવા મૂળજી શેઠને આપતા પહેલાં શ્રીજીમહારાજે 'સાંખ્ય પાળો છો કે યોગ ?' પ્રશ્ન પૂછી બ્રહ્મચર્ય પાળવાનો ગર્ભિત આગ્રહ જણાવ્યો હતો.

બાપાશ્રી પણ સાવધાનીપૂર્વક નિષ્કામ ધર્મની દૃઢતા કરવાની શીખ આપતા. "નિષ્કામી વર્તમાનમાં ફેર પડવા દેવો નહીં... કળિયુગમાં કામનું જોર વધારે છે. મોટા મોટાની તથા બ્રહ્મા જેવાની પણ લાજો લીધી છે. આ વખત એથીયે જબરો છે. પણ આ ટાણે સાવચેત થાય તો આજ એને મારનારા ખરેખરા મળ્યા છે."

– શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૯૪

વિષયના કીડા વિષયના વિષના જ પ્યાસી બની રહે. તેને મૂર્તિસુખરૂપ અમૃતનો સ્વાદ માણવાનો વિચાર પણ ન આવે અને વિષયસુખ ખાતર જીવન ખુવાર કરી નાખે.

બાહ્ય અટાટોપ ઘણો સુંદર દેખાતો હોય છે પરંતુ બ્રહ્મચર્યના માર્ગે આંતર જીવન ઘણું જુદું હોય; તેનાથી ભક્તપણું અને સાધુપણું લાજે.

બાપાશ્રીએ સભામાં બ્રહ્મચર્યનો આગ્રહ સદૃષ્ટાંત દર્શાવતાં વાત કરી હતી કે, "અમે ધર્મમાં કુશળ ન હોય તેનાં કાગળ આવે તો વાંચતા કે વંચાવતા નથી કે તેનો જવાબ પણ આપતા નથી એવો અમારે નિષ્કામ ધર્મ પળાવવાનો આગ્રહ છે. અમે ૧૯૬૪ની સાલમાં રામપરામાં કથા સાંભળવા ગયા હતા ત્યારે એક હરિભક્ત સારા હતા પણ બાલ્યાવસ્થામાં બ્રહ્મચર્યનો લોપ થયો હતો તેનું તેણે પ્રાયશ્ચિત્ત માગ્યું. પ્રાયશ્ચિત્ત કર્યા પહેલાં અમે તેને પાણી પણ ન ભરવા દીધું કે તેને દેહે કરીને કોઈ સેવા પણ અમે કરવા દીધી નહીં. એવી ચોખવટ અમે રાખીએ છીએ. તમે પણ અમારા જોગવાળા છો તો એવા ધર્મ વિનાના હોય તેમની સેવા સ્વીકારશો નહીં. શિષ્ય હોય તો જુદો કરજો અને ગુરુ હોય તો પડતો મૂકજો. આ અમારી આજ્ઞા શિરે ચડાવજો તો અમે બહુ રાજી થઈશું. જેવા અમે છીએ તેવા કરશું ને મૂર્તિનું સુખ આપીશું."

બાપાશ્રી જગન કરતા ત્યારે કંકોત્રીમાં પણ સ્પષ્ટપણે સૂચના લખાવતા કે જેના વર્તમાનમાં ફેર હોય તે યજ્ઞમાં ન આવશો. વર્તમાનમાં ફેર હોય તો નિષ્કપટ થઈ પ્રાયશ્ચિત્ત કરે ત્યારે બાપાશ્રી રાજીપો દર્શાવતા પણ પ્રાયશ્ચિત્ત ન કરે તો નારાજ થતા. સંતોને પણ નિષ્કામ ધર્મ પાળવા કડકપણે અનુરોધ કરતા જે આપણે ત્યાગી સંતોના પંચવર્તમાનમાં જોયું. દ્રવ્યની સેવા પણ કોની લેવી તેનો વિવેક શીખવતા.

"બ્રહ્મચર્ય વ્રતમાં કુશળ ન હોય તેની રસોઈ ન લેવી તે શુદ્ધ આહાર કહેવાય, અને અજાણમાં લેવાઈ જવાય તેનો બાધ નહિ; પણ મહોબત રાખીને ન લેવી. મહોબત રાખીને લે તો એક ઉપવાસે શુદ્ધિ થાય." - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૫૩

બાપાશ્રીના આ આગ્રહનાં ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીમાં તાદૃશ્ય થાય.

એક પૈસાદાર હરિભક્ત પ.પૂ. સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સભાનો લાભ લઈ નીકળ્યા પહેલાં પ.પૂ. સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે, "દયાળુ, ગુરુવર્ય પ.પૂ. બાપજીના સંકલ્પ મુજબ મારે એકલાએ શિખરબદ્ધ મંદિરની સેવા કરવી છે. અત્યારે મારી પાસે સગવડ છે તો મને લાભ આપો."

પ.પૂ. સ્વામીશ્રી જાણતા હતા કે તેઓના બ્રહ્મચર્ય વર્તમાનમાં ફેર છે તથા તેમનું દ્રવ્ય અણહક્કનું છે. ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથે રહી તેમણે અનેક વાર જોયેલું કે એમણે કદી આવી સેવા સ્વીકારી નથી. વળી બાપાશ્રીનો આગ્રહ સ્મૃતિપટ પર વિલસ્યો કે, બાપાશ્રીએ વર્તમાન શુદ્ધ નહોતું તો કરાંચીથી આવેલો મનિઓર્ડર પણ પાછો મોકલ્યો હતો. તેથી પ.પૂ. સ્વામીશ્રીએ તેમનું દિલ ન દુભાય છતાં મહારાજ અને મોટાપુરુષોનો આગ્રહ અકબંધ જળવાય તેવો રસ્તો કાઢ્યો અને તેઓએ તેમને કહ્યું, "અત્યારે હાલ ઘણા યજમાનોની સેવા આવેલી છે. જરૂર પડે અવશ્ય કહીશું." પ.પૂ. સ્વામીશ્રી તેમની મહોબતમાં ન લેવાયા.

મહારાજ, બાપાશ્રી અને મોટાપુરુષોનો બ્રહ્મચર્ય અંગેનો આવો આગ્રહ જોઈ આપણે પણ કૃતનિશ્ચયી બનીએ કે મારે પણ મન-કર્મ-વચને બ્રહ્મચર્ય પાળવું જ છે. માત્ર દૃઢ સંકલ્પ કર્યાથી પણ પૂરું થતું નથી. તે માટેની ક્ષણે ક્ષણે સતત જાગૃતિ વર્તવી મહત્ત્વની છે. રાત્રિ-દિવસ બસ કેમ કરી આ વર્તમાન પળે તેની જ રટના લાગેલી રહે. તેમાં બાધારૂપ વિષયો, સંસારનાં સુખો તરફ નફરત વર્તે, જેનાથી બ્રહ્મચર્યનો લોપ થાય તેવા સમય-સંજોગ, વાતાવરણ, વ્યક્તિથી હંમેશાં દૂર રહેવું. આંતર-બાહ્ય તંત્રમાં જેહાદ જગાવવી. વર્તમાન પાળવા બાબતના એટલા સબળ વિચારમાં રાચવું કે વિષયસુખનો કોઈ વિચાર કે કોઈ વ્યક્તિ માનસમાં ઝબકી ન જાય. જોડે જોડે મોટાપુરુષને નિરંતર પ્રાર્થના કરવી. તેમના વચનોનું-કૃપાવાક્યોનું મનન કરવું. હું કોણ છું ? શા માટે આવ્યો છું ? આ વિષયસુખ મારા માટે નથી. મૂર્તિનું સુખ મારા માટે છે તેવા વિચારોએ દિન-પ્રતિદિન વર્તમાનને સુદૃઢ કરી મૂર્તિસુખ માટેની પાત્રતા કેળવીએ.

## ● માન ટાળી નિર્માની થવું :

અનાદિમુક્તની સ્થિતિની સાધના અસ્તિત્વનો પ્રલય કરી દાસના દાસ થવાની છે. તેમાં માનને કોઈ અવકાશ જ નથી. માન ટાળીને નિર્માની થવાય તો મૂર્તિના સુખથી

ભરાવાય. પરંતુ માન ટાળીને નિર્માની થવું આ સાધના સૌથી કપરી લાગે છે. કારણ, કેટલીક વાર સાધના અને સાધનનું ચાલકબળ જ માન બની જતું હોય છે. આપણે કોઈ સાધન કે સેવા કરીએ કે તરત તેના વખાણની, નોંધ લેવાય તેવી અપેક્ષા રહે છે. આ જ માન છે. જે સર્વે સાધનનું ફળ શૂન્ય કરી દે છે.

માની સ્વભાવ એ સાપસીડીની રમતમાં ૯૯ નંબરના સાપ જેવો છે. ઘણા દાખડે સત્સંગ કરતાં છેક ઉપર ચડવા પ્રયત્ન કર્યો હોય પણ જો માન મરડાય તો માખ તેલમાં ડૂબી જાય, સત્સંગમાં છેક તળિયે આવી જાય. પછી ન્યાયને વિષે અન્યાયની અને અન્યાયને વિષે ન્યાયની દૃષ્ટિ થાય. મહારાજ, મોટાપુરુષ અને સંતો-હરિભક્તોના અવગુણ લેવાય-દ્રોહ થાય.

બાપાશ્રીએ માનની લાક્ષણિકતા દર્શાવી, તેવી કસર હોય તો ટાળવા અનુરોધ કર્યો છે.

"માન પાપરૂપ છે... માને કરીને લોભનો, કામનો, પ્રકૃતિનો સેવક થઈ રહે છે અને એ સર્વે દોષને ગુરુ માને છે. માની હોય તેને પ્રાયશ્ચિત્તનો ઉપવાસ કરવો પડે તો હા ન પાડે ને પોતાને જાણે એકના લાખ ઉપવાસ કરે તેની ગણતરી નહીં."

– શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૯૮

"અધિકારવાળો પણ દુખિયો. સાધુતાની, અધિકારની, ક્રિયા આવડે તેની, વાણીની, ચાપલ્યતાની, ભણતરની, દ્રવ્યની એવી અનંત પ્રકારની મોટપો જીવે માની છે. તે સર્વે દુઃખદાયી ને બંધનકારી છે." – શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૦૪

બાપાશ્રી સંતો-હરિભક્તોનું માન ટાળી નિર્માની કરી રાજીપાના પાત્ર કરવા નિરંતર મંડ્યા રહેતા. એક વખત સોમચંદભાઈ બાપાશ્રીનો જોગ-સમાગમ કરવા વૃષપુર પધાર્યા હતા. એ વખતે બાપાશ્રીની વાડીના ખળામાં દાણા ઊપણવાનું ચાલુ હતું. સોમચંદભાઈ પણ તેમાં જોડાઈ ગયા. મનમાં એમ વિચાર હતો કે, 'બાપાશ્રી આવશે. મને સેવા કરતો જોઈ રાજી થશે અને મોજ આપશે.' સોમચંદભાઈ તો સમર્થ મુક્ત જ હતા પણ સાધકે જરા પણ માન ન રાખવું જોઈએ તેવું શીખવવા નિમિત્ત કર્યું.

થોડી વારમાં બાપાશ્રી વાડીએ પધાર્યા. સોમચંદભાઈએ ઊપણવાનું ચાલુ રાખ્યું. બાપાશ્રીએ દીકરી વાલબાઈને પૂછ્યું, "બાઈ, આ સોમચંદભાઈએ કામ કર્યું એટલું દહાડિયા પાસે કરાવીએ તો શું દેવું પડે?" "બાપા, બે પૈસા તો દેવા પડે." આ સંભળાવી સોમચંદભાઈનો સાત્ત્વિક અહંકારનો ને રાજીપાદર્શનનો ફુગ્ગો ક્ષણ વારમાં બાપાશ્રીએ ફોડી નાખ્યો.

થોડી વાર રહી બાપાશ્રીએ કહ્યું, "સોમચંદભાઈ, રાખો. મારા પગમાં કાંટો વાગ્યો છે તે કાઢતા આવડશે?" સોમચંદભાઈ ચરણમાંથી કાંટો કાઢવા બેઠા પણ ચરણમાં કાંટો દેખાય જ નહીં. પાણીથી ચરણ ધોયા તોપણ ન દેખાય. બાપાશ્રીએ કહ્યું, "જરા ઝીણવટથી જુઓ; દુખે છે. આ પગમાં ન દેખાય તો પેલા પગમાં જુઓ." ત્યાં તો બાપાશ્રીના ચરણમાંથી

તેજનાં વલયો નીકળવા માંડ્યાં. મહારાજ અને મુક્તની એકતાનાં અલૌકિક દર્શન થયાં. સોમચંદભાઈએ કહ્યું, “બાપા, કાંટો આપના ચરણમાં નથી પણ મારા ચૈતન્યમાં દેહભાવરૂપી, માનરૂપી કાંટો હતો તે નીકળી ગયો.” બાપાશ્રીએ કહ્યું, “તો તો હૈયો !” સોમચંદભાઈ તો મહામુક્ત હતા. તેમ છતાં માન ટાળી નિર્માની થવાય ત્યારે મૂર્તિના સુખની પાત્રતા કેળવાય એવો તેમના મિષે બાપાશ્રીએ દાખલો બેસાડ્યો.

કેવું નિર્માનીપણું કેળવવું તે શીખવવા બાપાશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનો પ્રસંગ વર્ણવતાં કહેતા કે, એક વખત અયોધ્યાપ્રસાદજી મહારાજ વૃષપુર પધાર્યા હતા. ત્યારે ગામના કૂવેથી જાતે પાણી સીંચી ન્હાવા માંડ્યા હતા. એવા નિર્માની આચાર્ય હતા. તેથી મહારાજના સુખને સુખ માની સુખિયા રહેતા. જે દેહાભિમાની હોય તે તો ચેલા કહે, ‘ઊઠો પાણી થયું’ ત્યારે માંડ ન્હાવા ઊઠે.

એક વાર પુરુષોત્તમપ્રસાદજી મહારાજ છ ઘોડાની ઘોડાગાડી લઈને પધાર્યા હતા. એક ઘોડો માંદો પડ્યો તો બીજો લાવ્યા ત્યારે ગામમાં આવ્યા. એ વખતે પણ બાપાશ્રીએ તેમને ટકોર કરી કે, “અયોધ્યાપ્રસાદજી મહારાજ તો બળદની ગાડીમાં એકલા આવ્યા હતા એવા નિર્માની હતા. ત્યારે આચાર્યશ્રીએ સહસા જ નિર્માનીપણે પોતાની ભૂલ સ્વીકારી ને હસ્યા ને કહ્યું, “જડ નડે છે.” આવી રીતે બાપાશ્રી સાધુ-આચાર્ય અને હરિભક્ત સૌને નિર્માનીપણું દૃઢ કરાવતા.

બાપાશ્રી પોતે પણ અતિ દાસત્વભાવે વર્તતા. સંતો જમાડતા હોય ત્યારે દંડવત કરતા. સંતો માટે દોડી દોડીને દેહે કરીને સેવા કરતા. સંતો પાસે આગ્રહ કરી કથા કરાવતા. પોતે સામે બેસી કથા સાંભળતા. ક્યારેય પોતાની સામર્થી છતી ન થવા દેતા. એક વખત સભામાં ગઢડા છેલ્લાના ૧૨મા વચનામૃત ઉપર માન ન રાખવાનો અનુરોધ કરી પછી વાત કરી કે, “દાસપણું રાખે તો નિયંતા ન થવાય. કેમ કે તે હા જી હા જી કરે. માટે દાસત્વભક્તિ બહુ વિશેષ છે. આ લોકમાં માન, મોટપ, યશ, કીર્તિ તેમાં કાંઈ માલ નથી. માનાદિક કાંઈ ન હોય તેના ઉપર શ્રીજીમહારાજને અને મુક્તને હેત વધતું જાય છે.”

ગુરુવર્ય પ.પૂ. બાપજીમાં સંસ્થાના આદ્યસ્થાપક હોવા છતાં માન-મોટપને બદલે નીતરતો દાસત્વભાવ દેખાય.

એક હરિભક્તને આર્થિક સેવા કરવી હતી તે અંગે તેમણે પ.પૂ. સ્વામીશ્રીને આજ્ઞા કરવા પ્રાર્થના કરી. પ.પૂ. સ્વામીશ્રીએ તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે સેવાની આજ્ઞા લેવા જવા ભલામણ કરી. તા. ૩૦-૯-૧૮ના રોજ તેઓ વાસણા ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે ગયા અને સેવા અંગે વાત કરી. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ દાસત્વભાવે કહ્યું, “સ્વામી કહે એટલી સેવા કરજો.”

“બાપજી, મને સ્વામીએ જ આપની પાસે મોકલ્યો છે.”

“કંઈ વાંધો નહિ હમણાં સ્વામી આ વિજાપુરના હરિભક્તોને લાભ આપવા આવવાના

છે ત્યારે તેમને પૂછીને સેવાની વાત કરીશ.'' પોતે ગુરુસ્થાને બિરાજ્યા હોવા છતાં શિષ્યની અનુમતિ લેવાનો દાસત્વભાવ દર્શાવવો એ ખરેખર દાસત્વભાવની પરાકાષ્ઠા નહિ તો બીજું શું ?

થોડી વારમાં પ.પૂ. સ્વામીશ્રી વાસણા પધાર્યા. ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને દર્શન માટે પધાર્યા. તરત જ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સામેથી પેલા હરિભક્તની સેવા વિષેની વાત કરી. ચર્ચાના અંતે હરિભક્તને સામેથી બોલાવી સેવાની વાત કરી. હરિભક્તો બંને દિવ્ય સત્પુરુષોના દાસત્વભાવને વંદી રહ્યા.

પ.પૂ. સ્વામીશ્રી એટલે દાસત્વભાવનું મૂર્તિમંત સ્વરૂપ. જેઓ હંમેશાં માત્ર ગુરુના જ નહિ, સૌના દાસ થઈને વર્ત્યા છે અને વર્તી રહ્યા છે ત્યારે પ.પૂ. સ્વામીશ્રીએ દર્શાવેલી દાસત્વભાવ કેળવવાની તરકીબને આપણે અપનાવીએ.

**જેણે સત્સંગમાં આગળ વધવું હોય તેણે આટલું વિચારવું અને દૃઢ કરવું :**

- દાસ થઈએ; અન્યને કરીએ નહીં.
- સહન કરીએ; કરાવીએ નહીં.
- કોઈનું ગમતું કરતા શીખીએ; કરાવીએ નહીં.
- નમતા શીખીએ; નમાવીએ નહીં.
- વળતા શીખીએ; કોઈને વાળીએ નહીં.
- દુભાતા શીખીએ; કોઈને દૂભવીએ નહીં.
- અન્યની ઉપેક્ષા સહન કરીએ; ઉપેક્ષા કરીએ નહીં.
- અન્યની અપેક્ષા સંતોષીએ; અપેક્ષા રાખીએ નહીં.

કોઈ નિર્માની થાય કે ન થાય; મારે તો થવું જ છે. કોઈ સહન કરે કે ન કરે મારે તો દાસ થઈ સૌનું સહન કરવું જ છે. કોઈને આપણું સાચવવું ન પડે તેનું ધ્યાન રાખવું. આપણે સૌનું સાચવવું. ગરીબ થઈએ, દાદાગીરી કોઈની આગળ ન કરીએ, સાથે સાથે નિર્માની ગીતની આ પંક્તિ દૃઢ કરીએ :

''મૂર્તિસુખનાં પાત્ર થાવાં, નિર્માની થઈને જીવ્યા કરો;
પ્રભુ રાજીપાથી પૂરા ભરાવા, માન ખાલી કરી નિર્માની બનો.''

અનાદિકાળથી ખડગની જેમ ખોડાઈ ગયેલા માનને મોટાપુરુષના વચનના બળે ક્ષીણ કરતાં નિર્માનીપણું ગ્રહણ કરવા તત્પરતાથી મંડ્યા રહીએ.

બાપાશ્રીએ વર્તનશીલ સમાજની દિવ્ય રચના કરવા માટે સંતો-હરિભક્તો કોઈની શેહશરમ કે મહોબત રાખી નથી. કોઈના વર્તનની સહેજ પોલ ચલાવી નથી. અળખામણા થઈને પણ સૌને મહારાજના ગમતામાં જ વર્તાવ્યા છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં અજોડ વર્તન શુદ્ધિ કરનાર જીવનપ્રાણ બાપાશ્રીને આજે સૌ અહોભાવ સાથે વર્તનશીલ જીવન કરવાની ભાવાંજલિ અર્પીએ.

## ૨.૬

# સ્થિતિલક્ષી આગ્રહો

અપરિમ્ અપરિમ્ દિવ્ય સુખનું સ્થાન.

નર્યો પરભાવનો દિવ્ય પમરાટ (ખુશબો).

અલૌકિક અપરિમિત દિવ્યાનંદ.

જ્ઞાન, વિજ્ઞાનથી પરાત્પર અનુભવજ્ઞાન.

શાશ્વત સુખનો દિવ્યાનુભવ.

મન-વાણીથી અગમ, અગોચર.

મહાસુખનો અગાધ મહાસાગર.

બસ, સુખ માણ્યા જ કરો... માણ્યા જ કરો... માણ્યા જ કરો...

એવું તે શું છે ??? એ છે... શ્રીજીમહારાજની દિવ્યાતિદિવ્ય મૂર્તિનું સુખ, આત્યંતિક મુક્તિની દિવ્યાનુભૂતિ. આવી દિવ્ય અનુભૂતિ ક્યારે થાય ? જ્યારે શ્રીજીકૃપાએ જીવાત્મા બ્રહ્મરૂપ (પુરુષોત્તમરૂપ) થાય ત્યારે. બ્રહ્મ એટલે બધાથી મોટું. બધાથી મોટામાં મોટા એક શ્રીજીમહારાજ છે તે રૂપ થાય ત્યારે એ દિવ્ય સુખની અનુભૂતિ થાય છે.

પુરુષોત્તમરૂપ પાત્ર થવું એ આપબળનું કામ નથી. જેમ હીરે કરીને જ હીરો વેંધાય તેમ સ્વયં શ્રીજીમહારાજ પોતે જ જીવ ઉપર કૃપા કરે ત્યારે તેની નિરાકાર અવસ્થા ટળે છે અને તે પુરુષોત્તમના જેવો દિવ્ય સાકાર પુરુષોત્તમરૂપ થાય છે.

સ્વયં શ્રીહરિનું આ બ્રહ્માંડને વિષે પ્રાગટ્યનું પ્રયોજન તેઓ જ શ્રીમુખે કહેતા,

"जीवोकुं ब्रह्मरुप करके आत्यंतिक मुक्ति देने के वास्ते अक्षरातीत पुरुषोत्तम जो हम वह मनुष्य जैसा बन्या हूँ।"

- આત્યંતિક કલ્યાણ

“કલ્યાણ કરને કે વાસ્તે મેરા અવતાર હૈ. આજ તો મેરા પ્રયોજન એહી હૈ જ્યોં અવિદ્યાકું નાશ કરના, જીવકું બ્રહ્મરૂપ (મૂર્તિરૂપ) કરના. ઈસ પ્રયોજન વાસ્તે મેં પ્રગટ હુવા હૂં. જીવુંકે મુક્તિ દેનેકે વાસ્તે મનુષ્ય એસા બન્યા હૂં.”

શ્રીજીમહારાજના પ્રસાદીના પત્ર-૭નો આ અંશ શ્રીજીમહારાજ આત્યંતિક કલ્યાણ કરવા જ પધાર્યા છે તેવું ફલિત કરે છે.

કારિયાણીની અક્ષરઓરડીમાં શ્રીજીમહારાજે સદ્. ગોપાળાનંદ સ્વામીને પોતાના પ્રાગટ્યના છ હેતુ કહ્યા હતા. તેમાંનો ચોથો અને મુખ્ય હેતુ અનંત અવતારો અને અવતારોના ભક્તોને પોતાના સ્વરૂપની સર્વોપરી ઉપાસના સમજાવી, આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ કરાવવાનો જ હતો. આત્યંતિક કલ્યાણ એટલે પરમપદ, અનાદિમુક્તની સ્થિતિ.

શ્રીજીમહારાજ આ બ્રહ્માંડમાં મુમુક્ષુને પોતાની મૂર્તિનું સુખ પમાડવા માટે જ પધાર્યા હતા. તેથી તેઓ સુપાત્ર મુમુક્ષુ સંતો-હરિભક્તોને મૂર્તિનું સુખ આપવા અધીરા બની જતા અને અતિ પ્રસન્ન થઈ સુખનો અનુભવ કરાવતા.

એક વખત સંતોની સભા બેઠી હતી. શ્રીજીમહારાજ સંતોને દર્શન આપવા સભા સન્મુખ આવી ઊભા રહ્યા. શ્રીહરિએ સૌની ઉપર એવી અમૃતદૃષ્ટિ રેલાવી કે સૌની વૃત્તિઓ મૂર્તિમાં ખેંચાઈ ગઈ. શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થકા ધીરે સ્વરે બોલ્યા, “સંતો, આવો અમારા સુખના ભોગી હોય તો આવો.” એમ કહી શ્રીજીમહારાજ થોડા આગળ પધારી ઊભા રહ્યા. ઓઢેલો ખેસ કાઢી નાખ્યો. ઉઘાડા દિવ્ય તને સંતોને રાજી થકા ભેટ્યા અને પ્રસાદીના ચરણારવિંદ આપ્યા. આટલી જ વારમાં સૌને મૂર્તિના સુખનો અનુભવ થતાં અહોઅહોપણું અને દિવ્યભાવ થઈ ગયો.

કોટિ સાધને પણ ન મળે એવા દિવ્ય સુખનો અનુભવ શ્રીહરિએ સહજમાં કરાવ્યો. કારણ, તેઓ આ કાજે જ પધાર્યા હતા. પરંતુ એ વખતે સંપ્રદાય નવો અને સમાજ પણ નવા આદરવાળો હતો. શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે તેની જ ઘેડ્ય નહોતી પડતી તો પછી મૂર્તિના સુખની વાત સમજાય જ કેમ ? તેની અનુભૂતિ ક્યાંથી થાય ? તેમ છતાં જેમને શ્રીજીમહારાજના સ્વરૂપની યથાર્થ સર્વોપરી નિષ્ઠા હતી તેવા સદ્. ગોપાળાનંદ સ્વામી, સદ્. સ્વરૂપાનંદ સ્વામી જેવા સંતો અને પર્વતભાઈ જેવા હરિભક્તોને શ્રીજીમહારાજ મૂર્તિના સુખનો અનુભવ કરાવતા.

શ્રીજીમહારાજનો મૂળ સંકલ્પ જ જીવને છૂટે હાથે મૂર્તિના સુખનાં દાન કરવાનો હતો પણ જીવોની પાત્રતાના અભાવે તે સંકલ્પ અપૂર્ણ રહ્યો. તેમ છતાં તેમના સંકલ્પની પ્રબળતા અજર-અમર હતી. આ સંકલ્પની પૂર્તિ માટે શ્રીજીસંકલ્પમૂર્તિ બાપાશ્રી પધાર્યા.

યુગ પરિવર્તિત થયો સ્વામિનારાયણ સંપ્રદાયનો. વિના સાધને, વિના દાખડે સહજમાં શ્રીજી મૂર્તિસુખની અનુભૂતિ કરાવતી અનાદિમુક્તની સ્થિતિ પામવાનો

નવ્યયુગ આરંભાયો બાપાશ્રીના પ્રાગટ્યથી. બાપાશ્રી શ્રીજીમહારાજના સંકલ્પથી જ અનેક જીવોને મૂર્તિસુખના અનુભવી કરવા પધાર્યા હતા. જેની સાક્ષી બાપાશ્રીના સ્વમુખે બોલાયેલાં વચનો જ પૂરે છે.

“સર્વે મૂર્તિમાં આવે ત્યારે અમારો આરો આવે.”

“અમારો વેપાર તો જીવને કારણ મૂર્તિમાં પહોંચાડવા તે જ છે.”

“જોજો તો ખરા... આમ ને આમ સાજી સભા અક્ષરધામમાં જઈને બેસીશું.”

“એવો સંકલ્પ કર્યો છે કે કોઈ રહી ન જાય. સર્વેને મૂર્તિમાં રાખવા છે.”

“હમણાં કલ્યાણની ગંગા ભરપૂર વહે છે. અહીં જે આવે તેને છૂટ છે. મોક્ષના દરવાજા ઉઘાડા મેલ્યા છે.”

“આ ફેરે તો પાત્ર-કુપાત્ર જેને આ જોગ થયો તે સર્વેનું કલ્યાણ કરવું છે, મૂર્તિમાં લઈ જવા છે.”

“અમારે ઘેર બીજો વેપાર નથી; અમે તો કલ્યાણ કરવારૂપી એક જ વેપાર રાખ્યો છે.”

“બધોય સત્સંગ સાજો અનાદિની પંક્તિમાં ભળી જાય.”

આ દિવ્ય વચનોનો ગલિતાર્થ એ જ છે કે બાપાશ્રી મુખ્યત્વે જીવનું આત્યંતિક કલ્યાણ કરવા અર્થાત્ અનાદિની સ્થિતિ પમાડવા જ પધાર્યા હતા. બાપાશ્રી કહેતા, “અમે શ્રીજીમહારાજના સંકલ્પ છીએ અને શ્રીજીનો સંકલ્પ પૂરો કરવા પધાર્યા છીએ.”

અષાઢી મેઘ બારેમાસ ખાંગા થાય અને અનરાધાર વરસે ત્યારે સમગ્ર સૃષ્ટિ જળ વડે ભીંજાઈ જાય છે. સૃષ્ટિમાં નવચેતનાના પ્રાણ પુરાય છે. સૃષ્ટિનો નિખાર આહ્‌લાદક બની જાય છે. તેમ બાપાશ્રીએ પધારી અનાદિમુક્તની સ્થિતિના બારે મેઘ ખાંગા કર્યા અને સંપ્રદાયની રોનક બદલી નાખી. બાપાશ્રીએ સહજમાં સાધનમાત્રની સમાપ્તિ કરાવી, છેલ્લા જન્મના કોલ આપ્યા છે. મૂર્તિના સુખમાં રાખવાનાં વચન આપી ન્યાલ કર્યા છે. તેથી જ અનુભવી પુરુષોએ કહ્યું,

“દે દી હરિ કી મૂર્તિ, બિના સાધન બિના જ્ઞાન,
વૃષપુર નિવાસી સંત, બાપાશ્રી બડા મહાન.”

“સતયુગમાં લાખ વર્ષ ધ્યાન કરે ત્યારે ભગવાનનું દર્શનમાત્ર જ થતું. ત્રેતાયુગમાં દસ હજાર વર્ષ સુધી યજ્ઞ કરે ત્યારે દર્શન થાય અને દ્વાપર યુગમાં એક હજાર વર્ષ સુધી પરિચર્યા કરે ત્યારે દર્શન થાય. આ કળિમાં સો વર્ષ સુધી કીર્તન કરે ત્યારે દર્શન થાય; અને આજ વર્તમાનકાળે તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ કરીને જોડી દઈએ છીએ. આજનો એવો પ્રતાપ છે... આ યોગયજ્ઞ ને બ્રહ્મયજ્ઞ છે. આમાં આવેલાને ફેર જન્મ ધરવો પડશે નહીં. ઠેઠ મૂર્તિમાં મૂકી દઈશું. આવો પ્રત્યક્ષ મૂર્તિનો પ્રતાપ છે.”

– શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૪૯

અર્થાત્ બાપાશ્રી જોગમાં આવનારનો છેલ્લો જન્મ કરી મૂર્તિમાં રસબસ કરી

અનાદિમુક્તની સ્થિતિનો અનુભવ કરાવતા. પ્રશ્ન થાય કે બાપાશ્રીનો અનાદિમુક્તની સ્થિતિ કરાવવાનો આટલો બધો આગ્રહ શા માટે ? તો,

જીવાત્મા અનાદિકાળથી ઉદ્‌ભિદ, સ્વેદજ, અંડજ અને જરાયુજ એવી ચાર પ્રકારની યોનિમાં ચોર્યાશી લાખ પ્રકારના જીવોમાં અનંત જન્મોથી ભટક્યા કરે છે. તેમના જન્મમરણની ભવાબ્ધિના આ ક્રમિક ચક્રનો કોઈ અંત નથી. અનંત જન્મ જીવ સુખ-દુઃખની ઘટમાળ વચ્ચે ઝંપલાવે છે. છેવટે દુઃખનો જ અનુભવ કરે છે. કોઈ જન્મમાં શાશ્વત સુખનો દિવ્ય અનુભવ થતો નથી. આ જન્મમરણની ઘટમાળ ક્યારેય બંધ થતી નથી. પરંતુ મહારાજ અને મોટાપુરુષ કૃપા કરી દેહના આવરણ ભેદાવી નિરાકાર આત્માને પુરુષોત્તમ જેવો સાકાર કરે છે. પ્રથમ અનાદિની પ્રાપ્તિ કરાવી પછી પાત્ર કરી અનાદિમુક્તની સ્થિતિ કરાવે છે.

અનાદિમુક્તની સ્થિતિ છેલ્લી, પૂર્ણ અને કાયમી છે. તે થયા પછી આત્માને જન્મમરણ રહેતું નથી અને શાશ્વત દિવ્ય સુખનો અનુભવ વર્ત્યા કરે છે. મૂર્તિ સાથે તદાકારભાવને પામી અનુપમ આનંદમાં કલ્પે કલ્પ રમ્યા કરે છે. મૂર્તિનું દિવ્ય સુખ અનુભવવા અનાદિમુક્તની સ્થિતિ પામવી ફરજિયાત છે. માટે બાપાશ્રી કૃપા કરી જોગમાં આવનારને આવી દિવ્ય સ્થિતિનો અનુભવ કરાવવા તત્પર રહેતા અને કહેતા, "અમને એક મૂર્તિ આપવાનું તાન છે. આ જોગ સર્વોપરી છે. જો ખબડદાર થઈને મંડે તો આ ને આ જન્મે પૂરું થઈ જાય ને અનાદિની સ્થિતિમાં રહેવાય ને કાંઈ પણ બાકી રહે નહીં."

– શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૧૭૪

બાપાશ્રી જોગમાં આવનારને પંચવિષયમાંથી પ્રીતિ તોડાવી જગત પ્રત્યેથી નિર્વાસનિક કરતા. અવરભાવના, દેહના ભાવો ટળાવતા. એમાં જે ખબડદાર થઈ બાપાશ્રીના સંકલ્પમાં ભેગા ભળી જાય તેમને સહજમાં મૂર્તિના સુખનો અનુભવ કરાવતા.

એક વખત બાપાશ્રી મૂળી પધાર્યા હતા. બાપાશ્રી સંતોની સભામાં વાતો કરતા હતા. સભાનો સમય થયો એટલે બીજા સંતો ગયા પરંતુ સદ્. વૃંદાવનદાસજી સ્વામી બાપાશ્રી સામે બેસી રહ્યા. બાપાશ્રીએ પૂછ્યું, "સ્વામી, કેમ બેઠા છો ?" ત્યારે પોતે રમૂજ કરતાં કહ્યું, "પ્રસાદ આપો." ત્યારે બાપાશ્રીએ માર્મિક ભાષામાં કહ્યું, "ધ્યાન કરો, પ્રસાદ મળશે."

બાપાશ્રીના આશીર્વાદ લઈ સદ્. વૃંદાવનદાસજી સ્વામી ઠાકોરજીનાં દર્શન કરી પોતાના આસને ગયા અને ધ્યાન કરવા બેઠા. ધ્યાનમાં બેઠા કે તરત જ તેમને મહારાજનાં તેજોમય દર્શન થવા લાગ્યાં. તેથી આનંદભર્યા એમ ને એમ સવાર સુધી બેસી રહ્યા.

સવારમાં નાહી-ધોઈ પૂજા કરી બાપાશ્રી પાસે દર્શને આવતા હતા એ વખતે બાપાશ્રીએ છેટેથી કહ્યું, "સ્વામી, પ્રસાદ મળ્યો ને ?" આવી રીતે બાપાશ્રી જે ખરેખરા પાત્ર હોય તેમને શ્રીજીમહારાજની દિવ્યાતિદિવ્ય મૂર્તિના સુખના નવા નવા અનુભવ કરાવતા. નવાં

નવાં સુખ આપી અહોભાવમાં ડુબાડી દેતા. ક્યારેક કોઈ માંદાને સાજા કરવાની કૃપા કરી તેમને મુખ્ય લક્ષ્ય મૂર્તિ પાકો કરાવતા.

એક વખત મૂળીથી સંતો બાપાશ્રીનો સમાગમ કરવા માટે કચ્છમાં આવતા હતા. રસ્તામાં સાધુ કૃષ્ણપ્રસાદદાસજીને ભારે મરડો અને પેટમાં આંકડીનું દર્દ થતાં ઘડી ઘડી નાહવા જવું પડતું. દર્દ અતિશે વધતાં દેહ રહે તેમ ન લાગ્યું. તેથી સ્વામીને થયું કે બાપાશ્રીનાં દર્શન થઈ જાય પછી દેહ પડે તો કાંઈ હરકત નહીં.

બાપાશ્રી વાડીમાં હતા તેથી સંતો સીધા ગાડું લઈ વાડીએ ગયા. સાધુ કૃષ્ણપ્રસાદદાસજીએ બાપાશ્રીને દંડવત કરી ભાવથી દર્શન કર્યાં. બાપાશ્રીને પ્રાર્થના કરતાં કહ્યું, ‘‘બાપા, મને રસ્તામાં આંકડી અને મરડો બહુ થઈ ગયો છે. દર્શનની આશા નહોતી પણ આપની દયાથી દર્શન થયાં. હવે દેહનું ગમે તે થાય ફિકર નથી.’’ બાપાશ્રીએ કહ્યું, ‘‘મંદિરમાં ચાલો, મહારાજ સારું કરી દેશે.’’ સંતો મંદિરમાં આવ્યા.

મંદિરની બાજુમાં ઓરડીમાં આ સાધુનું આસન કરાવ્યું અને જોડે સેવામાં હરિભક્ત રાખ્યા. આ સાધુને આખી રાત વારંવાર દિશાએ જવું પડતું તેથી સવાર સુધીમાં ખૂબ અશક્તિ આવી ગઈ. તેમને થયું કે, ‘‘આ દુઃખ કરતાં ધામમાં જવું સારું.’’ તેથી બાપાશ્રીને પોતાની પાસે બોલાવી પ્રાર્થના કરી કે, ‘‘બાપા, હવે મને મહારાજના સુખે સુખિયો કરો તો ઠીક. આંકડી એવી આવે છે કે જાણે હમણાં દેહ પડી જશે. આખી રાત દિશાએ જઈ જઈને થાકી પડ્યો છું.’’

સંતનાં દિલગીર વચનો સાંભળી બાપાશ્રી ઘરે ગયા. દહીંમાં જીરું નાખી તાંસળું ભરી લાવ્યા. પોતાના હસ્તે હલાવી મહારાજને ધરાવ્યું અને કહ્યું, ‘‘પી જાવ. મહારાજ સારું કરી દેશે. ધામમાં જવાની શી ઉતાવળ છે ? ધામમાં એ મહારાજની મૂર્તિ છે ને અહીં પણ મહારાજની મૂર્તિ છે. એ અહીં રાખે ત્યાં સુધી અહીં રહેવું અને ધામમાં રાખે ત્યારે ત્યાં રહેવું. અહીં ને ત્યાં એ બહારવૃત્તિ છે. અંતરવૃત્તિવાળાને તો બધુંય અહીં જ દેખાય. તમને ઠીક થઈ જશે; જરિયે ફિકર ન રાખશો. ઘડીએ મૂર્તિને ન મૂકીએ તો આપણે ધામમાં જ છીએ એમ લાગે.’’

તેમણે બાપાશ્રીની પ્રસાદીનું દહીં-જીરું પીધું. બાપાશ્રીએ તેમના મસ્તક ઉપર અને પેટ ઉપર હાથ ફેરવ્યા એટલે આંકડીનું ને મરડાનું જે દુઃખ હતું તે તત્કાળ ટળી ગયું. જાણે તે સંતને પહેલાં કશું થયું ન હોય તેવું થઈ ગયું.

સાધુ કૃષ્ણપ્રસાદદાસજીને થયું બાપાશ્રીનો ખરો રાજીપો તો અખંડ મૂર્તિ સંભારવામાં અને મૂર્તિમાં રહેવામાં છે. તેથી તેઓ સેવા-પ્રવૃત્તિ કરવામાં તથા ધ્યાન-ભજનમાં અખંડ મૂર્તિ ધારવાના અભ્યાસમાં ખૂબ ખટકો રાખતા. તેઓ ખટકો રાખી અભ્યાસ કરતા ગયા તેમ તેમ બાપાશ્રીની કૃપા તેમની ઉપર વરસતી જતી હતી. તેઓ નિરંતર મૂર્તિમાં જોડાયેલા રહેતા તેથી તેમને બધા ‘ધ્યાનીસ્વામી’ના નામથી ઓળખતા. આવી રીતે બાપાશ્રી દેહના

ને દેહભાવના દુઃખને ટાળી સ્થિતિ કરાવતા.

બાપાશ્રી અનાદિમુક્તની સ્થિતિ પમાડવા મુખ્યત્વે ત્રણ આગ્રહ દર્શાવતા : એક, સર્વે ક્રિયામાં મૂર્તિમાં અખંડવૃત્તિ રાખવી. બીજો, સર્વે ક્રિયા મૂર્તિમાં રહીને કરવી અને ત્રીજો પ્રતિલોમ ધ્યાને મૂર્તિ સિદ્ધ કરવી.

## ૧. સર્વે ક્રિયામાં મૂર્તિમાં અખંડવૃત્તિ રાખવી :

કારણ સત્સંગની યાત્રા ચાર ભૂમિકા પર અવલંબે છે. મહારાજના સ્વરૂપને જાણવું, પામવું, પાત્ર થવું અને માણવું. મહારાજના સ્વરૂપને જાણવું એટલે સ્વરૂપનિષ્ઠાની દૃઢતા. પામવું એટલે મહારાજ માત્ર પ્રતિમા સ્વરૂપે જ નહિ પરંતુ મને પ્રતિલોમભાવે મળ્યા છે એવું જીવસત્તાએ સ્વીકારવું. પાત્ર થવું એટલે મૂર્તિના સુખ માટેની લાયકાત (પાત્રતા) કેળવવી અર્થાત્ મૂર્તિને પોતાનું સ્વરૂપ માની પુરુષોત્તમરૂપ પાત્ર થવું. માણવું એટલે અનાદિની સ્થિતિએ અનુભવજ્ઞાનનો આનંદ લેવો.

સ્થૂળ દેહે વર્તનશીલ જીવન કરવાથી અને ચૈતન્ય ભૂમિકાએ પોતાને મૂર્તિરૂપ માની ભગવાનના સ્વરૂપમાં જોડાયેલા રહેવાથી આત્મા મૂર્તિસુખ માટે પાત્ર બને છે. વર્તનશીલ જીવનથી કેવી રીતે પાત્રતા કેળવવી ? તે અગાઉના પ્રકરણમાં જોયું. હવે અનાદિમુક્તની સ્થિતિ માટેની વિશેષ પાત્રતા કેળવવા અખંડ મૂર્તિમાં વૃત્તિ રાખવાનું તથા સર્વે ક્રિયા મૂર્તિમાં રહીને કરવાનું મૂલ્ય સમજીએ.

“ખાતાં-પીતાં, હાલતાં-ચાલતાં તથા શુભ ક્રિયાને વિષે તથા અશુભ ક્રિયાને વિષે સર્વે કાળે ભગવાનમાં અખંડવૃત્તિ રાખવી. પછી એવી રીતે ભગવાનમાં અખંડવૃત્તિ રાખતાં રાખતાં એવી દૃઢ સ્થિતિ થાય છે.”

શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૨૩મા વચનામૃતમાં પાણીનો ઘડો એક ઠેકાણે ઢોળવાથી સુકાઈ જાય અને આંગળી જેવી પાણીની અખંડ વહેતી સેર્યથી મોટો ધરો ભરાય તેવું દૃષ્ટાંત આપી તૂટક તૂટક નહિ પરંતુ અખંડ ભગવાનમાં વૃત્તિ રાખવાથી જ સ્થિતિ થાય છે એમ કહી અખંડવૃત્તિ રાખવાનો આગ્રહ દર્શાવ્યો છે. જેમાં વૃત્તિ કરતાં અખંડ શબ્દ ભારપૂર્વક દર્શાવ્યો છે.

શ્રીજીમહારાજના સ્થિતિ માટે અખંડિતપણે મહારાજમાં જોડાયેલા રહેવાના આગ્રહને બાપાશ્રીએ ખૂબ આગ્રહપૂર્વક દૃઢ કરાવ્યો છે.

બાપાશ્રીએ માત્ર અંતર્વૃત્તિએ મૂર્તિ ધારવી એમ નથી કહ્યું. અખંડ ધારવી એમ આગ્રહ દર્શાવ્યો છે. મૂર્તિ ધારવાની કે મહારાજમાં વૃત્તિ રાખવાની સાતત્યતાથી જ સ્થિતિ માટેની પાત્રતા કેળવાય છે. જેનું પ્રમાણ બાપાશ્રીએ જ કર્યું છે, “અખંડ મૂર્તિમાં વૃત્તિ રાખે તો છ મહિનાની અંદર મૂર્તિ સિદ્ધ થઈ જાય.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૫૦

વૃત્તિ એ વૈચારિક ભૂમિકા છે. માનસમાં અનેક અવનવા વિચારોની હારમાળા નિતાંત ચાલુ રહે છે. ખરેખર વિચારો એ ચિત્તમાં ઉદ્ભવતા આંદોલનો છે. કોઈ પણ સમયે, કોઈ

પણ અવસ્થામાં વ્યક્તિ, પદાર્થ કે ઘટનાનું ચિત્તમાં ચિંતવન અને મનમાં વિચાર રૂપે મનન થતું જ રહે છે. પરિણામે વિકેન્દ્રિત વૃત્તિઓ ભગવાનના સ્વરૂપમાં સ્થિર થઈ શકતી નથી. કારણ કે ભગવાન સિવાયના અનેક વિચારોથી ભરાયેલું મન ભગવાનના સ્વરૂપમાં સ્થિર થઈ શકતું નથી તેથી જીવન પણ અસ્થિર બની જાય છે. ભગવાન તરફનો કોઈ લગાવ રહેતો નથી. માટે સૌપ્રથમ વૃત્તિએ કરીને મહારાજમાં જોડાવાનો પ્રયત્ન કરવો. પછી પ્રતિલોમભાવે મહારાજમાં જોડાયેલા રહી અખંડ મૂર્તિમાં રહેવાની ટેવ પાડવી.

વૃત્તિએ કરીને મહારાજમાં જોડાયેલા રહેવા સૌપ્રથમ મારે મહારાજ સિવાય બીજો કોઈ વિચાર કે સંકલ્પ ઊઠવા જ દેવો નથી એવો દઢ સંકલ્પ કરી મહારાજમાં જોડાવાનો વેગ લગાડી દેવો. સતત આ વિચારને માનસમાં રમતો કરવો પડે. પછી પ્રૅક્ટિસે કરીને મહારાજમાં વૃત્તિ રહેવા માંડે.

મહારાજના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવાથી ચૈતન્યભૂમિકા બદલાઈ જાય. જેનું સતત ચિંતવન થાય તે આકારે થઈ જવાય. એક હરિભક્તે પંદર દિવસ એક જ રૂમમાં રહી ‘હું ભેંસ છું ’ એવું મનન કર્યું તો ભેંસરૂપ થઈ ગયા. પોતાનું રૂપ, દેખાવ, આકાર, શરીર બધું ભેંસ જેવું જ ભાસવા માંડ્યું. તેમ નિરંતર મહારાજનું ચિંતવન થાય, પુરુષોત્તમરૂપ પોતાને મનાય તો મહારાજ જ છે એવી પ્રતિલોમ લટક સિદ્ધ થઈ જાય.

નિરંતર મહારાજના સ્વરૂપનું ચિંતવન કરવાથી અન્ય કોઈના અભાવ-અવગુણ ન આવે. પોતા માટે કે બીજા માટે કોઈ નકારાત્મક વિચાર કરવાનો અવકાશ જ ન રહે તથા મહારાજનું જ ચિંતવન કરવાથી માનસમાં સકારાત્મક વિચારોના તરંગો સ્ફુરે છે.

## ૨. સર્વે ક્રિયા મૂર્તિમાં રહીને કરવી :

એક સહજ સ્વભાવ છે કે જે વસ્તુ કે વ્યક્તિનું સતત ચિંતવન કર્યું હોય, જેનું વર્ણન સાંભળ્યું હોય તેને વિશેષ જાણવાની, જોવાની અને પામવાની ત્વરા જાગે છે. જેમ કે જમવાની એક વાનગી ગુલાબજાંબુ વિષે સાંભળીએ અને તેને જમવાની ઇચ્છા થાય તો સતત તેને પામવાની ત્વરા જાગે છે. પછી ગમે તે રીતે તેને પૂરી કરીએ, જમાડીએ ત્યારે હાશ થાય. તેમ મૂર્તિનું વર્ણન સાંભળી તેનું સતત ચિંતવન કરવાથી તેને પામવાની તલપ જાગે. મહારાજ સિવાય અન્ય કોઈ વિચાર જ ન આવે.

નંદસંતો વખતે એવી કોઈ ટૅક્નૉલૉજી નહોતી કે સંતોને મહારાજનો વિશેષ લાભ મળે. ઈન્ટરનેટ પર ઑનલાઈન મહારાજનાં દર્શન થાય તેમ પણ નહોતું તેમ છતાં દિન દિન પ્રત્યે નવો નવો આનંદ રહેતો. કારણ, તેઓ મૂર્તિના ચિંતવને કરીને નિરંતર મહારાજમાં જોડાયેલા રહેતા. ધૂન-કીર્તન-ભજન કર્યા કરતા. જેને અનુભવીઓએ વર્ણવતાં ગાયું છે,

“થયો જે દીનો સત્સંગ થયું તે દીનું અલૌકિક અંગ;
હરે ફરે કરે કાંઈ કામ રહી હરિ માંહી આઠું જામ.”

સંતો મૂર્તિમાં રહી સર્વે ક્રિયા કરતા તેથી બ્રહ્મભાવ ઉદ્‌ભવતો. પરિણામે તેમને સતત બ્રહ્મરસની ભીનાશ અનુભવાતી, નિરંતર મહારાજનું નિકટ સાંનિધ્ય અનુભવાતું.

મહારાજના સ્વરૂપનું અખંડ ચિંતવન રાખવાથી ઇન્દ્રિયો-અંતઃકરણ શાંત-નિર્મળ અને પવિત્ર થઈ જાય છે. પૂર્વેની વાસના અને અસદ્‌બુદ્ધિને ક્યાંય ફગાવી શ્રીહરિનું સામ્રાજ્ય પ્રસ્થાપિત થાય છે. આવા તો અનેક સુખદ અનુભવો અખંડવૃત્તિ રાખનારને ઇદમ્ થતા હોય છે.

અખંડ મૂર્તિમાં જોડાયેલા રહેવા વૃત્તિને સ્થિર કરવાનો ઉપાય શ્રીજીમહારાજે શ્રીમુખે કહ્યો છે, ‘‘ખાતાં-પીતાં, ન્હાતાં-ધોતાં, ચાલતાં-બેઠતાં સર્વે ક્રિયાને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું.’’

- વચ. ગ.પ્ર. ૨૧

અર્થાત્ સર્વે ક્રિયા મૂર્તિરૂપ થઈને કરવી; દેહરૂપ થઈને નહીં.

ત્રણ દેહથી નોખો આત્મા છું. તે આત્માને પુરુષોત્તમરૂપ કરી મૂર્તિમાં રાખ્યો છે. આ જ્ઞાન હોવું અને સર્વે ક્રિયા તે અનુસંધાન સાથે કરવી તે બેય જુદું છે. આ વર્તનલક્ષી બાબત છે. બાપાશ્રી જ્ઞાનને વર્તનમાં લાવવાનો આગ્રહ દર્શાવતાં કહેતા, ‘‘આપણે તો અખંડ એકતાર મહારાજમાં જોડાઈ જાવું. હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, સૂતાં-જાગતાં હરે મહારાજ ! સ્વામિનારાયણ એમ ધૂન કરવી. શ્વાસોશ્વાસે તેમને સંભારવા.’’

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૮૧

મૂર્તિમાં જોડાવા માટે એક ઠેકાણે બેસી ધ્યાન-ભજન કર્યા કરવું એવું અવરભાવમાં કાયમ શક્ય બનતું નથી. સાધનદશામાં એ રીતે વિશેષ લાંબું ન ચાલે માટે પ્રવૃત્તિ કરતા થકા સર્વે ક્રિયામાં મૂર્તિમાં જોડાયેલા રહેવાય, મૂર્તિમાં રહીને સર્વે ક્રિયા થાય તેવી ટેવ પાડવી. બાપાશ્રી સ્વસિદ્ધ હતા તેમ છતાં આપણને મહારાજમાં જોડાયેલા રહેવા આ રીતે વર્તવું જોઈએ તે સ્વવર્તન દ્વારા શીખવતા.

એક વખત બાપાશ્રી વાડીએ મૂર્તિમાં નિમગ્ન થઈને કોસ હાંકતા હતા. કોસ હાંકવાની ક્રિયા પદ્ધતિસર ચાલતી હોવા છતાં તેઓ મૂર્તિમાં જોડાઈ ગયા હતા. એ વખતે રામપરાના હરિભક્તો દર્શન-સમાગમ માટે આવ્યા હતા. ઘણી વાર સુધી ઊભા રહ્યા. છેવટે ચરણસ્પર્શ કરી ઊંચે સાદે ‘જય સ્વામિનારાયણ’ કર્યા ત્યારે ખ્યાલ આવ્યો. પછી બાપાશ્રીએ કોસ છોડી સૌને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

ક્યારેક કોઈ આવી સ્થિતિ અંગે પૂછે તો કહેતા, ‘‘સાધનદશાવાળા ખાય, પીવે, બેસે, ઊઠે તે દેહને આધીન થકા કરે જ્યારે મૂર્તિમાં રસબસ રહેલા મુક્તનું પોતાનું બોલવું, ચાલવું, ખાવું-પીવું સર્વે ક્રિયા શ્રીજીને આધીન છે.’’

પ.પૂ. સ્વામીશ્રી મૂર્તિરૂપ થઈને સર્વે ક્રિયા કરવા વિષે આગ્રહ દર્શાવતાં કહેતા હોય છે, ‘‘આપણે પ્રવૃત્તિરૂપ કે સેવારૂપ થઈ જઈએ છીએ તેના ફેર ચડે છે અને નડે છે પરંતુ પ્રવૃત્તિમાં પણ નિવૃત્તિ કેળવવી. એટલે કે પ્રવૃત્તિરૂપ નહિ પણ મૂર્તિરૂપ થઈને સર્વે સેવા-પ્રવૃત્તિ કરવી. આ કળા શીખી જાવ.

મને અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે તો હવે ક્રિયાના કરનારા મહારાજ થયા. હવે જમે, લખે, બોલે બધું મહારાજ કરે છે. ક્રિયા કરતાં ક્રિયારૂપ થઈ મહારાજને ભૂલી ન જવા. સતત મહારાજના સ્વરૂપમાં જોડાયેલા રહ્યા થકા મહારાજ જ કરે છે તે ભાવની પ્રૅક્ટિસ કર્યા કરવી. આપણે જુદો સમય આપવાની જરૂર નથી. માત્ર પ્રવાહ (ઢાળ) બદલવાની જરૂર છે. શરૂઆતમાં પ્રૅક્ટિસ કરો; પછી સહજ થઈ જાય.''

માત્ર દૈહિક ક્રિયા કરવામાં જ નહિ, સંસારના વ્યવહારિક કાર્યો તથા સત્સંગની સેવા કરતા થકા પણ અનાદિની સ્થિતિ પામવા આ પ્રૅક્ટિસ કરતા જ રહો. અનાદિમુક્તની સ્થિતિના માર્ગે ચાલેલા સાધકની રીત જગતના જીવથી જુદી હોય. માયિક કાર્યમાં પણ દિવ્ય મૂર્તિમાં સતત જોડાયેલા રહે. બાપાશ્રી તો શ્રીજીસંકલ્પમૂર્તિ છે. તેમને વિષે ત્યાગી-ગૃહીના કોઈ ભાવ નથી. પરભાવનું જ સ્વરૂપ છે. તેમ છતાં બંને વર્ગને સુખિયા કરવા બાપાશ્રીએ અવરભાવમાં ગૃહસ્થાશ્રમ દેખાડ્યો હતો. તેમ છતાં તેમના જીવનથી મુક્તાશ્રમનાં જ દર્શન થતાં. અવરભાવમાં રહેવા છતાં પણ જળકમળવત્ નિર્લેપ રહેવાની રીત બાપાશ્રીએ વર્તીને આપણને શીખવી છે.

બાપાશ્રી ક્યારેક મૂર્તિમાં એવા નિમગ્નપણે જોડાઈ જતા કે બે-પાંચ-દસ-પંદર-પચ્ચીસ દિવસ સુધી સમાધિ થઈ જતી. બાપાશ્રી સ્વયં મૂર્તિરૂપ જ હોવા છતાં સર્વે ક્રિયા મૂર્તિમાં રહીને કરે છે તેવાં સૌને દર્શન થતાં. બાપાશ્રીની મૂર્તિમાં નિમગ્નપણે જોડાયેલા રહેવાની રીતમાંથી પ્રેરણા મેળવી અનેક મુમુક્ષુઓ મૂર્તિમાં નિમગ્નપણે જોડાવા પ્રયાસ કરતા. તેથી દુઃખ-દોષથી રહિત થઈ મૂર્તિના સુખના અનુભવ તરફ આગળ વધતા.

લાઈટ જાય તો જનરેટર તેની વૈકલ્પિક વ્યવસ્થા છે. એકાદશીના દિવસે અનાજના બદલે ફરાળ તેની વૈકલ્પિક વ્યવસ્થા છે. એવી રીતે દુનિયામાં, વ્યવહારમાં તમામ બાબતોમાં કોઈ વૈકલ્પિક વ્યવસ્થા હોય જ. પરંતુ દેહભાવના દુઃખ, દોષ અને વાસનામાત્ર તથા પ્રશ્નમાત્રની પૂર્ણાહુતિનો એક જ ઉપાય છે – મૂર્તિ સાથે નિમગ્નપણે જોડાયેલા રહેવું. આનો બીજો કોઈ વૈકલ્પિક ઉપાય નથી. આ સિવાયના બીજા બધા જ પ્રયત્નો વ્યર્થ ફાંફાં છે. જેટલું મૂર્તિ સાથે સંલગ્નપણું થાય, એકતા થાય એટલા મહારાજ બિરાજમાન થતા જાય. દુઃખ-દોષ હટતા જાય. મૂર્તિનું સર્જન થયે બીજા તમામનું વિસર્જન થઈ જાય.

મૂર્તિને દેખવી તે કરતાં પણ મૂર્તિ સાથે સંલગ્ન થવું તે અનંતાનંતગણું અધિક છે. કારણ, મૂર્તિ સાથે સંલગ્નપણું થતું જાય તેમ તેમ આપોપું અને એકતા વધતી જાય. મુક્ત જ છું, મૂર્તિમાં જ છું એવી દૃઢતા થતી જાય. અહમ્-મમત્વ ટળે, અસ્તિત્વનો પ્રલય થતો જાય ને સ્થિતિ બંધાતી જાય. પછી જેટલો મૂર્તિનો આનંદ હોય તેટલો આપણો આનંદ થતો જાય. પરમ શાંતિ અને પરમ સુખ વર્તે. માત્ર મૂર્તિને અનુલોમ કે સન્મુખ દેખવાનો પ્રયાસ કરવાથી મૂર્તિ પ્રતિલોમ થતી નથી. પરંતુ નિમગ્નપણે જોડાયેલા રહેવાના સતત પ્રયાસથી જ મૂર્તિ પ્રતિલોમપણે પ્રસ્થાપિત થાય છે.

"મૂર્તિને નિશદિન સમરતાં, પૂરણ પાત્ર થવાય;
પુરુષોત્તમરૂપ પાત્ર બને તો જ, મૂર્તિનું સુખ પમાય."

માટે જ મહારાજ આપણને આ કીર્તનની પંક્તિ દ્વારા 'બંધુ'ના વ્હાલભર્યા શબ્દથી સંબોધી મૂર્તિમાં જોડાયેલા રહેવા આગ્રહ કરે છે.

બાપાશ્રી હરતાં-ફરતાં, દેહના વ્યવહારમાં તથા સંસાર-વ્યવહારમાં તો મૂર્તિની અખંડ સ્મૃતિ રાખી મૂર્તિમાં જોડાયેલા રહેવા આગ્રહ કરતા પરંતુ વિપરીત સંજોગ-પરિસ્થિતિમાં પણ અવિચળ ધ્યેયમાં અચલ રહી મૂર્તિમાં નિમગ્નપણે જોડાયેલા રહેવા અનુરોધ કરતાં ભલામણનાં વચન કહેતા.

મૂળીના ભગવત્સ્વરૂપદાસજી સ્વામી જેમણે બાપાશ્રીને નિકટથી જોગ-સમાગમ કરી સેવ્યા હતા. તેઓ બાપાશ્રીના રુચિ, અભિપ્રાયો અને આગ્રહોને પોતાના કરવા સતત યત્નશીલ રહેતા. એક વખત તેમને અવરભાવના શરીરમાં મંદવાડ થયો હતો તે વખતે તેઓએ બાપાશ્રીને પત્ર લખ્યો છે કે, "શ્રીજીમહારાજ અને આપની દયાથી કુશળ વર્તે છે. આપની કુશળતાનો પત્ર મુનિસ્વામીએ લખ્યો હતો તે વાંચી આપનાં દર્શન તુલ્ય આનંદ થયો છે. વળી તેમ જ લખવા કૃપા કરશો.

આપને એ વિનંતી છે કે કર્યું તો એક શ્રીજીમહારાજ ને આપના જેવા મુક્તનું જ થાય છે. મને મંદવાડમાંથી સુવાણ થતાં ગૂમડું નીકળ્યું છે. તે હજી તેમના તેમ છે પરંતુ કંઠના પડખાના ભાગમાં બીજું ગૂમડું નીકળ્યું છે. તે તો જેમ શ્રીજીમહારાજની અને આપની મરજી હશે તેમ જ થતું હશે, તેનું તો આપને કાંઈ કહેવાનું નથી. પણ એક શ્રીજીમહારાજ અને આપના વિના મને બીજે ક્યાંય વૃત્તિ નથી. શ્રીજીમહારાજની મરજીથી આ દેહનું જેમ થશે તેમ હું રાજી છું ને પ્રત્યક્ષ શ્રીજીમહારાજ અને એમના વિના બીજે ક્યાંય મારે વાસના રહે નહિ ને નિરંતર મહારાજને પોતાનું રૂપ માનતા થકા જેમ અનાદિમુક્ત મૂર્તિમાં રહ્યા છે તેમ જ હું પણ રહ્યો છું પણ રહેવું છે એમ નહિ; મૂર્તિમાં જ છું, છું ને છું જ એમ નિરંતર રહેવાય. રહેવું છે એમ થાય જ નહિ ને જેમ સમુદ્ર મધ્યે રહેલા વહાણના કાગને વહાણના સ્તંભનો જ આધાર છે તેમ અખંડ અનાદિ અને મૂર્તિ જ આધાર મનાય તે સિવાય બીજો આધાર ભૂલે પણ મનાય નહિ એ જ વિનંતી.

અમો સાધનિક છીએ, તેથી કોઈ વખતે આપની મરજી સચવાણી ન હોય તોપણ તે સામું જોતા નહીં. નિરંતર મૂર્તિમાં ભેળા રાખજો. દોષ સામું ન જોતા. સર્વે ઠેકાણેથી વાસના તોડાવી મૂર્તિમાં રહી મૂર્તિનું સુખ ભોગવાય એવી કૃપા કરશો એ જ દાસની વિનંતી છે."

સદ્. ભગવત્સ્વરૂપદાસજી સ્વામીએ પોતે સમર્થ હોવા છતાં સાધનિકને શીખવવા મંદવાડના સમયે પણ બાપાશ્રીને સુખની યાચના કરતો આવો પ્રાર્થનાપત્ર લખ્યો હતો. જેનો ઉત્તર બાપાશ્રીએ લખાવ્યો કે, "તમારો પત્ર વાંચી સર્વે વિગત જાણી છે. બીજું, મહારાજના આશ્રિતને દૈહિક દુઃખ આવે તેને શ્રીજીમહારાજ મટાડે ત્યારે મટે ને સાધુને દૈહિક દુઃખમાં રાજી રહેવું પણ તેને મટાડવાની ઇચ્છા ન રાખવી. શાંતિ ને સુખ તે તો

પ્રત્યક્ષ શ્રીજીમહારાજની મૂર્તિમાં ને સભામાં છે પણ બીજે ક્યાંય નથી. માટે પ્રત્યક્ષ શ્રીજીમહારાજની મૂર્તિને અને પ્રત્યક્ષ સભાને અહોનિશ સંભારજો. તે જ શાંતિનો ઉપાય છે. તમને મૂર્તિમાં રાખ્યા છે તેનો આનંદ રાખજો. મહારાજ અને મોટાને પોતાનું સર્વે સુખ પોતાના આશ્રિતોને આપવું છે તે જરૂર આપશે. તેમના આપણે ખરેખરા થઈ રહેવું. તે તમો તો એવા થયા જ છો.''

સદ્. ભગવત્સ્વરૂપદાસજી સ્વામી તો સમર્થ હતા. તેમને દેહના કોઈ ભાવો સ્પર્શતા નહોતા. નિરંતર મૂર્તિમાં નિમગ્નપણે જોડાયેલા રહેતા હોવા છતાં એક સાધનિકે મંદવાડમાં કેવી મહારાજમાં અખંડ સ્મૃતિ રાખવી, કેવી રીતે મૂર્તિમાં જોડાયેલા રહેવું અને મહારાજ અને મોટાપુરુષને કેવી નિષ્કામ પ્રાર્થના કરવી તે શીખવ્યું છે. બાપાશ્રીએ પણ દેહના દુ:ખને અવગણી અખંડ મૂર્તિમાં જોડાયેલા રહી મૂર્તિમાં જ રાખ્યા છે એ કોલનું મનન કરવાનો આગ્રહ દર્શાવ્યો છે. આવી રીતે બાપાશ્રી પ્રસંગોપાત્ત સ્વવર્તન દ્વારા કે ઉપદેશ દ્વારા મૂર્તિમાં નિમગ્નપણે જોડાયેલા રહેવાનો આગ્રહ દર્શાવતા.

બાપાશ્રી કહેતા, ''જેમ જેમ મૂર્તિમાં જોડાતું જવાય તેમ તેમ અનુભવજ્ઞાન આવતું જાય. ગૃહસ્થ અને ત્યાગીને એ કરવાનું છે... પૂરું તો સાક્ષાત્કાર અનુભવજ્ઞાન થાય અને મહારાજની મૂર્તિમાં જોડાઈ જવાય ત્યારે જ થાય.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૪૯

અર્થાત્ મૂર્તિમાં નિમગ્નપણે જોડાયેલા રહી અનુભવજ્ઞાન પામવું એ જ ત્યાગી-ગૃહીના જીવનનું એક લક્ષ્ય બનવું જોઈએ. એવો બાપાશ્રીએ આગ્રહ દર્શાવ્યો. મૂર્તિના સાક્ષાત્કારના લક્ષ્યને સિદ્ધ કરવા અખંડવૃત્તિ પ્રાથમિક ઉપાય છે.

''શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખવાથી બહુ મોટું કામ થાય છે અને મહારાજના આકારે થઈ જાય છે તેને ભાગવતીતનુ કહે છે એટલે મહારાજ પોતાની મૂર્તિમાં રાખે છે અને અપરિમ્ અપરિમ્ સુખ આપે છે.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૧૦૪

બાપાશ્રીના આવા આગ્રહોનું નિરંતર આંતર મનન-ચિંતવન કરતાં અખંડ મહારાજમાં જોડાયેલા રહેવાની ચેતના પ્રગટે છે. જેનાથી મૂર્તિસુખની તડપન જાગે છે. બસ, યેનકેન પ્રકારે કોઈ પણ સાધના કરીને પણ સાક્ષાત્કાર કરવાની લગની લગાડે છે. અંતરાત્માના તમામ આંદોલનો અને આંતર અવાજો અનુભવજ્ઞાન પામવા ભણી દોટ મૂકે છે. પરંતુ તેનો મંગલ પ્રારંભ તો અખંડ પ્રતિલોમપણે મૂર્તિના ચિંતવને કરી મહારાજમાં જોડાયેલા રહેવાથી જ થાય.

● **પ્રતિલોમપણે મહારાજમાં જોડાયેલા રહેવા શું કરવું ?**

૧. પ્રવૃત્તિરૂપ ન થવું. સેવા-પ્રવૃત્તિ દરમ્યાન વૃત્તિએ કરી પાછા વળેલા રહેવું. (કાર્ય-કારણનો વિચાર)

૨. સર્વે ક્રિયામાં મૂર્તિ મુખ્ય કરવી. 'બાથરૂમમાં પેસતાં આ મૂર્તિમાં પેઠા.' એ જ રીતે

‘ગાડીમાં બેસતાં મૂર્તિમાં બેઠા.’, ‘લિફ્ટમાં બેસતાં મૂર્તિમાં બેઠા.’ એવા વિચારો કરવા.

૩. સર્વે ક્રિયામાં પ્રતિલોમભાવે મહારાજને કર્તા કરવા. સ્નાન મહારાજ કરે છે, હરે છે, ફરે છે, જમે છે એમ સર્વે ક્રિયા મહારાજ કરે છે.

૪. હાલતાં-ચાલતાં પ્રતિલોમભાવમાં રહેવાય તેવાં કીર્તનો, મોટાપુરુષના અભિપ્રાયોનું મનન કર્યા કરવું.

૫. શ્રીજીમહારાજની પ્રતિમા મૂર્તિનાં દર્શન કરીએ ત્યારે આ જ મારું સ્વરૂપ છે એમ વિચારી મૂર્તિનું મનન કરવું. પ્રતિલોમપણે તે મૂર્તિ જોવી.

૬. પોતાનો દેહ ન જોતાં પોતામાં અને સૌમાં મૂર્તિનાં જ દર્શન કરવાં. એ જ આકાર, રૂપ વિઝ્યુલાઈઝ કરવા.

૭. મહારાજ અને મોટાપુરુષે નિરુત્થાનપણે મૂર્તિમાં જ રાખ્યા છે આ મોટાપુરુષના કોલનો જીવસત્તાએ સ્વીકાર કરવો.

### ૩. પ્રતિલોમ ધ્યાને મૂર્તિ સિદ્ધ કરવી :

સુખ અનુભવવું છે, સુખ પામવું છે, સુખ માણવું છે.

સુખપ્રાપ્તિની વાંછનામાં જગત આખું દોટ્યો દે છે.

સુખની ખેવના કરી દોડવા છતાં સુખની લકીર તો ન અનુભવાઈ બલ્કે જન્મોજન્મના દુઃખના ગંજ ખડકાતા ગયા; તેની પણ ખબર ન રહી.

તેમ છતાં કદી કોઈએ પોતાને કે બીજાને પ્રશ્ન પણ ન પૂછ્યો કે, શાશ્વત, સાચું અને અવિનાશી સુખ શામાં છે ? કેવી રીતે મળે ? હું જેમાં સુખ માની મંડ્યો રહું છું તે શું સાચું છે ?

અંતરના અવાજ તરફ કદીએ કાન માંડી સાંભળવા યત્ન કર્યો છે ?

ઘણું મોડું થઈ ગયું આ પ્રશ્ન પૂછવામાં.

તો હવે, સ્વજાગૃત થવાનો વખત આવી ગયો છે.

લૌકિક, હંબક સુખની ઈચ્છાઓને પરહરવાની જરૂર છે.

અંતર અવાજના બધા જ સૂર શાશ્વત સુખ ભણી પૂરવાના છે.

પરમાત્માના સતત ચિંતવનમાં લય પામવાનું છે.

મૂર્તિમાં જ છું, મહારાજ જ છે એવી અતૂટક અવસ્થાનું અતૂટક જાણપણું રાખવાનું છે.

પ્રતિલોમ ધ્યાને કરીને મૂર્તિનો સાક્ષાત્કાર પામવાની એક લગની લગાડવાની છે.

ત્યારે જ શ્રીજીમહારાજની મૂર્તિરૂપી સાચા સુખના ખજાનાનાં દ્વાર ખૂલે.

અનુભવજ્ઞાન પામી સ્થિતિનું સુખ આવે.

બાપાશ્રી અનુભવજ્ઞાન વિષે કહેતા, “મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લેવું તેને

અનુભવજ્ઞાન કહીએ. અને સુખનો અને મૂર્તિનો પાર ન આવે ને નવાં નવાં સુખ લીધાં કરે તે અનુભવજ્ઞાન છે, માટે અનુભવજ્ઞાન સિદ્ધ કરે એ જ મુક્ત કહેવાય.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૬૯

''જેમ જળ પોતે ઊંડું લઈ જાય છે તેમ પુરુષોત્તમનારાયણની ખુશબો છે તે જીવને ખેંચીને મૂર્તિમાં લઈ જાય છે. એ ખુશબો તે અનુભવજ્ઞાન જાણવું... મહારાજની મૂર્તિથી ઓરું અક્ષર પર્યંત સર્વે ખોટું થઈ જાય અને મહાપ્રભુજીની મૂર્તિમાં જોડાઈ જવાય એ અનુભવજ્ઞાન કહેવાય. માટે અનુભવજ્ઞાન સિદ્ધ કરીને મૂર્તિમાં રસબસ થઈ જવું.''

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૨૨

સદ્. બ્રહ્માનંદ સ્વામી શ્રીજી સંકલ્પ સ્વરૂપ જ હતા. તેમ છતાં અવરભાવમાં અવરભાવની રીતે સૌની સાથે રહેતા. એક વખત શ્રીહરિએ તેમને પોતાની સાથે રસબસપણે એકતા પામવાની પરભાવની સ્થિતિનો અનુભવ કરાવ્યો. ત્યારે તેમના મુખમાંથી સાનંદ શબ્દો સરી પડ્યા કે,

''સુંદર શ્યામ મનોહર સૂરત, મૂરત બેઉ સમાન;
બ્રહ્માનંદ થઈ છું રસબસ, દેખંતાં ગુલતાન.''

મૂર્તિમાં રસબસપણે જોડાવારૂપ અનુભવજ્ઞાનથી આવી સ્થિતિ શ્રીજીમહારાજ નિજ આશ્રિતને સહેજે કરાવતા.

● **અનાદિમુક્તની સ્થિતિ સમજવા માટે નીચેના શબ્દોને સમજવા અનિવાર્ય છે.**

**૧. રસબસ :** મુક્તો મહારાજની મૂર્તિમાં કેવી રીતે રહ્યા છે ? તે દર્શાવે છે. જેમ દૂધમાં સાકર રસબસપણે ભળી જાય છે તેમ અનંત મુક્તો મૂર્તિમાં રસબસપણે રહ્યા છે.

**૨. ઓતપ્રોત :** મુક્ત સંપૂર્ણ મહારાજમય થઈ ગયા છે. એટલે કે મુક્ત મૂર્તિમાં રહ્યા પછી દેખાવ, આકાર ને રૂપ મહારાજની મૂર્તિ જેવો બની જાય છે. માટે અનાદિમુક્તને એક મૂર્તિ જ રહે છે 'મહારાજ જ છે' એમ વર્તે છે.

**૩. તદ્રૂપ :** તદ્ એટલે મહારાજ અને રૂપ એટલે મહારાજ જેવું રૂપ અર્થાત્ અનાદિમુક્તોનું રૂપ મૂર્તિ જેવું જ છે, પુરુષોત્તમરૂપ જ છે.

**૪. તલ્લીન :** તલમાં જેમ તેલ રહ્યું છે તેમ મુક્ત મૂર્તિમાં રોમ રોમપણે લીન રહ્યા છે.

**૫. સાધર્મ્યપણું :** સાધર્મ્યપણું એટલે સરખાપણું અર્થાત્ અનાદિમુક્તોનો આકાર મહારાજ જેવો જ છે, પુરુષોત્તમરૂપ જ છે.

**૬. વિશિષ્ટાદ્વૈત :** વિશિષ્ટાદ્વૈત એટલે વસ્તુ બે અને દેખાવ એક. મહારાજ અને મુક્ત બે છે પરંતુ મુક્ત મૂર્તિમાં રહ્યા છે અને મહારાજ તેમને બહાર દેખાવા દેતા નથી. દેખાવ એક મહારાજનો જ રહે છે આવી મૂર્તિની વિશિષ્ટતા દર્શાવવા માટે.

**૭. પરમ સાધર્મ્યપણું :** પરમ સાધર્મ્યપણું એટલે સાધર્મ્યપણાથી મોટું નહીં. પરંતુ અનંત અનાદિમુક્તોને શ્રીજીમહારાજ પોતાની મૂર્તિમાં રોમ રોમપણે માંહી-બહાર સમગ્ર

મૂર્તિનું સુખ ભોગવાવે છે. તેમ છતાં બીજાને તેમનો આકાર દેખાવા દેતા નથી. એવું જે મૂર્તિનું અકળિતપણું તેને કહેવાય પરમ સાધર્મ્યપણું.

**૮. એકકાળાવિચ્છિન્ન :** અનાદિમુક્તો કલ્પે કલ્પ મૂર્તિમાં રહ્યા થકા સુખ ભોગવે છે. તેમને સુખની અખંડિતતા છે. તેથી તેઓ એકકાળાવિચ્છિન્ન મૂર્તિમાં રહી સુખ ભોગવે છે તેમ કહેવાય.

**૯. એકમેક :** કાપડમાં જેમ વાણા તાણાની એકતા છે તેમ મહારાજની ને મુક્તની એકતા છે અર્થાત્ બંને એકમેક છે.

**૧૦. સ્વામી–સેવકભાવ :** મહારાજ અને મુક્તની એકતા હોવા છતાં બંને અભેદપણે એકબીજા સાથે જોડાયેલા નથી. મહારાજ સુખના દાતા છે અને મુક્ત સુખના ભોક્તા છે. બંને વચ્ચે સ્વામી-સેવકભાવ છે. આમ, મહારાજ અને મુક્ત બેનું જુદાપણું અખંડ અને કાયમી રહે છે.

**૧૧. પુરુષોત્તમરૂપ :** અનાદિમુક્તોનું રૂપ સંપૂર્ણ મહારાજ જેવું જ છે અર્થાત્ તેઓ સંપૂર્ણ પુરુષોત્તમરૂપ છે.

આ શબ્દો પરભાવના છે. તેના અર્થ પરભાવનો માર્ગ સૂચવે છે અને એ માર્ગે ચાલવાથી પરભાવની દૃઢતા થાય છે. આ પરભાવના શબ્દો જે પરભાવના અનુભવી હોય તે જ સમજાવી શકે. બાપાશ્રીએ આ પરભાવવાચક શબ્દોના માત્ર અર્થ નહિ પરંતુ અનંતને તેવી રીતે મૂર્તિના સુખભોક્તા કરાવી અનુભવ કરાવ્યો છે. આ અનુભવીઓ કહે છે કે, ‘‘અનાદિમુક્તની સ્થિતિ છેલ્લી સ્થિતિ છે.’’

અખંડ સ્મૃતિ, ધ્યાન, સમાધિ, સાક્ષાત્કાર અને અનાદિમુક્તની સ્થિતિ એકબીજાથી ઉત્કૃષ્ટ છે. તેમની વચ્ચે ભેદ રહેલો છે.

પોતાના આત્માને બ્રહ્મરૂપ માની શ્રીજીમહારાજની દિવ્ય તેજોમય મૂર્તિને સન્મુખ (સામે) ધારીને ધ્યાન કરવું તેને અનુલોમ ધ્યાન કહેવાય. આ રીતથી ધ્યાન કરનાર પરમ એકાંતિકમુક્તની સ્થિતિ પામે છે. આ સ્થિતિ પામવાથી મૂર્તિના સંપૂર્ણ સુખભોક્તા થવાતું નથી. પોતાના આત્માને પુરુષોત્તમરૂપ માની શ્રીજીમહારાજની દિવ્ય તેજોમય મૂર્તિને પ્રતિલોમ ધારીને ધ્યાન કરવું તેને પ્રતિલોમ ધ્યાન કહેવાય. પ્રતિલોમ ધ્યાન એ જ ઉત્તમ ધ્યાન છે.

**ધ્યાન ચાર પ્રકારે થાય છે :**

**સાંગ :** વસ્ત્ર-અલંકાર વિનાની સાંગ મૂર્તિનું ધ્યાન.

**ઉપાંગ :** વસ્ત્ર-અલંકાર સહિતની મૂર્તિનું ધ્યાન.

**સપાર્ષદ :** મુક્તે સહિત શ્રીજીમહારાજનું ધ્યાન.

**સલીલ :** શ્રીજીમહારાજે કરેલી લીલાઓ સહિતનું ધ્યાન.

સાંગ મૂર્તિનું પ્રતિલોમ ધ્યાન એ સર્વશ્રેષ્ઠ છે. તેનાથી અનાદિમુક્તની સ્થિતિ

પમાય છે. અનાદિમુક્તની સ્થિતિ એ અધ્યાત્મ માર્ગની ચરમસીમા છે. એનાથી પર કોઈ સ્થિતિ નથી. એ સ્થિતિ પામ્યા વિના શ્રીજીમહારાજની દિવ્યાતિદિવ્ય મૂર્તિનો સાક્ષાત્કાર થતો જ નથી. શાશ્વત સુખની, આનંદની દિવ્યાનુભૂતિ થતી જ નથી. આવી અનાદિની સ્થિતિ જે પામે તે કેવું સુખ ભોગવે તેનો મહિમા વર્ણવતાં બાપાશ્રી કહેતા, “ભગવાનના મહિમાની, ભગવાનની મૂર્તિની, ભગવાનના સુખની અને સુખભોક્તાની અવધિ જ નહીં… શ્રીજીમહારાજની મૂર્તિમાં મુક્ત રહીને ક્ષણ ક્ષણ પ્રત્યે કોટાનકોટિ નવીન નવીન ઉત્પન્ન થતાં જે સુખ તેને ઉત્પન્ન થવાનાં સ્થાનક તેણે સહિત એકકાળાવિચ્છિન્ન એ સર્વે સુખને જાણતા થકા ભોગવે છે. તે મૂર્તિનો અને સુખનો પાર કોઈ પામી શકતા નથી. એવું એ મૂર્તિનું અકળપણું છે.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૩૨

બાપાશ્રી આ બ્રહ્માંડમાં અનેક જીવોને એકમાત્ર અનાદિમુક્તની સ્થિતિ પમાડવાના હેતુથી જ પધાર્યા હતા. તેથી તેઓ સભાપ્રસંગે કે કોઈ એકલદોકલ બેઠા હોય તેમને મહારાજનો, મૂર્તિના સુખનો અપરંપાર મહિમા કહેતા. એક જ કારણથી કે જીવને તેવી વાતો સાંભળી એવા સુખનું અનુભવજ્ઞાન પામવાની તલપ જાગે.

બાપાશ્રી મહારાજનો અને સુખનો મહિમા ગાતાં કહેતા, “શ્રીજીમહારાજના ગુણનો કે સુખનો કે મહિમાનો કે સ્વરૂપના જ્ઞાનનો પાર પમાય તેમ નથી. એ તો અપાર છે. તેનું દૃષ્ટાંત પણ દેવાય નહીં. કેમ જે દૃષ્ટાંત તો માયિક છે. અને મહારાજના ગુણ ને કર્મ તે સર્વે તો દિવ્ય છે. દિવ્ય વસ્તુને માયિક ઉપમા કે દૃષ્ટાંત દેવું પડે છે તે તો બહુ જ કંટાળો આવે છે પણ શું કરીએ ? જીવને સમજાવવા સારુ દાખલા આપીએ છીએ. જેમ લાખો-કરોડો ગાઉની મજલ હોય તેનો માર્ગ બતાવે જે આ દિશે માર્ગ છે, પણ તે સ્થાન તો ક્યાંય પડ્યું હોય, તેમ દિશ બતાવીએ છીએ પણ મહારાજનું સુખ તો અપાર છે અને મુક્તનું સુખ પણ અપાર છે. એ સુખની બ્રહ્મકોટિમાં કે અક્ષરકોટિમાં કોઈ ઉપમા દેવાય એવું નથી. એ મૂર્તિના સુખમાં પહોંચ્યા કેડે ધામનું સુખ તે શું ? અને મુક્તકોટિનું સુખ તે પણ શું ? એવું મૂર્તિનું સુખ છે. આ તો સાંસાગોટિલા કરો છો પણ જ્યારે એ ધામમાં લઈ જઈને મહાપ્રભુજીની મૂર્તિનું સુખ દેખાડીશું ત્યારે બીજાં સુખ નજરમાં જ નહિ આવે.”

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૭૯

બાપાશ્રીએ વાતોમાં પાને પાને મૂર્તિના સુખનો અપરંપાર મહિમા સ્વમુખે વર્ણવ્યો છે. જેનો અનુભવ પ્રતિલોમ ધ્યાને કરીને જ થાય છે. હવે જો આપણે એ સુખના અનુભવજ્ઞાની થવું હોય તો પ્રતિલોમ ધ્યાન કરવું ફરજિયાત છે. ગુરુવર્ય પ.પૂ. બાપજી તેથી જ વાસણા ખાતે થતી રવિસભામાં સભા પૂર્વે સૌને પ્રતિલોમ ધ્યાન કરાવતા.

પ.પૂ. સ્વામીશ્રીએ એક વખત પૂ. સંતોની સભામાં ધ્યાનનું મહત્ત્વ સમજાવતાં કહ્યું હતું કે, “જ્ઞાનની પરિપક્વતા એટલે ધ્યાન. જ્ઞાનની પૂર્ણતા એટલે ધ્યાન. જ્ઞાનની ચકાસણી એટલે ધ્યાન. અનુભૂતિ સુધી પહોંચવા માટેનું સાધન એટલે ધ્યાન.”

અનાદિમુક્તની સ્થિતિનું જ્ઞાન જાણવું એ માટલું બનાવવાની પ્રક્રિયા છે. કાચી માટીનું માટલું બન્યા પછી નિભાડામાં નાખીએ ત્યારે જ તે પરિપક્વ બને. ત્યારે જ તે પાણી ભરવાને લાયક બને છે. તેમ ધ્યાન નિભાડો છે. ચૈતન્ય ધ્યાનથી જ પરિપક્વ થાય. વાચ્યાર્થ જ્ઞાનની પરિપક્વતા માટે, પૂર્ણતા પામવા પ્રતિલોમ ધ્યાન ફરજિયાત છે. સ્થિતિ સુધી પહોંચવા માટે ધ્યાન સિવાય અન્ય કોઈ વિકલ્પ છે જ નહીં.

કારણ સત્સંગમાં ધ્યાનનું ખૂબ મહત્ત્વ છે. ધ્યાન એ કારણ સત્સંગની આગવી ઓળખ છે. કારણ કે કારણ સ્વરૂપ મળ્યું છે. હવે તે કારણ મૂર્તિનું ધ્યાને કરીને સુખ ભોગવવાનું છે, પામવાનું છે. માટે જ બાપાશ્રીએ ધ્યાનનો અતિશે આગ્રહ દર્શાવ્યો છે.

ધ્યાન કોનું અને શા માટે કરવાનું ? ધ્યાનનું મહત્ત્વ શું છે ? ધ્યાનની પૂર્વભૂમિકા શું છે ? ધ્યાન કેવી રીતે કરવું ? ધ્યાનમાં કયાં વિઘ્નો આવે ? તેને કેવી રીતે ટાળવાં ? ધ્યાન બાદ શું કરવું ? કોનો સહારો લેવો ? આ પ્રશ્નની સ્પષ્ટતા સાથે જે ધ્યાન થાય તેને જ હેતુપૂર્વકનું અને સમજણપૂર્વકનું ધ્યાન કહેવાય.

પ્રતિલોમ ધ્યાને કરી મૂર્તિ સિદ્ધ કરવા પ.પૂ. સ્વામીશ્રીએ જણાવેલ ઉપરોક્ત મહત્ત્વના પ્રશ્નોને જીવનમાં સ્પષ્ટ કરી સ્થિતિના માર્ગે આગળ વધીએ.

## ● ધ્યાન કોનું અને શા માટે કરવાનું ?

બાપાશ્રી કહેતા કે, ‘‘ધ્યાન તો પોતે શ્રી સહજાનંદ સ્વામી તથા શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજ એવા નામની પધરાવી છે તે મૂર્તિઓનું કરવું. તે મૂળ મૂર્તિ છે.’’ – શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૨

એક વખત મગનભાઈએ સદ્. ઈશ્વરસ્વામીને પૂછ્યું, ‘‘મહારાજની કઈ મૂર્તિ ધારવી ?’’ ત્યારે બાપાશ્રીએ કહ્યું, ‘‘તેજનો સમૂહ અધોઊર્ધ્વ પ્રમાણે રહિત ધારીને તેના મધ્યે શ્રીજીમહારાજની બે ચક્ષુવાળી ગમે તે મૂર્તિ ધારવી... અટકળથી ગમે તેવી મૂર્તિ તેજમાં છે તેમ નહિ પણ આકાર તો માંહી બે ચક્ષુવાળી મહારાજની મૂર્તિનો જ ધારવો.’’

મહારાજ અને મોટાપુરુષે આપણા અનંત જન્મનાં ખોટનાં ખાતાં વાળીને ચૈતન્યને વર્તમાન ધરાવી અનાદિમુક્તની પ્રાપ્તિ કરાવી છે. તેનું જ્ઞાન જાણી તેની માત્ર ચર્ચા કરવી તે કરતાં ધ્યેય તત્ત્વ એવી શ્રીજીમહારાજની મૂર્તિમાં પ્રતિલોમપણે સહજતાથી રહેવાય એ મહત્ત્વનું છે. પ્રતિલોમભાવની સહજાવસ્થા કેળવી પુરુષોત્તમરૂપ પાત્ર થવા ધ્યાન કરવું અતિ આવશ્યક છે.

શ્રીજીમહારાજ પણ ધ્યાન કરનાર પર રાજીપાવર્ષા કરી સુખ આપતા.

એક વખત સદ્. ગોપાળાનંદ સ્વામી રાત્રે આસનમાંથી ઊઠી ધ્યાન કરવા બેઠા. થોડી વારમાં તેમને શ્વેત, શીતળ, શાંત ને ઘાટો તેજનો સમૂહ દેખાવા માંડ્યો. નેત્ર ખોલીને જોયું તોપણ તેવું જ દીસતું હતું. ઘડીભર તેમણે તેજના સમૂહ સામું દૃષ્ટિ માંડી જોયું તો

તેજોમય શ્રીજીમહારાજ ઝડપથી આવી તેમની આગળ ઊભા રહી ગયા. સદ્. ગોપાળાનંદ સ્વામીએ અતિશે રાજી થઈ ચરણસ્પર્શ કરી પ્રાર્થના કરી, ‘‘મહારાજ, તમે બહુ દયા કરી દર્શન દીધાં.’’ મહારાજે કહ્યું, ‘‘સ્વામી, તમે ધ્યાન કરવા માંડ્યા એટલે અમે દોડતાં આવ્યા. ધ્યાન કરે તેમને અમે તુરત દર્શન દઈએ.’’ સદ્. ગોપાળાનંદ સ્વામી નિરંતર મૂર્તિના સુખમાં જ નિમગ્ન રહેતા હતા. પરંતુ સાધનિકને શ્રીજીમહારાજ ધ્યાનથી અતિશે રાજી થાય છે તેવું શીખવવા પોતે વર્તીને ધ્યાનની રીત શીખવી. માટે મહારાજના રાજીપાએ કરી સાધનમાત્રની સમાપ્તિ કરવા અવશ્ય ધ્યાન કરવું.

### ● ધ્યાનનું મહત્ત્વ શું છે ?

શ્રીજીમહારાજનું ધ્યાન કરતાં કરતાં જીવ જ્યારે તદાકારપણાને પામી જાય ત્યારે મહારાજ તેને પોતાની મૂર્તિમાં ખેંચી લે છે. જેમ સમુદ્રના જળની વેળ (મોજાં) સમુદ્રમાં ખેંચી લે છે તેમ જે ધ્યાન કરે તેને મુક્ત કરી મહારાજ પોતાની મૂર્તિમાં ખેંચી લે છે. પછી તેને અતિ અપાર અનહદ સુખના અનુભવ થાય છે. શ્રીજીમહારાજ સુખના સાગર છે. તે સુખમાં અનાદિમુક્ત ડૂબેલા રહે છે. એવા અનાદિ થવાની પાત્રતા કેળવવા ધ્યાન કરવું.

‘‘ધ્યાન કરવાથી વધે પાત્રતા ને; વધે સુખ સામર્થી પ્રકાશ રે.’’

ધ્યાન કરવાથી મહારાજના સુખને ઝીલવાની પાત્રતા વધે છે અને દેહભાવ ક્ષીણ થાય તથા અંતઃશત્રુ ટળતા જાય છે.

‘‘જપ, તપ આદિક સાધનથી કામાદિક શત્રુ ટળે નહિ અને ટાઢું પણ થાય નહીં. એ તો શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવાથી અંતરમાં ટાઢું થાય અને અંતઃશત્રુ વેરાભાઈની પેઠે નાશ થઈ જાય.’’

ચોરોના સરદાર વેરાભાઈ શ્રીજીમહારાજના યોગે પરમાનંદ સ્વામી નામે સાધુ થયા. કાંકરિયાની ચોરાશી વખતે લોલંગરબાવાનું લશ્કર જોઈ તેઓ તલવાર ઉગામી બાવાઓની સામે ઝીંક ઝીલતા હતા. તેમાં એક બાવાએ તેમનો કાન કાપી નાખ્યો. ખંડિત મૂર્તિ ત્યાગાશ્રમમાં ન શોભે. તેથી શ્રીજીમહારાજે તેમને ગૃહસ્થાશ્રમમાં રહી ભજન કરવા કહ્યું. પરમાનંદ સ્વામીમાંથી પાછા વેરાભાઈ બન્યા. તેમને ખૂબ પશ્ચાત્તાપ થયો. સદ્. ગોપાળાનંદ સ્વામીને પ્રાર્થના કરી માફી માગી. સ્વામીએ તેમને ધ્યાનની રીત શીખવી અને રોજ ધ્યાન કરવાની આજ્ઞા કરી.

વેરાભાઈએ આજ્ઞા મુજબ નિયમિત ધ્યાન શરૂ કર્યું. ધ્યાનના અભ્યાસે મહારાજનો સંબંધ થતો ગયો. મહારાજ આવીને બિરાજમાન થતા ગયા. એક દિવસ તેઓ ધ્યાન કરતા હતા. એ વખતે કાળી ડિબાંગ જેવી આકૃતિઓ શરીરમાંથી બહાર નીકળવા માંડી. વેરાભાઈએ તે આકૃતિને પૂછ્યું, ‘‘તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ?’’ ‘‘અમે કામ-ક્રોધાદિક અંતઃશત્રુઓ છીએ. અત્યાર સુધી તમારામાં રહેતા હતા. પરંતુ તમે ખૂબ ધ્યાન

કર્યું તેથી તમારામાં મહારાજ બિરાજમાન થયા. તેથી હવે અમે જઈએ છીએ.''

ધ્યાન એ દેહભાવ અને અંતઃશત્રુને બાળવાનો શ્રેષ્ઠ અને એકમાત્ર કીમિયો છે. બાપાશ્રી તેથી આગ્રહપૂર્વક કહેતા, ''ભગવાનના ભક્તને મુખ્ય તો એ કરવાનું છે જે મહારાજનું ધ્યાન અને પોતાના દેહના ભાવ વિસારી દઈને પુરુષોત્તમરૂપ થાવું ને શ્રીજીમહારાજની મૂર્તિમાં વળગી જવું.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૫૧

અધ્યાત્મ માર્ગમાં મૂર્તિસુખને પામવાની રાજા ચાવી એટલે ધ્યાન. બાપાશ્રી આ રાજા ચાવી અપનાવવા સભાપ્રસંગે ખૂબ આગ્રહ દર્શાવતા. જેમાં સૌથી વધુ ધ્યાન માટેનો આગ્રહ બાપાશ્રીએ જણાવ્યો હોય તો એ બાપાશ્રીની વાતો ભાગ-૧ની ૧૬૭મી વાર્તામાં. આવો, એ વાર્તાનાં અમૃતવચનો દ્વારા ધ્યાનના આગ્રહી બનીએ.

''પ્રત્યક્ષ મહારાજ ને મુક્ત મળ્યા માટે અખંડ શ્રીજીમહારાજની મૂર્તિ અંતર્વૃત્તિએ ધારવી, તે ધારતાં ધારતાં તેજમાં મૂર્તિ દેખાય ત્યારે જે કરવાનું છે તે કર્યું કહેવાય.''

બાપાશ્રીની કૃપાએ આ દિવ્ય કારણ સત્સંગનો યોગ થયો તથા સર્વોપરી મહારાજ ઓળખાણા ને પ્રત્યક્ષપણે તેમની પ્રાપ્તિ થઈ તથા મોટા મુક્તની પણ ઓળખાણ થઈ પરંતુ એ ઓળખાણ થયા પછી અર્થાત્ પ્રાપ્તિ થયા પછી શું કરવાનું છે ? એ બાપાશ્રી સમજાવી રહ્યા છે કે માત્ર પ્રાપ્તિથી પૂરું ન માની લેશો. પ્રાપ્તિ થયા પછી સ્થિતિ પામવા માટે મૂર્તિને અંતર્વૃત્તિએ અર્થાત્ પ્રતિલોમપણે ધારવાની છે. તે ધારતાં ધારતાં જ્યારે મૂર્તિમાં તદાકાર થઈ જવાય અર્થાત્ સ્થિતિ થઈ જાય ત્યારે ખરું કરવાનું છે તે કર્યું કહેવાય. આમાં બાપાશ્રી પ્રાપ્તિથી સ્થિતિ તરફ આગળ વધો ને તે માટે મૂર્તિને પ્રતિલોમ ધારવાનું કહી ધ્યાનનો આગ્રહ સેવે છે.

વળી, આગળ આ વાતમાં બાપાશ્રીએ હજુ કહ્યું છે...

''સત્સંગીને કથાવાર્તા કરવી તે તો ચારો છે પણ અખંડ મૂર્તિમાં રહેવું તે જ કરવાનું છે, એ તો નક્કી કરવું જોઈશે. જ્યારે મહિમાની વાતો કરીએ ત્યારે સૌને સારી લાગે અને ધ્યાન કરવાની વાતો કરીએ છીએ ત્યારે સૌ અટકી પડે છે, તે જેમ ઘવરાવવા લીધા હોય ને શું ? તેમ થઈ જાય છે, પણ એ તો જરૂરાજરૂર કરવું જોઈશે. મૂર્તિની વાત કરીએ ત્યારે જાણે વજ્ર કમાડ દીધાં.''

બાપાશ્રી અહીં કાર્ય અને કારણ તથા સાધન અને સાધ્ય આ બેનો સ્પષ્ટ ભેદ જણાવી, કારણ અને સાધ્ય સ્વરૂપ એવા સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં જોડાવા ધ્યાનનો અતિશે આગ્રહ જણાવે છે. બાપાશ્રી કહેતા કે, મૂર્તિસુખના માર્ગે આગળ વધેલા મુમુક્ષુ માટે ઉત્સવ, સમૈયા, મંદિરો, સ્થાન આ બધું તો કાર્ય છે જ પરંતુ મહારાજમાં જોડાવાનાં સાધન છે એ પણ સર્વે કાર્ય છે. બાપાશ્રી કાર્ય કરવા પાછળનું લક્ષ્ય સ્પષ્ટ કરાવી રહ્યા છે કે કાર્ય કારણમાં જોડાવા માટે છે. સાધન સાધ્ય સ્વરૂપમાં જોડાવા માટે છે. કાર્ય કે સાધન ગમે તેટલાં કરીએ પરંતુ જો કારણ સ્વરૂપમાં નિમગ્નપણે રહેતા ન આવડે તો સર્વે નિરર્થક

છે. મૂર્તિમાં રહેવાનું છે તે તો નક્કી કરવાનું છે ને તે કરવા માટે ધ્યાન કરવું અનિવાર્ય છે.

પરંતુ બાપાશ્રી અંતરનો વસવસો કરતાં કહેતા કે, અમે મહિમાની વાતો કરીએ તે ગમે છે, સારી લાગે છે. પરંતુ ધ્યાન કરવાની વાત હોય તેમાં કોઈને રુચિ થતી નથી. પરાણે પરાણે ને કરવા ખાતર ધ્યાન કરો છો. અવરભાવની કાર્યસંબંધી વાતમાં ને એ કરવામાં સૌને રસ પડે છે પરંતુ મૂર્તિની અને ધ્યાનની વાત કરીએ ત્યારે જાણે શિક્ષા આપ્યા જેવું આકરું લાગે છે પરંતુ દેહભાવની પીડાથી છૂટવું હશે ને પુરુષોત્તમના સુખે સુખિયા થવું હશે તો ધ્યાન કર્યા વિના છૂટકો નથી.

પ.પૂ. સ્વામીશ્રી પણ આવા જ આગ્રહ સાથે પોતાના અંતરનો વસવસો રજૂ કરતાં જણાવતા હોય છે કે, "અમારી પાસે કોઈ આ લોકની લૌકિક અપેક્ષાઓની માગણી કરે ત્યારે અમારા અંતરમાં ધ્રાસકો પડે કે આ અમારો ગરાગ નથી. ત્યારે અમને અંતરે ખૂબ દુઃખ થાય કે અમારે મૂર્તિ આપવી છે તો એ મૂર્તિના ગરાગ કોઈ નહિ થાય ?"

વળી, વાતમાં આગળ બાપાશ્રી જણાવે છે...

"જેમ છોકરો કુપાત્ર હોય તેને પોતાનો બાપ કહી કહીને થાકી જાય પણ કહ્યું કરે નહિ, તેમ કહી કહીને થાકી ગયા તોપણ ધ્યાન કરતા નથી. જ્યારે ગોદો મેલે ત્યારે બે ડગલાં ચાલે ને વળી પાછો ઊભો થઈ રહે, તે પંથ કેમ કપાય ? તેમ જ્યારે વાતો કરીએ ત્યારે જીવમાં શેડ્ય આવે ને થોડીક વાર ધ્યાન કરે ને પાછું મૂકી દે. જીવ શૂનકાર થઈ ગયો છે, તે માર્ગે જ ચાલતો નથી ને કોઠારું, ભંડારું, મહંતાઈ વગેરેમાં સારું લાગે, જે આપણા તડના ભંડારી કે મહંત થયા; પણ ધ્યાન કરવાની તો વાતેય નહિ ને તે કરવુંય નહિ પણ તે કર્યા વિના છૂટકો નથી. આ જોગમાં રહીને ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ નહિ કરે તો મહારાજના ને મોટાના ગુનેગાર થાશે."

બાપાશ્રી મૂર્તિના સુખમાં રાખવા પધાર્યા હતા. તેથી સ્વાભાવિકપણે તેમને મૂર્તિના સુખમાં રાખવાનો આગ્રહ હોય જ. પરંતુ આટલો બધો ધ્યાને કરી મૂર્તિના સુખના અનુભવી થવાનો આગ્રહ જણાવવા છતાં ધ્યાન ના કરે તેને બાપાશ્રી કુપાત્રની ઉપમા આપે છે તથા બેહકોર પશુની ઉપમા આપે છે. વળી, ધ્યાન કરવાની આપણને અંદરથી ઇચ્છા નથી થતી તેનું કારણ બાપાશ્રી જણાવે છે કે, જીવ શૂનકાર થઈ ગયો છે. વળી, જીવાત્માની શૂનકાર અવસ્થાનું કારણ પણ બાપાશ્રી જણાવે છે કે, આપણને કેવળ ઉદ્‌ઘોષ જ ગમે છે, આ લોકની લૌકિક પદવી, સત્તા, અધિકાર, માન-મોટપ આ બધું જ ગમે છે. જેથી મૂર્તિના સુખના માર્ગની દિશા પણ હાથમાં આવતી નથી. વળી, જેટલી લૌકિક ઉપાધિ વધુ એટલા દેહભાવના દોષોનું વળગણ પણ વધવાનું જ છે ને એમાં મૂર્તિમાં જોડાવાનો અભ્યાસ ન હોય માટે જીવ દિન-પ્રતિદિન વધુ ને વધુ શૂનકાર બનતો જવાનો ને દેહભાવના દોષોથી પિડાતો જ રહેવાનો. માટે એ પીડામાંથી મુક્ત થવા ધ્યાન કરો... ધ્યાન કરો... ધ્યાન કરો...

વળી, બાપાશ્રીએ આગળ વાતમાં કહ્યું,

“જો ધ્યાનનો આગ્રહ કરે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિ દેખાય ને સાક્ષાત્કાર થઈ જાય. અગર છ મહિનાની માંહે પણ મૂર્તિ સિદ્ધ થઈ જાય. આ દેહે શું ન થાય ? જે કરે તે થાય. બે મહિના ઠાકોરજીને ન જમાડીએ તો દેહ રહે નહિ, તે દેહ રાખવાનું જેટલું જતન છે તેટલું જો મૂર્તિનું જતન કરે તો મૂર્તિ સાક્ષાત્ થાય.”

બાપાશ્રી અહીં સ્પષ્ટ જણાવે છે કે મૂર્તિનું સુખ કોના માટે છે ? તો જેને મૂર્તિનું સુખ પામવાનો ખપ હોય તેના માટે જ છે. જો ખરેખર મૂર્તિનું સુખ જોઈતું હોય તો ધ્યાન કરવું જ પડે. કારણ, ધ્યાને કરીને જ પુરુષોત્તમના સ્વરૂપ સાથે રોમ રોમપણે એકતા થાય છે ને મૂર્તિના સુખનો અનુભવ થાય છે. વળી, મહારાજની મૂર્તિનું સુખ લેવું તે સાધને કરી કે દાખડે કરીને નથી મળતું; એ તો કેવળ કૃપાથી જ મળે છે. પરંતુ કૃપા પણ કોના ઉપર થાય ? તો, જે ધ્યાન કરવાનો ખપ કરે તેના ઉપર થાય છે ને બાપાશ્રીએ તો આશીર્વાદ જ આપી દીધા છે કે જો ખરો ખપવાળો થઈ ધ્યાન કરવા મંડી પડે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય. માટે આ કરો... આ કરો... ધ્યાન કરો... ધ્યાન કરો... બસ, બાપાશ્રીના આગ્રહને અનુસરી ધ્યાન કરવાના આગ્રહી બનીએ.

## ● ધ્યાનની પૂર્વભૂમિકા શું છે ?

એ.સી. ચાલુ કરતાં પહેલાં રૂમનાં બારી-બારણાં બંધ કરવાં પડે. લાડુ બનાવતા પહેલાં ઘઉં દળવા પડે. બહારગામ જતા પહેલાં યોગ્ય સામાન ભરવો પડે. આ કાર્યની પૂર્વભૂમિકા છે. તેમ ધ્યાન કરતાં પૂર્વે તેની પૂર્વભૂમિકા યથાયોગ્ય કરવી અતિ મહત્ત્વનું છે.

**૧. સમગ્ર દિવસ દરમ્યાન મૂર્તિનું સતત ચિંતવન કરવું.**

“કામકાજ કરતે રે, મૂર્તિમાં સૂરતી રાખો.
નિત્ય અભ્યાસે રે, વૃત્તિ અખંડ કરી નાખો.”

બાપાશ્રી કહેતા, “હાલનાર-ચાલનાર અને ક્રિયા કરનાર મહારાજ. પોતાને તો મૂર્તિમાં રહીને સુખ લેવું તેવી લટક શીખવી.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૪૮

દિવસ દરમ્યાન મહારાજના સ્વરૂપમાં વિશેષ અખંડવૃત્તિ કેવી રીતે રાખવી ? તે આગળના મુદ્દામાં વિસ્તૃત સમજ્યા. તે પ્રમાણે સતત મૂર્તિનું ચિંતવન થાય તો જ ધ્યાનમાં આગળ વધાય.

જ્ઞાનપ્રલય કરી અવરભાવની વિસ્મૃતિ કરવી અને પરભાવ પ્રસ્થાપિત કરવો.

ધ્યાનમાં બેસતા પૂર્વે પિંડ અને બ્રહ્માંડ બેયને સળગાવી દેવું. અવરભાવમાત્રની વિસ્મૃતિ કરી દેવી. સુષુપ્તિમાં જેવી પિંડ અને બ્રહ્માંડની વિસ્મૃતિ વર્તે છે તેવી જાગ્રતમાં વિસ્મૃતિ કરવી. એક મહારાજ જ છે અર્થાત્ મહારાજ સિવાય બીજું કશું જ નથી. અનાદિકાળથી દેહને જ પોતાનું સ્વરૂપ માની લેવાના અજ્ઞાનનો પ્રલય કરવો. હું દેહ

નથી, આત્મા પણ નથી. મહારાજ જ છે તેવું નિરુત્થાનપણે નક્કી કરવું. દેખાતો દેહાદિકનો ભાવ એ દેખાવામાત્ર છે.

પિંડ નથી તેમ બ્રહ્માંડ પણ નથી. તેની પણ વિસ્મૃતિ કેળવવી. સ્થળ-સ્થાનના, રાત્રિ-દિવસના ભાવ પણ ભૂલવાથી અવરભાવની વિસ્મૃતિ થતી જાય અને પરભાવ પ્રસ્થાપિત થતો જાય.

એક વખત સદ્. ગોપાળાનંદ સ્વામીએ સાથે રહેલા સંતોને પૂછ્યું, "આ ટાણે કેટલો વખત થયો હશે ?" સંતોએ કહ્યું, "હજી અડધી રાત જેવું લાગે છે." બીજા દિવસે બપોરના ટાણે એમ જ ફરી પૂછ્યું, "સંતો, આ ટાણે કેટલો વખત થયો હશે ?" "સ્વામી, અત્યારે બપોર થયા છે." સંતોનો ઉત્તર સાંભળી સદ્. ગોપાળાનંદ સ્વામીએ સંતોને પાસે બેસારી વાત કરી જે, "તમો તો મહારાજની મૂર્તિ અખંડ ધારો છો ને તમને બપોર કે રાતની કેમ ખબર પડી ? આ બધા આ લોકના ભાવ છે. આપણે શા વાસ્તે બપોર છે કે રાત તેનો નિર્ણય કરવો જોઈએ ?" સંતો સ્વામીની રુચિ સમજી ગયા. સંતોને થયું આપણી કાચપ સ્વામીએ ઓળખાવી. આપણે મહારાજ વિના રાત છે કે દિવસ તેવો નિર્ણય શા માટે કરવો જોઈએ ?

આવી રીતે સદ્. ગોપાળાનંદ સ્વામીએ મૂર્તિમાં નિમગ્નપણે જોડાયેલા રહેવા અવરભાવના ભાવની વિસ્મૃતિ કરવાનો આગ્રહ દર્શાવ્યો. બાપાશ્રી પણ કહેતા, "જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ ને સ્થૂળ, સૂક્ષ્મ, કારણ તથા ભૂત, ભવિષ્ય, વર્તમાન એ સર્વે કાળમાં મૂર્તિમાં રહેવું આ વાત સર્વેને માટે છે." - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૯૭

ઈ.સ. ૨૦૧૪માં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે પ.પૂ. સ્વામીશ્રી લંડન ખાતે વિચરણ કરી પરત પધારી રહ્યા હતા. વિમાની મુસાફરી દરમ્યાન મુંબઈ ખાતે હોલ્ટ હતો. આ દરમ્યાન પ.પૂ. સ્વામીશ્રીએ સાથે રહેલા સંતો-હરિભક્તોને પૂછ્યું, "એરપોર્ટ ઉપર શું છે ?" "સ્વામી, એરપોર્ટ ઉપર ઘણીબધી પબ્લિક આવે છે, જાય છે. તેમનો સામાન છે અને સામે ઘણી ચીજવસ્તુના સ્ટૉલ (દુકાન) છે."

પ.પૂ. સ્વામીશ્રીએ સંતો-હરિભક્તોને પરભાવ દૃઢ કરાવતાં કહ્યું, "ગઈ કાલે આપણે લંડન પણ નહોતા; આજે મુંબઈ પણ નથી અને બે કલાક પછી અમદાવાદ જવાના પણ નથી. આપણે સદાય પરભાવમાં જ છીએ. આપણો પરભાવ કદી ભુલાવો ન જોઈએ. અવરભાવમાં કોઈ પરાણે લાવે તો આવવું. એમાં કષ્ટ પડવું જોઈએ. આપણા મુખેથી પહેલો જવાબ પરભાવલક્ષી જ આવવો જોઈએ. આ એરપોર્ટ નથી; પરભાવ જ છે તો પરભાવમાં બધા મહારાજના મુક્તો જ હોય. સામાન કે સ્ટોલ કાંઈ ન હોય. અમને તો જ્યાં જોઈએ ત્યાં પરભાવમાં મહારાજનાં જ દર્શન થાય છે." આવી રીતે પ.પૂ. સ્વામીશ્રી રાત્રિ-દિવસ, સ્થળ-સ્થાનના ભાવ ટળાવી મૂર્તિમાં રહેવાની લટક શીખવે છે.

**૨. વ્યવહારને ગૌણ કરવો :**

અવરભાવનો વ્યવહારમાત્ર નાશંવત અને બંધનકારી છે. જ્યાં સુધી માયિક પ્રવૃત્તિના બહુ કુટારા હોય ત્યાં સુધી ભગવાનમાં પાટો ન ગોઠે, મૂર્તિમાં સ્થિર ન થવાય. ધ્યાન-ભજન કરવા ટાણે પ્રવૃત્તિના ચડેલા ફેર ખૂબ નડે માટે બાપાશ્રી વ્યવહારને ગૌણ કરવાનો ખૂબ આગ્રહ દર્શાવતાં કહેતા, ‘‘આપણે શ્રીજીમહારાજ પામવા છે. માટે બીજામાંથી ટૂંકું કરવું જોશે. જરૂર કરવું જોશે. તે વગર છૂટકો નથી.’’

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૪૩

અર્થાત્ બીજા વ્યવહાર ઓછા કરવા પડશે.

‘‘સેવા-ભક્તિ આદિક સાધન કરતાં ધ્યાન કરવું તે શ્રેષ્ઠ છે. જે ધ્યાન કરે તેને કોઈ વ્યવહારમાં જોડવા નહિ અને ધ્યાન કરનારે પણ કોઈ વ્યવહારમાં જોડાવું નહીં.’’

- શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૧/૨૦

રોહાના કુંવરજીભાઈને ધ્યાનમાં લગની લાગી તો તેમણે દીવાનપણું છોડી દીધું. પ.પૂ. સ્વામીશ્રી પ્રિ-મુમુક્ષુ બૅચના સભ્યોને ધ્યાનના માર્ગે આગળ વધવા વ્યવહારને ગૌણ કરવાનું માર્ગદર્શન આપતાં કહેતા હોય છે કે, ‘‘અનાદિમુક્તની સ્થિતિ પામવાનું આપણું લક્ષ પૂર્ણ કરવા હવે અવરભાવના બધા વ્યવહારથી પાછા વળી જાવ. નછૂટકે વ્યવહાર કરવો પડે તેટલો જ કરવો. લગ્નપ્રસંગે, પાર્ટી, ગરબા જેવા રજોગુણી વાતાવરણમાં જવાનું પણ ટાળો.

સત્સંગની સેવા-પ્રવૃત્તિ પણ વેગે સહિત ચોજાળા થઈને ન કરવી. કારણ, તેમાં ઈન્દ્રિયો-અંતઃકરણની ધારા સજાય છે. તેથી જ તો તે કરવામાં મજા આવે છે પણ એ મજા ધ્યાનના માર્ગે સજા બની જાય છે. માટે એવી કોઈ ક્રિયા-પ્રવૃત્તિ કે વ્યવહાર ન કરવા કે જે આપણા આંતરતંત્રને ડહોળી નાખે. અવરભાવનો વ્યવહારમાત્ર દુઃખ, ઉદ્વેગ, અશાંતિનું કારણ છે માટે જરૂર પૂરતો જ વ્યવહાર કરી, બાકીનો સમય ભજન-ભક્તિમાં રત રહેવું. એકાંતપ્રિય બનવું. બિનજરૂરી ભેગા મળી ટોળટપ્પા કરવા એવું પણ ન કરવું. જેટલા અવરભાવના વ્યવહારથી પાછા વળાય તેટલા જ મહારાજના સ્વરૂપમાં જોડાયેલા રહેવાય.’’

**૩. મહિમાકારે અને સુખાકારે થવું :**

કેવા મહારાજ મળ્યા છે અને કેવી પ્રાપ્તિ કરાવી છે તેના પ્રાપ્તિના કેફમાં મસ્ત રહેવું. મહિમાના પ્રભાવમાં દોષ દેખો ન દે અને આનંદ આનંદ વર્તે. ગાધડકાના ગોવિંદ મેરાઈ કપડાં સીવતાં સીવતાં પણ મહિમાના વિચારમાં ડૂબેલા રહેતા. મહિમાકારે થયા પછી સુખાકારે થવાની દૃષ્ટિ રાખવી. મહારાજનો મહિમા જાણ્યા પછી હવે એ સુખના અનુભવી થવું છે તેવો દૃઢ સંકલ્પ કરવો. મહારાજને વિષે અતિશે સ્નેહ પ્રગટાવવો અને સુખ પામવાની તત્પરતા જગાવવી.

**૪. ત્રાટક કરવું :**

ધ્યાનમાં બેસતાં પૂર્વે ત્રાટક કરી મૂર્તિને નિહાળવી અને પછી ધારવા પ્રયત્ન કરવો. અનિમેષ નજરે મૂર્તિનું ત્રાટક કરવાથી ભૂતકાળમાં જે કાંઈ આજ્ઞા બહારનું જોવાઈ ગયું હોય, વર્તાઈ ગયું હોય, તેના જે પાસ લાગ્યા હોય તે ટળે છે અને મહારાજને વિષે પ્રીતિ જન્મે છે, અહોભાવ થાય છે. ત્રાટક કરી મહારાજને ધાર્યા કરવાથી તે મૂર્તિ તદાકાર થઈ જાય છે અને પરભાવનો આનંદ આવે.

એક વખત સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામીના સાધુ પુરુષોત્તમપ્રિયદાસજી સિંહાસન સામે ઊભા રહી મહારાજની મૂર્તિના અનિમેષ નજરે દર્શન-ત્રાટક કરતા હતા. બાપાશ્રીની નજર સંત ઉપર પડતાં તેઓ નિકટ ગયા અને કહ્યું, ‘‘સ્વામી, આમ ને આમ મૂર્તિ સામું જોઈ રહેવું. મહારાજની મૂર્તિમાં એકવૃત્તિ થાય એટલે અલૌકિકભાવ આવે.’’

બાપાશ્રીના રાજીપાનાં વચન સાંભળી તેઓ મૂર્તિનાં અનિમેષ નજરે દર્શન કરતા હતા. ત્યારે મૂર્તિનાં તેજોમય દર્શન થયાં. બિલોરી કાચમાં અનંત રૂપ થયાં. અનંત મુક્તો એવા જ તેજોમય, એકબીજા સોંસરા સળંગ દેખાવા માંડ્યા. નેત્ર સજળ થઈ ગયા અને જળ પડવા માંડ્યું. પછી ‘હે... મહારાજ, હે... દયાળુ’ એમ ઉદ્‌ગારો સરી પડ્યા. ત્યારે બાપાશ્રીએ પૂછ્યું, ‘‘સ્વામી, મૂર્તિમાં સુખ કેવું છે ?’’ ગદ્‌ગદિત થઈ બોલ્યા, ‘‘બાપા ! બહુ દયા કરી આજ મને કૃતાર્થ કર્યો, ન્યાલ કર્યો. તમે આવા દયાળુ છો !’’ બાપાશ્રીએ કહ્યું , ‘‘સ્વામી, હવે સદાય આમ ને આમ રાખજો. ઘડીએ મૂર્તિ મૂકવી નહીં. ચકોર પક્ષી જેમ ચંદ્રમા સામું જોઈ રહે તેમ આપણે મહારાજ સામું જોઈ રહેવું.’’

બાપાશ્રીએ સંત મૂર્તિ સામું અનિમેષ નજરે ત્રાટક કરી દર્શન કરતા હતા તે જોઈ સહજમાં મૂર્તિ આપી દીધી. તેમ આપણે પણ ધ્યાન પૂર્વે બધી વિસ્મૃતિ કરી, વૃત્તિને એકાગ્ર કરી અનિમેષ નજરે મૂર્તિનું ત્રાટક કરીએ. તેનાથી મહારાજ અને મોટાપુરુષ રાજી થાય અને સહજમાં મૂર્તિનું સુખ આવે. માટે ધ્યાન પૂર્વે ૫-૧૦ મિનિટ પ્રાર્થના સાથે ત્રાટક અવશ્ય કરવું જ.

આ ઉપરાંત સમગ્ર દિવસ દરમ્યાન મહારાજમાં અખંડ જોડાયેલા રહેવાય એવી કીર્તનની પંક્તિઓનું ગાન કરવું, એવું શ્રવણ-વાંચન કરવું. સૌને વિષે પરભાવની દિવ્યદૃષ્ટિ કેળવવી. સાત્ત્વિક જીવન કરવું. બહારવૃત્તિ ટાળી આંતરમુખી થવું.

**● ધ્યાન કેવી રીતે કરવું ?**

શ્રીજીમહારાજની સાંગ મૂર્તિનું પ્રતિલોમ ધ્યાન સૌથી શ્રેષ્ઠ છે. પ.પૂ. સ્વામીશ્રી ધ્યાનની અદબ માટે કહેતા હોય છે, ‘‘સવારે બ્રાહ્મમુહૂર્તનો ૪થી ૭નો સમય ધ્યાન માટે સર્વોત્તમ છે. પ્રાતઃ ક્રિયાથી પરવારી નીરવ શાંતિ હોય તેવા સ્થળે સ્વસ્તિકાસનમાં અથવા સુખાસનમાં (પલાંઠી વાળીને) સીધા ટટ્ટાર બેસવું.

અનુભવીએ ધ્યાનની રીત શીખવતાં કહ્યું છે,

"સ્વસ્તિકાસન બૈઠ ઋજુ કાય કર; નાસિકાગ્ર કર પ્રાણ, મુસાફિર.
શ્વાસોશ્વાસ નાભિ સે રટન કર; સ્વામિનારાયણ નામ, મુસાફિર.
નખશિખ મૂર્તિ સળંગ દેખકર; ભૂલ દે તેરો ભાન, મુસાફિર.
રસબસ રોમ રોમ રાચકર; મૂર્તિ મેં ગુલતાન, મુસાફિર."

ધ્યાનની અદબમાં બેસી સૌપ્રથમ સ્થૂળ દેહની સ્થિરતા કેળવી નાભિમાંથી 'સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરી ઘાટ-સંકલ્પમાત્રનો વિરામ કરવો. ત્યારબાદ મહારાજની મૂર્તિનું પાંચ-સાત-દસ મિનિટ ત્રાટક કરવું. ત્રાટક દરમ્યાન મહારાજને ધ્યાનમાં સુખ આપવા ગરજુ-ભૂખ્યા થઈ આંતર પ્રાર્થના કરવી. મૂર્તિને ત્રાટક દરમ્યાન નિહાળીને આંખ બંધ કરી પ્રતિલોમપણે ધારવી.

'હું બેઠો છું' એ ભાવની વિસ્મૃતિ કરવી અને દેહનો પ્રલય કરી દેહના સ્થાને મહારાજની મૂર્તિ ધારવી. મને અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે. હવે મહારાજના મસ્તકમાં મારું (મુક્તનું) મસ્તક છે. મહારાજના હસ્તમાં મારા હસ્ત છે. એવી રીતે સર્વાંગ મહારાજનાં જ અંગ ધારવાં. આત્માને રહેવાનું સ્થાન પહેલાં દેહ હતો. હવે આત્મા દેહથી નોખો પડી ગયો છે. તેને રહેવાનું સ્થાન મૂર્તિ છે. હવે મહારાજ દૂર નથી, છેટા નથી, સિંહાસનમાં નથી. જ્યાં બેઠા છીએ ત્યાં, જેમ બેઠા છીએ તેમ પ્રતિલોમપણે મહારાજ જ છે એમ ધારવું.

બાપાશ્રીએ કહ્યું છે, "ધ્યાન કરતાં અકેકું અંગ દેખાય એ નેત્રની વૃત્તિએ જોવાય છે એમ જાણવું અને જ્યારે મૂર્તિમાં સંલગ્ન થવાય ત્યારે વૃત્તિ ન જાણવી; જીવસત્તાએ જોવાય છે એમ જાણવું."

એક દિવસના જૂજ અભ્યાસથી ધ્યાનમાં રોમ રોમપણે મૂર્તિ સાથે સંલગ્નતા થતી નથી. તે માટે નિયમિત સતત અભ્યાસ ધીરજ રાખી કર્યા કરવો. મહારાજ અને મોટાપુરુષે કૃપા કરી મને પોતારૂપ કરી મૂર્તિમાં જ રાખ્યો છે. આ વાતના નિરુત્થાનપણે નિશ્ચય સાથે ધ્યાન કરવું. સવારે ઊઠીએ ત્યારથી રાત્રે સૂઈ જઈએ ત્યાં સુધીની સર્વે ક્રિયામાં મહારાજ જ સર્વે ક્રિયા કરે છે તેવો સતત અભ્યાસ કરવો. એ જ સતત ધ્યાન બની જાય.

ધ્યાને કરીને મૂર્તિનો સાક્ષાત્કાર કરવો એ આપબળનું કે આપકળનું કામ નથી. તેથી મોટાને પ્રાર્થના કરવી. એ માટે બાપાશ્રી કહેતા, "જ્યારે ધ્યાન કરવા બેસવું ત્યારે મોટાને સાથે લેવા એટલે મૂર્તિ ધારતા કોઈ વિઘ્ન ન આવે તેવી સહાય માગવી. કેમ કે તેમનું જરૂર કામ પડે છે." – શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૩૨

સદ્. મુનિસ્વામી સમર્થ સ્થિતિવાળા હતા છતાં સાધનિકને શીખવવા વિનય વચને મૂર્તિસુખનો અનુભવ કરવા બાપાશ્રીને મનોમન પ્રાર્થના કરતા. ક્યારેક પ્રાર્થનાપત્ર લખતા, "આ દીન સેવકની વિનંતી-પ્રાર્થના સાંભળી વિશેષ કૃપા કરશોજી. હે

અનાદિમુક્તરાજ ! હું આપના કહેવા પ્રમાણે આજ્ઞામાં વર્તવાનો ને ધ્યાન કરવાનો ઉપાય કરું છું અને આપની કૃપાથી ધ્યાનમાં મૂર્તિનું સુખ પણ આવે છે. પણ મારું મન મૂર્તિમાં અખંડ રહે એવી દયા કરશોજી. અખંડ અનાદિમુક્તની સ્થિતિમાં રહેવાય એમ મૂર્તિનું અનુભવજ્ઞાન પામીને સંપૂર્ણ મૂર્તિનું સુખ ભોગવાય એવી દયા કરશોજી. જેમ આપ દયા કરીને મળ્યા છો તેમ દયા કરીને પૂરું કરશો. સદા મહારાજની મરજી પ્રમાણે વર્તાય એવી કૃપાદૃષ્ટિ સદા રાખશોજી. શ્રીજીમહારાજની મૂર્તિમાં તમારા ભેગો સદાય રાખશો અને મૂર્તિનું સુખ ભોગવાવશો જ. મુજ રાંક-કંગાલને કૃપાદૃષ્ટિએ જોશોજી ને જડ-ચૈતન્ય માયાના સંબંધ થકી રક્ષા કરશો ને મૂર્તિનું સુખ આવે તેવી દયા કરશોજી.'' આવી રીતે સાત પેજનો પત્ર સદ્. મુનિસ્વામીએ બાપાશ્રીને સુખ આપવા લખ્યો હતો જે કેવળ આપણને શીખવવા માટે જ. બાપાશ્રી સદ્. મુનિસ્વામીની આવી પ્રાર્થનાનો ઉત્તર કરતાં કહેતા, ''તમને તો મૂર્તિમાં મૂકી દીધા છે અને મહારાજ અને મોટા તમારી ભેગા જ છે. અણુ જેટલાય છેટા નથી. તમારા તો સંકલ્પ ચાલે છે. તમારું સામર્થ્ય તમારા સુખને અર્થે મહારાજે રોકી રાખ્યું છે.''

સદ્. મુનિસ્વામી તો સંકલ્પ સ્વરૂપ હતા. નિરંતર મૂર્તિના સુખમાં જ રાચતા તથા તેના અનુભવી હતા. તેમને અનાદિમુક્તની સ્થિતિનો અનુભવ માગવાનો ન હોય તેમ છતાં સાધકે મોટાપુરુષને કેવી પ્રાર્થના કરવી તેની રીત શીખવી છે તથા પોતે સ્વયં સિદ્ધ હતા તેમ છતાં કેવા આગ્રહપૂર્વક ધ્યાન કરવું તે પોતે વર્તીને શીખવતા.

સદ્. મુનિસ્વામી રોજ સવારે ત્રણ વાગ્યાથી ચાર વાગ્યા સુધી કલાક ધ્યાન કરતા તથા સાંજે ત્રણથી પાંચ બે કલાક લાકડાની ઘોડી ટેકવી પાટડીમાં ધ્યાન કરતા. બાપાશ્રી અંતર્ધાન થયા પછી બાપાશ્રીને રાજી કરવા બાપાશ્રીના આગ્રહ મુજબ ભૂજ સભામંડપના રજોટિયામાં બેસીને ધ્યાન કરતા. બે ઢીંચણ ઉપર નાના ઘંટુલાના પડ મૂકતા. ઉપર દોરી બાંધી તેની ચોટલીમાં ગાંઠ વાળતા. ચોવીસ કલાક નિર્જળા ઉપવાસ કરી ધ્યાનમાં બેસતા. બીજા દિવસે પરવારી પૂજા કરી, ફરી એ જ ક્રમમાં બેસતા. એમ બે બે દિવસ સળંગ રાત્રે સૂતા વિના ધ્યાન કરતા. ભૂજમાં બે વર્ષ સુધી રોજ છ કલાક ધ્યાનમાં બેસવાનો અભ્યાસ કર્યો હતો. આવી રીતે સદ્. મુનિસ્વામીએ સ્વવર્તન દ્વારા ધ્યાન કરવાનો અતિશે આગ્રહ દર્શાવ્યો છે.

બાપાશ્રી પણ કહેતા, ''શ્રીજીમહારાજને રાજી કરવા માટે એ દિવ્ય મૂર્તિનું ધ્યાન જરૂર કરવું પડશે.'' - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૯૯

બાપાશ્રીનો આવો આગ્રહ જોઈ હીરાભાઈએ આ વાતમાં જ પૂછ્યું, ''બાપા, ધ્યાન કરવા તો બેસીએ છીએ; તે થોડી વારમાં જાણે કેટલીય વાર થઈ ગઈ હોય તેવું લાગે. અંતરમાં આગ્રહ તો હોય પણ કલાકના કલાક બેસી શકાતું નથી એનું શું કારણ હશે ?''

બાપાશ્રીએ કહ્યું, ''મૂર્તિમાં જોડાવાનો ખરેખરો આગ્રહ નથી. આગ્રહ હોય તો ધ્યાનમાં

બેસાય. ધ્યાન કર્યા સિવાય છૂટકો નથી. એ તો જરૂર કરવું પડશે. તે જો ખરેખર આગ્રહ રાખીને ધ્યાન કરવા માંડે તો ત્રણે શરીર ટળી જાય ને મહારાજનો સાક્ષાત્કાર થાય.

બાપાશ્રીના ધ્યાન કરવાના આગ્રહ વાંચી-સાંભળીને માત્ર નેત્ર મીંચી બેસી રહેવાથી ધ્યાન સિદ્ધ થતું નથી. સિદ્ધિની સરહદને પાર ઊતરવા માર્ગમાં આવનાર વિઘ્નોને પિછાણવા પડે છે. તેને ટાળવાના ઉપાયમાં રહી આગળ વધતાં મંઝિલ સુધી પહોંચાય છે. તેમ ધ્યાનની સિદ્ધિ પામવા તેમાં આવનાર વિઘ્નોને ઓળખી ટાળવા પડે.

- **ધ્યાનમાં કયાં વિઘ્નો આવે ? તેને કેવી રીતે ટાળવાં ?**

ધ્યાનમાં ચાર વિઘ્નો આવે છે : લય (નિદ્રા, આળસ, પ્રમાદ); વિક્ષેપ (ઘાટ-સંકલ્પ); કષાય (રાગ-દ્વેષ); રસાસ્વાદ (પંચવિષયમાં પ્રીતિ).

**લય (નિદ્રા, આળસ, પ્રમાદ) :**

ધ્યાનમાં આવતી નિદ્રા, ઝોકાં, આળસ, પ્રમાદ એ નીરસતાનું પ્રતીક છે. અતિ આહાર કે તમોગુણયુક્ત આહાર કરવાથી ધ્યાનમાં વિશેષ ઊંઘ આવે છે. કાળીદાસભાઈએ ભાગ-૨ની ૭૮મી વાતમાં બાપાશ્રીને પ્રશ્ન પૂછ્યો કે, “બાપા, ધ્યાન-ભજન કરવા બેસીએ છીએ ત્યારે ઊંઘ આવે છે ને આળસ બહુ થાય છે. તેનું શું કારણ હશે ? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, મહિમાની કસર છે તેથી એમ થાય છે.”

શરીરરચનાનો એક સ્વાભાવિક ધર્મ છે કે મન જ્યારે વિચારોની નિવૃત્તિ લે છે ત્યારે આપમેળે નિદ્રા આવે છે. ધ્યાનમાં વિચારોને મહારાજના સ્વરૂપના ચિંતવનમાં રસપૂર્વક પ્રવૃત્ત ન કરીએ તો ઊંઘ આવવા માંડે છે. ક્યારેક તંદ્રાવસ્થા આવી જાય છે જે ઊંઘથી નજીકની અવસ્થા છે જેમાં હું જાગું છું એવા વિચારોમાં ધ્યાન પૂરું થઈ જાય તોપણ ખબર ન પડે. ધ્યાનના અંતે તેનું કોઈ જ પરિણામ ન મળ્યું હોય. સમયનો બગાડ થાય. માટે પ્રાથમિક ધોરણે વિચારોને સતત મહારાજના સ્વરૂપમાં જોડવા. ત્યારબાદ સહજાવસ્થામાં પ્રતિલોમભાવે મૂર્તિ ધારવી. બાપાશ્રીએ દર્શાવેલા ઉપાય મુજબ જે દિવ્ય મૂર્તિનું ધ્યાન કરી શાશ્વત સુખને પામવાનું છે ત્યારે મહારાજનો અતિશય મહિમા સમજી રસપૂર્વક ધ્યાન કરવું.

પ.પૂ. સ્વામીશ્રી ઉપાય દર્શાવતાં કહે છે, “તંદ્રાવસ્થા જેવું લાગે તો થોડી વાર નેત્ર ખોલી ત્રાટક કરવું. પ્રાપ્તિના કેફના વિચારો કરવા. અહોભાવમાં ડૂબવું. ધ્યાનનાં પદ બોલાતાં હોય તો જોડે બોલવાં. પરંતુ કોઈ પણ રીતે નિદ્રાને જીતવાનો ઉપાય કરવો તો મહારાજ કૃપા કરી ભેળા ભળે.”

શરીર પણ મશીન જેવું છે. માટે તેને યોગ્ય આરામ આપવો. જાગવાનું, પોઢવાનું, આરામ માટેનું યોગ્ય આયોજન કરવું. જોડે સાવધાની અને જાગૃતતા કેળવવી. ઉત્સાહથી મહારાજને રાજી કરવાના આગ્રહથી પ્રાર્થના કરી ધ્યાનમાં બેસવું.

**વિક્ષેપ (ઘાટ-સંકલ્પ) :**

મનનો ધર્મ છે ઘાટ-સંકલ્પ કર્યા કરવાનો. તે એક સેકન્ડ પણ નવરું રહેતું નથી. તેથી તેને માંકડાની ઉપમા અપાઈ છે. ધ્યાન કરવાના દૃઢ સંકલ્પે પ્રાર્થના શરૂ કરીને એક પંક્તિ પૂરી થાય ને બીજી પંક્તિમાં ક્યાંક ખોવાઈ જાય. કેટલોય વખત વીત્યા બાદ ખ્યાલ આવે કે અત્યારે ધ્યાનમાં બેઠા છીએ. પ્રાર્થના ચાલુ કરી હતી. વળી કેટલીય વાર કામના, વગર કામના જાત જાતના વિચારો સતત દોહરાતા રહેતા હોય છે.

લગામ વગર છૂટા મૂકેલા ઘોડાની માફક વિચારો પૂરપાટ દિશાહીન બનીને માનસમાં દોડતા રહે છે. તેથી ધ્યાનમાં મહારાજની મૂર્તિનું ચિંતવન થતું નથી. જે મૂર્તિના ચિંતવને તદાકાર, તદ્રૂપ, રસબસ થવાનું છે તે મૂર્તિની જ વિસ્મૃતિ થઈ જાય. નકારાત્મક વિચારોના રવાડે ચડી જવાય કે દોષાધ્યાન થાય તો અડધો કલાકના ધ્યાનના અંતે સુખ-આનંદ મળવાના બદલે ઉદ્વેગ-અશાંતિ ઊભા થઈ જાય.

બાપાશ્રી તેથી જ કહેતા, “મહારાજનું ધ્યાન ખટકો રાખીને કરવું, સંકલ્પરૂપી ગઠિયાનો વિશ્વાસ કરવો નહીં. ધ્યાન કરીને અંતર્વૃત્તિ કરીએ તો તેજ દેખાય ને તેજના ઝબકારામાં મૂર્તિ દેખાવા માંડે એટલે સભાએ સહિત મુક્તોથી બ્રહ્માંડ ઠસાઠસ ભરેલું છે એવી રીતે જોડાવું.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૫૬

“ઘાટ-સંકલ્પ જોઈને હારી જવું નહીં. મહારાજ ને મોટાને પ્રાર્થના કરવી ને મહારાજનાં વચન લોપાય નહિ તેમ વર્તવું... મહારાજ ને મોટાનો મહિમા સમજીને એમને વિષે દિવ્યભાવે જોડાવું. મોટા અનાદિને હાથ જોડે એટલામાં ઘાટ-સંકલ્પ થતા હોય તે બળી જાય.” - શ્રી અબજીબાપાશ્રીની વાતો : ૨/૫૫

જ્યારે ઘાટ થાય ને મનન કરે ત્યારે એનો સાક્ષાત્કાર થાય. માટે થતા ઘાટને જ દંડ દઈને કાઢી મૂકવો અને જેમ વિદ્યાર્થી ભણે છે ને ગોખે છે તે પાકું થઈ જાય છે તેમ મનન કરવાથી પાકા ઘાટ થઈ જાય છે, માટે ઘાટનું મનન કરવું નહીં. આપણને નબળા ઘાટનો અભાવ હોય તો મરેલા જાણવા અને હેત હોય તો જીવતા જાણવા. માટે ખબડદારી રાખવી.

પ.પૂ. સ્વામીશ્રી ઘાટ-સંકલ્પ ટાળવાનો ઉપાય દર્શાવતાં કહે છે, “ઘાટ-સંકલ્પ જોઈ મૂંઝાવું નહીં. એના ભેળા ભળવું નહીં. એને નોટિસ ન કરવા. સહેજ પણ ધ્યાન પર ન લેવા. એની સામે સાવજની જેમ પડકાર કરવો. નાભિમાંથી સ્વામિનારાયણ મહામંત્રનો જાપ કરવો. મોટાની સહાય માગવી તો ઘાટ-સંકલ્પ ટળી જાય.”

અનુભવીઓએ ઘાટ-સંકલ્પ ટાળવા વિષે કહ્યું છે : મન એ ઘાટ-સંકલ્પની ફેક્ટરી છે. તેમાં સતત નવા વિચારોનું ઉત્પાદન થયા જ કરે છે. કોઈ પ્રકારના જોડાણ વિનાના જરૂરી-બિનજરૂરી અનેક વિચારો આવે છે. ઘાટ-સંકલ્પને ટાળવા, ‘મને અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે. હવે મહારાજ જ સંપૂર્ણ કર્તા છે.’ વારંવાર આવો અભ્યાસ કરવાથી ઘાટ-સંકલ્પો ટળી જાય છે.

ઘાટ-સંકલ્પો ટળતાંની સાથે સહજભાવે મૂર્તિમાં જોડાઈ શકાય. મૂર્તિના સુખના આનંદની અનુભૂતિ કરી શકાય. માટે ખટકાપૂર્વક ઘાટ-સંકલ્પને ટાળતા થકા ધ્યાનનો અભ્યાસ કરવો.

**કષાય (રાગ-દ્વેષ) :**

અહમ્-મમત્વના રચાયેલા જાળામાંથી રાગ-દ્વેષનો જન્મ થાય છે. મનને ગમે તેવું, મનની અતૃપ્ત વાસનાઓનું જે વ્યક્તિ, પદાર્થ વડે પોષણ થાય તેમાં સહેજે રાગ થાય છે. મન જ્યારે પણ નવરું પડે ત્યારે જેમાં રાગ-આસક્તિ હોય તેના વિચારો સતત દોહરાવે છે. એ જ રીતે જેના પ્રત્યે અણગમો-દ્વેષભાવ વર્તતો હોય અથવા કોઈ પ્રતિપક્ષી કે અન્ય વ્યક્તિ સાથે ઉદ્વેગ થયો હોય, પરસ્પર ઉગ્ર બોલાચાલી થઈ હોય, આપણા અહંકારનું ઘર્ષણ થયું હોય તેવી વ્યક્તિ પરત્વે દ્વેષભાવ જન્મતો હોય છે. જે વારંવાર માનસમાં ઘુમરાયા કરે છે. કેટલીક વખત આ રાગ-દ્વેષના ભાવમાં ધ્યાનનો સમય વીતી જાય તોપણ ખ્યાલ ન રહે. ઉપરથી ધ્યાનમાંથી ઊભા થઈએ ત્યારે રાગ-દ્વેષ વધુ પાકા થયા હોય તેવું બનતું હોય.

લોજમાં તળાવને કાંઠે સદ્. મુક્તાનંદ સ્વામી ધ્યાન કરવા બેઠા હતા. તુંબડી બનાવીને તેને રંગેલી. પછી તેને સૂકવવા માટે તડકામાં મૂકેલી. સ્વામીને વારે વારે ચિંતા થતી કે રખે ને જો કાગડો તુંબડીને અભડાવશે તો નાખી દેવી પડશે. ધ્યાન બાદ શ્રીજીમહારાજે સ્વામીને પૂછ્યું, "સ્વામી, ધ્યાન રામાનંદ સ્વામીનું કર્યું કે તુંબડીનું ?" એમ કહી સર્વે સંતોને રાગ રહિત થઈ ધ્યાન કરવાની આજ્ઞા કરી. સદ્. મુક્તાનંદ સ્વામી સમર્થ હતા પણ પોતાના મિષે આપણને શીખવ્યું કે કોઈ વસ્તુ પ્રત્યે રાગ ન રાખવો.

બાપાશ્રી કહેતા, "મૂર્તિમાં જોડાયો નથી ત્યાં સુધી બીજે હેત થઈ જાય છે ને ખોટા ઘાટ પણ થઈ જાય છે. માટે બીતા રહેવું જે મહારાજ વિના જો ખોટો ઘાટ થાશે તો જન્મ ધરવો પડશે. મૂર્તિનું ધ્યાન કરતા હોય તેમાંથી વાસના બહાર લાવે છે. માટે પુરુષોત્તમરૂપ થઈને ધ્યાન કરવાનો આગ્રહ રાખે તો વાસના કુંઠિત થાય."

અવરભાવના વ્યક્તિ-વસ્તુ-પદાર્થ બધું નાશવંત છે તથા જે કાંઈ ઘટના બની છે તે બે ઘડીનો ખેલ છે. આ બધાને સાક્ષીભાવે જોવાનો અને સર્વેથી અલિપ્ત રહેવાનો અભ્યાસ કરવાથી રાગ-દ્વેષ ટળે.

**રસાસ્વાદ (પંચવિષયમાં પ્રીતિ) :**

રસને વિષે જિહ્‌વાની આસક્તિ અને પંચવિષયમાં પ્રીતિ મનમાં સતત તેનું જ ચિંતવન કરાવે છે. કોઈ મનભાવતી વસ્તુ જોયા પછી આંખ બંધ થાય અને જમવાનું ભજન થાય. એ જ રીતે કામીને સ્ત્રીનું ચિંતવન થાય. લોભીને દ્રવ્યનું ચિંતવન થાય છે. તેમાંય વિશેષ કરીને રસને વિષે જિહ્‌વાની આસક્તિ વિશેષ નડે છે. તેથી જ બાપાશ્રીએ વાતોમાં વિશેષ રસાસ્વાદમાંથી પ્રીતિ ટાળવાની વાત કરી છે જે આપણે વર્તનલક્ષી આગ્રહમાં જોઈ. તે

પ્રમાણે આગ્રહપૂર્વક રસાસ્વાદ ટાળીએ.

ધ્યાનમાં સફળતા મેળવવા આ ચાર વિઘ્નોને ઓળખી તેને ટાળવાના ઉપાય કરવા તો મહારાજ અને મોટાપુરુષ જરૂર ભેળા ભળી ધ્યાન સહજ કરાવે અને મૂર્તિસુખના અનુભવ કરાવે.

**● ધ્યાન બાદ શું કરવું ?**

ધ્યાનમાંથી ઊભા થયા બાદ પણ નિરંતર મહારાજની મૂર્તિમાં સંલગ્નપણે જોડાયેલા રહેવું. અર્થાત્ ધ્યાનમાંથી ઊભા થયા બાદ પણ સર્વે ક્રિયામાં મહારાજની મૂર્તિનું જ ધ્યાન રાખવું. બાપાશ્રી કહેતા, ‘‘ધ્યાનની લટક એવી શીખવી જે મહારાજની મૂર્તિમાં હું છું અને બોલે છે, ચાલે છે, તે તો મહારાજ કરે છે એમ સમજવું પણ તે કૃપા વિના થાય નહીં.’’

**● ધ્યાનમાં કોનો સહારો લેવો ?**

માત્ર ધ્યાનની લટક શીખી ધ્યાન કરવાથી મૂર્તિમાં રસબસપણે જોડાવાતું નથી. તે માટે પણ મોટાપુરુષની કૃપા, એમનો રાજીપો જોઈએ જ; તો જ ધ્યાન થાય અને મૂર્તિમાં રસબસપણે તો જ જોડાવાય.

સોમચંદબાપાને બાપાશ્રીએ દિવ્યભાવે મહારાજ સાથેની એકતાની ઠાવકી ઘેડ્ય પડાવી. કાંટો કઢાવવાની લીલા કરીને દેહભાવનો કાંટો કાઢી નાખ્યો. તેઓ ઉતારે આવી બાપાશ્રી સાથે બનેલા આ પ્રસંગનું મનન કરતા હતા. એ વખતે બાપાશ્રીએ દિવ્ય સ્વરૂપે તેજોમય દર્શન આપ્યાં. બાપાશ્રીએ કહ્યું, ‘‘સોમચંદભાઈ, આ નોટ સાચી છે. સહી-સિક્કા જોવાનું કામ નથી.’’ બાપાશ્રીએ તેમની ઉપર દિવ્યદૃષ્ટિ રેલાવી કૃપાવર્ષા વહાવી. દેહભાવ ભુલાઈ ગયો અને મહારાજની મૂર્તિના સુખમાં રસબસભાવે જોડાઈ ગયા. રોમ રોમ મહારાજની દિવ્ય મૂર્તિના સુખનો અનુભવ થવા લાગ્યો. ‘ઊલટી પલટ્યું આપ’ - એ ન્યાયે ઉત્તમ પારસના યોગે પારસ બન્યા.

બાપાશ્રીએ વહાવેલી આ કૃપા પછી સોમચંદભાઈનું સ્વરૂપાંતર થઈ ગયું. રસબસભાવે શ્રીહરિની દિવ્ય મૂર્તિમાં જોડાઈ ગયા. ધ્યાનમાં અને ધ્યાન વિના પણ મૂર્તિના સુખના દિવ્ય નવા અનુભવ થવા લાગ્યા.

શ્રીહરિ મિલન પહેલાંની સરયૂ નદી વિરહિણી હતી. તેનું બુંદે બુંદ શ્રીહરિને ઝંખી રહ્યું હતું. જ્યારે શ્રીહરિ સાથે રોમ રોમપણે એકતા થયા પછીની સોમચંદભાઈરૂપી સરયૂ નદી ‘અઢારે કોઠે ટાઢી’ થઈ. તેમાં જે કોઈ સ્નાન કરે તેને પણ મૂર્તિના સુખનો અનુભવ થતો. તેમ બાપાશ્રીની કૃપાએ સોમચંદભાઈ સ્વયં સુખિયા તો થયા પરંતુ અનંતને સુખનાં દાન દેનારા સમર્થ થયા.

માટે ધ્યાનરૂપી પુરુષાર્થની સાથે મોટાપુરુષની કૃપારૂપી નાવ જોઈએ જ; તો જ અધ્યાત્મ સાગર પાર કરી મૂર્તિરૂપી કિનારા સુધી પહોંચાય.

ડૉ. નવીનચંદ્ર રણજિતલાલ શેલત. જેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીના યોગમાં આવ્યા

પૂર્વે મોટા મંદિરે રંગમહોલના ઘનશ્યામ મહારાજ આગળ બેસી રોજ ધ્યાન કરતા. તેમ છતાં મૂર્તિના સુખનો કોઈ અનુભવ થતો નહોતો. એક દિવસ ગુરુવર્ય પ.પૂ. બાપજી પધાર્યા અને પૂછ્યું, "શું કરો છો ?" ગુરુવર્ય પ.પૂ. બાપજીની દિવ્ય પ્રતિભા જોતાં જ તેમને સાચા સત્પુરુષ તરીકેની પ્રતીતિ થઈ ગઈ. તેથી કગરીને પ્રાર્થના કરી, "ધ્યાન કરું છું. ધ્યાનમાં મૂર્તિ ધારવા ઘણા પ્રયત્ન કરું છું પણ મૂર્તિ દેખાતી નથી. માટે દયા કરો." ત્યારપછીનો તેઓ સ્વાનુભવ વર્ણવતાં કહેતા, "માથકના કલ્યાણસંગજીભાઈ દસ દસ કલાક ધ્યાનમાં સુખ માટે મથતા છતાં સુખનો કોઈ અનુભવ થતો નહોતો. બાપાશ્રીની કૃપાએ જ ધ્યાનમાં મૂર્તિ દેખાવા માંડી. તેવી જ પરિસ્થિતિનું સર્જન મારા જીવનમાં થયું. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મારી પર કૃપા કરી પ્રતિલોમપણાની લટક શીખવી. આશીર્વાદનો ધબ્બો મારી કૃપા વહાવી એ દિવસથી મને ધ્યાનમાં મહાપ્રભુની દિવ્યાતિદિવ્ય મૂર્તિનાં તેજોમય દર્શન થવા લાગ્યા. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મારી ધ્યાનરૂપી સાધનાનું સહજમાં ફળ આપ્યું."

ધ્યાનમાં મૂર્તિનું સુખ પામવા માટે મોટાપુરુષની કૃપાની જરૂર પડે જ. માટે નિરંતર મોટાપુરુષને પ્રાર્થના કરવી. તેમના રાજીપામાં વર્તી કૃપાની યાચના કરવી. આપણા માટે અતિ અતિ આનંદની અને અતિ અતિ કૃપાની વાત છે કે વ્હાલા પ.પૂ. સ્વામીશ્રીનું આ બ્રહ્માંડમાં અનાદિમુક્તની સ્થિતિ કરાવવા જ પ્રાગટ્ય છે. શ્રીજીમહારાજનો પ.પૂ. સ્વામીશ્રી દ્વારા અનાદિમુક્તની સ્થિતિ કરાવવાનો પ્રચંડ સંકલ્પ છે. વર્તમાન સમયે આ સંકલ્પ સોળે કળાએ ખીલી રહ્યો છે.

"મૂર્તિમાં રાખવાનું બિરદ, શ્રીજીનું ખાસ જણાય;
દાસાનુદાસ વિનવે કર જોડી, થીજવા મૂર્તિમાંય."

પ.પૂ. સ્વામીશ્રી જ્ઞાનસત્રો કે આદર્શ પ્રૉજેક્ટની સભામાં સ્થિતિ કરાવવાનો પ્રબળ સંકલ્પ રજૂ કરતાં કહેતા હોય છે કે, "તમે ભલે દેહભાવનાં ખંભાતી તાળાં મારીને બેઠા હોય પરંતુ આ ફેરે અમે દેહભાવના ચૂરેચૂરા ઉડાડીને મૂર્તિસુખનો અનુભવ મહારાજ કરાવશે જ. તમને ખબરેય નહિ પડે. આ વખતે તમારા દેહભાવનું તેલ કાઢી નાખવું છે.

અમારે આ ફેરે અનાદિમુક્તની સ્થિતિના પાતાળમાં પાયા નાખવા છે. અમને રાત્રિ-દિવસ આ જ સ્વપ્નાં આવે છે. આ સંકલ્પ માટે થઈને જ શ્વાસ ચાલુ છે. બાપાની વખતમાં સ્થિતિવાળા મુક્તો હતા તેવા અત્યારે સર્જવાનો મહારાજનો સંકલ્પ છે. આ વખતે સંકલ્પમાં જે ભળી જશે તે ફાવી જશે. સહજમાં સ્થિતિ થઈ જશે. અભી નહિ તો કભી નહીં. જો આ ફેરે તક ગુમાવી તો પછી ક્યારેય સ્થિતિ નહિ થાય. માટે ખપવાળા-ગરજુ થઈ રોજ અડધો કલાક, કલાક હેતુપૂર્વક ધ્યાન શરૂ કરો. વ્હાલો કૃપા વહાવવા તત્પર છે."

ગુરુવર્ય પ.પૂ. બાપજી પ.પૂ. સ્વામીશ્રીના આ સંકલ્પની પ્રબળતા અંગે વાત કરતાં કહેતા કે, "આ ફેરે સ્વામી ચશ્માંનું બૉક્સ તોડી ચશ્માં પહેરાવીને અને દૂધની કોથળી

તોડી દૂધ પાઈને રહેશે અર્થાત્ દેહભાવ તોડી મૂર્તિસુખનો અનુભવ કરાવીને જ રહેશે.''

એક વખત વાસણા ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે એક અન્ય સંસ્થાના પાર્ષદ દર્શને આવ્યા. દર્શન કરી પ્રાર્થના કરતાં કહ્યું, ''બાપજી, મારે બીજું કાંઈ જોઈતું નથી. મારે મૂર્તિનું સુખ જોઈએ છે. હું ઘણે ફર્યો પણ મને હવે નક્કી થઈ ગયું છે. મારે જે જોઈએ છે તે મૂર્તિનું સુખ અહીંથી જ મળશે. માટે કૃપા કરી આપો.''

એ વખતે પ.પૂ. સ્વામીશ્રી બાજુમાં બિરાજ્યા હતા. તેમની તરફ અંગુલીદર્શન કરતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''સાંભળો ભગત, આ સ્વામી મૂર્તિનું સુખ આપવા જ પધાર્યા છે. માટે એમને ચોંટી પડો. એ જેમ કહે તેમ કરશો તો સુખિયા કરી દેશે.''

આવા કેટલાય મુમુક્ષુ સાચા સત્પુરુષની શોધમાં હોય છે. તેમને પ.પૂ. સ્વામીશ્રી મળી જાય એટલે પોતાના જીવનમાં એક મૂર્તિના સુખને પામવા માટે જ જીવિતવ્ય જીવવા તત્પર થઈ જાય છે.

વર્તમાન સમયે પ.પૂ. સ્વામીશ્રી સૌ સમાજને ધ્યાન કરાવી સ્થિતિના માર્ગે આગળ લઈ જવા અતિ અધીરા બન્યા છે. તેથી સાધકની પાત્રતાનુસાર નવાં નવાં આયોજન કરે છે. ધૂનના પાંચ ટ્રેક દ્વારા ધ્યાન કરાવે, નવા નવા ધ્યાનના પદોની રચના કરી જાતે ધ્યાન કરાવે. બસ, એક જ આગ્રહ જલદી જલદી જોગમાં આવનારને સ્થિતિના અનુભવી કરવા છે. આ માટે થઈને જ સ્વામિનારાયણ ધામ પર 'ધ્યાનકુટિર'નો પ્રારંભ કરાવ્યો. જેમાં પૂ. સંતો તથા યુવા-વડીલ સમાજ ત્રણ દિવસ સળંગ ધ્યાને કરી સ્થિતિના માર્ગે આગળ પ્રયાણ કરી રહ્યા છે.

બાપાશ્રી કહેતા, ''આ જોગમાં રહીને ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ નહિ કરો તો મહારાજ ને મોટાના ગુનેગાર થાશો.'' વર્તમાન સમયે બાપાશ્રીના સંકલ્પને પૂર્ણ કરવા અધિકાધિક દાખડો પ.પૂ. સ્વામીશ્રી કરી રહ્યા છે. હવે જો આપણે ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ નહિ કરીએ તો બહુ મોટા ગુનેગાર થઈશું. પ.પૂ. સ્વામીશ્રી સુખ આપવા જ પધાર્યા છે. તેમના દ્વારા અનાદિની સ્થિતિ કરાવવાનો મહારાજનો સંકલ્પ છે. જે મુમુક્ષુ ભૂખ્યા અને ગરજુ થઈ તેમના સંકલ્પમાં સાથે ચાલે તે ખાટી જાય.

**માટે હવે બાપાશ્રીના સ્થિતિલક્ષી આગ્રહને પૂર્ણ કરવા પ્રતિલોમ ધ્યાન સિદ્ધ કરવા આટલું અવશ્ય કરવું.**

૧. કાર્યપ્રધાન મટી કારણપ્રધાન બનવું અર્થાત્ વ્યવહારને ગૌણ કરી મહારાજને મુખ્ય કરવા.
૨. બહારવૃત્તિ ટાળી આંતરમુખી જીવન કરવું. સંયમી બનવું.
૩. પંચવિષયમાંથી પ્રીતિ ટાળી મહારાજમાં પ્રીતિ કરવી.
૪. મોટાપુરુષના વચનમાં વિશ્વાસ રાખી 'હું અનાદિમુક્ત જ છું' એ વાતની ઠાવકી ઘેડ્ય પાડવી.

૫. ધ્યાનમાં સ્થિરતા કેળવવા પૂર્વભૂમિકા રૂપે ત્રાટક કરી મૂર્તિ પાકી કરવી.
૬. ધ્યાન પૂર્વે મહિમાકારે અને સુખાકારે થવું.
૭. હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં સર્વે ક્રિયામાં ‘મહારાજ જ છે’ એવી પ્રતિલોમપણાની લટકનો અભ્યાસ કરવો.
૮. આસન સિદ્ધ કરી પ્રતિલોમ ધ્યાનનો સવિશેષ અભ્યાસ કરવો. ધ્યાનપ્રિય બનવું.
૯. મોટાપુરુષના રાજીપામાં રહી તેમની સાથે જીવ જોડી કૃપાના પાત્ર બનવું.

●●●



# 3 બાપાશ્રી વિષેના અભિપ્રાય અને અનુભવ

આકાશના તારાઓને ગણી શકાય ? ના. કારણ, અનંતાનંત છે. સમુદ્રનો તાગ મેળવી શકાય ? ના. કારણ, અમાપ ને અગાધ છે.

પ્રકૃતિના રહસ્યોને વિજ્ઞાન પણ જાણી શકવા સમર્થ નથી. પ્રકૃતિના કાર્યને કળી શકાતું નથી. તો પછી પ્રકૃતિથી અનંતગણા પર અક્ષરાતીત સનાતન ભગવાન સ્વામિનારાયણને તો ઓળખી જ ક્યાંથી શકાય ? વળી, એમના સંકલ્પથી આ બ્રહ્માંડમાં પધારેલા સંકલ્પમૂર્તિ એવા જીવનપ્રાણ અબજીબાપાશ્રીને ક્યાંથી ઓળખાય ? તેમને ઓળખવા કે અનુભવવા એ જીવની કક્ષા બહારની વાત છે.

સદ્. નિર્ગુણદાસજી સ્વામી કહેતા જે, “બાવો મોટો અને મઢી નાની. તે બાવો મઢીમાં શી રીતે સમાય ?!” તેમ આ જીવ મઢીને (ઝૂંપડીને) ઠેકાણે છે તે નાનો અને શ્રીજીમહારાજનો અને મહારાજના ધામમાંથી આવેલા મુક્તોનો મહિમા અતિ મોટો તેને જીવ શું સમજી શકે ?

બાપાશ્રી એટલે કોણ ? એ કેવા ? તેનો અભિપ્રાય કે પ્રમાણ જગતના દેહધારી જીવ ક્યાંથી આપી શકે ? એ તો સ્વયં શ્રીજી સ્વપ્રમાણથી જ તેમનો મહિમા સમજાવે ત્યારે સમજાય.

શ્રીહરિના સંકલ્પથી નિર્માણ પામેલા સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી મંદિરમાં ઠાકોરજીની સેવા-પૂજા સદ્. બાળકૃષ્ણદાસજી સ્વામી ખૂબ મહિમાથી કરતા. એક દિવસ નિત્યક્રમ પ્રમાણે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી, પરવારી તેઓ ઠાકોરજીની સુખશય્યામાં સેવા માટે આવ્યા. દ્વાર બહાર દંડવત કરતા હતા. ત્યારે રોજ કરતાં આજે સ્વામીને કંઈક જુદો જ અનુભવ થયો. પ્રાતઃકાળની નીરવ શાંતિમાં મનમોહક અવાજ સુખશય્યા તરફથી આવતાં સ્વામીએ દ્વાર તરફ કાન માંડ્યા અને ધીરે રહીને દ્વાર ખાલી જોયું તો આ શું ? સ્વયં ઘનશ્યામ મહાપ્રભુ પ્રગટપણે સુખશય્યામાં શયન કરી રહ્યા હતા અને સુમધુર કર્ણપ્રિય નાસિકાનો ગુંજારવ સંભળાતો હતો. સ્વામીને તો આનંદના ઓઘ ઊતર્યા. એટલામાં મહાપ્રભુએ પડખું ફેરવતાં ઓઢેલી રેશમી રજાઈ સરકીને નીચે પડી ગઈ. સ્વામી મહારાજ જાગી ન જાય તેમ ધીરેથી રજાઈ ઓઢાડવા ગયા ત્યાં તો મહારાજ સફાળા જાગી ગયા અને પૂછ્યું, “કોણ છે ?” “એ તો આપનો સેવક.” મહારાજના શયનમાં ખલેલ પહોંચાડી તેથી સ્વામીને દુઃખ થયું.

ત્યારે મહારાજે અંતર્યામીપણે સ્વામીની વ્યથા જાણી કહ્યું, “આપ ચિંતા ન કરશો. અમારો જાગવાનો સમય થઈ ગયો છે. અમે આપની સેવાથી ખૂબ રાજી જ છીએ.” સ્વામીએ મહારાજને પૂછ્યું, “મહાપ્રભુ, આપ દરરોજ અહીં પોઢવા પધારો છો ?” **“હા, અમે નિત્ય અહીં પોઢવા આવીએ છીએ અને રહીએ છીએ અમારા અનાદિમુક્ત ભેળા કચ્છમાં.”**

આ વાતનો મર્મ ન સમજાતાં સ્વામીએ પૂછ્યું, “મહારાજ ! કચ્છમાં કયા અનાદિમુક્ત ભેળા રહો છો ?” “કચ્છમાં બળદિયા ગામે અમારા સંકલ્પથી પ્રગટ થયેલા અનાદિમુક્ત

અબજીભાઈ ભેળા રહીએ છીએ. એમના દ્વારા જ અમે સૌને મૂર્તિનું દાન કરીએ છીએ. તેઓ અમારા જેવા જ સમર્થ છે !'' આટલું કહી મહાપ્રભુ બોલ્યા, ''લ્યો, હવે અમે એમના ભેળા જઈએ છીએ.''

સ્વામી મહારાજના શબ્દો સાંભળી મહિમાથી ભીંજાઈ ગયા અને વિચારમાં મગ્ન બની ગયા કે મહારાજની અને બાપાશ્રીની કેવી અદ્ભુત એકતા !

આવી રીતે ઘણી વાર શ્રીજી સમ સામર્થ્યવાન બાપાશ્રીનો યથાર્થ મહિમા શ્રીહરિ સ્વમુખે સંતો-હરિભક્તોને કહેતા જેના સંપ્રદાયમાં અનેક સાક્ષીરૂપ પુરાવા મોજૂદ છે.

● ● ●

અખંડ મૂર્તિધારક અને મહારાજ સાથે અતિશય સ્નેહ ધરાવતા ઠાસરાના ગોપાળલાલભાઈને શ્રીહરિએ બાપાશ્રીની ઓળખાણ કરાવી.

શ્રીજીમહારાજે રાત્રે ગોપાળલાલભાઈને દર્શન આપીને કહ્યું, ''અમારા અનાદિમુક્ત અબજીભાઈ હાલ વડતાલ સંઘ લઈને પધાર્યા છે માટે તમે વડતાલ જાવ. તેમનાં દર્શન-સમાગમ કરી રાજી કરજો. મહિમા સમજી ખૂબ સેવા કરજો. તેમની સેવા એ અમારી સેવા તુલ્ય જાણજો તથા અમારા સરખો દિવ્યભાવ તેમનામાં રાખજો.''

સ્વયં શ્રીહરિએ ઓળખાણ કરાવી તેવા બાપાશ્રી કેવું અદ્ભુત સ્વરૂપ હશે !

ગુલાબનું ફૂલ ખીલે છે ત્યારે મધમાખીઓ ફોરમની વાંસે વગર આમંત્રણે દોડતી આવે છે. તેમ બાપાશ્રીના પરભાવી અલૌકિક વ્યક્તિત્વની ફોરમ દેશ-પરદેશના મુમુક્ષુ, આચાર્યશ્રી તથા સંતો-હરિભક્તોને તેમની તરફ ખેંચી લાવતી. એટલું જ નહિ, તેઓ બાપાશ્રીનો અપરંપાર મહિમા સમજી જોગ-સમાગમ કરતા. બાપાશ્રીના અલ્પ સંબંધમાં જે કોઈ આવતા તેમના અંતરેથી ઉદ્ગારો સરી પડતા કે, ''બાપાશ્રી તો બાપાશ્રી જ છે. તેઓ આ લોકનું સ્વરૂપ નથી. સ્વયં શ્રીજીમહારાજે અનંતાનંત જીવોને સુખિયા કરવા તેમજ આત્યંતિક કલ્યાણનું સદાવ્રત તેમના દ્વારા ખુલ્લું મૂક્યું છે.''

● ● ●

આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ બાપાશ્રીનો ખૂબ મહિમા સમજતા. સંવત ૧૯૧૭માં આચાર્યશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો હતો. તેમના માટે શ્રીજીમહારાજ એવું કહેતા કે, ''આ આચાર્યશ્રીને તો અમે અમારી સાથે અક્ષરધામમાંથી લાવ્યા છીએ.'' બાપાશ્રી આચાર્યશ્રીના ખબરઅંતર પૂછવા માટે સંઘે સહિત અમદાવાદ પધાર્યા હતા. એ વખતે બાપાશ્રીની અવરભાવની ઉંમર માત્ર ૧૬ વર્ષની હતી. તેઓ જ્યારે આચાર્યશ્રીનાં દર્શન માટે પધાર્યા ત્યારે આચાર્યશ્રી ઢોલિયા પર બેઠા થઈ ગયા ને બાપાશ્રીનું કાંડું ઝાલી બાજુમાં બિરાજેલા સદ્. ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી, આ અબજીભાઈ સ્વતંત્ર, સિદ્ધ અને મહાપ્રભુના સંકલ્પથી પધારેલા છે. વર્તમાનકાળે તેમના દ્વારા શ્રીજીમહારાજ અનંત જીવોનો આત્યંતિક મોક્ષ કરી રહ્યા છે. આમને બધા કચ્છમાં 'સમાધિવાળા

અબજીભાઈ' તરીકે ઓળખે છે.'' ત્યારે સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ બાપાશ્રીને બે હાથ જોડી 'જય સ્વામિનારાયણ' કહ્યા અને ખૂબ પ્રેમથી બાપાશ્રીને ભેટીને બોલ્યા જે, ''હા મહારાજશ્રી ! આપ કહો છો એમ જ છે.''

●●●

સદ્. ગોપાળાનંદ સ્વામીના સમર્થ શિષ્ય સદ્. નિર્ગુણદાસજી સ્વામી સંવત ૧૯૪૨માં હરિજયંતીના સમૈયામાં અમદાવાદ કાલુપુર મંદિરમાં પધાર્યા હતા. સંતો-હરિભક્તોની વિશાળ સભામાં અમદાવાદ દેશના બીજા આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. તેમની ઉપસ્થિતિમાં સદ્. નિર્ગુણદાસજી સ્વામીએ અબજીબાપાશ્રી સમક્ષ આંગળી ચીંધતાં કહ્યું જે, ''આ અબજીભાઈ તો શ્રીજીમહારાજની ઇચ્છાથી પ્રગટ થયા છે. વળી પોતે સંકલ્પમાત્રથી અનંત જીવોને ધામમાં લઈ જાય છે. કોઈનું આયુષ્ય હોય તોપણ ધામમાં મૂકી દે અને આયુષ્ય ન હોય તોપણ રાખે એવા સમર્થ છે.'' પછી જેતલપુરમાં સદ્. ધ્રુવાનંદ સ્વામીને ધામમાં જતા રખાવ્યા. તે વાત સવિસ્તારથી આચાર્યશ્રીને કહી સંભળાવી. ''એવી રીતે શ્રીજીમહારાજ અબજીભાઈનું માને છે. શ્રીજીમહારાજે પોતાનું રહસ્યજ્ઞાન જીવોને સમજાવી અનંત જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા આ અબજીભાઈને મોકલ્યા છે. જો અમે ખોટું કહેતા હોઈએ તો અમારી સાધુતામાં ખોટ છે.'' સદ્ગુરુશ્રીના મુખેથી બાપાશ્રીનો મહિમા જાણી આચાર્યશ્રીએ રાજી થઈ બાપાશ્રીને મોટો હાર પહેરાવ્યો ને પાર્ષદ પાસે સભામાં બીજો એક ગાદી-તકિયો નખાવીને બેસાર્યા ને બહુ સન્માન કર્યું. આવી રીતે આચાર્યશ્રીઓ તથા સદ્. નિર્ગુણદાસજી સ્વામી જેવા સમર્થ સદ્ગુરુશ્રી પણ બાપાશ્રીનો અપરંપાર મહિમા સમજતા.

●●●

વળી, અમદાવાદ દેશના ત્રીજા આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ પણ બાપાશ્રીનો ખૂબ મહિમા સમજતા.

સંવત ૧૯૫૩માં આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ કચ્છમાં વિચરણ માટે પધાર્યા. કેરા ગામે બાપાશ્રીનો મહિમા જાણી આચાર્યશ્રીએ તેમને એકાંતે મળવા સારુ બોલાવ્યા.

આચાર્યશ્રીના આમંત્રણને સ્વીકારી બાપાશ્રી સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી વૃંદાવનદાસજીને સાથે લઈ આચાર્યશ્રીનો ઉતારો હતો ત્યાં તંબુમાં પધાર્યા.

આચાર્યશ્રીએ બાપાશ્રીનો ખૂબ આદર-સત્કાર કરી આસન પર બિરાજમાન કર્યા અને મોટા પુષ્પહારથી પૂજન કર્યું. પછી બાપાશ્રીને પ્રાર્થના કરી જે, ''શ્રીજીમહારાજે તમને જીવોના મોક્ષ કરવા મોકલ્યા છે એમ અમે સ્વામી નિર્ગુણદાસજીના મુખથી સાંભળ્યું છે તેથી મારે તમને એટલું કહેવું છે જે તમે અમને ભગવાનનું સુખ અપાવજો.''

શ્રીજીમહારાજે ત્યાગી અને ગૃહી બંને વર્ગને સુખ આપવાને અર્થે બાપાશ્રીને ગૃહસ્થાશ્રમમાં રાખ્યા હતા પરંતુ તેઓ તો શ્રીજીસંકલ્પમૂર્તિ જ હતા. આવી બાપાશ્રીના

પરભાવી સ્વરૂપની જેમને યથાર્થ પિછાણ થઈ ગઈ હતી તેવા સદ્‌ગુરુ સંતોએ પણ પોતાના આશ્રમનો અને સદ્‌ગુરુ પદનો ખ્યાલ મૂકી બાપાશ્રીનો મહિમા છડેચોક ગાયો છે.

● ● ●

બાપાશ્રી સત્સંગમાં પ્રસિદ્ધ થયા પછી જ નહિ પરંતુ 'પુત્રનાં લક્ષણ પારણેથી' એ ન્યાયે બાપાશ્રી અવરભાવમાં બાલ્યાવસ્થામાં હતા ત્યારથી જ તેમનો મહિમા મોટા સંતો ગાતા.

પાંચાપિતા ત્રણ મહિનાના મુક્તરાજને લઈ નિરાવરણ દૃષ્ટિવાળા સદ્. અચ્યુતદાસજી સ્વામી પાસે વર્તમાન ધરાવવા અને નામ પડાવવા ગયા હતા. સદ્‌ગુરુશ્રી મુક્તરાજની મુખમુદ્રા જોઈ આશ્ચર્યવત્ થઈ બોલ્યા, "હે પાંચાભાઈ ! આ તમારા પુત્રને વર્તમાન ધરાવવા અને નામ પડાવવા હું કોણ સમર્થ ? તમારા પુત્ર તો બહુ મોટા છે. જેમ નદીઓ સમુદ્રમાં ભળી વિરામ પામે છે તેમ હે પાંચાભાઈ ! સંપ્રદાયના મોટા મોટા હજારો સંતો અને લક્ષાવધિ હરિભક્તો આ તમારા પુત્ર પાસે આવીને મૂર્તિના સુખને પામશે."

હજારો સંતો ત્યાગાશ્રમમાં હોવા છતાં બાપાશ્રીનો અત્યંત મહિમા સમજતા. તેમ હરિભક્તો પણ "બાપા... બાપા..." બોલતાં બાપાશ્રીએ કરેલી કૃપાનું વર્ણન કરતા. હરિભક્તોનાં હૈયાં મહાત્મ્યથી એટલાં છલકાઈ જતાં કે તેમની વાતમાં, ક્રિયામાં, વિચારમાં, તેમના વ્યવહારિક કામોમાં પણ બાપાશ્રીનો મહિમા સહજતાથી નીકળી જતો.

● ● ●

કરાંચીના લાલુભાઈ બાપાશ્રીનો અંતરતમ મહિમા સમજતા. એટલું જ નહિ, બાપાશ્રી તો તેમનું જીવન હતા. એક વાર લાલુભાઈને કોઈએ કહ્યું જે, "કહો સ્વામિનારાયણ." ત્યારે લાલુભાઈ બોલ્યા જે, "મુખેથી ભજન કરવું તેથી કંઠમાં કરવું ઉત્તમ છે અને તેથી હૃદયમાં ભજન કરવું તે ઉત્તમ છે અને તેથી પણ નાભિમાં ભજન કરવું તે ઉત્તમ છે, કેમ જે નાભિમાંથી સંકલ્પ ઊઠે છે તે સંકલ્પ નાભિમાં ભજન કરવાથી બંધ થઈ જાય છે અને તેથી પણ મૂર્તિમાં રસબસ થઈને મૂર્તિનું સુખ લેવું તે અતિ ઉત્તમ છે અને અમને તો બાપાશ્રીએ કૃપા કરીને એટલે પહોંચાડ્યા છે."

● ● ●

બાપાશ્રીએ કરેલી કૃપા વર્ણવતાં ઘણા સંતો-ભક્તો અહોભાવમાં ડૂબી જતા. બાપાશ્રીએ આત્યંતિક કલ્યાણનું સદાવ્રત એવું તો ખોલેલું કે તેમાં કોઈ નાત, જાત, વર્ણ, આશ્રમના ખ્યાલોને કોઈ સ્થાન ન હતું. કેવળ જીવો પર દયા કરીને કૃપાના ધોધ વહાવેલા. તે ધોધમાં બળદિયાના ખોજા ભક્તને ન્હાવાનો અદ્‌ભુત લ્હાવો મળેલો.

સંવત ૧૯૭૧માં બાપાશ્રીએ બળદિયામાં મોટો જગન કરેલો. તેમાં ભૂજના મોટા મોટા અમલદારો આવેલા. તેમને ઉતારા માટે ખોજા ભક્તનાં નવાં મેડીબંધ મકાનો આપેલાં.

ભૂજના અમલદારોને નવાઈ લાગે જે આ ખોજો દોડી દોડીને સેવા કરે છે તે તેને બાપાશ્રીનો કેટલો મહિમા હશે ?! તેથી એક વાર અમલદારોએ પૂછ્યું, "ભાઈ ! તમે મુસલમાન હોવા છતાં આ યજ્ઞમાં અમને ઉતારો આપો છો તથા બાપાશ્રીનો ઘણો મહિમા

સમજો છો તે કેમ ? અમારા સમજ્યામાં આવતું નથી.''

ત્યારે તે ખોજા ભક્ત બોલતાં બોલતાં ગદ્‌ગદિત થઈ ગયા જે, ''ભાઈઓ ! આ બાપાશ્રીની તો શું વાત કરું ? બાપાશ્રી તો મારું જીવન છે. તેમણે મને જીવતદાન આપ્યું છે. તેમના પ્રતાપે તો આજદિન સુધી હું જીવતો રહ્યો છું. મને એક વાર ટી.બી. થયેલો જે કેમેય કરીને મટે જ નહીં. ત્યારે આ બાપાશ્રીએ વાલોળનું શાક જમાડીને સહજમાં મારો રોગ જડમૂળથી મટાડી દીધો હતો. આ ચામડાના જોડા બાપાશ્રી માટે સિવડાવું તોપણ તે ઓછા છે. બાપા માટે તો આ જીવન કુરબાન છે. જેટલું કરું તેટલું ઓછું જ છે.'' આમ તેમની આવી કથની સાંભળી સૌને બાપાશ્રીનો અધિકાધિક મહિમા સમજાયો.

● ● ●

બાપાશ્રીએ સંવત ૧૯૮૪માં કરેલા છેલ્લા જગનમાં કાલાવાડથી આવેલા રાજકવિ માવદાનજી બાપાશ્રીના અવરભાવી અને પરભાવી વ્યક્તિત્વથી એટલા અંજાઈ ગયા કે તેના ફળ સ્વરૂપે તેમના મુખમાંથી બાપાશ્રી પ્રતિ મહાત્મ્યનું કીર્તન સરી પડ્યું,

''કળિયુગમાં કલ્યાણકારી આજ અબજીભાઈ છે...''

બાપાશ્રીએ છેલ્લા જગન બાદ અવરભાવ અદશ્ય કર્યો ત્યારે ટપ્પરવાળા ફોજદાર રામજીભાઈએ કહ્યું હતું કે, ''હું અહીં પ્રથમ જ્યારે જ્યારે આવતો ત્યારે શ્રીજીમહારાજની મૂર્તિનાં તથા બાપાશ્રીનાં દર્શન કરતો તે વખતે શ્રીજીમહારાજની મૂર્તિ તથા બાપાશ્રીના દેખાવમાં જેમ બે સગાં ભાઈ હોય કે શું ? તેવું લાગતું. પણ સંકલ્પ મનમાં સમાવી દેતો. પછી જ્યારે ઈશ્વરચરણદાસજી સ્વામીએ કહ્યું કે, 'મહારાજની મૂર્તિમાં અનંત મુક્તો રસબસ રહ્યા છે. તેમના આકાર મહારાજના જેવા જ દિવ્ય છે.' તેથી મને બાપાશ્રી વિષે ખરેખરી ઘેડ્ય બેઠી કે આ બાપાશ્રી પણ મૂર્તિમાં રહેલા સ્વતંત્ર અનાદિમુક્ત જ છે.''

● ● ●

બાપાશ્રીની અવરભાવની રીતિનીતિ, બાપાશ્રીના આગ્રહો, સિદ્ધાંતો, બાપાશ્રીનું સાંનિધ્ય અને બાપાશ્રીના પરભાવી વ્યક્તિત્વની જે સંતો-હરિભક્તોને પિછાણ થઈ તેઓના બાપાશ્રી માટેના અંતરના ઉદ્‌ગારો અભિપ્રાયો રૂપે સરી પડતા. પરંતુ અભિપ્રાય અને અનુભવો બંને વસ્તુ જુદી છે. જેમ મૈસુબનું વર્ણન કરવું ને મૈસુબ જમવો તેમાં જેટલી ભિન્નતા છે તેમ.

બાપાશ્રીએ જે જે પાત્રોને પોતાના પરભાવી સ્વરૂપની અનુભૂતિ કરાવી તે પાત્રો બાપાશ્રીના મહાત્મ્યસાગરમાં ડૂબી ગયાં. તેમને અવરભાવમાં રહેવા છતાંય પરભાવના સુખની અનુભૂતિ થતી.

**બાપાશ્રી પોતાના જોગમાં આવનારને કેવા અનુભવો કરાવતા તેમાંના અનેક પ્રસંગોમાંથી કિંચિત્ પ્રસંગોનું આચમન કરીએ.**

ધ્રાંગધ્રા ગામના હરનારાયણભાઈ સલાટ પરોક્ષ અવતારના ભક્ત હતા. તેઓ વડતાલ મંદિરનું કામ કરવા ગયેલા ત્યાંથી સત્સંગી બન્યા હતા. તેમને મૂળીના ધર્મકિશોરદાસજી

સ્વામીએ બાપાશ્રીની ઓળખાણ કરાવી ખૂબ મહિમા સમજાવ્યો અને મહારાજ ભેગા સંભારવાનું કહેલું. આ વાત તેમના જીવમાં પેસી ગઈ. તેઓ સ્વાનુભવ વર્ણવતાં કહેતા, "સદ્. ધર્મકિશોરદાસજી સ્વામીની વાત સાંભળી મને બાપાશ્રી પર બહુ વિશ્વાસ આવી ગયેલો. એક વાર મને સદ્. બ્રહ્માનંદ સ્વામીએ દર્શન આપીને કહેલું જે, 'તમને અનાદિમુક્ત (બાપાશ્રી) મળ્યા છે તે બહુ મોટા છે તેથી હવે કાંઈ અધૂરું નહિ રહે.'

વળી એક વાર હું મૂળીએ દર્શન કરવા જતો હતો ત્યારે મારી પાસે જોખમ હતું. તેથી માર્ગમાં બીક લાગી એટલે મહારાજને સંભારવા મંડ્યો ત્યાં તો મહારાજ તથા બાપાશ્રીએ આવી બેય હાથનાં કાંડાં ઝાલ્યાં ને બેય કોર દિવ્ય તેજોમય મુક્ત દેખાતા આવે. તે મંદિરમાં પહોંચ્યા સુધી એમ ને એમ રહ્યું. પછી તો મૂર્તિઓ ને સંતની સભા બધુંય તેજોમય દેખાય. આમ બાપાશ્રીએ મને દર્શન આપી ખૂબ સુખિયો કરેલો."

● ● ●

ભૂજના મહંત સદ્. અક્ષરજીવનદાસજી સ્વામી જેઓ સ્વયં શ્રીજીમહારાજના ધામમાંથી પધારેલા મુક્ત હતા. તેઓને બાપાશ્રીનો મહિમા હતો પરંતુ અનુભવથી અનજાન હતા. સંવત ૧૯૫૯માં બાપાશ્રીએ જગન કર્યો હતો. તેમાં નડિયાદવાળા ઝવેરીલાલભાઈ ભૂજથી દર્શને આવેલા. તેમની ગાડીમાં સ્વામી બાલમુકુંદદાસજી તથા એક સાધુ આવ્યા. તે જોઈ સદ્. ઈશ્વરસ્વામીને થયું જે, 'આ સંત તો બહુ જ વૈરાગ્યવાન છે ને આવા મોટા અધિકારવાળાની સાથે ગાડીમાં બેસીને કેમ આવ્યા હશે ! કદાચ ઝવેરીલાલભાઈએ જ આગ્રહ કર્યો હશે.' વળી સ્વામી બાલમુકુંદદાસજીનું આસન કર્યું તેમાં એક ગોદડું વધુ મૂક્યું અને સંતોના આગ્રહથી તેમણે રાત્રે દૂધ લીધું. આ જોઈ સદ્. ઈશ્વરસ્વામીએ બાપાશ્રીને પૂછ્યું, "બાપા, આ બાલમુકુંદસ્વામી પ્રથમ તો બહુ વૈરાગ્ય રાખતા તે હવે થોડી થોડી સેવા અંગીકાર કરતા લાગે છે !" ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "સ્વામી ! પ્રથમની વાત જુદી હતી અને હવેની જુદી છે." તેવા મર્મવચનથી સદ્. ઈશ્વરસ્વામીએ પૂછ્યું જે, "પ્રથમની વાત જુદી હતી એ શું ?" ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "સ્વામી મુક્તજીવનદાસજી અને સ્વામી બાલમુકુંદદાસજી બેય બહુ માંદા થઈ ગયા ને આવરદા એકેયને નહોતી પણ સ્વામી મુક્તજીવનદાસજીને એક જન્મની કસર હતી. તેથી સ્વામી બાલમુકુંદદાસજીના ચૈતન્યને મહારાજની મૂર્તિમાં મૂકી દીધો ને એમના દેહમાં સ્વામી મુક્તજીવનદાસજીના ચૈતન્યને મૂક્યો. તે એટલા માટે કે ફેર જન્મ ધરાવવો ન પડે; તેથી આ સ્વામી એમના જેવું તપ ક્યાંથી કરી શકે ?"

આ વાત થતી હતી ત્યારે ભૂજના મહંત સદ્. અક્ષરજીવનદાસજી સ્વામી પાસે બેઠા હતા તેમણે જાણી. તેથી તેઓ આશ્ચર્ય પામી ગયા ને બોલ્યા જે, "ભાઈ ! તમે આવી રીતે દેહ બદલાવી નાખો છો તે વાતની તો આજે ખબર પડી." આમ, બાપાશ્રીનો ખૂબ મહિમા સમજાયો તેથી અંત સમયે બાપાશ્રી પાસે સદ્. અક્ષરજીવનસ્વામીએ માગ્યું જે, "ભાઈ !

મારા ઉપર રાજી રહેજો ને તમે જેમ મૂર્તિના સુખમાં સદાય રહો છો, તેમ મને રાખજો.''

● ● ●

બાપાશ્રીના અતિ કૃપાપાત્ર અને છતે દેહે મૂર્તિસુખમાં રમણ કરનાર કેસરાબાપાને બાપાશ્રીએ અલૌકિક અનુભૂતિ કરાવેલી.

બાપાશ્રી જ્યારે છપૈયાપુરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા પધાર્યા ત્યારે દહીંસરાના ખીમજીભાઈ ગયેલા. કેસરાબાપા અવસ્થાને લીધે નહોતા જઈ શક્યા. ખીમજીભાઈ ઘરે આવ્યા પછી પોતાના પિતા કેસરાબાપાને બાપાશ્રીની દિવ્ય લીલાઓ, દિવ્ય લાભ મળેલો તે કહેતા હતા. વાત કહેતાં કહેતાં ખીમજીભાઈ ભૂલી જાય તો કેસરાબાપા પોતે કહી દે તેથી આશ્ચર્ય પામતાં ખીમજીભાઈએ કહ્યું, ''બાપા, તમને અહીં બેઠે કેમ ખબર પડી ?'' ત્યારે કેસરાબાપાએ કહ્યું, ''ખીમજી ! સંવત ૧૯૫૬ની સાલમાં બાપાશ્રી છપૈયા જવા નીકળ્યા એ વખતે હું સાથે જવા તૈયાર થતો હતો પણ મને બાપાશ્રીએ આજ્ઞા કરી જે, 'તમારો દેહ ખમી નહિ શકે. તેથી તમો અહીં રહો.' એ ટાણે મારું હૈયું ભરાઈ આવ્યું. તે જોઈ બાપાશ્રી રાજી થઈને એમ બોલ્યા જે, 'ભાઈ, દિલગીર ન થાઓ. તમને સાથે આવ્યા જેવું સુખ મળશે.' એમ કહી વચન આપ્યું જે, 'તમે અહીં રોકાઈ જશો તો તમને ઘેર બેઠા અમે જે જે સ્થળે જઈશું, દર્શન કરીશું તે બધુંય દેખાશે.' તેથી હું વચન માની સાથે ન ગયો. તે દિવસનું બધુંય મને ઘેર બેઠા દેખાય છે.''

આ વાતથી ખીમજીભાઈને બાપાશ્રીનો અદ્‌ભુત પ્રતાપ જણાતાં ઘણો જ આનંદ થયો.

આમ, બાપાશ્રીના જોગમાં આવનાર નાના-મોટા, બાઈ-ભાઈ, ત્યાગી-ગૃહસ્થ સર્વેને સહેજે અનુભૂતિ થતી કે બાપાશ્રી આ લોકનું સ્વરૂપ નથી. સ્વયં શ્રીજીમહારાજના સંકલ્પોની પૂર્તિ કરવા પધારેલી મૂર્તિ છે.

બાપાશ્રી ગયા નથી. વર્તમાનકાળે પણ બાપાશ્રી અનેક મુમુક્ષુને પોતાની દિવ્ય અનુભૂતિ દ્વારા પ્રગટપણું જણાવે છે.

ઈ.સ. ૧૯૯૫માં એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા 'બાપાશ્રી સાર્ધ શતાબ્દી મહોત્સવ' ઊજવાયો હતો. અમદાવાદ વાસણા ખાતે ૧૨૫ એકર જમીનમાં મહોત્સવનો વ્યાપ પથરાયેલો હતો. મહોત્સવના થોડા દિવસ પહેલાં જ ઘનઘોર ઘાટાં વાદળોએ આકાશને ઘેરી લીધું. એપ્રિલ મહિનામાં વરસાદની કલ્પના પણ ન હોય. હરિભક્તો વાદળછાયું વાતાવરણ જોઈ મહોત્સવના પ્રદર્શનમાં મૂકવાની મૂર્તિઓ, અનાજ-કરિયાણાથી ભરેલા હકડેઠઠ કોઠારો તથા જે જે ખુલ્લી વસ્તુઓ પડી હતી તે ઢાંકવા લાગ્યા. ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તત્કાળ સભા ગોઠવી અને સ્વયંસેવકોને કહ્યું, ''આ મહોત્સવ આપણો નથી, બાપાશ્રીનો છે માટે કોઈ ધણી ન થશો. શ્રીજીમહારાજ ને બાપાશ્રી ધણી છે. એમના મહોત્સવની ચિંતા એમને ન હોય ?!'' આમ કહી, એક કલાક ધૂન કરાવી ત્યાં તો વાદળાં વીંખાઈ ગયાં અને વાતાવરણ સ્વચ્છ, નિર્મળ બની ગયું. આમ બાપાશ્રીએ રક્ષા કરી.

વળી, આ જ બાપાશ્રી મહોત્સવના સમયગાળા દરમ્યાનની વાત છે. બાપુનગર વિસ્તારમાં એક હરિભક્ત હીરા ઘસવા જતા. તેમની સાથે કામ કરનાર એક મિત્રને તે હરિભક્ત બાપાશ્રીના મહાત્મ્યની તથા મહોત્સવની વાતો કરતા હતા. પોતાની સાથે વાસણા પૂનમ સમૈયો ભરવા તથા બાપાશ્રી મહોત્સવની સેવામાં તેમને સાથે લઈ ગયા હતા. એક વાર હરિભક્તના મિત્રને સંજોગોવશાત્ ગામડે જવાનું થયું. ત્યાં ગયા ત્યારે તેમનાં ધર્મપત્નીએ જણાવ્યું કે, “સારું થયું તમે આવી ગયા. આપણા દીકરાને (૨ વર્ષનો) ગઈ કાલે રાત્રે સખત તાવ હતો અને કોઈ ઘેરી આંગડી ને ધોતિયું પહેરેલું ને માથે પાઘ બાંધેલી એવા સફેદ વસ્ત્રધારી અને હાથમાં લાકડીવાળા બાપા આપણા ઘરમાં આવ્યા. આપણા દીકરાના શરીર પર હાથ ફેરવીને કહ્યું, ‘બહેન, ચિંતા ન કરશો. તમારા દીકરાને કંઈ નહિ થાય. શ્રીજીમહારાજ સારું કરી દેશે.’ આમ કહી જતા રહ્યા અને સવાર પડતાં તો મુન્નો સાજો થઈ ગયો.”

“એ કોણ હતું ? નામ તો પૂછવું હતું ?” આ ભાઈએ તેમનાં ધર્મપત્નીને કહ્યું.

“હજુ હું પૂછવા રહું ત્યાં તો એ બાપા જતા રહ્યા.”

થોડા દિવસ પછી આ ભાઈ ઘરની બહાર ચોકમાં ખુરશીમાં બાપાશ્રીની પુસ્તિકાનું વાંચન કરતા હતા. ત્યાં તો પેલા બહેનની દૃષ્ટિ પુસ્તિકામાં રહેલી બાપાશ્રીની મૂર્તિ પર પડતાં તેઓ બોલ્યાં, “જુઓ, આ જ બાપા આપણે ઘેર આવ્યા હતા ને મુન્નાને સાજો કર્યો.” પછી તો એ ભાઈને બાપાશ્રીનો ખૂબ મહિમા સમજાયો.

બાપાશ્રી પ્રગટ છે, ગયા નથી. એમને વિષે દિવ્યભાવ અને પ્રગટભાવની ઠાવકી ઘેડ્ય પાડવાથી એ મનુષ્ય સ્વરૂપે પોતાના જોગમાં આવનારને જેવી અનુભૂતિઓ કરાવતા તેવી આજે પણ દિવ્ય રૂપે કરાવે છે. બાપાશ્રીના દિવ્ય ચરણોમાં એ જ પ્રાર્થના કે,

“બાપા આપ મનુષ્ય સ્વરૂપે, જેવાં સુખો આપતાં;
બાપા દિવ્ય નવીન સુખ તેવાં, આજે અમો માગતાં.”

•••



# ૪ બાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંતોના વર્તમાન પ્રવર્તક

વિશ્વભરમાં અદ્યાપિ અનેક ધર્મ-સંપ્રદાયોનું સ્થાપન થયું. સમયના દાયકાઓ સાથે ધર્મ-સંપ્રદાયનો વિસ્તાર, વ્યાપ, વ્યવસ્થાપન, સધ્ધરતા વૃદ્ધિ પામતાં રહે છે. તમામ ધર્મ-સંપ્રદાયોનું અનુશીલન (સતત ઊંડો અભ્યાસ) કરી તારણ કાઢતાં એવું જણાય છે કે, સંપ્રદાયના સ્થાપકે સેવેલા આદર્શો, સિદ્ધાંતો અને મૂળ મૂલ્યો કાળાંતરે સમયના વહેણની સાથે મૃતઃપ્રાય કે નામશેષ થઈ જતા જોવા મળે છે. પરંતુ તેમાં સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલો અજોડ સ્વામિનારાયણ સંપ્રદાય અપવાદરૂપ છે.

સ્વામિનારાયણ ભગવાને જે આદર્શો, સિદ્ધાંતો અને મૂલ્યોથી સંપ્રદાયનું સ્થાપન કર્યું હતું તેને જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ નૂતન ક્રાંતિ સર્જી વધુ સુદૃઢ બનાવ્યા. બાપાશ્રીએ પ્રસરાવેલ શ્રીજીસંમત સિદ્ધાંતોને વધુ પ્રવેગમાન કરવા જરૂર હતી એવા કોઈ આર્ષદ્રષ્ટા પુરુષની. જરૂર હતી એવા ક્રાંતિકારી સત્પુરુષની ! સિદ્ધાંત પ્રવર્તકની !

કેટલાંક કાર્યો, ઘટનાઓ, પ્રસંગો કોઈ પ્રકારના આયોજન વિના સમયના વહેણની સાથે બનતા રહે છે. તેના ભવિષ્યની કે પરિણામની કોઈ ધારણા હોતી નથી. જ્યારે કેટલાંક કાર્યો, ઘટનાઓ પૂર્વાપર આયોજન સાથે થાય છે. જેમાં ભાવિની ચોક્કસ ધારણા અને શ્રેષ્ઠ પરિણામ હોય છે. શ્રીજીમહારાજે પોતાના અપૂર્ણ સંકલ્પોની પૂર્તિ માટે સ્વસંકલ્પથી જેમ બાપાશ્રીને મોકલ્યા તેમ બાપાશ્રીએ સ્વસંકલ્પથી ગુરુવર્ય પ.પૂ. બાપજીને મોકલ્યા અને ગુરુવર્ય પ.પૂ. બાપજીના અનુગ્રહથી પ.પૂ. સ્વામીશ્રી પધાર્યા. તેઓ અબજીબાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંતોના વર્તમાન પ્રવર્તક કેવી રીતે છે ? તેમણે શું કર્યું છે ? વર્તમાન સમયે શું કરી રહ્યા છે ? તેની રહસ્યમય ગાથાને માણીએ.

શ્રીજીસંકલ્પમૂર્તિ બાપાશ્રીએ શ્રીજીસંમત સિદ્ધાંતોને પ્રવર્તાવવાનું મહાભિનિષ્ક્રમણ કર્યું. સોનામાં સુગંધ ભળે તેમ સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી, સદ્. વૃંદાવનદાસજી સ્વામી અને સદ્. મુનિબાપા આદિક બાપાશ્રીના કાર્યમાં ભેગા ભળતાં સિદ્ધાંત પ્રવર્તનના કાર્યને વધુ આવેગ મળ્યો. 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત' અને 'શ્રી અબજીબાપાશ્રીની વાતો'ની રચના થતાં બાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંતોના પાતાળમાં પાયા નખાઈ ગયા. તેમ છતાં બાપાશ્રી જાણતા જ હતા કે પોતે સમજાવેલા સિદ્ધાંતોને વિશ્વવ્યાપી કરવા એવા વિરલ ક્રાંતિકારી સત્પુરુષની જરૂર પડશે જ. જે અમારા સંકલ્પો અને સિદ્ધાંતોને ચિરંજીવી રાખે. તેમણે પોતાના સંકલ્પોનો રાજીપારૂપી કળશ ઢોળ્યો વાસણની ધન્ય ધરા પર.

નળકંઠાના વાસણ ગામના ધર્મપરાયણ જીવન જીવતા જેઠાભાઈ અને ધોળીબાની નિષ્કામ ભક્તિ જોઈ બાપાશ્રીએ આશીર્વાદ આપ્યા, "જાવ, તમારે એક નહિ બે દીકરા થશે પરંતુ આધા તુમ્હારા... આધા હમારા..." આધા હમારાના સંકલ્પ રૂપે સંવત ૧૯૮૯, ફાગણ વદ એકમ, ધુળેટીના (તા. ૧૩-૩-૧૯૩૩ના) મંગલકારી દિને ગુરુવર્ય પ.પૂ. બાપજીનું આ બ્રહ્માંડને વિષે પ્રાગટ્ય થયું.

સંપ્રદાયમાં બાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંતોમાં શિથિલતા પ્રવર્તે તે પૂર્વે ગુરુવર્ય પ.પૂ. બાપજી બાપાશ્રીના સિદ્ધાંતોનો વિશ્વવ્યાપી શંખ ફૂંકવા અને તેને ઉજાગર કરવાના સૂત્રધાર બન્યા. વળી, તેના માટે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સ્વજીવન ન્યોછાવર કરી દીધું. ઉપર આભ અને નીચે ધરતી; નહિ માણાં, નાણાં કે પાણા; અનેક ઝંઝાવાતો અને પ્રશ્નોની પરંપરામાં પણ મેરુ સમ અડગ રહી બાપાશ્રીના સિદ્ધાંતોની વિજયપતાકા વિશ્વભરમાં લહેરાવી દીધી. તેમના રૂંવે રૂંવે છલકાતી બાપાશ્રી પ્રત્યેની અસ્મિતાના ઘોડાપૂરમાં વિકટ પરિસ્થિતિઓ પોબારા ભણી જતી (નાસી જતી). દ્વેષીઓની વિરોધાત્મક પ્રવૃત્તિ હવાઈ જતી. ગુરુવર્ય પ.પૂ. બાપજી કોઈની શેહશરમ કે મહોબત રાખ્યા વિના, નિર્ભય થઈ જ્યાં બાપાશ્રીનું નામ લેવું જોખમ ભરેલું હતું ત્યાં બાપાશ્રીનો અને બાપાશ્રીના સિદ્ધાંતોનો પ્રચાર-પ્રસાર કરતા રહેતા. તે માટે જે કરવું પડે તે કરવા અને જે સહેવું પડે તે સહેવા તૈયાર રહેતા.

"એકલે પંડે વિપત્ત વેઠી, સહ્યાં કષ્ટો હરખાતાં;
વેણ કવેણ ને અપમાનો તો, કોઠે પડી ગયાં'તાં."

ગુરુવર્ય પ.પૂ. બાપજીને પોતાને કોઈ ગાળ દે કે અપમાનો કરે તો તેનો રંજ નહોતો પણ બાપાશ્રી માટે કોઈ એક શબ્દ હલકો બોલે ત્યારે તેમનું સ્વરૂપ જ બદલાઈ જતું. એક વખત એક હરિભક્ત દ્વેષભાવથી બાપાશ્રી વિષે એલફેલ બોલવા લાગ્યા. તુરત જ ગુરુવર્ય પ.પૂ. બાપજી સિંહ સમી ગર્જના કરતાં બોલ્યા, "અરે બસ ! હવે બંધ કર. તું તો બાપાનાં રૂંવાડાં જેવોય નથી. બાંડી ઘો જેવો તું અને મણિધરનું માપ કાઢે છે ? મરી જઈશ." બાપાશ્રી પ્રત્યેની અસ્મિતા ગુરુવર્ય પ.પૂ. બાપજીના પ્રત્યેક વચને ઝરતી. જેનાં દર્શન કરતાં વિરોધીઓ પણ તેમની અસ્મિતાનાં ઓવારણાં લેતા. એક હરફ સામો ઉચ્ચારી ન શકે. એટલું જ નહિ, પ્રતિકૂળ પરિસ્થિતિઓ પણ તેમની આગળ સાનુકૂળ થઈ જતી.

બાપાશ્રીના સિદ્ધાંતોના જેમ છે તેમ પ્રચાર કાજે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અમદાવાદના ઓઢવ વિસ્તારમાં ઘનશ્યામનગર ખાતે ૧૫૦૦ વાર જમીન મંદિર માટે લીધી પરંતુ જોડ માટે સાધુ નહોતા. તેમ છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની હિંમત અને ધૈર્ય અજબનાં હતાં. ઘનશ્યામનગર મંદિર કરતાં પૂર્વે જે પોતાના સંકલ્પના પૂરક બનનાર હતા એવા સિદ્ધાંત પ્રવર્તક, વિશ્વના ફલક પર બાપાશ્રીના સિદ્ધાંતોનો શંખનાદ ફૂંકનાર અજોડ શિષ્યનું પૂર્વાપર આયોજન પોતે જ કર્યું હતું.

સંવત ૨૦૦૮માં દદુકામાં વચનામૃતની પારાયણમાં સદ્. મુનિસ્વામી લાભ આપવા પધાર્યા હતા. આ પ્રસંગે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ (દેવુભાઈએ) કેશવલાલ નંદાણીને પોતાના આયોજનના સહભાગી બનાવ્યા. કેશવલાલ નંદાણીને એકેય દીકરો નહોતો. તેથી સદ્. મુનિસ્વામી પાસે આશીર્વાદ અપાવ્યા. સદ્. મુનિસ્વામીએ આશીર્વાદ આપ્યા કે, "જાવ, બે દીકરા થશે પરંતુ આધા તુમ્હારા... આધા હમારા." આધા હમારા એટલે

જ આપણા વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી. સંવત ૨૦૧૫ ને દશેરાના (તા. ૮-૧૦-૧૯૫૯ના) શુભ મંગલકારી દિવસે વ્હાલા પ.પૂ. સ્વામીશ્રીનું આ બ્રહ્માંડમાં પ્રાગટ્ય થયું.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને વિકટ સંજોગ હતા એ વખતે રંગમહોલના ઘનશ્યામ મહારાજ પાસે તેમણે પ્રાર્થના કરી : ''હે મહારાજ, મારે ઝાઝા સાધુ નથી જોઈતા. માત્ર એક સાધુ આપો... પણ એક સાધુ એવો આપો જે આપના સિદ્ધાંતોના દિગંતમાં ડંકા વગાડે ને કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરે.'' ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વમુખે કહેતા, ''સદ્. મુનિસ્વામી પાસે આશીર્વાદ અપાવી રિઝર્વેશન કરાવ્યું હતું. તેથી સમય પાકતાં મહારાજ-બાપા આ સ્વામીને (પ.પૂ. સ્વામીશ્રીને) ખેંચી લાવ્યા.''

પ.પૂ. સ્વામીશ્રીને સ્વયં શ્રીજીમહારાજે સ્વહસ્તે ભાલમાં ચાંદલો કરી સંવત ૨૦૩૬, માગશર સુદ એકાદશી, તા. ૧૮-૧૨-૧૯૮૦, ઘનશ્યામનગર મુકામે સંત મહાદીક્ષા આપી 'સાધુ સત્યસંકલ્પદાસજી' એવું નામ પાડ્યું અને આશીર્વાદ આપ્યા કે, ''આ દીક્ષા તને હું આપું છું. ગમે તેવો અધમ અને પાપી જીવ હશે પણ તું એનો મોક્ષસંબંધી જે જે સંકલ્પ કરીશ તે પૂરો કરીશું ને એને છેક મૂર્તિના સુખમાં પહોંચાડીશું. અમે સદાય તારા ભેળા છીએ.''

ગુરુ-શિષ્યની જોડ મળતાં બાપાશ્રીના સિદ્ધાંત પ્રવર્તનનું કાર્ય બમણાં વેગથી ચાલુ થયું. તેનાથી વિરોધીઓના વિરોધ વધ્યા. મોટા મંદિરેથી બાપાશ્રીના સિદ્ધાંતોનો પ્રચાર-પ્રસાર નહિ કરવા માટેના ઠરાવમાં સહી કરવાનો પ્રસ્તાવ આવ્યો. ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, ''આ ધડ ઉપરથી માથું ઊતરી શકશે પરંતુ બાપાશ્રીના સિદ્ધાંતનો પ્રચાર મુકાવી નહિ શકો. બાપાશ્રી સારુ તો મૂંડાવ્યું છે. માટે એ તો નહિ બને.''

બાપાશ્રીના સિદ્ધાંતોના પ્રવર્તન કાજે ગુરુવર્ય પ.પૂ. બાપજી સાંપ્રદાયિક બંધનોથી નિર્બંધ થયા અને બાપાશ્રીના સિદ્ધાંતોનું છડેચોક પ્રવર્તન કરવાનું મહાભિનિષ્ક્રમણ કાર્ય આરંભ્યું.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઈ.સ. ૧૯૯૫માં બાપાશ્રી મહોત્સવ ભવ્યતાથી ઊજવવાનો સંકલ્પ કર્યો હતો. એ સમયે ગુજરાતના માત્ર ત્રણ જ જિલ્લામાં બાપાશ્રીના જ્ઞાન-સિદ્ધાંતોનો પ્રચાર-પ્રસાર થયેલો હતો. જેના રોમ રોમમાં બાપાશ્રીના અપરંપાર મહાત્મ્યની અસ્મિતા છલકાતી હતી તેવા પ.પૂ. સ્વામીશ્રીએ ત્રણમાંથી ત્રેવીસ જિલ્લાઓમાં બાપાશ્રીના જ્ઞાન-સિદ્ધાંતનો પ્રચાર-પ્રસાર કરવાની નેમ લઈ અનેક દાખડા કર્યા હતા. સાથે અપાર કષ્ટો સહી ગુજરાતભરમાં બાપાશ્રીનું નામ ગુંજતું કર્યું હતું.

આ માટે પ.પૂ. સ્વામીશ્રી પ્રથમ તા. ૧૯-૯-૧૯૯૨થી તા. ૩-૧૦-૧૯૯૨ એમ પંદર દિવસની અમદાવાદથી ૪૨૫ કિ.મી. દૂર વૃષપુરની પદયાત્રામાં જોડાયા હતા. બીજી વખત તા. ૫-૬-૧૯૯૩થી તા. ૧૫-૬-૧૯૯૩ એમ દસ દિવસની બધા પ્રસાદીના સ્થાનોને આવરી લેતી અમદાવાદથી જૂનાગઢ સુધીની સાઇકલયાત્રામાં જોડાયા હતા. ત્યારબાદ ત્રીજી વખત તા. ૧૫-૮-૧૯૯૪માં સમગ્ર અમદાવાદની સ્કૂટર રેલીમાં જોડાયા હતા.

આ આયોજનમાં પ.પૂ. સ્વામીશ્રી દેહના સુખ-દુઃખની કે રાત્રિ-દિવસની કે જમાડવા-આરામની કોઈ પરવા કર્યા વિના જન જન સુધી બાપાશ્રીના જ્ઞાન-સિદ્ધાંતોનો પ્રચાર-પ્રસાર કરતા. આ યાત્રામાં તેઓ જ્યાં બપોરે કે રાત્રે રોકાણ થાય ત્યાં જાહેર સભાઓના આયોજન કરતા. પોસ્ટરો અને પૅમ્ફલેટ વગેરે દ્વારા બાપાશ્રીનું નામ સમગ્ર ગુજરાતમાં ગુંજતું કરવામાં ભારે જહેમત ઉઠાવી હતી.

ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીએ માત્ર બાપાશ્રીના નામનો જ પ્રચાર-પ્રસાર કર્યો નથી. બાપાશ્રીએ સમજાવેલા જ્ઞાન-સિદ્ધાંતોને ત્યાગી-ગૃહી સમાજમાં દૃઢ કરાવી રહ્યા છે. ચૈતન્ય સ્વરૂપોમાં તેનું પ્રવર્તન કરી ચૈતન્ય મંદિરો તૈયાર કરી રહ્યાં છે. બાપાશ્રીના આગ્રહોનું સાકાર સ્વરૂપ એસ.એમ.વી.એસ. સમાજમાં આપી રહ્યા છે.

બાપાશ્રીએ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિ આ બેનું મુખ્યત્વે પ્રવર્તન કર્યું છે. તેના પ્રવર્તન કાજે જ ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીએ એસ.એમ.વી.એસ.ની ઈ.સ. ૧૯૮૭માં વાસણા ખાતે સ્થાપના કરી તેના સિદ્ધાંત સૂત્રમાં આ વાત વણી લીધી. સિદ્ધાંત સૂત્ર :

“સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દૃઢ કરી,
અનાદિમુક્તની સ્થિતિ પામવી એ જ કારણ સત્સંગ.”

આજે સંસ્થાનાં કોઈ પણ આયોજનો આ સિદ્ધાંતના પુષ્ટિકર્તા જ બની રહ્યાં છે.

બાપાશ્રીએ વાતોમાં જણાવેલા એક એક આગ્રહ – અભિપ્રાયને પ.પૂ. સ્વામીશ્રી ત્યાગી-ગૃહી સમાજમાં મક્કમતાપૂર્વક દૃઢ કરાવી રહ્યા છે.

સંપ્રદાયમાં ઉપાસના શુદ્ધિ કેરો ઘંટનાદ ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીએ વગાડ્યો છે. જેનો ગગનભેદ નાદ આજે સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં પડઘાઈ રહ્યો છે. શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૨૭મા વચનામૃતમાં કહ્યું છે, “અમે વિચારીને પરમેશ્વરની (અમારી) ઉપાસના રહેવા સારુ ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનનાં (અમારાં) મંદિર કરાવ્યાં છે.” ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીએ આજે સંસ્થામાં અનેક મંદિરો રચ્યાં છે જેમાં એકમાત્ર સ્વામિનારાયણ ભગવાન અને એમના મુક્તો સિવાય બીજું કાંઈ પરોક્ષનું જોવા ન મળે. શ્રીજીમહારાજનો શુદ્ધ ઉપાસના પ્રવર્તનનો મૂળ સંકલ્પ એસ.એમ.વી.એસ.માં સાકાર સ્વરૂપ પામી રહ્યો છે. જેને સૌ કોઈ બિરદાવે છે.

એક વખત વ્હાલા પ.પૂ. સ્વામીશ્રીને અન્ય સંસ્થાના ગુરુપદે બિરાજતા સંતે વાત કરી કે, “તમારા બાપજી તો શૂરવીર પુરુષ છે. ઉપાસનાની વાતો છડેચોક કરે છે અને મંદિરમાં પણ એક મહારાજ ને મુક્તો સિવાય બીજું કોઈ નહીં. અમે તમારા જેવું ન કરી શકીએ.”

બાપાશ્રીએ સંતો-હરિભક્તોને શ્રીજીમહારાજનું જેમ છે તેમ યથાર્થ સ્વરૂપ ઓળખાવ્યું, ટીકામાં અને વાતોમાં લખાવ્યું. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમાં રહેતા ગુરુભાગને સ્પષ્ટ કરી સંપૂર્ણ પ્રત્યક્ષાર્થ ધરાવતો શુદ્ધ સર્વોપરી ઉપાસનાનું પ્રવર્તન કરતો ‘સ્વરૂપનિષ્ઠા’

લઘુ ગ્રંથ પોતાના સંપૂર્ણ માર્ગદર્શનથી પ્રકાશિત કરાવ્યો.

વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સમજવાના છ પાયા સમગ્ર સંત-હરિભક્ત સમાજને વારંવાર ઘૂંટાવી લક્ષ્યાર્થ ઉપાસના સમજાવી જેમ છે તેમ બાપાશ્રીના સિદ્ધાંતોનું પ્રવર્તન કરી રહ્યા છે. શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસનાના પ્રવર્તન કાજે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અવરભાવના દેહને નિચોવી નાખ્યો છે. એમણે અંતિમ છતાં કાયમી ભલામણ પણ એ જ કરી કે, ‘‘સંતો-હરિભક્તો, નિષ્ઠામાં જરિયે ફેર ન પડવા દેતા.’’

પ.પૂ. સ્વામીશ્રીએ પણ સૌ વતી વચન આપ્યું છે કે, ‘‘બાપજી, યાવદ્‌ચંદ્રદિવાકરૌ આ સંસ્થામાં કદી નિષ્ઠા-ઉપાસનામાં કાનામાત્રનો ફેર નહિ પડે.’’ આ વચન આપી પ.પૂ. સ્વામીશ્રીએ ભવિષ્યમાં પણ વર્ષોનાં વર્ષો આ જ પેઢીએથી બાપાશ્રીના જ્ઞાન મુજબના સર્વોપરી ઉપાસનાના ડંકા વાગશે તેવો ભાવિ પ્રવર્તનનો ઘોષ કર્યો છે.

બંને દિવ્ય સત્પુરુષોએ રાત્રિ-દિવસ એક કરી એવી અજોડ ઉપાસનાનું પ્રવર્તન કર્યું છે જેથી આજે સમાજમાં એક આગવી છાપ ઊભી થઈ છે કે, ‘યથાર્થ ઉપાસના સમજવી હોય તો જાવ વાસણા.’ અને તેને આપણે જાળવી રાખવા આપણી ઉપાસનામાં અલ્પ ફેર ન પડવા દઈએ.

શ્રીજીમહારાજની ઉપાસના-નિષ્ઠા સમજ્યા પછી મૂર્તિસુખને પામવા પ્રથમ બાપાશ્રીએ પંચવર્તમાન તથા નિયમ-ધર્મની દૃઢતાનો અતિશે આગ્રહ દર્શાવ્યો છે. ‘સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં.’ – આ જીવનસૂત્રને અનુસરેલા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઉપાસનાની બાબતમાં સહેજ પોલું નથી ચલાવ્યું. તેમ પંચવર્તમાનની બાબતમાં પણ ક્યાંય ઢીલાશ ચલવી નથી. ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રી આ આગ્રહ સ્વજીવનમાં દૃઢીભૂત કરી સંત-હરિભક્ત સમાજમાં પંચવર્તમાનનું સંપૂર્ણતઃ અતિ આગ્રહપૂર્વક પ્રવર્તન કરી રહ્યા છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ વિપરીત દેશકાળ કે આપત્કાળના સમયમાં પણ પંચવર્તમાનમાં અલ્પ ફેર પડવા દીધો નથી. જેમને ગુરુવર્ય પ.પૂ. બાપજીનું સૌથી વધુ નિકટ સાંનિધ્ય સાંપડ્યું છે, જેઓ તેમની હરેક પળના સાક્ષી બની રહ્યા છે એવા વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી ગૌરવ સાથે કહેતા હોય છે, ‘‘સમગ્ર સંપ્રદાયમાંથી કોઈ વ્યક્તિ ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાધુતા સામે આંગળી ચીંધે કે તેમણે શ્રીજીમહારાજની આ આજ્ઞા લોપી છે તો હું તેમનો ગુલામ થઈ જઉં.’’

ગુરુવર્ય પ.પૂ. બાપજીના સંકલ્પાનુસાર પ.પૂ. સ્વામીશ્રી આજે સમગ્ર એસ.એમ.વી.એસ.ના ત્યાગી-ગૃહી સમાજને પંચવર્તમાનમાં શૂરોપૂરો કરી રહ્યા છે. પંચવર્તમાનના પ્રવર્તનમાં નૂતન ક્રાંતિ આણી રહ્યા છે. પંચમહાલના આદિવાસી હરિભક્તોના જે ઘરમાં દારૂની ભઠ્ઠીઓ ચાલતી, દારૂનાં માટલાં ભરેલાં હોય તે ઘરમાં આજે ચા-કૉફી પણ જોવા ન મળે તો બીજાં વ્યસન તો હોય જ ક્યાંથી ? એટલું જ નહિ, ગુરુવર્ય પ.પૂ. બાપજીના

સંકલ્પે નિર્માણ પામેલ એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ હૉસ્પિટલમાં પણ આજે ડૉક્ટરોને કે દર્દીઓને ચા-કૉફી અપાતી નથી. એકાદશીના દિવસે પણ તમામ દર્દીઓને હૉસ્પિટલમાંથી ઠાકોરજીની પ્રસાદીનું ફરાળ જ જમાડાય છે. સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય અને રાજકીય નેતાઓ પણ આજે આ નૂતન ક્રાંતિને વંદી રહ્યા છે.

આજના ઘોર કળિકાળમાં ભાઈ-બહેન, બાપ-દીકરીના સંબંધોમાં પવિત્રતાનાં ભંગાણ થતાં હોય. અવેરી વર્તમાન પાળવું પણ અતિ કપરું છે એવા વિષમ દેશકાળમાં શ્રીજીમહારાજના ને ગુરુવર્ય પ.પૂ. બાપજીના સંકલ્પે તથા પ.પૂ. સ્વામીશ્રીના આગ્રહથી, તેમના બળપ્રેરક વચનોથી આજે પ્રિ-મુમુક્ષુ બૅચના દેશ-વિદેશના સેંકડો યુવાનો ભાઈ-બહેનના સંબંધો કેળવી બ્રહ્મચર્ય પાળી રહ્યાં છે. આવું તો સતયુગમાં થાય, કળિયુગમાં નહીં. જેની કલ્પના પણ વાહિયાત લાગે તે આજે પ.પૂ. સ્વામીશ્રીના આગ્રહે એસ.એમ.વી.એસ. સમાજમાં વાસ્તવિકતાએ બની રહ્યું છે.

"સંતો, નંદસંતોની રીતિનીતિ, તેમના જેવું જીવન જોવું હોય તો દર્શન કરો આ દેવસ્વામીના અને તેમના સંતોના !" અન્ય સંસ્થાના ગુરુપદે બિરાજતા સંત ગુરુવર્ય પ.પૂ. બાપજી અને તેમના સંતવૃંદના પંચવર્તમાનની દૃઢતાએ યુક્ત જીવનથી પ્રભાવિત થઈ પોતાના સંતોને પ્રેરણા આપે છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીના જીવનમાં સાધુતામાં અલ્પ કસર નથી. પણ સંત સમાજને કસરેમુક્ત કરવા શિબિરમાં "ખાવું, પીવું, બેસવું..." તથા અન્ય સાધુતાનાં પદ દ્વારા 'સંતો, આવા સંત બની રહેજો' તેમ સાધુતાની રીત શીખવી; પંચવર્તમાનમાં અણીશુદ્ધ સંત સમાજ તૈયાર કર્યો છે.

એક વખત એસ.એમ.વી.એસ.ના પૂ. સંતો વિચરણમાં જતા હતા. રસ્તામાં એક રાજમહેલ આવ્યો. મહેલમાં રહેતા રાજમાતાએ દૂરથી સંતોને જોયા એટલે પધરામણી કરાવવા અંગે ભલામણ કરી. પુરુષ કાર્યકરો સાથે સંતોએ મહેલમાં પધરામણી કરી. સંતો પધારતાં રાજમાતા પોતાના કક્ષમાં જતા રહ્યાં. સંતોએ ઘરના પુરુષ સભ્યોને થોડી સત્સંગની વાત માંડી. સંતો લાભ આપતા હતા તે દરમ્યાન રાજમાતાએ કોઈને મોકલી કાર્યકરને બોલાવ્યા અને કહ્યું, "મારે સંતોના ચરણસ્પર્શ કરવા છે." કાર્યકરે આવી સંતોને વાત કરી. સંતોએ કહ્યું, "એમને વાત કરો કે અમે સ્ત્રી-ધનના ત્યાગી સંતો છીએ. અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય પાળીએ છીએ. સ્ત્રીના સ્પર્શનો વિચાર સુધ્ધાં ન કરાય તો પ્રત્યક્ષ સ્પર્શ થાય તેવી ક્રિયા તો થાય જ કેમ ? માટે તેમને કહો ક્ષમા કરો પણ આ તો નહિ જ બને."

કાર્યકરે રાજમાતાને સંતોએ કહેલી વાત કરી તેમ છતાંય તેમણે પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો.

સંતોએ કહ્યું, "એ રાજમાતા તો આ લોકના છે. અમારા બાપ સ્વામિનારાયણ તો અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે. તેઓ રાજી ન થાય તો શું કરવાનું ? એમની

આજ્ઞા-રુચિ એ અમારું જીવન છે અને ઉપવાસ તો અજાણતાં અડી જવાય તો કરવાનો હોય; જાણી જોઈને આજ્ઞા લોપીએ તો અમે અપરાધી અને પાપી ઠરીએ. માટે તેમને કહો કે કોઈની આવી અયોગ્ય ઇચ્છા પૂર્ણ કરવાનો શ્રીજીમહારાજે અમને કોઈ હક આપ્યો નથી.'' આટલું જણાવતાં જ સંતો રાજમાતાની મહોબતમાં લેવાયા વિના ત્યાંથી ચાલી નીકળ્યા. આવા તો એક નહિ, હજારો પ્રસંગો સંતોના અણીશુદ્ધ પંચવર્તમાનની દૃઢતાના મોજૂદ છે.

એટલું જ નહિ, નિષ્કામ વર્તમાનની વિશેષ દૃઢતા માટે પ.પૂ. સ્વામીશ્રીની આજ્ઞાને શિરે ધરી પૂ. સંતો સ્માર્ટ ફોન કે ઇન્ટરનેટ જેવા આધુનિક ઉપકરણોનો ડાઈરેક્ટ ઉપયોગ કરતા નથી. તેનો ઉપયોગ હરિભક્તો દ્વારા સત્સંગ સેવામાં કરે છે.

શ્રીજીરચિત પંચવર્તમાન અને સિદ્ધાંતોનું યાવદ્ચંદ્રદિવાકરૌ પ્રવર્તન એસ.એમ.વી.એસ.માં થતું રહે તે માટે ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીએ સંત બંધારણની રચના કરી છે. જેથી શ્રીજીસંમત બાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંત પ્રવર્તનનો સૂરજ સદાકાળ એસ.એમ.વી.એસ.માં તપતો રહે.

બાપાશ્રીએ અવરભાવ-પરભાવ અને કાર્ય-કારણનો સિદ્ધાંત આપ્યો. ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રી આજે સમગ્ર એસ.એમ.વી.એસ.ને આ સમજણ દૃઢ કરાવી રહ્યા છે. સંસ્થાના ઉત્સવ-મહોત્સવોમાં કારણપ્રધાન આયોજનો મુખ્ય કરી બાપાશ્રીના સિદ્ધાંતને અજર-અમર કરી રહ્યા છે.

પ.પૂ. સ્વામીશ્રી સંતોને શિબિરમાં બાપાશ્રીના આ સિદ્ધાંતને દૃઢ કરાવતાં એ લાભ આપતા હોય છે કે, ''સંતો, અવરભાવમાં રહેવા છતાં તમામ પ્રશ્નો, મૂંઝવણો અને ઉપાધિથી રહિત થવું હોય, આપણા ધ્યેય તરફ નિર્વિઘ્ને આગળ વધતા રહેવું હોય, બધું કરવા છતાં આપણું જીવન સરળતાથી પ્રભુમય વીતે તે માટે બાપાશ્રીએ આપેલી ત્રણ સમજણરૂપી ચાવી અવશ્ય વાપરવી. કોઈ પણ સમયે આ ચાવીનો ઉપયોગ કર્યા કરવો :

૧. અવરભાવ-પરભાવની સમજણ

૨. કાર્ય-કારણની સમજણ

૩. હું કોણ છું ? આ વિચારની સ્પષ્ટતા

આ ત્રણ ચાવીથી અવરભાવના તમામ પ્રશ્નોનાં તાળાં ખૂલી જાય.''

પ.પૂ. સ્વામીશ્રી વર્તમાન સમયે અનેક નવા નવા કૉન્સેપ્ટ (ખ્યાલો) દ્વારા બાપાશ્રીએ આપેલી આ સમજણનું વિશ્વવ્યાપી પ્રવર્તન કરી રહ્યા છે.

બાપાશ્રીનો આ બ્રહ્માંડમાં પધારવાનો મુખ્ય હેતુ જ અનાદિમુક્તની સ્થિતિનું જેમ છે તેમ પ્રવર્તન કરવાનો હતો. બાપાશ્રીએ પોતાની હયાતીમાં અનેકને અનાદિમુક્તની સ્થિતિના અનુભવ કરાવ્યા હતા. બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો હોય કે ઉત્સવ-સમૈયા હોય કે નાની સભા હોય પણ મુખ્યપણે અનાદિમુક્તની સ્થિતિની જ વાતો ખૂબ

આગ્રહપૂર્વક કરતા.

બાપાશ્રીનો અનાદિમુક્તની સ્થિતિનું જેમ છે તેમ પ્રવર્તન કરવાનો આગ્રહ આજે વર્તમાન સમયે ગુરુવર્ય પ.પૂ. બાપજીના સંકલ્પથી પ.પૂ. સ્વામીશ્રી વિશ્વવ્યાપી કરી રહ્યા છે. દેશ હોય કે વિદેશ, ઉત્સવ, સમૈયા કે મોટા મહોત્સવ હોય, જ્ઞાનસત્ર હોય, શિબિર હોય કે આદર્શ પ્રૉજેક્ટ હોય, મંદવાડમાં હૉસ્પિટલમાં હોય કે અંગત સભા હોય, પ.પૂ. સ્વામીશ્રીની દરેક સભામાં અનાદિમુક્તની સ્થિતિની વાત આવે જ. એટલું જ નહિ, અનાદિમુક્તની સ્થિતિના જ્ઞાનના અનુભવની વાત કરતાં જાણે મહારાજ-બાપાશ્રીનો સંકલ્પ સોળે કળાએ ખીલી રહ્યો હોય ને સ્વયં મહારાજ જ વાત કરતા હોય તેવી સાંભળનાર સૌને પ્રતીતિ થાય છે.

એક વખત પ.પૂ. સ્વામીશ્રી વિદેશ વિચરણ દરમ્યાન ન્યૂજર્સી મંદિર ખાતે રાત્રે સભામાં અનાદિમુક્તની સ્થિતિની જેમ છે તેમ વાતો કરતા હતા. જર્સીના એક હરિભક્ત તેમના મિત્રને લઈને સભામાં આવ્યા હતા. તેઓ થોડી વાર માટે સભામાં આવ્યા હતા. પરંતુ પ.પૂ. સ્વામીશ્રીના મુખે અનાદિમુક્તની સ્થિતિની વાતો સાંભળી તેઓ છેક સુધી સભામાં બેસી રહ્યા.

સભા પૂર્ણ થયા બાદ તે હરિભક્ત પ.પૂ. સ્વામીશ્રીને એકાંતમાં મળવા આવ્યા. તેઓ પ.પૂ. સ્વામીશ્રીના ખોળામાં માથું મૂકી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા અને કહ્યું, "સ્વામી, આજથી ૩૫-૪૦ વર્ષ પહેલાં મેં આવી અનાદિની સ્થિતિની અને મૂર્તિના સુખની વાતો સત્પુરુષ થકી સાંભળી હતી. તેનો સ્વાદ આજે ફરી ચાખ્યો. એમ થતું કે આવી વાતો કોણ કરશે ? ને આપણને ક્યારે મળશે ? આજે મારો સંકલ્પ પૂરો થયો." આ છે વર્તમાનકાળે પ.પૂ. સ્વામીશ્રી અનાદિની સ્થિતિનું જેમ છે તેમ પ્રવર્તન કરી રહ્યા છે તેના વર્તમાન પુરાવા.

પ.પૂ. સ્વામીશ્રી આ પ્રસંગ પૂ. સંતોની સભામાં રજૂ કરી અવશ્ય ટકોર કરે, "સંતો, અમે તો અત્યારે વાતો કરીએ છીએ પરંતુ ભવિષ્યમાં તમે અમારી પાછળ ચીલો ચાલુ રાખજો. આ સંસ્થાનું નિર્માણ આ માટે જ થયું છે. ગુરુવર્ય પ.પૂ. બાપજીનું, અમારું અને તમારા સર્વેનું પ્રાગટ્ય અનાદિમુક્તની સ્થિતિના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે જ છે. માટે સ્થિતિ પામવાના અને અનંતને પમાડવાના આગ્રહી બનજો. આ અમારા સ્વપ્નોને પૂરા કરજો."

અનાદિમુક્તની સ્થિતિના વિશેષ પ્રવર્તન માટે જ પ.પૂ. સ્વામીશ્રીએ આદર્શ પ્રૉજેક્ટની રચના કરી. આ આદર્શ પ્રૉજેક્ટના મુક્તોને અનાદિની સ્થિતિના માર્ગે આગળ વધારવા પ.પૂ. સ્વામીશ્રી દર વર્ષે પચ્ચીસથી વધારે દિવસો ફાળવી કેમ્પ-શિબિરો આદિ કરી ખૂબ ખૂબ બળ આપે છે. સંતોની દસ-પંદર દિવસની શિબિરો કરી સ્થિતિ પામવાના ધ્યેયને જ વધુ ને વધુ દૃઢ કરાવે છે. બસ, પ.પૂ. સ્વામીશ્રીનો એક જ સંકલ્પ છે કે, જોગમાં આવનાર સૌને અનાદિમુક્તની સ્થિતિ પમાડવી જ છે. તે માટે તેઓ અવરભાવના દેહની, રાત્રિ-

દિવસ કે સમયની પરવા કર્યા વિના મંડ્યા જ રહે છે.

હવે જરૂર છે એસ.એમ.વી.એસ.ના અદના સેવક તરીકે બાપાશ્રીના અનાદિની સ્થિતિના વર્તમાન પ્રવર્તક એવા ગુરુવર્ય પ.પૂ. બાપજી અને વ્હાલા પ. પૂ. સ્વામીશ્રીના સ્વપ્નમાં સમાઈ જવાની. અનાદિની સ્થિતિ પામવાના માર્ગે પગરવ માંડી આગળ ને આગળ વધવાની. બાપાશ્રીએ વાતોમાં જણાવેલ એક એક સિદ્ધાંતો-આગ્રહોને આજદિન સુધી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ્રવર્તાવ્યા છે અને હવે દિવ્ય રૂપે પ્રવર્તાવી રહ્યા છે. એમના ચીલે ચાલી પ.પૂ. સ્વામીશ્રી પણ આ જ સિદ્ધાંતો-આગ્રહો પ્રવર્તાવી રહ્યા છે. ત્યારે બાપાશ્રીએ સમજાવેલા સિદ્ધાંતોના વર્તમાન પ્રવર્તક ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય ચરણોમાં અનંત અનંત પ્રણામ...

●●●



# ૫ બાપાશ્રીના આગ્રહોને પોતાના કરવા તે જ તેમનો ખરો મહિમા

કોઈના સારા કાર્યને તાળીઓના અભિવાદનથી નવાજવું.

કોઈના સારા ગુણ, ઉચ્ચ આવડતની જાહેરમાં પ્રશંસા કરી બિરદાવવાં.

કોઈની સફળતાના બદલામાં ભેટ-સોગાદો આપીને કદર કરવી.

કોઈના ઉચ્ચ આદર્શ જીવનને લખવું, તેની યશગાથા ગાવી.

આ માનુષી સાહજિક સભ્યતા છે. માનવીય ગુણો છે. આવી સભ્યતાની અભિવ્યક્તિ કરવાથી કરનારને પોતાને તથા સાંભળનારને સંતોષ જરૂર થાય. પરંતુ તેનાથી જીવન બદલાતું નથી. હા, એ તેમના પ્રત્યેનો આદર જરૂર છે. પરંતુ તેમનું ખરેખર મહાત્મ્ય સમજાયું ના કહેવાય.

અન્યનું સારું જોઈને રાજી થવાની ભાવના એ ખરું મહાત્મ્ય નથી. એમને જે બાબત માટે નવાજ્યા, બિરદાવ્યા, કદર કરી કે લખ્યા તે પ્રમાણેનું પોતાનું જીવન થાય એ મહાત્મ્ય છે. દુનિયામાં સારું તો ઘણુંબધું છે; પરંતુ તે બધું સુખકર નથી. જે 'મારું' થાય છે તે જ સુખરૂપ બને છે ને તેનો જ આનંદ આવે છે તથા તેનાથી સુખી થવાય છે. બીજાના મોટા બંગલા જોઈ 'વાહ ! વાહ !' બોલીએ પરંતુ તેમાં રહેવાનો આનંદ ન આવે. જ્યારે નાની ઝૂંપડી જોઈ હાશ અને આનંદની અનુભૂતિ થાય. કારણ, તે પોતાનું છે.

તેમ આપણે આ પુસ્તકમાં શ્રીજીમહારાજના જ આગ્રહોને બાપાશ્રીએ પુષ્ટ કરી સમજાવ્યા છે; તેમાંના મુખ્યત્વે છ આગ્રહો વિષે જાણ્યું. તે વાંચી બાપાશ્રી બહુ મોટા છે, તેમણે અજોડ સિદ્ધાંતો આપ્યા એવો આનંદ વર્તે તથા બાપાશ્રીના વ્યક્તિત્વને વિષે અતિશે અહોભાવ જન્મે કે, બાપાશ્રીના આ આગ્રહો એ...

મૂર્તિસુખના પથદર્શક છે.

મુમુક્ષુની આધ્યાત્મિક ભૂખ ભાંગતું અમૃત છે.

રાજીપાના રાજમાર્ગની દીવાદાંડી સમાન છે.

દિવ્યજીવન જીવવાની કેડી કંડારનાર છે.

આવી રીતે બાપાશ્રીના આગ્રહોને જાણવા, વાંચવા, તેના પર ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો તથા અહોહોભાવ વ્યક્ત કરવો એ બાપાશ્રીનું મહાત્મ્ય સમજ્યા ન કહેવાય. પરંતુ બાપાશ્રીના આગ્રહો પોતાના થાય અર્થાત્ પોતાના જીવનમાં ચરિતાર્થ થાય તે બાપાશ્રીનું ખરું મહાત્મ્ય સમજાયું કહેવાય.

બાપાશ્રીના આગ્રહો પોતાના થયા ક્યારે કહેવાય ? તો, બાપાશ્રીએ જે જે આગ્રહો પોતાના જીવનવર્તન દ્વારા કે ઉપદેશ દ્વારા જણાવ્યા છે તે પ્રમાણેનું પોતાનું જીવન કરવા કટિબદ્ધ થવાય, તે પ્રમાણે વર્તવા માટેનો આગ્રહ જાગે, તત્પરતા જાગે, બાપાશ્રીના આગ્રહોને પોતાના જીવનમાં ચરિતાર્થ કરવા માટે બીજું બધું ગૌણ થઈ જાય ત્યારે બાપાશ્રીના આગ્રહો પોતાના થયા કહેવાય.

બાપાશ્રીએ આ છ આગ્રહો કેમ વિશેષ દર્શાવ્યા ? જેમ કોઈ કંપનીમાં નોકરી કરવી

હોય તો કંપનીના મુખ્ય કાર્યાલયના સદસ્યો નોકરી ઇચ્છનાર ઉમેદવારને કંપનીનો ઉદ્દેશ્ય, કંપનીની સ્થાપના માટેના સ્થાપકના ઉદ્દેશ્ય તથા કંપનીના કાયદાઓ જણાવે છે. વળી, એ જ રીતે શાળામાં પ્રવેશ મેળવતા પહેલાં વિદ્યાર્થીને શાળાના નિયમો કહેવામાં આવે છે. કોઈ દીકરીના સંબંધ કોઈ દીકરા સાથે નક્કી કરવાના થાય તે પૂર્વે દીકરાનાં માતાપિતા દીકરીને તથા તેમના માતાપિતાને કહે કે, ‘‘અમારા ઘરમાં તો બધા સવારે પાંચ વાગે ઊઠી જાય. ઊઠીને પરવાર્યા પછી પહેલાં પૂજા કરવાની. મંદિરે દર્શન કરવા જવાનું જ. એ વિના કોઈ પાણી પણ ન પીવે.’’ આવું ઘણુંબધું કહે છે.

ઉમેદવારને કંપનીના ઉદ્દેશ્યો-કાયદાઓ જણાવવા, વિદ્યાર્થીને શાળાના નિયમો કહેવા અને દીકરીને સામા પક્ષના ઘરની રીતિનીતિ જણાવવી આ બધા પાછળનો એક જ ઉદ્દેશ્ય હોય છે કે તમારે નોકરી કરવી હોય, ભણવું હોય કે લગ્ન કરવાં હોય તો આ પ્રમાણે વર્તવું જ પડશે.

તેમ જેમણે સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપની યથાર્થ દૃઢતા કરીને દિવ્યજીવનના પથ પર ચાલી અનાદિમુક્તની સ્થિતિ કહેતાં મૂર્તિસુખના અધિકારી થવું હોય તેમણે બાપાશ્રીએ જણાવેલા આગ્રહો પોતાના કરવા જ રહ્યા. એ વિના બીજો કોઈ વિકલ્પ નથી.

બાપાશ્રી રાત્રિ-દિવસ મહારાજના સંકલ્પો, આગ્રહો સંત-હરિભક્ત સમાજમાં દૃઢ થાય તે માટે મંડ્યા રહેતા. તેથી દરેક ક્રિયા, વાતમાં તેનું બીજ લાવતા. બાપાશ્રી જ્યારે છેલ્લી વખત કરાંચી પધાર્યા ત્યારે સૌ સંતો-હરિભક્તોએ કાયમી સ્મૃતિ રહે તે માટે બાપાશ્રીને પ્રાર્થના કરી કે, ‘‘બાપા, આપની સાથે અમારે સ્મૃતિ છબી (ફોટોગ્રાફ) લેવી છે.’’ બાપાશ્રીની અનુમતિ મળતાં સંતો-હરિભક્તો મંદિરના વિશાળ પ્રાંગણમાં ગોઠવાઈ ગયા. બાપાશ્રીને સૌએ વચ્ચે બેસાર્યા. ફોટોગ્રાફવાળાએ કહ્યું, ‘‘બધા એક મિનિટ સરખા બેસી રહેજો.’’ એમ કરતાં તરત ફોટો પાડી લીધો. બાપાશ્રીએ પૂછ્યું, ‘‘પતી ગયું ?’’ ‘‘હા બાપા, પતી ગયું.’’ બાપાશ્રીએ કહ્યું, ‘‘ફોટો પાડતા જેટલી વાર લાગે એટલી વાર તમારા બધાના ચૈતન્યમાં મૂર્તિ પધરાવતા અમને ન લાગે. આમાં સરખું બેસવું ખપે છે તેમ મહારાજ ને મોટા અનાદિના ઠરાવે ઠરાવ થાય તો તુરત સુખમાં મૂકી દે.’’ ઠરાવે ઠરાવ એટલે મોટાના આગ્રહો પોતાના આગ્રહ બને ત્યારે મૂર્તિનું સુખ છેટું ન રહે.

સાધક અવસ્થામાં રહેલા જે સંતો-હરિભક્તોએ પોતાના ગુરુના આગ્રહો, સિદ્ધાંતો, સંકલ્પો અને ગુણોને સ્વજીવનમાં આત્મસાત્ કર્યા તેઓ જ ગુરુના કલ્યાણકારી ગુણના વારસદાર બન્યા છે.

બાપાશ્રી એક વખત મૂળી પધાર્યા. એ વખતે શ્રીજીમહારાજના ધામમાંથી પધારેલા સદ્. હરિનારાયણદાસજી સ્વામી અંતર્ધાન થઈ ગયા હતા. તેમના શિષ્ય સ્વામી ભગવત્સ્વરૂપદાસજીનું જીવન જોઈ બાપાશ્રીના મુખમાંથી તેમના પ્રત્યે પ્રસન્નતાનાં વચન

સરી પડ્યાં, “આ સંતે સદ્. હરિનારાયણદાસજીના ગુણ રાખ્યા છે.” અને પુરાણી ધર્મકિશોરદાસજી સામું અમૃતદૃષ્ટિ કરીને બોલ્યા જે, “આ પુરાણી પણ ખરેખરા છે. તેમણે પણ મોટાનો અભિપ્રાય જાણ્યો છે.” પછી બંને સંતોને મિષે સભામાં રહેલા સંતો-હરિભક્તોને કહ્યું જે, “મહારાજને આવી રીત (મોટાનો અભિપ્રાય, આગ્રહોને પોતાના કરવાની રીત) બહુ ગમે. જેમણે મહારાજનો મહિમા જાણ્યો હોય તે વચનમાં ખબડદાર વર્તે જ.” બાપાશ્રી ગુરુના આગ્રહો પ્રમાણે જીવન જીવનાર સંતો-ભક્તો પર અતિશે પ્રસન્નતા જણાવતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પણ બાપાશ્રી અને સદ્. મુનિસ્વામીના આગ્રહને પોતાના કર્યા હતા. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અવરભાવના સમગ્ર જીવનકાળ દરમ્યાન બાપાશ્રીના શ્રીજીસંમત સિદ્ધાંતો કે આગ્રહો બહાર એક ડગ સુધ્ધાં માંડ્યો નથી. બાપાશ્રીના આગ્રહો એ જ એમના જીવન રહસ્યનો સાર છે. ગુરુવર્ય પ.પૂ. બાપજી એટલે શ્રીજીમહારાજના અને બાપાશ્રીના આગ્રહોનું મૂર્તિમંત સ્વરૂપ જોઈ લ્યો ! શ્રીજીમહારાજ, બાપાશ્રી અને ગુરુવર્ય પ.પૂ. બાપજી ત્રણેયના સિદ્ધાંતો અને આગ્રહ જુદા નથી તેમ છતાં અલગ રીતથી આગ્રહ દર્શાવ્યા છે. ત્રણેયના સિદ્ધાંતો અને આગ્રહોને સમન્વિત કરતું મૂર્તિમંત સ્વરૂપ એટલે વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી.

વ્હાલા પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ દર્શાવેલા બાપાશ્રીના અથથી ઇતિ આગ્રહોને ચરિતાર્થ કરાવવામાં પોતાના અસ્તિત્વનો લય કરી દીધો છે. તેને પોતાના જીવનનો આયામ બનાવી દીધો છે. પ.પૂ. સ્વામીશ્રી સમર્થ દિવ્ય સ્વરૂપ હોવા છતાં પોતે વર્તીને આપણને મહારાજ અને મોટાના આગ્રહોને પોતાના કરવાની રીત શીખવે છે. હવે જે કાંઈ ખૂટે છે તે આપણા તરફી છે.

મહારાજ અને મોટાના આગ્રહોને પોતાના કરવા વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી જે કોઈ આગ્રહ કે રુચિ દર્શાવે, આજ્ઞા કરે કે અભિરુચિ જણાવે તેને આપણા લોહીની બુંદ બુંદમાં એવી વણી લઈએ કે આપણું મન, બુદ્ધિ કે સ્થૂળ શરીર પણ તેની બહાર વર્તી ન શકે. બાપાશ્રીનો મહિમા આપણા મુખે કહીને નહિ પરંતુ વર્તને કરીને ગવાય તેવું જીવન બનાવવા કટિબદ્ધ બનીએ.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સેવેલા બાપાશ્રીના આગ્રહો સમગ્ર એસ.એમ.વી.એસ. સમાજના બની રહે તે માટે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ.પૂ. સ્વામીશ્રીએ પ્રાર્થના કરી હતી કે, “અમે આપના વારસદાર બની રહીએ. આપના સિદ્ધાંતો અજર-અમર પેઢીઓની પેઢી સુધી રાખી શકીએ એવી દયા કરો. યાવદ્ચંદ્રદિવાકરૌ આ એસ.એમ.વી.એસ.માં મહારાજ- બાપા સહિત આપ સદાય દિવ્ય રૂપે બિરાજમાન રહો. અમે આપના સંકલ્પો મુજબ ચાલીએ, આપના ચીલે ચાલી શકીએ એવી કૃપા કરજો.”

પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને સમગ્ર એસ.એમ.વી.એસ. સમાજ વતી

વચન આપ્યું છે કે, "બાપજી, અમે આપે આપેલા સિદ્ધાંતોમાં એક કાનામાત્રનો ફેર નહિ પાડીએ." હવે આપણા માટે પ.પૂ. સ્વામીશ્રીના વચનને સાકાર કરવાનો અવસર છે. ત્યારે તક ન ગુમાવીએ. બાપાશ્રીના આગ્રહો મુજબનું આપણું જીવન કરી દિવ્યજીવનની ભેટ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણે ધરીએ એ જ તેમના ઋણમાંથી છૂટવાનો ઉપાય છે.

મોટાપુરુષના આગ્રહો જેટલા આપણા પોતાના થાય, એમના સંકલ્પો આપણા થાય, એમનું કૂંડાળું આપણું કૂંડાળું બની જાય, એમનો તાલ એ આપણા જીવનનો તાલ બની જાય તે જ તેમની સાથેની આત્મબુદ્ધિ. આવી આત્મબુદ્ધિના નાતે જોડાવા બાપાશ્રીના આગ્રહોને આપણા કરીએ.

વર્તમાન સમયે આપણને મોટાપુરુષ અને સંતોના પ્રત્યક્ષ સમાગમ સિવાય શ્રીજીમહારાજ અને બાપાશ્રીએ દર્શાવેલા આગ્રહો વચનામૃત અને બાપાશ્રીની વાતો દ્વારા પ્રત્યક્ષ મળે છે. ત્યારે તે આગ્રહોને આપણા પોતાના કરવા પ.પૂ. સ્વામીશ્રીએ દર્શાવેલી વાંચન-મનનની રીત શીખીએ.

વચનામૃત એટલે શ્રીજીમહારાજની વાણી. શ્રીજીમહારાજની વાણી એ શ્રીજીમહારાજનું સ્વરૂપ છે. તેમ બાપાશ્રીની વાતો પણ બાપાશ્રીનું સ્વરૂપ છે. જેમ મૂર્તિને વિષે મૂર્તિનો ભાવ સમજાય તો નાસ્તિકભાવ કહેવાય તેમ ગ્રંથને ગ્રંથ સમજીએ તે નાસ્તિકભાવ કહેવાય. વચનામૃત એ શ્રીજીમહારાજનો પ્રત્યક્ષ સમાગમ છે તેમ બાપાશ્રીની વાતો બાપાશ્રીનો પ્રત્યક્ષ સમાગમ છે. લખેલું વંચાય અને સંભળાય છે એવું ન સમજવું.

વાંચન કરતાં હું પ્રત્યક્ષ સમાગમ કરી રહ્યો છું તેવું દૃઢપણે મનાય તો જેમ આપણને એકલાને એકાંતમાં સમાગમ કરવા બોલાવે ત્યારે જેવો આનંદ થાય, સુખ આવે તેવો આનંદ અને સુખ વચનામૃત અને બાપાશ્રીની વાતો વાંચતા થાય.

વાંચન કરતાં કંટાળો આવે, નીરસતા વ્યાપે, મૂકી દેવાનું મન થાય તો જેમ ગુરુવર્ય પ.પૂ. બાપજી પ્રત્યક્ષ આપણને એકને સમાગમ કરાવતા હોય અને તેઓનો લાભ મૂકી જતા રહીએ તો તેમને કેટલું દુઃખ થાય કે, 'આમને મારી જોડે બેસવામાં નીરસતા છે' તેવું મહારાજ-બાપાશ્રીને પણ થાય કારણ કે તેઓ વચનામૃત અને બાપાશ્રીની વાતો રૂપે પ્રગટ જ છે.

જેમ આપણા Whatsapp પર સમાચાર મળે કે, 'આ તારીખે શ્રીજીમહારાજ અને બાપાશ્રી વાસણા મંદિરે પ્રત્યક્ષ સમાગમનો લાભ આપવા પધારવાના છે.' તો લાભ લેવાની કેટલી તત્પરતા જાગે ! કેટલો રસ પડે ! કેટલું ખેંચાણ થાય ! છેક અમેરિકાથી પણ ટિકિટનું ભાડું ખર્ચીને આવીએ પરંતુ આ જ શ્રીજીમહારાજ અને બાપાશ્રી આપણા ઘરમાં બિરાજી પ્રત્યક્ષ લાભ આપે છે. ત્યાં નથી કોઈ ટિકિટ ખર્ચવાની કે નથી સમય કાઢવાનો. માત્ર જરૂર છે વાસ્તવિકતાનો સ્વીકાર કરી અહોભાવમાં રાચવાની.

જ્યાં સુધી વચનામૃત કે બાપાશ્રીની વાતો પરત્વે ગ્રંથનો જ ભાવ રહે ત્યાં સુધી તેમના

આગ્રહો પોતાના નહિ થાય. માટે ગ્રંથને વિષે પરોક્ષભાવ દૂર કરી પ્રત્યક્ષભાવ કેળવીએ અને વાંચનની શરૂઆત કરીએ. વાંચતાં પૂર્વે ગ્રંથમાં બિરાજિત મૂર્તિનાં દર્શન કરી તેમને ચરણસ્પર્શ કરી પ્રાર્થના કરવી :

"હે મહારાજ, હે બાપા, દયા કરીને તમે મને દિવ્યબુદ્ધિનો યોગ આપજો. મારામાં કસર છે તે આપ જાણો છો. તે કસરને ઓળખાવજો, ભૂલ ટળાવજો, ઉપાય આપજો. આપની વાતો મને સમજાય તેવું બળ આપજો. જેથી બુદ્ધિનું બળ ન આવે. હરિબળ આપજો. આપ જેવા કરવા પધાર્યા છો તો વહેલામાં વહેલી તકે આપ જેવા કરજો."

## બાપાશ્રીના આગ્રહો આપણા કરવા આટલું તો કરીએ જ :

૧. આગ્રહ જોઈ, વાંચી કે સાંભળીને અહોભાવમાં ડૂબવું કે, 'આહાહા...! તેમનો કેવો આગ્રહ છે.'
૨. એ આગ્રહને વારંવાર વાંચવો, સાંભળવો અને અરસપરસ ગાન કરવું.
૩. આગ્રહ પ્રમાણે વર્તવાનો દૃઢ સંકલ્પ કરવો.
૪. આગ્રહને સ્વજીવન સાથે સરખાવી અનુતાપ-પરિતાપ કરવો.
૫. આગ્રહનું મનન-ચિંતવન કરવું. તે મુજબ વર્તવાનો પ્રયાસ ચાલુ કરી દેવો.
૬. આગ્રહ પ્રમાણે વર્તવામાં આવનાર વિઘ્નો માટે સતત સાવધાની અને જાગૃતતા રાખવી.

●●●

# બાપાશ્રી મહિમાગાન

## બાપાશ્રી કોણ હતા ?

(રાગ : લાવણી)

કોણ હતા બાપાશ્રી, તે વાત સુણી લો ભાઈ;
શ્રીજી સંકલ્પ મૂર્તિ, પ્રગટ થયા સુખદાઈ...૦ટેક

પ્રસિદ્ધ સ્વસિદ્ધ મહામુક્ત અનાદિ એ છે;
જેના વચને કરી શ્રીજી મૂર્તિ સુખ મળે છે...કોણ૦૧

શ્રીજી સિદ્ધાંતોને સારી રીતે સમજાવે;
જે કહે બાપાશ્રી તે સુણજો સાચે ભાવે...કોણ૦૨

દિવ્ય મૂર્તિ શ્રી ઘનશ્યામની અક્ષરધામે,
તે જ મનુષ્યરૂપ દીસે છે આ ઠામે...કોણ૦૩

નિજ મંદિરમાં પધરાવેલ સ્વરૂપ,
હરિકૃષ્ણ ઘનશ્યામ સહજાનંદ અનુપ...કોણ૦૪

એ ત્રણે સ્વરૂપો સ્વયં શ્રીજી પોતે,
રોમ ફેર એક નહિ સિદ્ધાંતોને જોતે...કોણ૦૫

સ્વામિનારાયણ ભગવાન એક જ છે જાણો,
મુક્ત અનેક થયા ને થશે અનાદિ પ્રમાણો...કોણ૦૬

અનાદિમુક્તોને શ્રીજી એક જ સુખના દાતા,
સર્વે એક મૂર્તિમાં રહ્યા થઈ સુખ ભોક્તા...કોણ૦૭

સકામ ભક્ત થયા બ્રહ્માથી અક્ષર જેવા,
નિષ્કામ ભક્તને મળે મૂર્તિના મેવા...કોણ૦૮

સેવક હોય હરિનો સાચો તે દાસ રહાવે,
થાય અનાદિ પણ હરિ પદવી ન ચહાવે...કોણ૦૯

અનાદિને રસબસ ભાવે લુબ્ધ બનાવે,
નિજ મૂર્તિમાં પયસાકરવત્ થિજાવે...કોણ૧૦

પુરુષોત્તમ પામવા પુરુષોત્તમરૂપ બનવું,
તેનું પ્રમાણ શ્રીમુખવાણી એકાવન ગણવું...કોણ૧૧

સ્વામિનારાયણની મૂર્તિ ને મુક્ત અનાદિ,
તેને છેટાપણું કે જુદાપણું નથી કે'દી...કોણ૧૨

એકમેક ઓતપ્રોત વાણાતાણાને ન્યાય,
તદ્રૂપ તલ્લીન થવે અંતરાય જાય...કોણ૧૩


ક્ષણમાત્ર મૂર્તિથી દૂર જયારે ન રહેવાય,
આજ્ઞા વિહિત ક્રિયા કરનાર હરિ ત્યારે થાય...કોણ૧૪
એવો લક્ષ્યાર્થ થવા મૂર્તિ ધ્યાન ધરાય,
ત્યારે અનાદિ મુક્તની પંક્તિમાં સ્હેજે ભળાય...કોણ૧૫
પરમએકાંતિકને અનાદિમુક્ત બનાવે,
રોમે રોમનું સુખ એકી હારે ભોગવાવે...કોણ૧૬
પ્રભુ પ્રગટ અને મુક્ત પ્રગટ મળ્યા જયારે,
કાળ કર્મ માયા દેહ અવસ્થાઓ ગઈ ત્યારે...કોણ૧૭
દૃઢ નિશ્ચય ને દૃઢ આશ્રય થયો હરિનો,
મૂળ અજ્ઞાન કાઢી નાશ કર્યો અરિનો...કોણ૧૮
દેહ મૂક્યા પછી શ્રીજી ધામમાં તેડી જાશે,
તેવી માનીનતાને મૂકી આમ સમજાશે...કોણ૧૯
દેહાદિક મુકાવી મોક્ષ હરિએ કીધો,
શ્રીજીરૂપ કરી અનાદિની પંક્તિમાં લીધો...કોણ૨૦
કૃતારથપણું માની હવે નિયમને પાળો,
ન્યૂન માનો નહિ ને છકી ન જાવો તે સંભાળો...કોણ૨૧
પૂરું થઈ ગયું એમ માની બેસી ન રહેવું,
ધ્યાન કરી શ્રીજીનું સ્થિતિએ સુખડું લેવું...કોણ૨૨
સ્વસિદ્ધ અનાદિ સ્વતંત્રાપણે સુખ લે છે,
પાર સુખનો નહિ પામીને અપાર કહે છે...કોણ૨૩
તેના જેવા થાવા દેહાંત તત્પર રહેવું,
એમ પોતાના જનને બાપાનું છે કહેવું...કોણ૨૪
આવા શ્રીજીના સિદ્ધાંતો સમજાવનારા,
હતા બાપાશ્રી દાસાનુદાસને પ્યારા...કોણ૨૫

## દિવ્ય કારણ સત્સંગમાંહી સુણો જિજ્ઞાસુ...
## (રાગ : આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી)

દિવ્ય કારણ સત્સંગમાંહી સુણો જિજ્ઞાસુ, શ્રીજી મળે મોક્ષ થાય છે;
કરે મુક્ત મુમુક્ષુને સુણો જિજ્ઞાસુ...શ્રીજી ટેક
કાર્ય કારણ જે ઓળખે આ ટાણે, તે જ શ્રીજી રહસ્ય સત્ય જાણે;
થઈ દાસાનુદાસ તે વખાણે...જિજ્ઞાસુ ૦૧

શ્રીજી એક ને બીજા અનાદિમુક્ત, તેને કારણ પ્રમાણો કરી જુક્ત;
બીજું સર્વે છે કાર્યમાંહી ગુપ્ત...જિજ્ઞાસુ ૦૨
એ બેમાંથી એક મળે જેને જ્યારે, તેને સમજાવે વાત બધી ત્યારે;
તેની રીત કહું સુણો આ વારે...જિજ્ઞાસુ ૦૩
પ્રથમ મુમુક્ષુ ગુરુ પાસ આવે, ગુરુ એક જ સહજાનંદ કહાવે;
કર જોડી નમ્ર વાણી તે સુણાવે...જિજ્ઞાસુ ૦૪
કાળ કર્મ માયા પાશથી મુકાવો, યમદૂત પાપકર્મથી બચાવો;
લઈ શરણે આ દીનને જીવાવો...જિજ્ઞાસુ ૦૫
હરિકૃષ્ણ પ્રભુ કહે એને એમ, દારૂમાંસાદિક પાંચ પાળો નેમ;
પશુ મટાડી મનુષ્ય કરે તેમ...જિજ્ઞાસુ ૦૬
એમ પાત્ર કરી અર્પણ કરાવે, તન મન વળી ધન જે કહાવે;
જન્મ અનેકનાં કર્મ તે બળાવે...જિજ્ઞાસુ ૦૭
તન મને કરી સ્થૂળ સૂક્ષ્મ જાણો, ધન શબ્દે કરી કારણ પ્રમાણો;
બીજાં કર્મોથી જાય મહાકારણો...જિજ્ઞાસુ ૦૮
દુઃખદ જીવનું તમામ હરે છે, નિરાધાર થઈ ચિંતા કરે છે;
રહેવું મારે ક્યાં એમ ઉચ્ચરે છે...જિજ્ઞાસુ ૦૯
ત્યારે કૃપા કરી બોલ્યા સુખદાય, રાખ્યા મુક્ત અનાદિ મૂર્તિમાંય;
રાખીશ તને પણ એ સ્થાનમાંય...જિજ્ઞાસુ ૧૦
આમ કૃપાથી મુક્ત થવાય છે, રસબસ ભાવે સુખમાં ઠરાય છે;
જેમ સાકર દૂધમાં સમાય છે...જિજ્ઞાસુ ૧૧
સ્વામી સેવક સદાય છે સાકાર, મુક્ત ભોક્તાપણે થયા તદાકાર;
જેમ વાણો તાણો છે એક હાર...જિજ્ઞાસુ ૧૨
શ્રુતિ સ્મૃતિની સાખે કહેવાય છે, શ્રીજીવચન તે શ્રુતિ ગણાય છે;
બોલે મુક્ત તે સ્મૃતિમાં લેખાય છે... જિજ્ઞાસુ ૧૩
નથી સાધન કે બુદ્ધિનું આ કામ, કેવળ કૃપાથી પ્રાપ્તિ છે તમામ;
રાખો પાકો વિશ્વાસ તે આ ઠામ... જિજ્ઞાસુ ૧૪
ઉત્તમરાયને શ્રીજીએ કહ્યું એમ, નાખો કોળું આ ઘડામાં આખું તેમ;
લેશ ડગ્યા નહિ આવશે કે કેમ... જિજ્ઞાસુ ૧૫
એવો વિશ્વાસ સંપૂર્ણ ઉર આવે, ત્યારે મૂર્તિનું સુખ તેને પાવે;
પામી આનંદ દાસાનુદાસ ગાવે...જિજ્ઞાસુ ૧૬

## : નોંધ :



આદ્ય સ્થાપક

**ગુરુદેવ પ.પૂ. બાપજી**



પ્રેરક

**ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**

## આદ્ય સ્થાપક ગુરુદેવ પ.પૂ. બાપજી

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." - આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસના અને મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુદેવ પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીનું સિદ્ધાંતવાદી જીવન, નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને નિર્દોષભાવથી ભરેલું પારદર્શક જીવન, પોતાની અહમ્‌શૂન્યતા ને શ્રીજીનું જ કર્તાપણું આદિ ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાના પીયૂષ પાયાં છે. જેના પગલે પગલે સર્જાયો છે લાખો સંતો-હરિભક્તોનો અણીશુદ્ધ સમુદાય. આવા દિવ્ય સત્પુરુષના સંબંધમાં આવનાર હરેક વ્યક્તિના જીવનમાં જીવનપરિવર્તનના દીવડા પ્રકાશ્યા છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીનું દિવ્ય અને વિરલ વ્યક્તિત્વ એવું અનોખું છે કે જેમના સાંનિધ્યમાં ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય છે, મનને શાંતિનો અનુભવ થાય છે, આંતર પવિત્રતા પ્રગટે છે, ઘાટ-સંકલ્પો વિરામ પામી જાય છે, મનોરથો પૂર્ણ થાય છે, તનનાં-મનનાં ને જનનાં સર્વે દુઃખોથી જાણે મુક્ત થઈ પ્રભુના સુખમાં ગુલતાન થયાનો અહેસાસ થાય છે. એમના સમાગમમાં આવનાર કોઈ પણ વ્યક્તિ શ્રીજીમહારાજના સ્વરૂપને જેમ છે તેમ ઓળખાયાની અને છતે દેહે આત્યંતિક કલ્યાણ પામ્યાની પરિતૃપ્તતા પોષે છે. એમની કરુણાભીની દિવ્ય દૃષ્ટિમાં આવનાર સૌ કોઈ કૃતાર્થતા અનુભવે છે.


પંચમહાલના ડુંગરાઓમાં વસતા ગરીબ, દલિત, પછાત ને અંધશ્રદ્ધામાં અટવાયેલાઓના બેલી બની તેમના જીવનમાં તેઓએ પ્રકાશ પાથર્યો છે ને તેમના અંધકારમય જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. ૮૬ વર્ષની ઉંમર સુધી અસંખ્ય ગામડાંઓમાં વિચરણ તથા હજારો ભક્તોના ઘરોની વ્યક્તિગત મુલાકાત લઈ તેઓએ અવિરત વિચરણ કર્યું છે. તેમના આ વિચરણથી સર્વત્ર અનોખી આધ્યાત્મિક સુવાસ ફેલાઈ રહી છે.



દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુદેવ પ.પૂ. બાપજીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ દેશ-સમાજની આધ્યાત્મિક ઉન્નતિ માટે એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તન માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. વળી, શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા આવતાં રચનાત્મક આયોજનો જેવાં કે 'વાંચે ગુજરાત' તથા 'સ્વચ્છતા અભિયાન' આદિ આયોજનો પણ સંસ્થા દ્વારા ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રેરણાથી ચાલી રહ્યાં છે. વળી, સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગવંતી બનાવવા ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રેરણાથી 'એસ.એમ.વી.એસ. ચેરિટીઝ'ની સ્થાપના કરવામાં આવી છે.



એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતા તમામ સેવાકાર્યોનું શ્રેય ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે. સંપ્રદાય તથા ઇતર સંપ્રદાયના મુમુક્ષુઓ, સંતો અને અગ્રેસરો પણ આ સત્પુરુષની આધ્યાત્મિક પ્રતિભાને વંદન કરી કૃતાર્થતા અનુભવી રહ્યા છે. તેઓની આ દિવ્યતાનું એક અને માત્ર એક કારણ તેઓ ગણાવે છે અને તે છે એકમાત્ર ભગવાન સ્વામિનારાયણનું કર્તાપણું ! તેઓના ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાના ગુરુપદે બિરાજી સેવાકાર્ય આગળ ધપાવી રહ્યા છે.


## આવો, એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા
## પ્રકાશિત થતા સાહિત્યિક પ્રકાશનોની શ્રેણી આજે જ માણીએ...

- સર્વોપરી ઉપાસના તેમજ અનાદિમુક્તની સ્થિતિની દૃઢતા કરાવતાં પુસ્તકો
- સત્પુરુષ મહિમાનું આકંઠ પાન કરાવતાં પુસ્તકો
- જીવન પરિવર્તન તરફ લઈ જતાં વિવિધ પુસ્તકો
- પારિવારિક જીવન અંગે માર્ગદર્શન પ્રેરતાં પુસ્તકો




SMVS
સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
સ્વામિનારાયણ ધામ
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર.
ફોન : ૯૯૨૫૨૩૯૦૦૪/૦૫ Email : ssd@in.smvs.org